ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

પ્રથમ વર્ષ
સેમેસ્ટર – 01
ગુજરાતી પદ્ય ભાગ – ૦૧
GMJ – 102 /GMN – 201

# ગુજરાતી પદ્ય ભાગ – ૧

એકમ-1 વૈષ્ણવજન

એકમ-2 ગોવિંદો પ્રાણ અમારો

એકમ-3 ગોવિંદે માંડી ગોઠડી

એકમ-4 ઉઘાડી રાખજો બારી

એકમ-5 સાગર અને શશી

એકમ-6 જૂનું પિયેર ઘર

એકમ- 7 જનનીની જોડ

એકમ- 8 એક ઘા

| | |
|---|---|
| એકમ- 9 | પૂજારી |
| એકમ-10 | મને એ સમજાતું નથી |
| એકમ-11 | ભોમિયા વિના |
| એકમ-12 | બનાવટી ફૂલોને |
| એકમ-૧૨ | નીરૂદેશે |
| એકમ-13 | હરિનો હંસલો |
| એકમ- 14 | વળાવી બા આવી |
| એકમ- 15 | કવિતા ન કરવા વિશે કવિતા |
| એકમ- 16 | પુણ્યસ્મરણ |

## પાઠ્યક્રમ પરિચય

પ્રથમ વર્ષ બી.એ.ના ગુજરાતી વિષયના વિદ્યાર્થીઓ માટે ગુજરાતી પદ્યનો અભ્યાસ કરવાનો છે.

ગુજરાતી કવિતાનો મધ્યકાલીન, અર્વાચીનથી લઈ આધુનિક કવિતા સુધીનો સુદીર્ઘ વૈભવ વિસ્તાર છે. 'વૈષ્ણવજન'થી લઈ અર્વાચીન, આધુનિક સમયની રચનાઓ પૈકી નોંધપાત્ર, પ્રશિષ્ટ કહી શકાય એવી થોડી રચનાઓની પસંદગી કરવાનું કાર્ય ઘણું મુશ્કેલ છે. આ કવિતાઓ સમગ્ર રીતે ગુજરાતી પ્રતિનિધિ રચનાઓ છે તેઓ પસંદગીકર્તાઓનો દાવો નથી. પણ અમારો પ્રયાસ છે કે શક્ય હોય ત્યાં સુધી છેલ્લા પાંચસો વર્ષની ગુણ સમૃદ્ધિનો વાજબી પરિચય મળી રહે. અત્રે સમાવિષ્ટ રચનાઓનો વિષયવસ્તુ, રચનારીતિ, પ્રકાર વૈવિધ્ય દરેક વિદ્યાર્થીની કવિતાપ્રીતિ વધારવામાં થોડેઘણે અંશેપણ નિમિત્ત બનશે તો આપણો આ પ્રયાસ સાર્થક નીવડશે.

અધ્યયન-અધ્યાપન અને સામગ્રી ચયનની સમગ્ર પ્રક્રિયા શૈક્ષણિક બનાવવાની સાથે સાથે જીવનમૂલ્ય પોષક, કલામૂલ્ય સંવર્ધન થાય તેવો આશય કોઈપણ અભ્યાસી જોઈ શકશે. દૂરવર્તી શિક્ષણના માધ્યમથી કવિતાનું શિક્ષણ કરવું-કરાવવું એ ઘણું મુશ્કેલ કહો કે પડકારજનક છે. કાવ્યના લય, છંદ, અલંકાર, આદિનો પરિચય અને કાવ્યશિક્ષણનો આસ્વાદ્ય ઉપક્રમ રચવાના અતિમુશ્કેલ કાર્યને સરળ બનાવવાના વિનમ્ર પ્રયાસનું આ પ્રથમ ચરણ છે.

આપણે સૌ જાણીએ છીએ કે 'કવિતા કાનની કલા છે.' - 'વૈષ્ણવજન' જેવી સુપ્રસિદ્ધ રચના ઉપરાંત અન્ય પ્રશિષ્ટ રચનાઓ યુ-ટ્યૂબ જેવા માધ્યમોમાં કલાકારો દ્વારા સ્વરાંકન પામી છે. આ કાવ્યોનું સમૂહ માધ્યમોમાં ઉપલબ્ધ સ્વરાંકન, પઠનશ્રવણ પણ આપને સહાયક નીવડશે. અત્રે સમાવિષ્ટ રચનાઓના સર્જકોનો પરિચય કરાવતી શ્રેણી દશ્ય-શ્રાવ્ય માધ્યમમાં 'ગુજરાત સાહિત્ય અકાદમી'ની વેબસાઈટ પર પણ ઉપલબ્ધ છે.

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ચૈતન્ય સ્ટુડિયોમાં આ રચનાઓના શૈક્ષણિક વ્યાખ્યાનોની શ્રેણી પણ નિર્માણ થાય છે, થઈ રહી છે; જે યુનિવર્સિટીની વેબસાઈટ તથા 'વંદે ગુજરાત' ચેનલ જેવા માધ્યમો દ્વારા આપ માણી શકશો.

આપણી સહિયારી વિદ્યાયાત્રા, કાવ્યશિક્ષણના સાર્થક મુકામે પહોંચે એવી આશા અસ્થાને નથી. આપનો અભ્યાસ માત્ર પરીક્ષાલક્ષી ન રહે અને સર્વાંગી વિકાસમાં સહાયક બને તેવી શુભેચ્છાઓ.

એકમ 1

# વૈષ્ણવજન

**- નરસિંહ મહેતા**

1.1 એકમના હેતુઓ
1.2 પ્રસ્તાવના
1.3 કૃતિ
1.4 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન
1.5 પુનરાવલોકન (સ્વાધ્યાય 1, 2)
1.6 લેખન પ્રવૃત્તિ
1.7 વિશેષ અધ્યયન
- કર્તા પરિચય
- વિશેષ વાંચન
- સંદર્ભ વાચન
- ટિપ્પણ

## 1.1 એકમના હેતુઓ

1. ગુજરાતી સાહિત્યની જાણીતી કવિતાનો અભ્યાસ.
2. કાવ્યકળાની દૃષ્ટિએ કાવ્યની તપાસ.
3. વૈષ્ણવજન - એક સજ્જન વ્યક્તિનાં લક્ષણોની જાણ થશે.
4. મધ્યકાલીન આ કાવ્યરચનાની ભાષાસામગ્રીનો ખ્યાલ આવશે.

## 1.2 પ્રસ્તાવના

ગુજરાતી સાહિત્યનું આ અત્યંત જાણીતું કાવ્ય છે. નરસિંહ મહેતાની આ રચના ગાંધીજીને પણ ખૂબ જ પ્રિય હતી. ગાંધીપ્રિય રચના તરીકે પણ એ વિશ્વભરમાં જાણીતી થયેલી રચના છે. મધ્યકાલીન કવિ નરસિંહ મહેતાની વર્ષો પૂર્વે લખાયેલી આ રચના એના વિષયવસ્તુને કારણે આજે પણ પ્રસ્તુત બની રહે એમ છે. 'વૈષ્ણવજન' ગુજરાતી કવિતા સાહિત્યની એક અમૂલ્ય રચના છે, એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી.

## 1.4 કૃતિ - વૈષ્ણવજન

વૈષ્ણવજન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે;
પરદુઃખે ઉપકાર કરે ને મન અભિમાન ન આણે રે. — વૈષ્ણવ
સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે;
વાચ-કાછ-મન નિશ્ચલ રાખે, ધન્ય ધન્ય જનની તેની રે. — વૈષ્ણવ

સમદૃષ્ટિ ને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે;
જિહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે. — વૈષ્ણવ

મોહ-માયા વ્યાપે નહીં જેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે;
રામનામ-શું તાળી લાગી, સકળ તીરથ તેના તનમાં રે. — વૈષ્ણવ

વણલોભી ને કપટ રહિત છે, કામ-ક્રોધ નિવાર્યાં રે;
ભણે નરસૈંયો : તેનું દર્શન કરતાં કુળ એકોતેર તાર્યાં રે. — વૈષ્ણવ

**- નરસિંહ મહેતા**

## 1.4 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન :

વૈષ્ણવ વ્યક્તિ કોને કહેવી ? અથવા તો વર્તમાન સંદર્ભમાં પૂછવું હોય તો એમ પણ પૂછીએ કે સજ્જન વ્યક્તિ કોને કહેવી ? આ પ્રશ્નનો ઉત્તર પદ્યમાં આપવો હોય તો 'વૈષ્ણવજન' કાવ્યમાંથી પસાર થવું પડે. વાત બહુ સરસ છે. નરસિંહે પહેલી પંક્તિમાં જ કાવ્યનો વિષય સ્પષ્ટ કરી દીધો છે. 'વૈષ્ણવનાં લક્ષણો બતાવ્યાં છે. આ પહેલી પંક્તિમાં આવતાં 'તો' એકાક્ષરી શબ્દ હોવા છતાં આવા કાવ્યના સંદર્ભમાં અગત્યનો શબ્દ બની રહે છે. 'વૈષ્ણવજન' કહેવડાવવાની શરત સંદર્ભે આ 'તો' શબ્દને જોવાની જરૂર છે. આટલાં લક્ષણો હોય તો વ્યક્તિ 'વૈષ્ણવજન' કહેવાય, આવા કાવ્યમાંથી કવિએ કહેવું છે તે આટલું જ ! હવે, આ વૈષ્ણવનાં લક્ષણોની ચર્ચા કરીએ.

નરસિંહ મહેતાનું આ કાવ્ય આજે પણ શા માટે પ્રસ્તુત બની રહે છે ? નરસિંહ મહેતાએ પહેલું લક્ષણ જે બતાવ્યું છે. તે અગત્યનું છે. 'પીડ પરાઈ જાણે રે' - બીજાનાં દુઃખમાં આપણે કેટલા સહભાગી થઈએ છીએ ? સહભાગી થવાનું જવા દઈએ. એ પીડાને જાણી શકીએ તો પણ બસ. ઉમાશંકર જોશીનો શબ્દ યાદ આવે, 'સમસંવેદન.' આ વાતને કવિ જરા આગળ વધારે છે. પીડાને જાણી લીધા પછી એના પર ઉપકાર કરે, એટલે કે એને મદદ કરે. પણ એ મદદનું કદી અભિમાન ન કરે. સમસ્ત જગતમાં સહુ એને માટે વંદનીય હોય, નિંદનીય નહીં. જે સંપૂર્ણ નિશ્ચલ - પારદર્શક છે, એ 'વૈષ્ણવજન' બનવાને લાયક છે એટલું જ નહીં એવી વ્યક્તિને જન્મ આપનાર જનેતા પણ ધન્યવાદને પાત્ર છે. આમ, નરસિંહ મહેતા માત્ર વ્યક્તિને નહીં પણ એ વ્યક્તિને જન્મ આપનાર માતા-આમ, બંનેને અભિનંદે છે.

આ લક્ષણો ઉપરાંત વધુ બીજાં લક્ષણો કવિ બતાવે છે. સમાન દૃષ્ટિ અને બીજી સઘળી ઈચ્છાઓનો જેણે ત્યાગ કર્યો છે. પરસ્ત્રીમાં માતાનાં દર્શન કરનાર એટલે કે વ્યભિચારથી દૂર રહેનાર, અસત્યથી દૂર રહેનાર, અન્યની સંપત્તિ વૈભવથી દૂર રહેનાર - 'વૈષ્ણવજન' છે. 'જિહ્વા થકી અસત્ય ન બોલે.' - ગાંધીજીને કદાચ આ પંક્તિ વધુ પ્રિય લાગી હશે.' સત્ય એ જ પરમેશ્વર'માં માનનાર ગાંધીજીને આ પંક્તિ વધુ પ્રિય લાગે એ સ્વાભાવિક છે. આજે આપણી આસપાસ નજર નાખીએ તો ઈચ્છાઓ, મહત્વાકાંક્ષાઓ, લોભથી માણસ ખદબદી રહ્યો છે ત્યારે વૈષ્ણવજન-માણસ તરીકેનાં આ લક્ષણો એને યાદ અપાવવાની જરૂર રહે છે.

હવે પછીની બે પંક્તિમાં નરસિંહ મહેતા જરા સંતકક્ષાએ પહોંચવાની વાત કરે છે. મોહ-માયા વગેરે માણસનાં લક્ષણો પણ છે પરંતુ સજ્જન માણસ ! વૈષ્ણવજન ! એ તો આ બધાંથી દૂર રહે છે. વૈરાગ્યનો એક વખત સ્વીકાર કર્યા પછી ત્યાગવૃત્તિ શરૂ થાય છે. બીજી એક મધ્યકાલીન પંક્તિ પણ આ સંદર્ભે યાદ આવે : 'ત્યાગ ન ટકે વૈરાગ્ય વિના.' વૈરાગ્ય અને ત્યાગ બંનેનો સમન્વય વ્યક્તિને સંતની કક્ષાએ પહોંચાડે. આવી સંતની કક્ષાએ પહોંચેલી વ્યક્તિના મનમાં રામ નામની તાળી લાગતી હોય છે, પરમાત્મા સાથે સીધું અનુસંધાન થતું હોય છે. તન અને મનથી ઈશ્વર સાથે જેનું અનુસંધાન થયું છે, એને સકળ તીરથની પછી બહુ ઇચ્છા રહેતી નથી. કારણકે સકળ તીરથનો અનુભવ અને પોતાના તન-મનમાં કરતો હોય છે. આવા સકલ તીરથનો અનુભવ કરનાર વ્યક્તિને 'વૈષ્ણવજન' કહેવામાં હવે વાંધો નથી.

નરસિંહ મહેતા 'વૈષ્ણવજન'નાં જે લક્ષણો બતાવે છે. એમાં સંતકક્ષાએ પહોંચવાની વાત કર્યા પછી હવે આગળ શું કહેવાનું બાકી રહે છે, એવો પ્રશ્ન થાય. નરસિંહ મહેતા વધારે લક્ષણો બતાવે છે : વણલોભી, કપટરહિત અને જે કામ-ક્રોધથી દૂર રહે છે, તે 'વૈષ્ણવજન' છે. 'વૈષ્ણવજન'નાં આટલાં લક્ષણોની વાત કર્યા પછી નરસિંહ મહેતા ઉપદેશાત્મક સૂરમાં 'ભણે નરસૈંયો' વાત કરે છે. આવી વ્યક્તિ કુળને તારનારી હોય એ સ્વાભાવિક છે. પણ આવી વ્યક્તિનો મેળાપ થાય ત્યારે ? આટલા બધાં જનોમાંથી 'વૈષ્ણવજન' કેટલાં, એવો પ્રશ્ન પણ થાય. એટલે, પેલી પંક્તિનું ફરી મહત્વ સમજાય છે.' ધન્ય ધન્ય જનની તેની રે.' - એવી વ્યક્તિને જન્મ આપનારી માતા પણ ધન્યવાદને પાત્ર છે.

બહુ સરળ રીતે નરસિંહ મહેતાએ 'વૈષ્ણવજન'નાં લક્ષણો બતાવ્યાં છે. આ વૈષ્ણવજન'ની શોધ એ ગાંધીજીની શોધ પણ હતી. એમણે પોતે પણ આખી જિંદગી એ દિશામાં પ્રયત્નો કર્યા હતા. ગાંધીજીને આ કાવ્ય કંઈ અમથું રૂડું નહોતું લાગતું !

● **સંદર્ભ :**

1. દલાલ સુરેશ, 125 કાવ્યો પા. 10

## 1.5 પુનરાવલોકન (સ્વાધ્યાય ભાષાકીય સામગ્રીનો અભ્યાસ)

આ કાવ્યના વિષયવસ્તુથી પરિચિત થયા પછી એની ભાષા સંદર્ભે વિચાર કરીએ. 'વૈષ્ણવજન'નાં લક્ષણો ગણાવતા શબ્દો કયા છે, એની યાદી કરવી જોઈએ. જેમકે, 'સમદૃષ્ટિ' - જેની દૃષ્ટિમાં સહુ સમાન છે તે. આવા શબ્દોને વિશેષણ તરીકે ઓળખવામાં આવે છે.

**સ્વાધ્યાય-1 :**

1. નરસિંહ મહેતા રચિત 'વૈષ્ણવજન'માં કયાં કયાં વિશેષણો પ્રયોજાયાં છે એની યાદી તૈયાર કરો.

આ પદ કાવ્યપ્રકાર છે. લયબદ્ધ એની રચના છે, જેને ગાઈ શકાય છે. આ પ્રકારની કાવ્યરચનાનાં કેટલાંક ચોક્કસ લક્ષણો હોય છે. એ લયબદ્ધ તો હોય છે પણ એમાં શબ્દોની પસંદગી એ ગોઠવણી પણ ચોક્કસ રીતે થતી હોય છે. જેમકે, પહેલી બે પંક્તિ જુઓ :

'વૈષ્ણવજન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે;

પરદુ:ખે ઉપકાર કરે ને મન અભિમાન ન આણે રે.'

હવે, બંને પંક્તિના અંતિમ શબ્દો જુઓ. 'જાણે' અને 'આણે' - આ પ્રકારના શબ્દોને પ્રાસ તરીકે ઓળખવામાં આવે છે. પદ, ભજન, ગીત વગેરે કાવ્યપ્રકારોમાં આ પ્રકારની ચોક્કસ પ્રાસરચના જોવા મળે છે.

**સ્વાધ્યાય-2 :**

નરસિંહ મહેતા રચિત 'વૈષ્ણવજન'માં જોવા મળતી પ્રાસ યોજનાની વિગત તૈયાર કરો.

**વસ્તુલક્ષી કસોટી :**

(1) નરસિંહ મહેતાનું આ કાવ્ય 'વૈષ્ણવજન'નાં લક્ષણો સ્પષ્ટ કરે છે. તમારા મતે આ સિવાય અન્ય કોઈ લક્ષણો હોઈ શકે ? યાદી તૈયાર કરો.

(2) નરસિંહ મહેતાએ આ કાવ્યમાં કેટલુંક ન કરવા માટે કહ્યું છે. નરસિંહ મહેતા શું શું ન કરવા માટે જણાવે છે ?

(3) 'વંદે' આ શબ્દનું વિશેષણ' વંદનીય થાય. આવા બીજા શબ્દો આ કાવ્યમાંથી પ્રાપ્ત થાય છે કે કેમ ?

(4) 'અસત્ય' એ 'સત્ય'નો વિરોધ શબ્દ છે. આવા અન્ય શબ્દો આ કાવ્યમાંથી પ્રાપ્ત થાય છે કે કેમ ?

## 1.6 લેખન પ્રવૃત્તિ :

નરસિંહ મહેતાનાં અન્ય પદોના અભ્યાસ કરો. એ પદોમાંથી તમને ગમતાં બે પદોને આસ્વાદ તમારા શબ્દોમાં તૈયાર કરો.

## 1.7 વિશેષ અધ્યયન :

### 1.7.1 કર્તા પરિચય :

નરસિંહ મહેતાનો જન્મ પંદરમી સદીમાં જૂનાગઢમાં થયો હતો. પ્રેમલક્ષણા ભક્તિના આ કવિએ તત્ત્વજ્ઞાન વિષયક પદોની રચના પણ કરી છે. નરસિંહે આત્મકથાત્મક પદોની રચના પણ કરી હતી. એ પદોને આધારે એમના જીવનની કેટલીક વિગતો પણ મળે છે. 'હાર સમેનાં પદ', 'મામેરાનાં પદ', 'શામળદાસનો વિવાહ', 'ઝારીનાં પદ' વગેરે પદમાળાઓ પણ નરસિંહ મહેતાના જીવન પર પ્રકાશ પાથરે છે. નરસિંહ મહેતાને એમનાં ઝૂલણા છંદમાં લખાયેલાં અને પ્રભાતિયાં તરીકે જાણીતાં પદોથી વધારે ખ્યાતિ મળી હતી. ગુજરાતી ભાષાના આદિકવિ તરીકે એમની ગણના થતી હતી. પરંતુ નરસિંહ મહેતા પૂર્વેની રચનાઓ પણ હવે ઉપલબ્ધ છે. છતાં ઉમાશંકર જોશી કહે છે, ''નરસિંહમાં ગુજરાતી ભાષાને એનો પ્રથમ અવાજ સાંપડે છે.'' - આ અર્થમાં હજી પણ એમને આદિકવિ ગણી શકાય.

**સ્વાધ્યાય :**

નરસિંહ મહેતાનાં પદોને આધારે એમના જીવન વિશેની વિગતો તૈયાર કરો.

**વિશેષ વાચન :**

નરસિંહ મહેતાની પ્રેમલક્ષણાભક્તિ વિષયક પદોનો અભ્યાસ કરો.

**સંદર્ભ વાચન :**


(1) ગુજરાતી સાહિત્યકોશ ખંડ : 1, મધ્યકાળ

(2) ગુજરાતી સાહિત્ય-મધ્યકાલીન, અનંતરાય રાવળ

(3) ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ગ્રંથ : 2 ખંડ : 2 (1650-1850), ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ

(4) કવિ-વિશ્વ-સુરેશ દલાલ.

(5) નરસિંહચરિત્ર વિમર્શ-દર્શના ધોળકિયા.


**- વિશેષ પ્રવૃત્તિ :**

'વૈષ્ણવજન' પદ સમગ્ર ભારત અને વિશ્વભરમાં લોકપ્રિય પદ છે. સૂચના અને પ્રસારણ મંત્રાલય, ભારત સરકાર દ્વારા વિશ્વભરના ગાયકોનાં કંઠે 'વૈષ્ણવજન' તૈયાર કરાવવામાં આવ્યું છે. યુ ટ્યૂબ ઉપર એ સાંભળવા મળશે. ઉપરાંત પણ ભારતના જાણીતા કેટલાયે ગાયકોના કંઠે પણ 'વૈષ્ણવજન' સાંભળવા મળશે. 'વૈષ્ણવજન'નો આસ્વાદ સંગીતના માધ્યમ દ્વારા પણ માણી શકાય એમ છે.


**લેખન :** ડૉ.ધ્વનિલ પારેખ, મદદનીશ અધ્યાપક (ગુજરાતી વિભાગ)

મહાદેવભાઈ દેસાઈ ગ્રામસેવા સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા.

એકમ 2

# ગોવિંદો પ્રાણ અમારો

- મીરાંબાઈ


2.1 ઉદ્દેશો

2.2 પ્રસ્તાવના

2.3 કૃતિ

2.4 કૃતિનો સારાંશ

2.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

2.6 વસ્તુલક્ષી કસોટી

2.7 લેખન પ્રવૃત્તિ

2.8 વિશેષ અધ્યયન

- ટિપ્પણ


## 2.1 ઉદ્દેશો

1. આ કવિતાના અભ્યાસ દ્વારા તમે મધ્યકાળની કવિતાનો પરિચય મેળવશો.
2. મધ્યકાળમાં મીરાંનો સમય એટલે ૧૫મી સદીનો અંત ભાગ કે ૧૬મી સદીનો પ્રારંભ.
3. મીરાંબાઈની કૃષ્ણપ્રીતિનો પરિચય થશે.
4. પાંચસો વર્ષ પહેલાંની કવિતાનો વિષય અને કાવ્યસ્વરૂપનો પરિચય થશે.

## 2.2 પ્રસ્તાવના

ગુજરાતી સાહિત્યમાં મધ્યકાળમાં મોટાભાગે પદ્ય રચનાઓ લખાતી હતી. મુદ્રણયંત્રો એટલે કે છાપકામની શરૂઆત નહોતી થઈ. ટૂંકી રચનાઓ લોકોની સ્મૃતિમાં જળવાઈ રહેતી. પેઢી દરપેઢી કંઠોપકંઠ જળવાયેલી કવિતા કે હસ્તપ્રતોમાં સચવાયેલી કવિતાથી મધ્યકાળનું સાહિત્ય ઘણું સમૃદ્ધ છે. રોજબરોજનાં કાર્યો કરતાં-કરતાં ગવાતી આવી કવિતાઓ, પદ્યરચનાઓ, આપણો વૈભવ અને વારસો છે.

નરસિંહ મહેતા અને મીરાંબાઈ પ્રેમલક્ષણા ભક્તિનાં પદો રજૂ કરનાર મધ્યકાળના ખૂબ મહત્ત્વના કવિઓ છે. પ્રભુભક્તિની કવિતા તેમના નિર્મળ હૃદયની સરવાણી છે. શુદ્ધહૃદયભાવની અભિવ્યક્તિ આવી ભક્તિ કવિતામાં જોવા મળે છે. ભક્ત અને ભગવાન વચ્ચે ભેદ મટી જાય ત્યારે પ્રભુ સંબોધનમાં આત્મીયતા આવે છે. ગોવિંદ એટલે કે શ્રીકૃષ્ણ માટેનું ‘ગોવિંદો’ સંબોધન સખ્યભાવનું સૂચક છે. આત્મીયતાપૂર્ણ અભિવ્યક્તિમાં માનવાચક સંબોધનના બદલે ‘તું’કાર-વાચક સંબોધન દ્વારા સ્નેહ એટલે કે ભક્તિનું કે તન્મયતાનું ભાવાવરણ રચાય છે.

## 2.3 કૃતિ

**ગોવિંદો પ્રાણ અમારો**

**ગોવિંદો પ્રાણ અમારો રે, મન જગ લાગ્યો ખારો રે.**
**મને મારો રામજી ભાવે રે, બીજો મારી નજરે ન આવે રે.**
**મીરાંબાઈના મહેલમાં રે, હરિસંતનો વાસ;**

**કપટીથી હરિ દૂર વસે, મારા સંતન કેરી પાસ.**
રાણોજી કાગળ મોકલે રે દેજો મીરાંને હાથ;
સાધુની સંગત છોડી દ્યો તમે, વસોને અમારે સાથ.
મીરાંબાઈ કાગળ મોકલે રે, દેજો રાણાજીને હાથ;
રાજપાટ તમે છોડી રાણાજી, વસો રે સાધુની સાથ.
વિષનો પ્યાલો રાણે મોકલ્યો રે, દેજો મીરાંને હાથ;
અમૃત જાણી મીરાં પી ગયાં, જેને સહાય શ્રી વિશ્વનો નાથ.

**- મીરાંબાઈ**

**2.4 કૃતિનો સારાંશ**

આ રચનામાં કવયિત્રી મીરાંની કૃષ્ણપ્રીતિ વ્યક્ત થઈ છે. કૃષ્ણનાં અનેક નામ છે. શીર્ષકમાં 'ગોવિંદ' નામનો ઉલ્લેખ થયો છે. 'ગોવિંદો' એમ લાડથી કહીને મીરાંએ કૃષ્ણ પ્રત્યેની નિકટતા સૂચવી છે. મીરાંનું મન ઈશ્વર સિવાય બીજે ક્યાંય લાગતું નથી. સંતો સાથે હરિભજન કરવું એ મીરાંની પ્રવૃત્તિ છે. હરિનો વાસ સંતોના હૃદયમાં હોય છે. જે કૂડકપટથી દૂર વસે છે. તેવા સંતોની નજીક હોવાનું મીરાંને ગમે છે. રાણાજી સંતોની સોબત છોડી દેવા મીરાંને પત્ર મોકલે છે. પણ મીરાંનું મન કૃષ્ણપ્રીતિ અને પ્રવૃત્તિ સાધુસંગમાં છે તેથી રાણાજીને પ્રત્યુત્તર પાઠવે છે તેમાં, વળતી ટપાલે સલાહ આપે છે કે રાણાજી તમે રાજઘાટ છોડીને સાધુઓ સાથે રહેવાનું શરૂ કરો. મીરાંનો જવાબ વાંચી રોષે ભરાયેલો રાણો, મીરાં માટે વિષનો પ્યાલો મોકલે છે. મીરાં અમૃતની જેમ વિષનો પ્યાલો ગટગટાવી જાય છે. મીરાંને ભગવાનનો સાથ હોય તે નિશ્ચિંત હોય છે, નિર્ભય હોય છે.

**2.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન**

કૃષ્ણ પ્રત્યેનો પ્રેમ અને સાધુઓનો સંગ આ કાવ્યનો વિષય છે. ગોવિંદને એટલે કે કૃષ્ણને પોતાનું જીવન સર્વસ્વ સમજતી મીરાંના હૃદયનો આ ઉદ્દગાર છે. 'ગોવિંદો પ્રાણ અમારો રે' શબ્દમાં મીરાંની ગોવિંદપ્રીતિ સઘન રીતે વ્યક્ત થઈ છે. આ જગતમાં જીવને શિવ માટે લગન જન્મે પછી આખું જગત ખારું થઈ જાય છે. જીવ એટલે કે અહીં મીરાં, મીરાંને ગોવિંદ સાથે નાતો છે. ગોવિંદ પ્રાણપ્રિય છે. ગોવિંદ જ પ્રાણ છે. 'ગોવિંદો પ્રાણ અમારો રે'માં રૂપક અલંકાર છે. ગોવિંદ ઉપમેય છે. પ્રાણ ઉપમાન છે. ઉપમેય અને ઉપમાન વચ્ચે એકરૂપતા છે. કોઈ સરખામણી સૂચક શબ્દો વચ્ચે આવતા નથી. ગોવિંદો જ પ્રાણ છે, એવી આંતર પ્રતીતિના કારણે જગતમાં અન્ય કશી આવશ્યકતા રહેતી નથી. કૃષ્ણ કહો કે રામ એક જ સ્વરૂપનાં બે નામ છે. કૃષ્ણનો સંગ છે ત્યાં સુધી અન્યની આવશ્યકતા નથી કે અન્ય સાથે અનુકૂલન હવે મીરાંને ફાવે તેવું નથી.

મીરાંબાઈના મહેલમાં સંતોનો આવાસ છે. હરિ કહો કે ભગવાન હંમેશા સંતોની પાસે હોય છે એ પ્રતીતિ મીરાંની છે. કપટી લોકોથી હરિ દૂર વસે છે. જ્યાં મનની નિર્મળતા છે, નિખાલસતા અને નિર્દોષપણું છે. ત્યાં હરિ વસે છે. સંતોની સાત્ત્વિક પ્રતિભાના કારણે સંતોની નિકટતા હરિ સાથેની નિકટતા કેળવવા બરાબર છે, એમ મીરાં જાણે છે.

મીરાં સાધુઓની સંગાથે ભક્તિમાં લીન રહે છે, એ રાણાને ગમતું નથી. સાધુઓનો સંગ છોડી દેવા મીરાંને રાણાજી કાગળ મોકલે છે. રાણાજીનો સ્પષ્ટ સંદેશ છે કે સાધુઓનો સંગાથ છોડો અને અમારી સાથે રહો. જવાબમાં મીરાંબાઈ પણ રાણાજીને હાથોહાથ કાગળ મોકલે છે. જવાબમાં મીરાં જણાવે છે કે રાણાજી તમે રાજપાટ છોડીને, સાધુઓ સાથે વસવાટ કરો.

રાણાજીને મીરાંનો સંદેશ ગમતો નથી. રાણાજીનો રોષ મીરાં માટે જીવલેણ પૂરવાર થાય એવી સંભાવના છે. રાણાજી મીરાંને વિષનો પ્યાલો મોકલે છે. મીરાં અમૃતની જેમ ઝેર ગટગટાવી જાય છે. જેને ઈશ્વરનો સાથ હોય છે. તેને કોઈ પણ પ્રકારની હાનિ થતી નથી. જગતના નાથની કૃપા જેના પર હોય તે દુન્યવી સજાથી કે લૌકિક વ્યવહારથી વિચલિત થતા નથી. કૃષ્ણ પ્રત્યેના ભરોસાના કારણે તો મીરાં વિષને અમૃત સમજી પી જાય છે.

- **તમારી પ્રગતિ ચકાસો.**

૧. આ પદમાં મીરાંની કૃષ્ણપ્રીતિ કયા શબ્દોમાં વ્યક્ત થઈ છે ?

૨. મીરાંબાઈ કોના સંગમાં હરિભક્તિ કરે છે ?

૩. મીરાંને કૃષ્ણ પ્રત્યે અવિચલ ભરોસો છે. તેવું કયા પ્રસંગથી સૂચવાય છે ?

**2.6 વસ્તુલક્ષી કસોટી**

- નીચેનાં વિધાનો સાચાં છે કે ખોટાં તે √ × નિશાનીથી સૂચવો.

૧. મીરાંબાઈના મહેલમાં સંતો વસે છે.

૨. કપટી લોકો પણ હરિની કૃપા પામે છે.

૩. રાણાજી અને મીરાં વચ્ચે પત્રવ્યવહાર થાય છે.

**2.7 લેખન પ્રવૃત્તિ-વિશેષ વાચન**

૧. મીરાંબાઈનું મુખડાની માયા લાગી પદ છેલ્લે આપ્યું છે. તે વાંચો તથા તેના વિશે ટૂંકીનોંધ લખો.

૨. મધ્યકાળના કવિઓ નરસિંહ મહેતા અને દયારામનાં કૃષ્ણપ્રીતિનાં પદોનો અભ્યાસ કરી આસ્વાદ નોંધ લખો.

**2.8 વિશેષ અધ્યયન**

**2.8.1 કવિ-પરિચય**

મીરાંબાઈનો જન્મ પંદરમી સદીના અંતિમ ભાગમાં કે સોળમી સદીના પ્રારંભે થયો હોવાનું અનુમાન છે. રાજસ્થાન-મેડતાના કૂકડી ગામમાં રાજવીકુળમાં જન્મેલા મીરાં બાળપણમાં જ કૃષ્ણભક્તિ પામ્યા હતા. મીરાં બાળકી હતાં ત્યારે જ તેમનાં માતાનું નિધન થયું હતું. મેડતાના રાણા સંગ્રામસિંહના પુત્ર ભોજરાજ સાથે તેમનાં લગ્ન થયાં. કૃષ્ણપ્રીતિના ગાઢ સંસ્કારના કારણે તેમને સંસારના સુખ કાચાં લાગે છે. સહજ રીતે કૃષ્ણભક્તિ તરફ વળે છે. પતિ દ્વારા મોકલાયેલા વિષના પ્યાલાને અમૃત સમજી ગટગટાવી જનારા મીરાં વૃન્દાવન અને દ્વારકા તરફ પ્રયાણ કરે છે. એવી વાયકાઓ છે. મીરાંએ કૃષ્ણ પ્રત્યેની ભક્તિ વ્યક્ત કરતાં ઘણાં પદ્ય લખ્યાં છે. જેની સંખ્યા બસો પચાસ જેટલી છે.

**2.8.2 સ્વરૂપ પરિચય**

મીરાંબાઈની આ રચના, 'ગોવિંદો પ્રાણ અમારો' પદરચના છે. મધ્યકાળનું આ ખૂબ પ્રચલિત કાવ્યસ્વરૂપ છે. મીરાંબાઈનાં પદોમાં પ્રેમલક્ષણા ભક્તિ વ્યક્ત થાય છે. પદ, ઊર્મિપ્રધાન સાહિત્ય સ્વરૂપ છે. પદમાં સંબોધન, નાટ્યાત્મક સંવાદની ગૂંથણી, સીધું કથન, ઉપદેશનું તત્ત્વ તથા પદને માટે જરૂરી લયહિલ્લોળ હોય છે. ગાઈ શકાય તેવા પદમાં અંત્યાનુપ્રાસ, વર્ણસગાઈ જેવા અલંકારો તથા દ્વિરુક્ત રવાનુકારી શબ્દપ્રયોગો પણ થતાં હોય છે.

**2.8.3 પૂરક વાચન**

નીચે મીરાંબાઈનું બીજું પદ આવેલું છે. તેઓ પ્રેમલક્ષણાભક્તિના અનન્ય કવયિત્રી છે. મીરાંએ રાણી તરીકેનો વૈભવ છોડ્યો. મહેલમાં પણ સાધુઓનો વાસ કરાવનાર મીરાંના ચિત્તમાં હરિનો વાસ છે. 'ગોવિંદો પ્રાણ અમારો' એમ કહેનાર મીરાંની આ અભિવ્યક્તિમાં કૃષ્ણ પ્રત્યેની પ્રગાઢ ભક્તિનું દર્શન થાય છે. આ કાવ્ય પૂરકવાચન તરીકે મહત્ત્વનું છે. મીરાંના ભાવજગતનું દર્શન કરાવતી આ કવિતા આપણને વિષયાભિમુખ કરે છે. આ રહી કવિતા :

**શીર્ષક : મુખડાની માયા લાગી**

મુખડાની માયા લાગી રે,
　　મોહન ! તારા મુખડાની માયા લાગી રે.
મુખડું મેં જોયું તારું, સર્વ જગ થયું ખારું;
મન મારું રહ્યું ન્યારું રે... મોહન.
સંસારીનું સુખ એવું, ઝાંઝવાંનાં નીર જેવું;
તેને તુચ્છ કરી ફરીએ રે... મોહન.
સંસારીનું સુખ કાચું, પરણીને રંડાવું પાછું;
તેને તે ઘરે શીદ જઈને રે ? મોહન.
પરણું તો પ્રતીમ પ્યારો, અખંડ સૌભાગ્ય મારો;
રંડાવાનો ભય ટાળ્યો રે... મોહન.
મીરાંબાઈ બલિહારી, આશા મને એક તારી;
હવે હું તો બડભાગી રે... મોહન.

- **ટિપ્પણ**

**જગ** = જગત, વિશ્વ

**હરિસંતન** = હરિના સંતો, હરિભક્તો

**વિષ** = અમૃત

**કાગળ** = પત્ર

**વિશ્વનો નાથ** = વિશ્વનાથ, કૃષ્ણ, ભગવાન.

---

**લેખન :** ડૉ.યોગેન્દ્ર પારેખ (પ્રોફેસર-ગુજરાતી વિભાગાધ્યક્ષ)
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ

---

# એકમ 3

# ગોવિંદે માંડી ગોઠડી

**- પ્રેમાનંદ**

**3.1** ઉદ્દેશો

**3.2** પ્રસ્તાવના

**3.3** કૃતિ

**3.4** કૃતિનો સારાંશ

**3.5** કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

**3.6** વસ્તુલક્ષી કસોટી

**3.7** વિશેષ અધ્યયન

## 3.1 ઉદ્દેશો :

- આ કવિતાના અભ્યાસ દ્વારા તમે આખ્યાન કવિતાથી પરિચિત થશો.
- 17મી સદીના ઉત્તરાર્ધમાં થઈ ગયેલા મહાકવિ પ્રેમાનંદની આખ્યાનકલાનો પરિચય થશે.
- સુદામાચરિતના વિષયવસ્તુનો પરિચય થશે.
- બે-મિત્રો વચ્ચેની વાતચીતનો કાવ્યાત્મક અણસાર પામી શકશો.
- કૃષ્ણ-સુદામાની મૈત્રી સંદર્ભે આ કડવું વાંચી ‘સુદામાચરિત્ર’ આખું વાંચવાની ઈચ્છા થશે.
- પ્રેમાનંદના બીજાં આખ્યાનો મેળવીને વાંચવાની પ્રેરણા થશે.

## 3.2 પ્રસ્તાવના :

‘ગોવિંદે માંડી ગોઠડી’ : પ્રસ્તુત આખ્યાન અંશ પ્રેમાનંદ કૃત ‘સુદામા ચરિત’માંથી લેવામાં આવેલ છે. પ્રેમાનંદ આપણા પ્રથમ પંક્તિના આખ્યાનકાર છે. વિષયવસ્તુને માવજત આપવાની તેમની કળા સર્વાધિક લોકપ્રિય છે.

સુદામા અને કૃષ્ણની મૈત્રીને ગુજરાતી પ્રજામાં લોકપ્રિય બનાવવામાં પ્રેમાનંદની આ કવિતાનો મૂલ્યવાન ફાળો છે. શ્રીમતીના આગ્રહથી સુદામા પોતાના બાળગોઠિયા શ્રીકૃષ્ણ પાસે જાય છે. સુદામાપુરીથી દ્વારિકા શ્રીકૃષ્ણના ભવ્ય આવાસે જતા દરિદ્ર સુદામા-અકિંચન સુદામાનું મિત્ર કૃષ્ણ ઉમળકાથી સ્વાગત કરે છે. સુદામાના ઋષિત્વથી કૃષ્ણ પરિચિત છે. સુદામા પાસે અભ્યાસનું તપ છે. પણ ધન નથી. દરિદ્ર અવસ્થામાં રહેલા સુદામાના ખબર-અંતર પૂછતા કૃષ્ણની ગોઠડી મિત્રને છાજે તેવી છે. આ ગોઠડીમાં રહેલી સરળતા અને ઉત્કૃષ્ટ ભાવની સહજ અભિવ્યક્તિ ભાવકને ઊંડો પરિતોષ આપે તેવી છે. કૃષ્ણ-સુદામાનો નાતો બાલ્યકાળથી છે. બન્ને સાંદીપનિઋષિને ત્યાં સાથે ભણતા હતા.

સાંદીપનિઋષિ સુરગુરુ સરખા અધ્યાપક અનંત
તેહેને મઠ ભણવાને આવ્યા હળધરને ભગવંત

+ + + +

તેની નિશાળે ઋષિ સુદામો વડો વિદ્યાર્થી કહાવે;
પાટી લખી દેખાડવા રામ-કૃષ્ણ સુદામા પાસે આવે.

પ્રેમાનંદે અહીં ‘ઋષિ સુદામો’ શબ્દ વાપર્યો છે. હળધર એટલે બલરામ અને ભગવંત શ્રીકૃષ્ણ; બન્ને સાંદીપનિઋષિના આશ્રમમાં ભણવા આવ્યા ત્યારે વિદ્યાર્થીઓમાં સુદામા સૌથી મોટા છે. તેઓ બલરામ-કૃષ્ણના માર્ગદર્શક છે. ચૌદ વિદ્યા શીખીને અભ્યાસ સંપન્ન કરી બન્ને ગુરુદક્ષિણા આપી પરસ્પર ભેટી છુટા પડ્યા. અહીં કવિ લખે છે :

કૃષ્ણ-સુદામો ભેટી રોયા, બોલ્યા વિશ્વાધાર,

મહાનુભાવ ! ફરીને મળજો, માગું છું એક વાર

અહીં કૃષ્ણ-વિશ્વાધાર; જે વિશ્વનો આધાર છે તેવા શ્રી હરિ સુદામાને કહે છે, ફરીને મળજો, માગું છું એકવાર. ફરીને મળવાનું સુદામા પાસે માંગનાર કૃષ્ણ સુદામાના આંતરવૈભવને જાણે છે. વર્ષો જતાં ગૃહસ્થ સુદામા કૃષ્ણને મળવા જાય છે. વિધિની વક્રતા એ છે કે દરિદ્ર અવસ્થાના કારણે કૃષ્ણ જેવા મિત્ર પાસે યાચક તરીકે જવાનું સુદામાને તેમના પત્ની સૂચવે છે. અયાચક વ્રત પાળનાર સુદામાને શ્રીમતીના સૂચનથી કૃષ્ણ પાસે જવાનો પ્રસંગ ઊભો થાય છે. પાંચમાં કડવામાં સુદામા વિચારે છે :

જાવું પડે મુજને સર્વથા, ઘણું રુએ અબળા રાંક;

અન્ન વિના બાળક ટળવળે તો વામાનો શો વાંક ?

વામા એટલે સ્ત્રી. સુદામા પત્નીના આગ્રહથી અને અન્ન વગર ટળવળતાં બાળકો માટે કૃષ્ણ પાસે જાય છે.

કુલ ચૌદ કડવાની આ કવિતા છે. 'કડવું' એટલે પ્રકરણ. આપણે અહીં અભ્યાસમાં નવમું કડવું પસંદ કર્યું છે. ચૌદ કડવામાં સમગ્ર સુદામા ચરિત્ર પ્રેમાનંદે આલેખ્યું છે. આઠ કડવા સુધી કવિ પ્રેમાનંદ સુદામાની સ્થિતિ, શ્રીમતીનો આગ્રહ, દ્વારકા સુધીની સુદામાની યાત્રા, સુવર્ણનગરી દ્વારામતી-દ્વારિકાનું વર્ણન, સુદામાનું ભાવભીનું સ્વાગત આદિનું રસપૂર્વક વર્ણન કરે છે.

જે સુખ સુદામાને આવ્યું, હરિ બ્રહ્માને નવી આપે;

ફરી ફરી મુખ જુએ મુનિનું હરખ મુકુંદને વ્યાપે.

આમ, સુદામા કૃષ્ણ સન્મુખ બેઠા છે. મિત્ર માટે ભેટ લીધેલ તાંદુલની નાનકડી પોટલી બહાર કાઢતાં સંકોચ થાય છે. અને કડવું નવમું;જેમાં ગોવિંદ પોતાના બાળસખા સાથે ગોઠડી માંડે છે :

### 3.3 કૃતિ

## ગોવિંદે માંડી ગોઠડી

ગોવિંદે માંડી ગોઠડીઃ 'હો, મિત્ર અમારા,
અમો સાંભળવા આતુર છઉં સમાચાર તમારા.

શે દુઃખે તમો દૂબળા ? એવી ચિંતા કેહી?'
પૂછે પ્રીતે શામળોઃ 'મારા બાળ-સ્નેહી!

કોઈ સદ્‌ગુરુ તમને મળ્યો, તેણે કાન શું ફૂંક્યો?
શું વેરાગે ત્યાગી થયા કે સંસાર જ મૂક્યો?

શરીર પ્રજાળ્યું શું જોગથી? તેવી દીસે દેહી;
શું દુઃખે દૂબળા થયા. મારા પૂર્વ-સ્નેહી?

કે શત્રુ કો માથે થયો, ઘણાં દુઃખનો દાતા?
કે ઉપારજ્યું ચોરીએ ગયું, તેણે નહિ તમને શાતા?

ધાતુપાત્ર મળ્યું નહીં, આવ્યા તુંબી લેઈ?
વસ્ત્ર નહીં શું પહેરવા, મારા બાળ-સ્નેહી?

કે સુખ નહીં સંતાનનું કાંઈ કર્મને દોષે?
કે ભાભી અમારાં વઢકણાં, દહાડી લોહી શોષે?

કે શું ઉદર ભરાતું નથી, તેણે સૂકી દેહી?
એટલામાં કિયું દુઃખ છે, મારા પૂરવ-સ્નેહી ?'

પછે સુદામોજી બોલિયા લાજી શીશ નામીઃ
'તમને અજાણી શી વારતા, મારા અંતરજામી?'

મોટું દુઃખ વિજોગનું, નથી કૃષ્ણજી પાસે;
આજ પ્રભુ મુજને મળ્યા, હવે દેહી પુષ્ટ થાશે.'

**- પ્રેમાનંદ**

### 3.4 કૃતિનો સારાંશ

મળવા આવેલા મિત્ર સુદામાના સમાચાર જાણવા આતુર ગોવિંદ વાત માંડે છે. કહો મિત્ર! કહીને આત્મીયતાપૂર્વક સુદામાને તેમના ખબર-અંતર પૂછે છે.

સુદામા શરીરે દુર્બળ છે. પરમવૈભવના સ્વામી એવા શ્રીકૃષ્ણ પ્રેમથી મિત્રને પૂછે છે કે એવાં તે કયાં દુઃખ પડ્યાં કે તમે આટલાં બધા દૂબળા છો ? બાળસખાને પ્રેમપૂર્વક પૂછે છે. 'પૂછે પ્રીતે શામળો'- એટલે કે શામળિયો. પ્રથમ પંક્તિમાં કૃષ્ણનું નામ ગોવિંદ છે. ચોથી પંક્તિમાં શામળો છે. પ્રેમાનંદને જ્યારે જ્યાં જ્યાં જે નામનો વિનિયોગ કરવાનું મન થાય છે. તે નામ ઉમેરે છે, 'હરિ તારા નામ છે હજાર' - એવી ઉક્તિ અચૂક યાદ આવે.

કૃષ્ણના કુતૂહલનો પાર નથી. સુદામાની સ્થિતિ વિશે જાણવા પ્રશ્નોની ઝડી વરસાવે છે. તેઓ પૂછે છે : શું કોઈ એવા સદ્ગુરુ મળી ગયા ? જે જેમણે વૈરાગ્યનો ગુરુમંત્રી કાનમાં ફૂંકી દીધો હોય ! સંસાર પરથી રાગ ઊઠી જાય અને વૈરાગ્ય અનુભવાય તેવા જણ જેવી શારીરિક સ્થિતિ જોઈને તેઓ પોતાનાં કુતૂહલને વાત્સલ્ય સમાનભાવે રજૂ કરે છે.

સુદામાની કૃશ કાયા જોઈને સહજ ચિંતાથી પ્રભુ પૂછે છે કે ''શરીર પ્રજાળ્યું શું જોગથી ? અર્થાત્ આસન, પ્રાણાયામ, ધ્યાન આદિથી શરીરને બાળી નાખ્યું તો નથી ને ?

કૃષ્ણના એક પછી એક પ્રશ્નો આવતા જાય છે. સુદામાની દુર્બળતાનું કારણ શું છે ? એ જાણવા માટે પ્રશ્નોની હારમાળા સર્જે છે. હે સુદામા ! બહુ દુઃખ આપે એવો શત્રુ ઊભો થયો છે કે શું ? કે પછી આજ સુધી ઉપાર્જન કરેલું બધું ચોરી થઈ ગયું છે ? સારું વાસણ મળ્યું નથી તે તુંબડી લઈને આવ્યા છો ? છે શું મિત્ર ! જણાવો મને. પહેરવા-ઓઢવાં પૂરતાં વસ્ત્રો તો છે ને ?

કહો મિત્ર સુદામા ! દુઃખ શું છે ? આપની વ્યથા જણાવો. કર્મનો એવો કયો દોષ છે ? સંતાન સુખ નથી કે પછી અમારાં ભાભી વઢકણાં છે ? લોહી પીવે છે ? ભગવાનના પ્રશ્નો મિત્ર તરીકેના છે. એક મિત્ર બીજા મિત્રનું દુઃખ જાણવા પ્રશ્નો કરે છે.

કૃષ્ણના પ્રશ્નોમાં મિત્ર સહજ આત્મીયતા છે. આત્મીય મિત્ર તો કાંઈ પણ પૂછી શકે. આખરે એમ પણ પૂછી લીધું કે પેટપૂરતું ખાતા નથી ? એટલે શરીર સાવ સૂકું છે ? ખાધે-પીધે સુખી તો છો ને ? બોલો મિત્ર આપનું દુઃખ જણાવો.

મિત્રના ક્ષેમકુશળ સમાચાર જાણવા આતુર ગોવિંદે ગોઠડી બરાબર માંડી છે. સુદામાની સ્થિતિ જાણવા માટે હરિના કાન સરવા છે. સુદામો પોતાના દુઃખનું કારણ જણાવે તેમાં જ સુદામાનું ચરિત્ર પ્રગટ થાય છે.

મિત્રો, સુદામાએ ધાર્યું હોત તો ભૂખનું દુઃખ અને આર્થિક દુર્દશાનો ચિતાર આપી દીધો હોત. સુદામા પત્નીના કહેવાથી જાય છે તો આ દુર્દશામાંથી પાર ઊતરવા માટે કંઈક મદદની આશાએ પણ અંગત લૌકિક દુઃખની વાતનું જાણે વિસ્મરણ થયું હોય એમ સહજ રીતે તેમનો જવાબ આ રીતે સરી પડે છે :

પછે સુદામોજી બોલિયા લાજી શીશ નામીઃ
'તમને અજાણી શી વારતા, મારા અંતરજામી ?''

મોટું દુઃખ વિજોગનું, નથી કૃષ્ણજી પાસે;
આજ પ્રભુ મુજને મળ્યા, હવે દેહી પુષ્ટ થાશે.

સુદામાજીનો જવાબ એક ઋષિને છાજે તેવો છે. સ્નેહથી સભર એવા જવાબમાં લૌકિક દુઃખની વાત નથી. 'મોટું દુઃખ વિજોગનું, નથી કૃષ્ણજી પાસે' આજે હવે પ્રભુ મિલન થઈ ગયું. હવે દેહી (દેહ = શરીર) પુષ્ટ થાશે.

સુદામા કૃષ્ણની પાસે પોતાના દુઃખનું બયાન કરતા નથી. સુદામાને ખબર છે કે પોતે અંતરયામી સાથે વાત કરી રહ્યા છે. કૃષ્ણ મિત્ર તો છે, પણ પ્રભુ પણ છે. પ્રભુને વળી કહેવાનું શું ? અને પ્રભુથી વળી છુપાવવાનું શું ? ઘટઘટની વાત પળપળની વાત જાણી રહ્યા છે તેવા પરમપિતાની સન્મુખ હોવાના સુખનો આનંદ એ જ સુદામાની ખરી સંપ્રાપ્તિ છે.

આમ, સુદામા-કૃષ્ણ મિલનના હૃદયસ્પર્શી વર્ણનથી આ કડવું આસ્વાદ્ય બને છે.

### 3.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

'ગોવિંદે માંડી ગોઠડી'થી કવિતાનો પ્રારંભ થાય છે. ગોવિંદ-ગોઠડી જેવા વર્ણાનુપ્રાસનું સૌન્દર્ય ભાવકને સ્પર્શે છે. એ રીતે જ બીજી પંક્તિમાં 'શે દુઃખે તમે દુબળા'માં પણ 'દ' વર્ણ-અક્ષરનો ઉચિત ઉપયોગ અસરકારક અભિવ્યક્તિ સાધે છે. કૃતિ સારાંશમાં દરેક પંક્તિનો સારગ્રાહી અર્થ, સમીક્ષા આપણે જોઈ. કૃતિ વિશે સૂક્ષ્મ અભ્યાસ - વિશ્લેષણ કરીશું તો આપણને કવિકર્મનો ખ્યાલ આવે છે. દુઃખથી દુબળાં જણાતા સુદામાના શરીરને વિશે કૃષ્ણના પ્રશ્નો અહીં વ્યક્ત થયા છે. પણ વાત માત્ર દૂબળાં દેહની નથી. આંતરિક, શારીરિક, માનસિક વ્યથા કે આપત્તિના કારણને મિત્રભાવે જાણવા માગતા ગોવિંદ પોતાના બાળસખા સાથે ગોઠડી માંડે છે. 'ગોઠડી' શબ્દ મહત્ત્વનો છે. અંતરયામી એવા ઈશ્વર તો દરેક મનુષ્યની પળપળની કે ઘટઘટતી વાત જાણતા જ હોય તો પછી સુદામાની સ્થિતિથી અજાણ હોય એમ ના બને. પણ મિત્રભાવથી થયેલી આત્મીય ગોઠડી અહીં ભાવકને વધુ સ્પર્શે છે.

સુદામાને કોઈ ગુરુએ વૈરાગ્યનો મંત્ર આપ્યો હશે ? અને તેથી ગુરુ પ્રેરણાથી તપ કરીને શરીરને કષ્ટ આપ્યું હશે કે પછી સતત કષ્ટ આપનાર શત્રુનો ભેટો થયો હશે ? સંતાન સુખ નથી કે પૂરતું અન્ન પામતા નથી ? જેવા લૌકિક પ્રશ્નોના જવાબો પ્રશ્નકર્તા કૃષ્ણની પાસે છે જ. જે બધું જ જાણે છે કે મિત્રની તરીકે વાત માંડે ત્યારે તેનું મિત્રત્ત્વ સોળે કળાએ ખીલી ઊઠે છે. એટલે જ તો સ્વાભાવિકતાથી કહે છે કે,''શું અમારાં ભાભી વઢકણાં છે ?''

સુદામાની અકિંચન અવસ્થાના જાણતલ મિત્ર એવા ગોવિંદની વાત્સલ્યસભર પ્રશ્નમાળાની આ કવિતા છે અને સુદામા પણ ''પૈસો નથી પાસે'' એમ નથી કહેતા, ''કૃષ્ણ નથી પાસે'' એમ કહી મૈત્રીનો મહિમા વધારે છે. સૌથી મોટું દુઃખ મિત્રના વિયોગનું દુઃખ. દુઃખ વ્યક્ત કર્યા પછી તરત આવતી પંક્તિમાં, ''આજ પ્રભુ મુજને મળ્યા; એમ કહીને સંતોષ વ્યક્ત કરવાની સાથે ''હવે દેહી પુષ્ટ થાશે; એટલે કે હવે શરીર પુષ્ટ થશે એમ જણાવે છે.

દરેક પંક્તિ અંત્યાનુંપ્રાસથી લય જાળવે છે. 'અમાર-તમારા' 'કેહી-સ્નેહી', 'દેહી-સ્નેહી', 'દોષે-શોષે' નામી-અંતરજામી' જેવા અંત્યાનુપ્રાસો દ્વારા ગોઠડીનું ભાવાત્મક અનુસંધાન જળવાય છે.

**3.6 વસ્તુલક્ષી કસોટી**

**નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે (√) (×) નિશાનીથી સૂચવો.**

(1) સુદામા અને કૃષ્ણની સંગાથે સાંદીપનિઋષિના આશ્રમમાં એકલવ્યએ અભ્યાસ કર્યો.
(2) સદ્‌ગુરુએ સુદામાને અકિંચન રહેવાનું અને વૈરાગી બનવાનું કહ્યું છે ?
(3) કૃષ્ણનો વિરહ સુદામાના દુઃખનું કારણ છે.
(4) શામળિયો અને ગોવિંદ; વિશ્વાધારના બીજાં નામ છે.

**લેખન પ્રવૃત્તિ - વિશેષ અધ્યયન.**

(1) પ્રેમાનંદ કૃત 'સુદામાચરિત્ર' આખ્યાન મેળવીને વાંચો.
(2) 'સુદામાચરિત્ર'ના આધારે સુદામા-કૃષ્ણની મૈત્રી વિશે વિસ્તૃત નોંધ કરો.

**3.7 વિશેષ અધ્યયન**

**કવિ પરિચય**

પ્રેમાનંદના જીવનકાળ વિશે ચોક્કસ માહિતી મળતી નથી. વિવિધ અભ્યાસુઓ અનુમાનો જોઈએ તો તેમનો જન્મ. ઈ.સ. 1636માં અને અવસાન ઈ.સ. 1734માં ગણવામાં આવ્યું છે. નગીનદાસ પારેખ ઈ.સ. 1649થી ઈ.સ. 1704નો જીવન સમય ગણે છે. એકંદરે 17મી સદીનો ઉત્તરાર્ધ પ્રેમાનંદનો જીવન-કવન સમય ગણી શકાય.

પ્રેમાનંદની રચનાઓના આધારે જે માહિતી મળે છે તે મુજબ તેઓ વડોદરાના વતની હતા. જ્ઞાતિએ મેવાડા ચોવીસા બ્રાહ્મણ હતા. તેઓ ઉદર નિમિત્તે - ગુજરાન ચલાવવા આખ્યાનોની રચના અને રજૂઆત કરતા હતા. તેઓ માણભટ્ટ કે ગાગરિયા ભટ્ટ તરીકે જાણીતા હતા.

**પ્રેમાનંદનું સાહિત્ય**

પ્રેમાનંદના જીવન અને કવન વિશે ઘણી દંતકથાઓ પ્રચલિત છે. નવાં સંશોધનો મુજબ પ્રેમાનંદ પાસેથી 25 જેટલી રચનાઓ મળી હોવાનું પ્રમાણિત થયું છે. આ રચનાઓમાં આખ્યાન કવિતા વિશેષ છે.

પ્રેમાનંદની રચનાઓ વિશે શંકાઓ જન્મી હતી. જે કૃતિઓ પ્રેમાનંદની જ છે તેમ નિશ્ચિતપણે સ્વીકારવામાં આવ્યું તેવી રચનાઓ નીચે મુજબ છે :

(1) ઓખાહરણ (1667) (2) અભિમન્યુ આખ્યાન (1671) (3) ચંદ્રાહાસાખ્યાન (1671) (4) મદાલસાખ્યાન (1672) (5) હૂંડી (1677) (6) શ્રાદ્ધ (1681) (7) સુદામા ચરિત્ર (1682) (8) મામેરું (1683) (9) નળાખ્યાન (1681) રણયજ્ઞ (1690)

અમુક રચનાઓ એવી પણ છે કે તેનું રચના વર્ષ જાણી શકાયું નથી. પણ તે રચનાઓ પ્રેમાનંદની છે : સ્વર્ગની નિસરણી, ફુવડનો ફજેતો, શામળશાનો વિવાહ, દાણલીલા, ભ્રમરપચીસી, દશમસ્કંધ, વામનકથા, રુકિમણી હરણ. પ્રેમાનંદનાં ઘણાં આખ્યાનો 'રામાયણ', 'મહાભારત', 'ભાગવત' અને 'માર્કંડેયપુરાણ'માંથી લેવામાં આવ્યાં છે. પ્રચલિત વિષયવસ્તુની રસપ્રદ રજૂઆત દ્વારા પ્રેમાનંદ ખૂબ લોકપ્રિય થાય છે.

પ્રેમાનંદ મધ્યકાળના મહાકવિ ગણાય છે. તેમની પૂર્વે થયેલા ઘણા કવિઓ પાસેથી તેમને સર્જનની પ્રેરણા મળી છે. પુરોગામીઓની રચનાઓથી પ્રેરિત પ્રેમાનંદે વિષયવસ્તુ, ભાષા, આખ્યાનનું સ્વરૂપ આદિ બાબત પરોક્ષ માર્ગદર્શન મેળવ્યું છે અને પોતાની સર્જક પ્રતિભાથી આખ્યાનક્ષેત્રમાં નવી સિદ્ધિઓ મેળવી છે.

**લેખન :** ડૉ.યોગેન્દ્ર પારેખ (પ્રોફેસર-ગુજરાતી વિભાગાધ્યક્ષ)
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ

એકમ 4

# ઉઘાડી રાખજો બારી

- પ્રભાશંકર પટ્ટણી


4.1 ઉદ્દેશો

4.2 પ્રસ્તાવના

4.3 કૃતિ

4.4 કૃતિનો સારાંશ

4.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

4.6 વસ્તુલક્ષી કસોટી

4.7 વિશેષ અધ્યયન


## 4.1 ઉદ્દેશો :

- આ કવિતાના અભ્યાસ દ્વારા તમે સર પ્રભાશંકર પટ્ટણીના ભાવવિશ્વનો પરિચય મેળવશો.
- જીવનમૂલ્યોની કવિતાથી સન્મુખ થશો.
- જીવન જીવવાના બોધની કવિતા માણવા મળશે.
- આઠ પંક્તિની કવિતામાં જીવન જીવવાની કળાની અભિવ્યક્તિ માણી શકશો.
- ભાવનગરના દીવાન અને ગાંધીજીના મિત્ર એવા પ્રભાશંકર પટ્ટણીના જીવન અભિગમનું દર્શન થશે.

## 4.2 પ્રસ્તાવના :

જીવનમૂલ્યની કવિતાનું આગવું સ્વરૂપ હોય છે. કવિના ચારિત્ર્યનો પડઘો તેમના શબ્દમાં પડે છે. 'શીલ તેવી શૈલી' એ સૂત્ર જાણીતું છે. 'સર'નો ખિતાબ પામેલા પ્રભાશંકર પટ્ટણી ભાવનગર રાજ્યના દીવાન હતા. ગાંધીયુગના આ કવિ ગાંધીજીના મિત્ર પણ હતા. દીન-દુઃખિયાં પ્રત્યે હમદર્દી રાખવી તે એ યુગના સ્વાભાવિક સંસ્કાર હતા. પ્રજાજીવનના વિવિધ ક્ષેત્રમાં માર્ગદર્શન આપવા માટે દરેક ક્ષેત્રમાં અધિકૃત અને સાત્વિક માર્ગદર્શકો હતા. સંસ્કારપુરુષોથી જીવન દોરવણી પામતું. દીવાનનું પદ રાજ્યકારભારમાં બહુ મોટું ગણાય. એ રીતે પ્રભાશંકર પટ્ટણીજી કારભારી હોવાની સાથે કવિ પણ હતા. તેમના વિશાળ હૃદયનો અને સંવેદનશીલતાનો પરિચય આ કવિતાથી થાય છે.

## 4.3 કૃતિ :

**ઉઘાડી રાખજો બારી**

દુઃખી કે દર્દી કે કોઈ ભૂલેલા માર્ગવાળાને,<br>
વિસામો આપવા ઘરની ઉઘાડી રાખજો બારી,<br>
ગરીબની દાદ સાંભળવા, અવરનાં દુઃખને દળવા,<br>
તમારાં કર્ણનેત્રોની ઉઘાડી રાખજો બારી.<br>
પ્રણયનો વાયરો વાવા, કુછંદી દુષ્ટ વા જાવા,<br>
તમારા શુદ્ધ હૃદયોની ઉઘાડી રાખજો બારી.<br>
થયેલાં દુષ્ટ કર્મોના છૂટા જંજીરથી થાવા,<br>
જરા સત્કર્મની નાની, ઉઘાડી રાખજો બારી.

- પ્રભાશંકર પટ્ટણી

### 4.4 કૃતિનો સારાંશ :

આ કવિતા સત્કર્મ કરવાની કવિતા છે. કુલ આઠ પંક્તિની કવિતામાં, રોજબરોજના જીવનમાં માણસે કેવું વર્તન કરવું જોઈએ તેની વિનંતી કહો કે અપીલ આ કવિતામાં કરવામાં આવી છે. કવિ કહે છે કે કોઈ દુઃખી કે દર્દી કે માર્ગ ભૂલેલો પથિક આવી ચડે તો આપણું ઘર તેના માટે ખુલ્લું હોવું જોઈએ.

ઘર તો ભૌતિક સુખ-સગવડવાળું માળખું છે. પણ તેમાં જ્યારે આપણા માનવીય ભાવ ભળે છે. ત્યારે ઘર તીર્થ બની જાય. આપણું ઘર રાહદારીનો, દુઃખીનો કે દર્દીનો વિસામો બને એવી કવિની ભાવના સહજ રીતે વ્યક્ત થઈ છે.

કવિ આપણને વિશેષ જણાવે છે કે ગરીબની દાદ સાંભળવા કે અન્યના દુઃખોને સાંભળીને તેનું નિવારણ કરવા તમારે તમારા કર્ણનેત્રોની બારી પણ ઉઘાડી રાખવાની છે. કાનને સાબદા રાખવાના છે. ગરીબના હૃદયની વાત, વ્યથાની વાત સાંભળવા આપણે કાન ખુલ્લા રાખવા જોઈએ.

આપણું હૃદય પ્રેમનું પ્રવેશદ્વાર છે. પ્રેમનો પવન વાય તે માટે અને કુછંદે ચઢીને જીવનમાં કોઈ દુષ્ટ વાયરો ઘર કરી જાય તો તેને જવા દેવા માટે તમારા શુદ્ધ હૃદયની બારી ઉઘાડી રાખજો.

આજીવન, જાણતાં-અજાણતાં દુષ્ટ કર્મો થયાં હોય તો તે કર્મોના બંધનથી મુક્ત થવું જરૂરી છે. કર્મદોષની જંજીરોથી મુક્ત થયેલો માણસ જ સાચી શાંતિ પામી શકે છે. આ સર્વ કર્મદોષ કે દોષકર્મમાંથી મુક્ત થવા માટે સદકર્મ જરૂરી છે. સત્કાર્ય આપણને દુષ્ટકર્મોના બંધનોથી મુક્તિ અપાવે છે.

આમ, આ સત્કર્મની કવિતા દીન-દુઃખીને વિસામો આપવાના બોધથી શરૂ કરી દુષ્કર્મોના પાપમાંથી મુક્તિ અપાવવા સુધીનો રાહ ચીંધે છે.

### 4.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

આ કવિતા આઠ પંક્તિની છે. પ્રથમ પંક્તિમાં જ કવિ દુઃખી, દર્દી કે કોઈ માર્ગ ભૂલેલાને વિસામો આપવાની વાત કરે છે. વિસામો આપવા જરૂરી છે, ઘરની ઉઘાડી બારી. ઘરને અહીં જીવનના પણ પ્રતીક તરીકે લઈએ તો આપણું અસ્તિત્વ અન્યને માટે વિસામો બને તે જરૂરી છે.

કવિ પાસે દુઃખી, દર્દી, ગરીબ જેવા પ્રચલિત શબ્દો છે. કવિના હૃદયભાવ શુદ્ધ છે. ગરીબ, દર્દી કે દુઃખી માટે કોઈ અન્ય સમાનાર્થીનો ઉપયોગ કરી તેમણે કવિતા અઘરી નથી બનાવી. ભાષાના સૌન્દર્ય કરતાં ભાવનું સૌન્દર્ય આ કવિતાને ગરિમા આપે છે.

ગરીબની દાદ-ફરિયાદ-રજૂઆત સાંભળવા કર્ણનેત્રોની ઉઘાડી રાખજો બારી એમ કહીને કવિ આંખ-કાન ખુલ્લા રાખવાનું કહે છે.

પ્રેમ, જીવનનું સર્વોચ્ચ મૂલ્ય છે. હૃદય, પ્રેમથી સભર હોય તે વ્યક્તિ કરુણાને સહજ રીતે પામે છે. કુછંદના કારણે હૃદય દુષ્ટ વાયરાઓથી ભરાયું હોય તો પ્રણાયભાવથી દશ્યને ભરી દેવા માટે પણ બારી ઉઘાડી રાખવાની છે.

ઉઘાડી બારી રાખવાનું સૂચન એટલે બંધિયારપણામાંથી મુક્તિ. અને સહુને માટે આવકારવાની ભાવના.

મનુષ્ય સામાજિક પ્રાણી છે. આપણા જીવન સાથે અનેક લોકો જોડાયેલા હોય છે. સહુનો સહકાર આપણા જીવનને સફળ અને સાર્થક બજાવે છે. જીવનના દરેક તબક્કે અનેક સંબંધો અને સ્થળો આપણા માટે વિસામો બને છે. આપણે પણ જ્યારે જીવનના કોઈ તબક્કે કોઈના માટે વિસામો બની શકીએ ત્યારે આપણા ઘરનાં દ્વાર અને હૃદયદ્વાર ખુલ્લાં રાખવાં જોઈએ.

સત્કર્મોની બારી નાની ઉઘાડી રાખજો, એમ કહીને કવિ દરેક મનુષ્યને દુષ્કર્મની જંજીરોથી છૂટવાનો સાત્વિક માર્ગ સૂચવે છે.

**4.6 વસ્તુલક્ષી કસોટી :**

**(અ) એક વાક્યમાં જવાબ આપો.**

(1) કવિ કોના માટે ઘરની બારી ઉઘાડી રાખવાનું સૂચવે છે ?

(2) કોઈના દુઃખને ટાળવા આપણે શું કરી શકીએ ?

(3) કુછંદથી હૃદયમાં ભરાયેલા દુષ્ટ પવનને જવા દેવા માણસે શું કરવું જોઈએ ?

(4) દુષ્કર્મના બંધનથી છૂટવા શું કરવું જોઈએ ?

(બ) 'ઉઘાડી રાખજો બારી' કાવ્યનો મર્મ છથી આઠ લીટીમાં સમજાવો.

**4.7 વિશેષ અધ્યયન :**

**કવિ પરિચય**

કવિ પ્રભાશંકર પટ્ટણી ભાવનગર રાજ્યના દીવાન હતા. તેમનો જન્મ 15 એપ્રિલ, 1862ના રોજ મોરબી મુકામે પ્રશ્નોરા નાગર જ્ઞાતિમાં થયો હતો. ગુજરાતી સાત ચોપડીનો અભ્યાસ કર્યા પછી મેટ્રિકનો અભ્યાસ કરવા રાજકોટ ગયા. મેટ્રિકમાં ઉત્તીર્ણ થઈ મેડિકલ કૉલેજમાં મુંબઈ ખાતે પ્રવેશ મેળવ્યો. મુંબઈમાં તબિયતની પ્રતિકૂળતા થતાં અભ્યાસ અધૂરો છોડી માણાવદર પાછા ફર્યા. રાજકુમાર કૉલેજમાં નોકરી સ્વીકારી જ્યાં બ.ક. ઠાકોર, કાન્ત જેવા કવિમિત્રોની સાથે ભાવનગરના મહારાજકુમાર ભાવસિંહજી પણ મળ્યા. જેઓ તે ગાળામાં વિદ્યાર્થી હતા. પ્રભાશંકરને ભાવસિંહજીના ટ્યુટર તરીકેની જવાબદારી સોંપવામાં આવી. તે સમયે ભાવનગર રાજ્યના દીવાન વિઠ્ઠલદાસ મહેતા હતા. 1903માં, વિઠ્ઠલદાસની તબિયત બગડી. દીવાન તરીકેની જવાબદારી પ્રભાશંકરને સોંપવામાં આવી. 1903થી 1938 સુધી ભાવનગર રાજ્યના દીવાનપદે તેઓ રહ્યા.

પ્રભાશંકર પટ્ટણી ગાંધીજીના પરમમિત્ર હતા. ગાંધીજી સાથેના તેમના પત્રવ્યવહારનું પુસ્તક પણ પ્રગટ થયું છે. દીવાન તરીકે તેમની સેવાઓ બદલ અંગ્રેજ સરકાર તરફથી તેમનો 'સર'નો ખિતાબ આપ્યો. મહારાજા ભાવસિંહજીના સગીર વારસદાર મહારાજા કૃષ્ણકુમારસિંહજીના રાજ્યાભિષેક સુધી તેઓ દીવાનપદે રહ્યા. 1938માં હરિપુરા કૉંગ્રેસ સંમેલનમાં જતાં તેમનું ટ્રેનમાં અવસાન થયું.

પ્રભાશંકર પટ્ટણીએ ઘણાં પ્રેરક કાવ્યો લખ્યાં છે. આ કાવ્યોનું પુસ્તક 'મિત્ર' શીર્ષકથી પ્રગટ થયું છે. દીવાન તરીકે તેઓ ન્યાયપ્રિય હતા. ભાવનગર રાજ્યના રાજાશ્રી 'પ્રજાવત્સલ' ગણાતા હતા કારણ કે તેમને પ્રભાશંકર પટ્ટણી જેવા દીવાનો મળ્યા હતા. ગાંધીજી સાથેની મૈત્રીની પણ વ્યાપક અસર તેમના ચારિત્રમાં હતી.

**લેખન :** ડૉ.યોગેન્દ્ર પારેખ (પ્રોફેસર-ગુજરાતી વિભાગાધ્યક્ષ)

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ

એકમ 5

# સાગર અને શશી

- કાન્ત


5.1 એકમના હેતુઓ

5.2 પ્રસ્તાવના

5.3 કૃતિ

5.4 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

5.5 પુનરાવલોકન (સ્વાધ્યાય 1, 2, 3)

5.6 લેખનપ્રવૃત્તિ

5.7 વિશેષ અધ્યયન

- કર્તા પરિચય
- વિશેષ વાચન
- સંદર્ભ વાચન
- ટિપ્પણ


## 5.1 એકમના હેતુઓ

(1) ગુજરાતી સાહિત્યની જાણીતી કવિતાનો અભ્યાસ.
(2) કાવ્યકળાની દૃષ્ટિએ કાવ્યની તપાસ.
(3) ચંદ્રોદયદર્શનની થયેલી અપૂર્વ અનુભૂતિ અને અભિવ્યક્તિનો ખ્યાલ આવશે.
(4) અર્વાચીન કાવ્યરચનાની ભાષા સામગ્રીનો ખ્યાલ આવશે.

## 5.2 પ્રસ્તાવના

'સાગર અને શશી' ગુજરાતી સાહિત્યની અનુપમ રચના છે. આ કાવ્ય વિશે એવું કહેવાય છે કે ગોપનાથના દરિયાકિનારે ઊભા રહીને કવિ કાન્તને જે અનુભૂતિ થઈ એનું વર્ણન છે. પણ અહીં વર્ણન જે રીતે થયું છે. એમાં કવિની કલ્પના અને સર્જકતા બંને કામે લાગી છે. આ નાનકડું કાવ્ય એની ભાષાને કારણે પણ અલગ તરી આવે છે.

## 5.3 કૃતિ

### સાગર અને શશી

આજ, મહારાજ ! જલ પર ઉદય જોઈને
          ચંદ્રનો, હૃદયમાં હર્ષ જામે,
સ્નેહઘન, કુસુમવન વિમલ પરિમલ ગહન,
          નિજ ગગન માંહી ઉત્કર્ષ પામે;
          પિતા ! કાલના સર્વ સંતાપ શામે !
નવલ રસ ધવલ તવ નેત્ર સામે,
પિતા ! કાલના સર્વ સંતાપ શામે !
જલધિજલદલ ઉપર દામિની દમકતી,
          યામિની વ્યોમસર માંહી સરતી,
કામિની કોકિલા કેલિ કૂજન કરે,
          સાગરે ભાસતી ભવ્ય ભરત;
          પિતા ! સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી !
તરલ તરણી સમી સરલ તરતી,
          પિતા ! સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી !

- કાન્ત

## 5.4 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

ગોપનાથના દરિયાકિનારે ચંદ્રોદયનાં દર્શન કર્યા પછી મનમાં જે પ્રબળ આવેગ ઊમટે છે, એનું નાજુક શબ્દોમાં અહીં અભિવ્યક્તિ છે. કાવ્યનો ઉપાડ 'આજ' શબ્દથી થાય છે. આ રીતે ચંદ્રોદયદર્શન પહેલી વાર નથી. પરંતુ આજે સ્થિતિ કંઈક જુદી છે. મનની સ્થિતિ પણ અલગ છે. એ મનની સ્થિતિ અલગ હોવાને કારણે હૃદયમાં હર્ષની લાગણી ઉત્પન્ન થાય છે. આ 'આજ' સંદર્ભે સતીશ વ્યાસ જણાવે છે, ''કાવ્યનો પ્રારંભ 'આજ' શબ્દથી થાય છે. એ સાપેક્ષ શબ્દ છે. એમાં વીતી ગયેલી ભયાનક 'કાલ'ના પડઘા સંભળાય છે, જે પછી 'સંતાપ' શબ્દ સાથે જોડાય છે, પણ 'આજ' તો સુમધુર છે. 'આજ'ની સાથે જ 'મહારાજ'નો પ્રાસ છે.''[1]

હૃદયમાં હર્ષની લાગણી જામ્યા પછી સૃષ્ટિનાં દરેક તત્ત્વમાંથી સ્નેહનો અનુભવ થાય છે. એ અનુભવ એકદમ વિમલ છે, શુદ્ધ છે. આ અનુભવનો ઉત્કર્ષ ક્યાં થાય છે ? અહીં કવિએ જે શબ્દો પસંદ કર્યા છે, એ અગત્યના છે. 'નિજ ગગન.' પોતાના ગગનમાં, મનમાં આ પ્રકૃત્તિની રામલીલાનો અનુભવ થાય છે. એ અનુભવ સર્વ સંતાપો, ત્રાસદાયક મનઃસ્થિતિમાંથી મુક્ત કરાવે છે. ચાંદની રાતનો ધવલ પ્રકાશ આંખ સામે તરવરે છે. એને કારણે એક અનુપમ દશ્ય રચાયું છે, કે ગઈકાલના સઘળા સંતાપ દૂર થાય છે. 'પિતા ! કાલના સર્વ સંતાપ શામે !' પંક્તિનું પુનરાવર્તન પણ એટલે થાય છે. ગઈકાલની ભયાનકતા આ અનુપમલીલાથી દૂર થઈ છે અને ચિત્તમાં કેવળ હર્ષનો અનુભવ છે, એ વાત તીવ્ર રીતે પણ નાજુક શબ્દોમાં કહેવા કવિએ પંક્તિનું પુનરાવર્તન કર્યું છે. 'પિતા' ઈશ્વરને આ સંબોધન છે. ઈશ્વરીયલીલાના પ્રતાપે તો આ બધા સંતાપ દૂર થયા છે.★ સુરેશ દલાલ આ સંદર્ભે જણાવે છે.

દરિયાની અફાટ જળરાશિ પર ચાંદની રેલાવાને કારણે આહ્‌લાદક અનુભવ થાય છે. કોકિલાના સ્વરો સંભળાય છે. દરિયામાં ભરતી છે પણ અત્યારે જે દશ્ય રચાયું છે. એને કારણે એ ભરતી પણ ભવ્ય ભાસે છે, લાગે છે. અહીંથી હવે સ્થળનો વિસ્તાર થાય છે. દરિયાની ભરની જ માત્ર ભવ્ય રહેતી નથી. આખી ધરતી લીલી અને સમુલ્લાસ-હર્ષમુક્ત ભાસે છે. રાત, ચંદ્ર, સમુદ્ર, એકાંત - પ્રકૃત્તિનું અનુપમ વાતાવરણ સર્જવા માટે આ ચાર તત્ત્વો પૂરતાં છે. આ ચારમાં મળે છે પંચામૃતની એક અમૃતસામગ્રી જેવું કવિહૃદયનું સંવેદન. આનંદને અભિવ્યક્ત કરવાનો હૃદયનો સ્વભાવ છે અને એટલે જ આ એકાંતમાં પ્રકૃત્તિના સ્પર્શથી મુખરિત થઈ ઊઠેલું કવિહૃદય ઈશ્વરને જ કહી ઊઠે છે :

**આજ મહારાજ ! જલ પર ઉદય જોઈને**
**ચંદ્રનો હૃદયમાં હર્ષ જામે.**

કદાચ આવી ક્ષણોમાં જ કવિઓને ઈશ્વરનો સાક્ષાત્કાર થતો હશે. ઈશ્વરનું સર્જેલું વાતાવરણ અનુભવીને કવિ ઈશ્વરને જ પાછું સમર્પે છે, નવી રીતે શબ્દો દ્વારા સર્જીને. 'કવિ એ નાનકડો બ્રહ્મા છે.' એવું ક્યાંક વાંચ્યું'તું એની પ્રતીતિ તો આવી કોઈ ભાવસૃષ્ટિનું નિર્માણ જોઈએ ત્યારે જ થાય.

ઈમારતોની ઉપર ઊગતો આકાશમાં જે ચંદ્ર આપણે જોઈએ છીએ તે, અને જલ પર ઉદય પામતો ચંદ્ર - આ બંને આમ તો એક જ હોય છે છતાં કેટલા બધા જુદા છે ! અને આ કાવ્ય વાંચીને આપણા વિસ્મયનું બિંદુ વિકાસ પામીને પોતાની અંદર એક જ વાતને ઘૂંટે છે કે ખરેખર અહીં ચંદ્રના ઉદયની વાત છે કે ચંદ્રોદયની સાક્ષીએ થતી પોતાની ઊર્મિના ઉદયની વાત છે !

આ કાવ્યમાં આનંદ છે, પણ એ શાંત આનંદ છે અને એથી જ એ વાચાળ છે એના કરતાં મૂંગો વિશેષ છે. માટે જ કવિ કહે છે : 'હૃદયમાં હર્ષ જામે.' જળથી સ્થળ સુધીનો આ વિસ્તાર છે. આ પ્રકારનો વિસ્તાર ત્યારે જ શક્ય બને છે જ્યારે મનની સ્થિતિ, સર્વ સંતાપોથી રહિત હર્ષયુક્ત હોય.[2] આમ, આ કાવ્ય ચંદ્રોદય પછી હૃદયમાં ઊમટેલા પ્રબળ આવેગને અત્યંત કોમળ ભાષામાં મૂકી આપે છે. જશવંત શેખડીવાળા આ કાવ્ય વિશે જણાવે છે, '' 'સાગર અને શશી'માં પણ સમુદ્ર પરની ચાંદની રાતનું જે માર્દવભર્યું આહ્‌લાદક સજીવ સ્પષ્ટ રેખા સ્પર્શથી ચિત્ર આલેખાયું છે, તે ક્યાંય સુધી મનમાં રમ્યા કરે તેવું છે. સાગર ઉપર ઉદય પામતો ધવલ ચંદ્ર સમુદ્રની લહરો પર વીજળી ચમક્યા કરતી હોય તેમ પલપલની ચાંદની, ચૂપચાપ સરી રહેલી રાત્રિ, ક્યાંકથી સતત સંભળાયા કરતા કોયલના મત્ત ટહુકા, ભરતીનાં ઊછળતાં પાણી અને આ બધી ભવ્ય રમ્ય

★ દલાલ, સુરેશ ૧૨૫ કાવ્યો, પા. ૩૮

પ્રકૃત્તિલીલા જોઈ અપૂર્વ આનંદ ઉલ્લાસ અને ઈશ્વરશ્રદ્ધામાં લીન થઈ જતો કિનારા પર સ્થિત માનવી. આ એક ચિત્ર આંખ-અંતર સમ હૂબહૂ બની ઝૂમી રહે છે. કાન્તની વાણીની કમનીયતા, વર્ણમાધુર્ય અને સુરેખ ચિત્રાંકનશક્તિનો આ નમૂનો જુઓ :

જલધિ જલદલ ઉપર દામિની દમકતી,

યામિની ધોમસર માંહિ સરતી;

કામિની કોકિલા કેલિ કૂજન કરે,

સાગરે ભાસની ભવ્ય ભરતી...''[3]

આ પ્રકારની ભાષા તો આ કાવ્યનું ખરેખરું સૌન્દર્ય છે.

આ સમગ્ર કાવ્ય વિશે ચંદ્રકાન્ત શેઠનો અભિપ્રાય પણ નોંધવા જેવો છે : ''પ્રસ્તુત કાવ્યમાં કવિ ગોપનાથના સાગરતટે થતા પૂર્ણ ચંદ્રોદયના-ચંદ્રદર્શનના અનુભવની વાત કરે છે. પણ એ વાત કવિના અંતરમાં થતા સૌન્દર્યોદય-સ્નેહોદય-આનંદોદય સુધી આત્મોદય સુધી વિસ્તરે છે. પૂર્ણિમા કેવળ પ્રકૃત્તિની ન રહેતાં આંતરજીવનની - અધ્યાત્મજીવનનીયે પૂર્ણિમા બની રહે છે. અહીં ચંદ્રનો પ્રકાશ કેવળ સાગરના જળમાં જ નહીં, કવિના અંતરદલમાંયે ઝિલાયો છે. ચંદ્રોદયે ભરતી કેવળ સાગરમાં જ નહીં, કવિના ચિત્ર સંવિતમાંયે ચડી છે. જે બહાર ભાસે તે અંતરમાં છે અને જે અંતરમાં છે તે બહાર ભાસે છે ! આંતર-બાહ્ય, ભૌતિક-આધ્યાત્મિક, પ્રાકૃતિક-વૈયક્તિક જેવા સીમાભેદો ગળી જઈને જાણે સમ-ભવ્ય એકાકારતાનો-એકમેળતાનો અવર્ણનીય અનુભવ કવિને થાય છે અને તે અવર્ણનીય વર્ણનબદ્ધ કરવાનો કવિનો ઉદાત્ત પુરુષાર્થ અહીં જોઈ શકાય છે.''[4]

**સંદર્ભ :**

(1) વ્યાસ, સતીશ (સં.) પૂર્વાલાપ. જુલાઈ-2008. પા. 19

(2) શુક્લ જયદેવ. 'કાન્તનાં ખણ્ડકાવ્યો સિવાયનાં કાવ્યો વિશે થોડુંક.' પરબ-નવેમ્બર, 2017 પા. 37

(3) 'શેખડીવાળા, જશવંત 'કાન્તની કવિતામાં પ્રકૃત્તિ ચિત્રણ' પૂર્વાલાપ, સતીશ વ્યાસ (સં.) જુલાઈ-2008, પા. 184-185.

(4) શેઠ, ચંદ્રકાન્ત આપણાં કાવ્ય રત્નો : ઉઘાડ અને ઉજાશ, એપ્રિલ-2006, પા. 38

### 5.5 પુનરાવલોકન (સ્વાધ્યાય-ભાષાકીય સામગ્રીનો અભ્યાસ)

આ કાવ્યના વિષયવસ્તુથી પરિચિત થયા પછી એની ભાષા સંદર્ભે વિચાર કરીએ. આ કાવ્ય અત્યંત સુકોમળ પદાવલિમાં રચાયું છે. કયા શબ્દો તમને સુકોમળ લાગે છે ? એવા શબ્દોની અર્થસહિત યાદી તૈયાર કરો. આ કાવ્યમાં પ્રાસયુક્ત શબ્દો પણ ઘણા છે. જેમકે- 'આજ,મહારાજ !'

**સ્વાધ્યાય-1**

કાન્ત રચિત કાવ્ય 'સાગર અને શશી'માં પ્રાસમુક્ત શબ્દોની અર્થસહિત યાદી તૈયાર કરો.

આ કાવ્યનું જે બંધારણ છે એ ગીતને મળતું આવે છે. નરસિંહ પ્રિય ઝૂલણાના બંધારણમાં લખાયેલું આ કાવ્ય છે. કવિ કાન્તે 'શંકરા ભરણામ' રાગને આધારે એની રચના કરી હતી, એવું પણ કહેવાય છે. આ ગેય રચના હોવાને કારણે ચુસ્ત લયબદ્ધ છે અને શબ્દોની પસંદગી, એની ગોઠવણીને કારણે પણ વિશિષ્ટ રચના છે.

**સ્વાધ્યાય-2**

કાન્તનાં અન્ય ગેય કાવ્યોની રચના તપાસો. એવાં કાવ્યોની એક યાદી તૈયાર કરો.

આ કાવ્ય એમાં પ્રયોજાયેલા અલંકારને કારણે પણ નોંધવું પડે છે. આ કાવ્યમાં પ્રયોજાયેલો વર્ણસગાઈ અલંકાર જાણીતો છે. વર્ણસગાઈ અલંકાર એટલે એક વર્ણનો-અક્ષરનો વધુ વખત ઉપયોગ. જેમકે, 'ભાસતી ભવ્ય ભરતી' - આ પંક્તિમાં 'ભ' વર્ણનો ઉપયોગ વધુ થયો છે, તો અહીં વર્ણસગાઈ અલંકાર છે. એમ કહી શકાય. આ પ્રકારના ઉપયોગથી ભાષામાધુર્ય એ નાદમાધુર્ય બંને માણવા મળે છે.

**સ્વાધ્યાય-3**

કાન્ત રચિત કાવ્ય 'સાગર અને શશી'માંથી વર્ણસગાઈ અલંકાર શોધી બનાવો.

**વસ્તુલક્ષી કસોટી**

(1) કવિ કાન્ત રચિત અન્ય કાવ્ય 'મારી કિસ્તી'નો અભ્યાસ કરો. તેમાં આવતા દરિયાનું વર્ણન તમારા શબ્દોમાં આલેખો.

(2) ચંદ્રોદયદર્શનની અનુભૂતિ કરાવતાં અન્ય કાવ્યો તમારી નજરમાં હોય એવાં બે કાવ્યોનો આસ્વાદ તમારા શબ્દોમાં તૈયાર કરો.

## 5.6 લેખનપ્રવૃત્તિ

કાન્તની કવિ તરીકેની ખરી સિદ્ધિ ખંડકાવ્યો પર આધારિત છે. 'અતિજ્ઞાન', 'વસંતવિજય', 'ચક્રવાક મિથુન', 'દેવયાની' વગેરે ખંડકાવ્યોના અભ્યાસથી કવિ કાન્તની કરી પ્રતિભાનો પરિચય થશે. આમાંથી કોઈ એક ખંડકાવ્યનો અભ્યાસ કરો.

## 5.7 વિશેષ અધ્યયન

**કર્તા પરિચય :**

ગુજરાતી સાહિત્યમાં 'કાન્ત' તરીકે જાણીતા કવિનું મૂળ નામ મણિશંકર રત્નજી ભટ્ટ. 20 નવેમ્બર, 1967ના દિવસે અમરેલીના ચાવંડ ગામે એમનો જન્મ. જીવનમાં ઘણા ઉતાર-ચઢાવ એમણે જોયા હતા. એક સમયે ખ્રિસ્તી ધર્મ પણ સ્વીકાર્યો હતો. કવિ 'કાન્ત'ની પ્રતિભા થોડાં ઊર્મિકાવ્યો અને ખંડકાવ્યો પર ટકેલી છે. 'ખંડકાવ્ય' પ્રકારનો એમણે ઉઘાડ આપ્યો અને નમૂનારૂપ ખંડકાવ્યો પણ આપ્યાં. 'કાન્ત' પછી ખંડકાવ્ય ક્ષેત્રે એવું પ્રદાન અન્ય કોઈ કવિનું જોવા મળતું નથી. કવિતા ઉપરાંત નાટ્ય ક્ષેત્રે પણ એમનું પ્રદાન રહ્યું છે. 'સલીમશાહ અથવા 'અશ્રુમતી', 'રોમન સ્વરાજ્ય', 'દુઃખી સંસાર' અને 'ગુરુ ગોવિંદસિંહ' - ચાર નાટકો પ્રાપ્ત થાય છે. પત્રો અને આત્મકથારૂપી સાહિત્ય પણ એમની પાસેથી મળે છે. એમાંનું કેટલુંક સાહિત્ય હજી પણ અગ્રંથસ્થ છે. પત્રોમાંથી પણ કાન્તની નિજી મુદ્રા પ્રગટ થાય છે.

'પૂર્વાલાપ' કવિનો એક માત્ર કાવ્યસંગ્રહ. આ સંગ્રહમાં ઊર્મિકાવ્યો અને ખંડકાવ્યોનો સમાવેશ થયો છે. રા.વિ. પાઠક, ચંદ્રકાન્ત શેઠ, વિનોદ અધ્વર્યુ અને સતીશ વ્યાસ જેવા જાણકારો દ્વારા સમયાંતરે 'પૂર્વાલાપ'ના સંપાદનો પ્રગટ થતાં રહ્યાં છે.

**વિશેષ વાચન :**

કવિ 'કાન્ત' રચિત 'મિત્રને આમંત્રણ', 'રાજહંસને સંબોધન' 'વત્સલનાં નયનો' 'ચંદાને સંબોધન' 'મનોહરમૂર્તિ' વગેરે ઊર્મિકાવ્યોનો અભ્યાસ કરો.

**સંદર્ભ વાચન :**

(1) ગુજરાતી સાહિત્યકોશ, ખંડ-2, અર્વાચીન કાળ

(2) અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા, પંડિત યુગ, ધીરુભાઈ ઠાકર

(3) ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, ગ્રંથ-3 (દલપતરામથી કલાપી), ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ.

(4) કવિ-વિશ્વ - સુરેશ દલાલ

(5) કાન્ત વિશે - ભૃગુરાય અંજારિયા

**● 5.8 ટિપ્પણ :**

ગુજરાતી સાહિત્યમાં સર્જકને કેન્દ્રમાં રાખીને ઘણાં નાટકો રચાયાં છે. ચરિત્રલક્ષી આવાં નાટકો સર્જકના જીવન-કવનને સમજવામાં ઉપયોગી બની રહે છે. સતીશ વ્યાસ રચિત 'જળને પડદે' કવિ કાન્તના જીવન-કવનને કેન્દ્રમાં રાખીને રચાયેલું એકપાત્રી નાટક છે. કવિ કાન્તને જાણવા અને એમનાં કાવ્યોને માણવાં આ નાટકનું વાચન ઉપયોગી બની શકે એમ છે.

આ સંદર્ભે 'કાન્ત'નું અન્ય એક કાવ્ય 'ઉદ્‌ગાર' પણ જોવા જેવું છે.

**'ઉદ્‌ગાર' કૃતિ**

(ખંડ શિખરિણી)

વસ્યો હૈયે તારે :
રહ્યો એ આધારે :
પ્રિયે તેમાં મારે પ્રણય દુનિયાથી નવ થયો !
નવા સંબંધોનો સમય રસભીનો પણ ગયો !
નહિ તદપિ ઉદ્વગ મુજનેઃ
નયન નીરખે માત્ર તુજનેઃ
હરે દૃષ્ટિ વ્હાલી, સદય મૃદુ તારી જ રુજને !
સદા રહેશે એવી :
સુધાવર્ષા જેવી :
કૃતિ માનું, દેવી ! ક્ષણ સકલને જીવન તણી :
પ્રમત્તાવસ્થામાં નજર પણ નાખું જગ ભણી !

આ બંને કાવ્યો સંદર્ભે જયદેવ શુક્લ જણાવે છે : ''આનન્દમય, ઉલ્લાસમય, શાતામય ક્ષણોની પ્રાપ્તિ કાન્તની મહત્ત્વની કાવ્યકૃતિઓ 'ઉદ્‌ગાર' તથા 'સાગર અને શશી'માં અનુભવાય છે. આ બંને કૃતિઓમાં કાન્તનો મિજાજ પણ સાવ નાંખી રીતે પ્રગટ્યો છે. 'કાલના સર્વ સંતાપ' શમ્યા પછી 'સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી' ન લાગે તો જ નવાઈ ! બંને કાવ્યોની પદાવલિમાંથી નાદ, લય અને અર્થ પરસ્પરમાં કલવાઈને આપણી સામે જે રીતે પ્રગટે છે, તેમાં કવિનું સામર્થ્ય પમાય છે.''

---

**લેખન :** ડૉ.ધ્વનિલ પારેખ, મદદનીશ અધ્યાપક (ગુજરાતી વિભાગ)
મહાદેવભાઈ દેસાઈ ગ્રામસેવા સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા.

---

એકમ 6

# જૂનું પિયેર ઘર

- બ. ક. ઠાકોર


રૂપરેખા :

6.1 ઉદ્દેશો

6.2 પ્રસ્તાવના

6.3 કૃતિ

6.4 કૃતિનો સારાંશ

6.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

6.6 વસ્તુલક્ષી કસોટી

6.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

6.8 પુનરાવલોકન

6.9 લેખનપ્રવૃત્તિ

6.10 વિશેષ અધ્યયન

- ટિપ્પણ


## 6.1 ઉદ્દેશો :

આ કવિતાના અભ્યાસ દ્વારા તમે -

- ગુજરાતી પદ્યસાહિત્યમાંની સૉનેટ કવિતાનો પરિચય કરી શકશો.
- સાવ સામાન્ય યુવતીના જીવનની વાત પણ કેવી સરસરીતે આલેખી શકાય તે સમજી શકશો.
- પ્રકૃત્તિ, પ્રણય સિવાયની ઘટના પણ કવિતાનો વિષય બની શકે તે સમજી શકશો.
- સાદી ભાષા દ્વારા પણ ઉત્તમ કાવ્ય સિદ્ધ થઈ શકે તે સમજાશે.
- માનવી પોતાનું બાળપણ ક્યારેય ભૂલી શકતો નથી તે સમજાશે.
- સામાન્ય વિષય પણ કવિપ્રતિભા દ્વારા અસમાન્ય કેવી રીતે બની શકે તે સમજાશે.
- નાયિકાના હૃદયની સંવેદના અનુભવી શકાશે.
- જીવનની મહત્ત્વની ઘટનાઓનું સ્મરણ કેવી ભાવયાત્રા કરાવી શકે તે સમજાશે.

## 6.2 પ્રસ્તાવના :

'જૂનું પિયેર ઘર' સૉનેટ બળવંતરાય ક. ઠાકોરનું ઉત્તમ કાવ્ય છે. બળવંતરાય ઠાકોર ગુજરાતી સાહિત્ય  પંડિત યુગના કવિ છે. ગુજરાતી કાવ્યસાહિત્યની કેટલીક ચિરંજીવી સૉનેટ રચનાઓમાં આ કાવ્યનું નિશ્ચિત સ્થાન છે. તેમની આ કવિતામાં સીધા સાદા શબ્દોમાં ભાવાભિવ્યક્તિ સુંદર રીતે થઈ છે. બળવંતરાય ઠાકોર અર્થઘન કવિતાના હિમાયતી હતા. અર્થવિહીન, માત્ર લાગણીવેડાને પ્રગટ કરતી કવિતાને તેઓ 'પોચટ' અને 'આસું સારતી' કવિતા કહેતા.

સૉનેટનું કાવ્યસ્વરૂપ મૂળ તો ઈટાલીનું છે પણ એ અંગ્રેજી સૉનેટ મારફત આપણા સાહિત્યમાં પણ આવ્યું. ગુજરાતી પદ્યસાહિત્યમાં સૌપ્રથમ સૉનેટ રચના આપનાર કવિ બ.ક.ઠાકોર જ છે. પ્રથમ સૉનેટ કવિ તરીકે ગુજરાતી સાહિત્યમાં તેમનું માન અને સ્થાન છે.

'જૂનું પિયેર ઘર' કાવ્ય એ તેમની એક મનોહર સૉનેટ કૃતિ છે. ગુજરાતી સાહિત્યના આભૂષણરૂપ આ કૃતિ આપ સૌને પણ ગમશે જ.

આ કાવ્યમાં કવિએ સાસરેથી પિયરના ઘરે આવેલી મુગ્ધ યુવતીના મનોભાવોનું આલેખન કર્યું છે. જૂનાં સંસ્મરણોથી ઘેરાયેલી યુવતી આપણને પોતીકી લાગે છે. માનવ હૃદયના વ્યક્તિગત ભાવોને એક ઉત્તમ કવિ કેવા સમષ્ટિગત અનુભવના બૃહદ્ પરિમાણમાં મૂકી દે છે તેનું ઉત્તમ ઉદાહરણ આ કવિતા છે.

### 6.3 કૃતિ :

#### જૂનું પિયેર ઘર

બેઠી ખાટે ફરિવળિ બધે મેડિયો ઓરડામાં,
દીઠાં હેતે સ્મૃતિપડ બધાં ઊકલ્યાં આપ રૂડાં.
માડી મીઠી, સ્મિત મધુરને ભવ્ય મૂર્તી પિતાજી,
દાદી વાંકી રસિક કરતી ગોષ્ઠિથી બાળ રાજી;
સૂનાં સ્થાનો સજિવન થયાં, સાંભળૂં કંઠ જુના,
આચારો કૈં વિવિધ ઢબના નેત્ર ઠારે સહૂનાઃ
ભાંડૂ ન્હાનાં; શિશુસમયનાં ખટમિઠાં સોબતીઓ
જ્યાંત્યાં આવી વય બદલિ સંતાય જાણે પરીઓ.
તોયે એ સૌ સ્મૃતિછબિ વિશે વ્યાપિ લે ચક્ષુ ઘેરી,
ન્હાની મોટી બહુરુપિ થતી એક મૂર્તી અનેરી;
ચૉરીથી આ દિવસ સુધિમાં એવિ જામી કલેજે
કે કૌમારે પણ મુજ સરે બાળવેશે સહેજે !

બેસી ખાટે પિયરઘરમાં ઝિંદગી જોઈ સારી,
ત્યારે જાણી અનહદ ગતી, નાથ મ્હારા, ત્હમારી.

**- બ.ક.ઠાકોર**

### 6.4 કૃતિનો સારાંશ :

કવિ બળવંતરાય ક. ઠાકોર અર્વાચીન ગુજરાતી સાહિત્યના આરંભકાળના પંડિત યુગના સુપ્રતિષ્ઠિત કવિ છે. 'જૂનું પિયેર ઘર' એમનું ચિરંજીવ સૉનેટ છે. ગુજરાતી પદ્યસાહિત્યમાં આ સૉનેટનું આગવું સ્થાન છે. છંદના હિમાયતી એવા આ કવિએ મન્દાક્રાન્તા છંદમાં તેની રચના કરી છે.

દીકરી બે ઘરની આબરૂ કહેવાય. દીકરી સાસરે જાય પછી પણ એના મનમાં પિયરની સ્મૃતિ એવીને એવી અકબંધ રહેતી હોય છે. સાસરેથી પિયરના ઘરમાં આવેલી દીકરીને તેના બાળપણની પૂર્વજીવનની સ્મૃતિ વીંટળાય વળે છે.

આરંભમાં જ તળપદી ભાષામાં કવિ કહે છે :

'બેઠી ખાટે ફરિ વળિ બધે મેડિયો ઓરડામાં....'

દીકરી ઘરમાં પ્રવેશે છે અને હીંચકા પર બેઠી છે પણ તેની નજર બધી મેડીઓ પર, ઓરડામાં ફરી વળે છે અને સ્મૃતિઓના પડ આપોઆપ ઉકેલાતાં જાય છે. અહીં મધુર સ્મૃતિ છે, હેતથી જૂની યાદો ઉભરાય છે.

સૌ પ્રથમ તો વાત્સલ્યસભર, સ્નેહસભર મીઠી માતાની મૂર્તિ દેખાય છે. જેનું સ્મિત, મધુરું છે. પિતાજીની મૂર્તિ ભવ્ય છે. તેમના વ્યક્તિત્વની એક ચોક્કસ પ્રકારની આભા દીકરીના મન પર છે. દાદીમા ઉંમરના કારણે વાકાં વળી ગયાં છે પણ બાળકોને બહુ પ્રિય છે. તેમ રસિકની ગોષ્ઠિથી દાદી રાજી રાજી કરે છે.

ઘરના દરેક ખૂણામાં જુદાં જુદાં સ્થાનો પરની અનેક ઘટનાઓ આ મુગ્ધાને યાદ આવે છે. દરેક સ્થાનો જાણે કે સજીવન થતાં જાય છે. જૂના અવાજો સંભળાય છે. આ બધી સ્મૃતિઓ નાયિકાને વીંટળાય વળે છે. જુદા જુદા આચારો સૌની આંખોને ઠારે છે. બાળપણનાં ખટમીઠાં સોબતીઓ-સંગાથીઓ તેના નાનાં નાનાં ભાઈ-બહેનો છે. હજુ તો ભાઈ બહેનોને યાદ કરે છે. ત્યાં તો આ ઉંમરે બદલાયેલી ઉંમરવાળી પરીઓ સંતાયેલી નજરે પડે છે. સ્મૃતિઓની છબી આંખોમાં વ્યાપી જાય છે અને નાની મોટી બહુરૂપી જેવી એક અનેરી મૂર્તિ સામે દેખાયા કરે છે.

છેલ્લી બે પંક્તિઓમાં કવિ કહે છે કે પિયર આવેલી ખાટ પર બેસેલી દીકરીની નજર સામેથી બહુ જ થોડા સમયમાં આખી જિંદગી પસાર થઈ જાય છે. ત્યારે તેણે નાથની અનહદ ગતિ જાણી 'નાથ મ્હારા, ત્હમારી' કહીને નાથ કોણ ? તેનો પ્રય ઊભો થાય છે. 'નાથ' એટલે કોણ પરમાત્મા કે પતિ ? બાળપણના સમગ્ર જીવનની યાદ દ્વારા પતિના જીવનની અનહદ ગતિ જાણી શકે છે, સમજી શકે છે.

'બેઠી ખાટે'થી શરૂ થતા સૉનેટકાવ્યની પૂર્ણાહુતિમાં 'બેસી ખાટે' પંક્તિ આવે છે. આ 'બેઠી' અને 'બેસી' વચ્ચે સૉનેટનું હાર્દ સમાયું છે.

### 6.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન :

સૉનેટનું પહેલું લક્ષણ, પહેલી નજરે તેની પંક્તિ સંખ્યાથી ઓળખાય છે. તે ચૌદ પંક્તિનું કાવ્ય છે. ન ઓછી ન વધારે. ચૌદ પંક્તિ તેનું મૂળભૂત લક્ષણ નિશ્ચિતપણે સર્વસ્વીકૃત બન્યું છે. સૉનેટમાં ચાર-ચાર લીટીના ત્રણ ભાગ અને છેલ્લો ભાગ બે લીટીનો હોય છે.

આ કાવ્યનો વિગતવાર અભ્યાસ કરીએ ત્યારે કાવ્યને આ રીતે ચાર ભાગમાં વહેંચી શકાય. સૉનેટમાં આલેખાયેલો વિચાર સઘન હોય અને તેનું વસ્તુ ચિંતનસભર હોય છે.

મંદાક્રાન્તા છંદમાં રચાયેલા આ સૉનેટના આરંભમાં મુગ્ધા યુવતી સાસરેથી પિયર આવી છે. જે ઘર સાથે બાળપણનાં અનેક સ્મરણો જોડાયેલાં છે તે ઘરને જોતાં જ આનંદિત થઈને ખાટ પર હીંચકા પર બેસી ગયેલી મુગ્ધાની નજર પ્રેમથી, હેતથી સમગ્ર ઘર પર ફરી વળે છે. ઓરડાની, મેડીની નાની નાની વસ્તુઓ તેની પોતાની છે, તે જોતાં જ ભૂતકાળની સ્મૃતિઓનાં પગ આપોઆપ ઉકેલાતાં જાય છે. આપણા લોકગીતમાં

કહેવાયું છે : 'છબતો નહોતો પણ ધરતી પર...' જે ઘરમાં ઉછળકૂદ, દોડાદોડી કરી છે ત્યાં અત્યારે શાંતિથી બેઠી છે. પરંતુ સ્મરણો તો હૈયામાં ઉછળે જ છે.

સૌ પ્રથમ તો સ્વાભાવિક રીતે જ નાયિકાને મીઠી, મધુરી, વાત્સલ્યભરી, મમતામયી 'મા'નું; જનનીનું જ સ્મરણ થાય છે. જેના થકી પોતાનું અસ્તિત્વ છે એ માતાનો સ્નેહ તો કેવી રીતે ભૂલાય ? દીકરી માટે પિતા આદર્શ હોય છે. તેની ભવ્ય મૂર્તિ દીકરીને યાદ આવે છે. માતા-પિતાની સાથે જ દાદીમા યાદ આવી જાય છે. ઉંમરના કારણે, વૃદ્ધાવસ્થાને કારણે કમરથી વાંકાં વળી ગયાં છે પણ તેમની રસિક ગોષ્ઠિથી બાળકો રાજી રાજી થઈ જાય છે. દીકરી સાસરે ચાલી જાય પછી ઘરનાં સ્થાનો તેની ગેરહાજરીમાં સૂનાં પડી ગયાં છે. આજે ફરી મુગ્ધાની હાજરી તેને સજીવન બનાવે છે. જૂના જૂના અવાજો તેને સંભળાય છે. સ્મૃતિરૂપે તેના કાનમાં પડઘાયા કરે છે. જુદા જુદા આચારો તેના કાનને સ્પર્શે છે. આંખને ઠારે છે. નાનાં ભાઈ-બહેનો માટે 'ભાંડૂ ન્હાનાં' શબ્દપ્રયોગ બહુ અસરકારક બની રહ્યો છે. નાના નાના ભાંડૂઓ તેના બાળપણના સમયના સાથીઓ છે. જેની સાથે અનેક ખાટાં-મીઠાં સંસ્મરણો સંકળાયેલાં છે. એ યાદ આવે છે. ત્યારે તેની સાથે સાથે બાળપણમાં પ્રિય લાગતી એવી પરી દેખાય છે. પરંતુ આ ઉંમરે એ પરીઓની ઉંમર પણ બદલાઈ ગઈ છે. સંતાઈ ગઈ છે.

લગ્ન સમયે ચોરીના ચાર ફેરા ફર્યા ત્યારથી આજના દિવસ સુધી હૈયામાં જામી ગયેલી સ્મૃતિઓ સળવળે છે. કૌમાર્યના સમયમાં જાણે કે બાળવેશ સહજ રીતે સરતો જાય છે. બાળપણથી કૌમાર્ય સુધીની સફર, વિવિધ પ્રસંગો આજે સાસરેથી પિયર આવેલી દીકરીની નજર સામેથી પસાર થાય છે. બાળપણના એ પ્રસંગોની સ્મૃતિ આ મુગ્ધાના હૃદયમાં અકબંધ સચાવયેલી છે. સ્મરણમંજૂષા ખોલીને બેઠેલી આ યુવતીની યાદ તેને ભૂતકાળના સમયમાં પહોંચાડે છે. ફરી તેનું બાળપણ જાણે કે પાછું મળે છે.

સૉનેટની છેલ્લી બે પંક્તિઓમાં પરિવર્તન આવે છે. કાવ્યની નાયિકા ખાટ પર બેઠી છે. તેના માટે શબ્દપ્રયોગ અહીં થયો છે. ખાટ પર બેસીને બહુ થોડા સમયમાં જ સમગ્ર જિંદગી દેખાઈ છે. આ વીતેલો સમય ભૂલી શકાય તેમ નથી એમ કહી શકાય કે જીવાયેલું જીવન આ યુવતી આજે ફરીથી જીવી ગઈ છે. તેને ગમતી ક્ષણો કે જેને તેણે હૃદયમાં જાળવીને, સાચવીને મૂકી હતી તે ક્ષણો તે ફરીથી જીવે છે ત્યારે તે કુદરતી અકળ ગતિને જાણી ગઈ છે, સમજી શકી છે. અનહદની ગતિ જાણે છે પરંતુ ત્યાં 'નાથ મ્હારા, ત્હમારી...' દ્વારા શબ્દના બંને અર્થને સાર્થક કરે છે. વીતેલા જીવનની ક્ષણો દ્વારા વર્તમાન અને ભવિષ્યના સમયને સમજી શકે છે. જાણી શકે છે. એ કદાચ પતિ તરફના સ્નેહથી, પ્રેમથી.

બ.ક.ઠાકોરનું 'વધામણી' સૉનેટ પણ ઉત્તમ સૉનેટ છે. જેમાં નારીજીવનની એક મહત્ત્વની ઘટનાને કેન્દ્રમાં રાખીને સ્ત્રી-પુરુષના મધુર દામ્પત્યસ્નેહનું મનભર આલેખન થયું છે. આ સૉનેટમાં પ્રથમ પ્રસૂતિ વખતે પિતૃગૃહે ગયેલી નારીની હૃદયની લાગણીઓને કવિએ વાચા આપી છે.

**6.6 વસ્તુલક્ષી કસોટી :**

(ક) તમારી પ્રગતિ ચકાસો

1. આ સૉનેટ કાવ્યમાં કોના જીવનની વાત કરવામાં આવી છે ?
2. આ કાવ્યની રચના કયા છંદમાં કરવામાં આવી છે ?
3. કાવ્યના શીર્ષકની યથાર્થતા સમજાવો.
4. આ કાવ્યનો પ્રકાર કયો છે ?
5. કાવ્યની નાયિકા કયાં બેઠી છે ? નાયિકા કેવાં સંવેદનો અનુભવે છે ?
6. નાયિકા માટે નાનાં ભાઈ-બહેનો શું હતાં ?
7. નાયિકાના પરિવારજનોનું વર્ણન કયા શબ્દોમાં કર્યું છે ?
8. કાવ્યની નાયિકા કયું સંવેદન અનુભવે છે ?
9. કાવ્યની નાયિકા કયાં આવી છે ? શા માટે આવી છે ?
10. કાવ્યની અંતિમ પંક્તિમાં કયા શબ્દના બે અર્થ થયા છે ? કયા કયા અર્થ થયા છે?

(ખ) તમારી પ્રગતિ ચકાસો

નીચેનાં વાક્યો સાચાં છે કે ખોટાં તે આપેલા ખાનામાં (√) કે (×) ની નિશાની કરી જણાવો.

1. સૉનેટ કાવ્યનો મુખ્ય રસ વીર છે. □
2. કાવ્યમાં નાયિકાના મનોભાવો વ્યક્ત થયા છે. □
3. આ કાવ્યનું સ્વરૂપ ખંડકાવ્યનું છે. □
4. આ કાવ્યમાં નાયક-નાયિકાના મિલનપ્રસંગનું વર્ણન છે. □
5. નાયિકાની માતાનું સ્મિત મધુર છે. □
6. સૉનેટની નાયિકા હીંચકા પર બેઠી છે. □

(ગ) તમારી પ્રગતિ ચકાસો

નીચેનાં વાક્યોના ઉત્તર માટે યોગ્ય વિકલ્પની પસંદગી કરો.

1. ‘જૂનું પિયેર ઘર’ કાવ્ય સૉનેટ છે કારણ કે...
   અ. એમાં આખ્યાનનાં લક્ષણો છે.
   બ. એમાં ચૌદ લીટી છે.
   ક. એમાં પ્રકૃત્તિવર્ણન છે.
2. આ કાવ્યમાં નાયિકા પિયરનાં સંસ્મરણો વાગોળે છે કારણ કે...
   અ. નાયિકા પિયર આવી છે.
   બ. નાયિકાનાં લગ્ન થઈ રહ્યાં છે.
   ક. નાયિકા પતિને મળે છે.
3. ‘જૂનું પિયેર ઘર’ કાવ્ય સ્મૃતિકાવ્ય છે...
   અ. એમાં બે સખીઓના જીવનની વાત છે.
   બ. દામ્પત્યજીવનની સહપંથનું આલેખન છે.
   ક. એમાં નાયિકાની બાળપણની સ્મૃતિનું આલેખન છે.

### 6.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ :

'જૂનું પિયેર ઘર' એ સૉનેટ છે. કવિએ પોતાની વાતને ચૌદ પંક્તિના નિશ્ચિત માળખામાં કાવ્યમયતાથી રજૂ કરવાની છે, એટલે એમાં કવિના અભિવ્યક્તિ સામર્થ્યની કસોટી પણ થઈ જાય છે. ગુજરાતી કવિતામાં સૌપ્રથમ સૉનેટ કાવ્યની રચના બ.ક.ઠાકોરે જ કરી છે. આ કાવ્યમાં તેમના ભાષાસામર્થ્યનો પરિચય પણ થાય છે. ઓછા શબ્દોમાં ઘણું કહી દેવાની શક્તિ કવિની વાણીમાં છે. આ શબ્દ લાઘવનો પરિચય કાવ્યમાં અનેક સ્થળે જોવા મળે છે. 'માડી મીઠી, સ્મિત મધુર ને ભવ્ય મૂર્તી પિતાજી' એક જ લીટીમાં માતા-પિતા બંનેનું આબેહૂબ વર્ણન થયું છે. માતા-પિતા અને દાદી તેમ જ નાના ભાંડૂઓનો પરિવાર હતો તેની જાણ કરી દે છે.

કાવ્યમાં અંત્યાનુપ્રાસ અલંકાર પ્રયોજાયો છે. પંક્તિના અંતે 'સોબતીઓ' - 'પરીઓ' એમ પ્રાસ મેળવ્યા છે તો અગિયારમી અને બારમી પંક્તિમાં 'કલેજે સહેજે !' શબ્દપ્રયોગ થયા છે.

મદાક્રાન્તા છંદમાં ભાવની સઘનતાની અનુભૂતિ કવિએ સુંદર રીતે કરાવી છે. કાવ્યની સરળ લયવાહી પદાવલીમાં તળપદા શબ્દોનો પ્રયોગ પણ કર્યો છે.

### 6.8 પુનરાવલોકન :

- તમારી પ્રગતિ ચકાસો

  1. કાવ્યનાયિકાના પિયર ઘરમાં કોણ કોણ રહેતાં હતાં ?
  2. નાયિકાના બાળપણનાં સંસ્મરણો કેવાં હતાં ?
  3. નાયિકાને પરી હવે કેવી લાગે છે ?
  4. નાયિકાને તેની જિંદગીના કયા સમયનાં સ્મરણો ઘેરીવળે છે ?
  5. ખાટે બેસીને નાયિકા કોની ગતિ જાણે છે ?

### 6.9 લેખનપ્રવૃત્તિ :

આ કાવ્યમાં સાસરેથી પિયર આવેલી મુગ્ધાના ભૂતકાળનાં સંસ્મરણોનું આલેખન થયું છે. તમારા જીવનમાં પણ આવાં ઘણાં સ્મરણો હશે. તમે પણ આવી અનુભૂતિ કરી હશે. આવાં સ્મરણોને વાગોળીને તેને પદ્યમાં ઉતારવાનો પ્રયત્ન કરો.

### 6.10 વિશેષ અધ્યયન

- **કવિ પરિચય :**

કવિ શ્રી બળવંતરાય કલ્યાણરાય ઠાકોરનો જન્મ ઈ.સ.1869માં ભરૂચમાં થયો હતો. તેમની માતાનું નામ જમનાબેન હતું. કૉલેજનું શિક્ષણ એક વર્ષ ભાવનગરમાં એક વર્ષ મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં અને બે વર્ષ પૂણેની ડેક્કન કૉલેજમાં લઈ ઈતિહાસ અને અર્થશાસ્ત્ર સાથે બી.એ. થયા, પછી એ કૉલેજમાં એમ.એ.નો અભ્યાસ કર્યો. ઈતિહાસના અધ્યાપક તરીકે પૂણે, કરાંચી, અજમેર, રાજકોટ અને વડોદરાની કૉલેજમાં અધ્યાપનકાર્ય કર્યું હતું.

બળવંતરાય ઠાકોર ખૂબ ઊંચી પ્રતિભાવાળા સર્જક હતા. તેમનું કવિનામ 'સેહની' હતું. 'ભણકાર'માં અંતિમ શબ્દ 'સેહની' છે. ઈ.સ.1900 સુધી પ્રકાશિત કાવ્યોમાં તેમણે 'સેહની' નામનો કવિનામ તરીકે ઉપયોગ કર્યો હતો. 'ખુદકલમી, ઈતર ન જ લખવું.' - આ તેમની કાન્તની લલિતકોમલ પદાવલિનું આકર્ષણ અનુભવનાર બ.ક.ઠાકરે 'જે મ્હારી પ્રકૃત્તિ મૂલથી જ એવી.' - નો સ્વીકાર કર્યો અને સ્વકીય બુદ્ધિથી લખવાનું શરૂ કર્યું હતું. 'નિશાનચૂક માફ નહિ માફ નીચું નિશાન' - એ તેમનું જીવસૂત્ર હતું. તેથી શું કર્મમાં, શું કાવ્યમાં. તેમણે કદી નીચું નિશાન તાક્યું જ નથી. બ્યાસી વર્ષના લાંબા આયુષ્યકાળમાં તેમણે ઠીક ઠીક સમય સુધી સર્જનકાર્ય કર્યું. 1952માં અવસાન પામ્યા ત્યાં સુધી તેમનું સર્જનકાર્ય અવિરત ચાલુ રહ્યું હતું. તેમનું મુખ્ય અને ચિરંજીવ પ્રદાન કવિતાક્ષેત્રે છે. તેમની કવિતા મુખ્યત્ત્વે પ્રકૃત્તિ, પ્રણય અને ચિંતનની ત્રણ ધારાઓમાં વહે છે. 'ભણકાર' કાવ્યસંગ્રહમાં એમની મોટાભાગની કવિતા સમાવિષ્ટ થઈ છે.

'ભણકાર-1951'નું ઉપશીર્ષક '...લઘુ, અને મધ્યમ કદની કવિતાઓનો...સંગ્રહ' આપ્યું છે. એમણે સુદીર્ઘ કાવ્ય કે મહાકાવ્ય ભલે ન રચ્યું પરંતુ 'ભણકાર'નાં કાવ્ય એ અણલખ્યા મહાકાવ્યના જાણે કાચા મુસદ્દા જ છે. 'મ્હારાં સૉનેટ' ગ્રંથમાં તેમનાં બધાં સૉનેટ સંગ્રહાયાં છે.

બ.ક.ઠાકોર વિચારપ્રધાન કવિતાને દ્વિજોત્તમ જાતિની ગણાવે છે. કાવ્યને અર્થનિષ્ઠ બનાવવા માટે તેમણે અગેય પ્રવાહી પદ્યરચનાના પ્રયોગો કર્યા છે. શિથિલ યતિવાળા પૃથ્વી છંદનો ગુજરાતી કવિતામાં સૌપ્રથમ સફળ પ્રયોગ કરી ગુજરાતી કવિતાના સર્જનપ્રવાહમાં નવો વળાંક લાવ્યા. પૃથ્વી છંદ સંપૂર્ણ અર્થમાં અંગ્રેજી બ્લેંક (પ્રાસશૂન્ય) છે.

આ કવિ સમર્થ ગદ્યકાર પણ હતા. તેમણે નવલિકા, નાટક, ચરિત્ર, નિબંધ આદિ ક્ષેત્રે પ્રદાન કર્યું છે. 'દર્શનિયું' તેમનો નવલિકા સંગ્રહ છે. 'ઉગતી જુવાની', 'લગ્નમાં બ્રહ્મચર્ય' એમનાં નાટકો છે. અંબાલાલ સાકરલાલનું જીવનચરિત્ર ઉપરાંત ભાષાંતરો પણ કર્યાં છે. તેમણે ઈતિહાસ વિષયક પુસ્તકો પણ લખ્યાં છે. ગદ્યક્ષેત્રે સૌથી વિશિષ્ટ અને મૌલિક પ્રદાન તેમનાં વિવેચનો છે. આ મૌલિક પ્રતિભાવાળા આત્મનિષ્ઠ સર્જક ગુજરાતી સાહિત્યમાં ચિરંજીવ રહેશે. તેમણે પ્રેરેલી વિચારપ્રધાન કવિતાકલાથી, તેમની મૌલિક વિવેચનાથી અને બરછટ છતાં બળકટ ગદ્યશૈલીથી.

- **સ્વરૂપ-પરિચય :**

'સૉનેટ' મૂળ તો પશ્ચિમ સાહિત્યમાંથી ઉતરી આવેલો કાવ્યપ્રકાર છે. 13મી થી 14મી સદીમાં આ પ્રકાર ઈટાલીમાં સૌ પ્રથમ ઉદ્ભવ પામ્યો. એ પછી ઈંગ્લેન્ડમાં ખેડાયો. અંગ્રેજી સાહિત્યના સંપર્કના પરિણામે આપણા કવિઓએ અપનાવ્યો તેથી પોતીકું સાહિત્ય સ્વરૂપ બની ગયું છે.

'સૉનેટ' મૂળ ઈટાલિયન શબ્દ 'souno' (અવાજ)ના લઘુતાવાચક શબ્દ 'sonnetto' (જરીક અવાજ) ઉપરથી ઉતરી આવ્યો હોવાનું મનાય છે. આરંભમાં સૉનેટ એ અમુક પ્રકારના તંતુવાદ્ય સાથે કે તે સિવાય ગવાતી ટૂંકી સંગીતમય પદ્યરચના હતી. સમય જતાં તેના સ્વરૂપમાં પરિવર્તન આવ્યું અને તે સ્થિર અને સુદૃઢ થતું ગયું.

સૉનેટમાં ચૌદ પંક્તિની મર્યાદાનો નિયમ શરૂઆતથી સ્વીકારાયેલો જોવા મળે છે. આમ છતાં સૉનેટનું હાર્દ ન જળવાય તો ફક્ત ચૌદ પંક્તિના બાહ્ય માળખાથી સૉનેટ બની શકે નહીં. સૉનેટની ચૌદ પંક્તિઓમાં રજૂ થતાં વિચાર કે ભાવના વળાંકને અનુલક્ષીને પંક્તિઓને અમૂક વિભાગમાં વહેંચી નાખવામાં આવે છે. સૉનેટની પંક્તિઓના અંતે અમૂક પ્રકારના પ્રાસની જાળવણીનો આગ્રહ પણ રખાતો આવ્યો છે.

ઈટાલીમાં સૉનેટની ચૌદ પંક્તિના આઠ અને છ અષ્ટક અને ષટક એવા વિભાગ પાડવાની પ્રણાલી હતી. પેટ્રાર્ક નામના કવિએ આવાં ઘણાં સૉનેટ લખ્યાં તેથી પેટ્રોર્કશાઈ સૉનેટ તરીકે ઓળખાય છે. અંતે પ્રાસરચના abba, abba ષટકમાં અને cd, cd, cd અથવા તો cde, cde પ્રકારની હોય છે.

સૉનેટની ચૌદ પંક્તિના ચાર, ચાર, ચાર અને બે એવા વિભાગ કરવાની બીજી રીત પ્રચલિત થયેલી છે. તેની ચતુષ્ક અને બે પંક્તિના જૂથને યુગ્મ તરીકે ઓળખવામાં આવે છે. શેક્સપિયરે આ પ્રકારનાં ઘણાં સૉનેટ લખ્યાં તેથી આ સૉનેટને 'શેક્સપિયરશાઈ સૉનેટ' કહે છે. પંક્તિના અંતે પ્રાસયોજના ત્રણ ચતુષ્કમાં abab, cdcd, efef અને યુગ્મમાં gg પ્રકારની હોય છે.

કવિ મિલ્ટને ચૌદ પંક્તિના યથેચ્છ વિભાગો પાડી સૉનેટ લખ્યા, જેને મિલ્ટનશાઈ કે અનિયમિત સૉનેટ તરીકે ઓળખવામાં આવે છે.

ગુજરાતીમાં આ ત્રણેય પ્રકારનાં સૉનેટ લખાય છે. ચૌદ પંક્તિની મર્યાદાઓ સ્વીકારાયેલી છે. યાદ રહે કે વિભાગ બાબત કે પ્રાસ યોજનાની બાબત કશો દૃઢ આગ્રહ રાખવામાં આવતો નથી.

'ભણકારા' બ.ક.ઠાકોરે રચેલી ગુજરાતી સાહિત્યની પહેલી સૉનેટ રચના છે. બળવંતરાય ઠાકોરે શ્લોકભંગ દ્વારા પ્રવાહી પદ્ય દ્વારા ગુજરાતી ભાષામાં સૉનેટ સ્વરૂપ શક્ય બનાવ્યું છે. હૃદયની ઉષ્માથી સૉનેટમાં કલામય સૌંદર્ય સિદ્ધ કરીને પોતાની વિશિષ્ટ અને વિરલ કવિ પ્રતિભાથી એમાં ચિન્તનોર્મિકાવ્યનું સર્જન કર્યું. એથી જ તેઓ ગુજરાતી ભાષાના આજ લગીના સર્વશ્રેષ્ઠ સૉનેટ સર્જક ગણાયા છે. એમનું પ્રથમ કાવ્ય સૉનેટ અને અંતિમ કાવ્ય પણ સૉનેટ હતું. પછી એમના સમકાલીન અને અનુગામી એવા ઘણા કવિઓએ ઉત્તમ સૉનેટ્સ રચી ગુજરાતી પદ્યસાહિત્યને સમૃદ્ધ કર્યું છે.

- **વિશેષ વાંચન :**

બળવંતરાય ઠાકોરના જીવન-કવનનો વિશેષ પરિચય મેળવી તેમના બીજા સૉનેટ્સ વાંચવા જોઈએ. 'મ્હારાં સૉનેટ' સંગ્રહમાં તેમનાં સૉનેટ્સ સંગ્રહાયાં છે.

□ **ટિપ્પણ :**

ખાટે-હીંચકો, દીઠાં-જોયાં, ગોષ્ઠિ-વાતો, સજીવન-જીવિત થયા,
ચક્ષુ-આંખ, સ્મૃતિપડ-ભૂતકાળની યાદ, નેત્ર-આંખ, ભાંડૂ-ભાઈ-બહેન

□ **નીચે આપેલા મંદાક્રાન્તા છંદનો અભ્યાસ કરો.**

○ **સંધિ વિન્યાસ :**

```
 મ        ભ        ન        ત        ત       ગા  ગા
- - -    - U U    U U U    - - U    - - U    -   -
ઝાં ખાં ભૂ  રાં ગિ રિ   ઉ પ ર   નાં એ ક   થી એ ક   શૃં  ગ
```

○ **વર્ણસંખ્યા** : ૧૭

○ **બંધારણ** : મ, ભ, ન, ત, ત, ગા, ગા

○ **સ્વરૂપ** : ગાગાગાગા/લલલલલગા/ગાલગાગાલગાગા

○ **યતિ** : ચોથા અને દસમા અક્ષરે (કયારેક છઠ્ઠા, સાતમા)

○ **ઉદાહરણ** : ○ છે કો મારું અખિલ જગમાં ? બૂમ મેં એક પાડી :
ત્યાં તો પેલી ચપળ દીસતી વાદળી જાય ચાલી.

○ બેઠી ખાટે ફરીવળી બધી મેડિયો ઓરડામાં.

○ મને શિશુ તણી ગમે સરળ સૃષ્ટિ સ્નેહભરી.

○ ઊભી બાળા વિવશ બની બ્હાવરી શી.

○ રે પંખીડાં ! સુખથી ચણજો, ગીતવા કાંઈ ગાજો.

○ ના શિક્ષાનાં કથન કથવાં, યુક્ત તારા સમીપે.

○ બેસી ખાટે પિયરઘરમાં, જિંદગી જોઈ સારી.

○ શોકાવેશે હૃદય ભરતી કંપતી ભીતિઓથી.

• • •

**લેખન :** ડૉ.રેખા ભટ્ટ

ગુજરાતી વિભાગાધ્યક્ષ, એમ.ટી.બી.આર્ટ્સ કૉલેજ, સુરત

એકમ 7

# જનનીની જોડ

- બોટાદકર

રૂપરેખા :

7.1 ઉદ્દેશો

7.2 પ્રસ્તાવના

7.3 કૃતિ

7.4 કૃતિનો સારાંશ

7.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

7.6 વસ્તુલક્ષી કસોટી

7.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

7.8 પુનરાવલોકન

7.9 લેખનપ્રવૃત્તિ

7.10 વિશેષ અધ્યયન

કવિ-પરિચય

સ્વરૂપ-પરિચય

વિશેષ વાચક

- ટિપ્પણ

## 7.1 ઉદ્દેશો :

આ કવિતાના અભ્યાસ દ્વારા તમે -

- માતૃપ્રેમ શું છે તે સમજી શકશો.
- માતાની સરખામણી બીજા કોઈ સાથે ન થાય તે સમજાશે.
- કવિતાના વિચારને મનમાં દૃઢ કરશો.
- માતા વિશેની બીજી કવિતાઓ મેળવીને વાંચશો અને આ કવિતા સાથે તેને સરખાવશો.
- 'માતૃદેવો ભવ આપણી સંસ્કૃતિ છે.' તે જાણશો.
- ગુજરાતી પદ્યસાહિત્યની એક અનવદ્ય કૃતિનો આસ્વાદ મેળવશો.

## 7.2 પ્રસ્તાવના :

અર્વાચીન યુગમાં ગુજરાતી સાહિત્યમાં પરિવર્તન આવે છે. અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં બોટાદકરનું વિશિષ્ટ સ્થાન છે. તેમણે ફક્ત આ એક જ કાવ્ય 'જનનીની જોડ' લખ્યું હોત તો પણ તેમનું આ સ્થાન અવિચળ જ રહ્યું હોત. ગુજરાતી પદ્યસાહિત્યમાં માતૃપ્રેમનાં અનેક કાવ્યો લખાયાં છે. ભારતીય સંસ્કૃતિ જ 'માતૃદેવો ભવ'ની છે. જેમ જનનીને કોઈ સાથે સરખાવી શકાય નહીં. તેની બીજી જોડ મળવી મુશ્કેલ છે, તેવી રીતે ગુજરાતી સાહિત્યમાં માતૃપ્રેમના આ કાવ્યની બીજી જોડ મળવી મુશ્કેલ છે.

સુમધુર ગીતોથી જાણીતા થયેલા દામોદર ખુશાલદાસ બોટાદકરે બહુ સરસ શબ્દોમાં, લયમાં માતાના પ્રેમનો મહિમા ગાયો છે. બાળક માતાની સાથે નાભિથી જોડાયેલું હોય છે. આ નાળના સંબંધની તોલે દુનિયાનો કોઈપણ સંબંધ ક્યારેય આવી શકે જ નહીં. તે કવિએ અહીં સિદ્ધ કરી બતાવ્યું છે. ધરતીને માતા કહીને તેને સન્માન આપી તેનું પૂજન કરવામાં આવે છે. સવારે ઊઠીએ ત્યારે એની ક્ષમા માગતો શ્લોક પણ આપણે બોલીએ છીએ. આવી ધરતી માતા કદાચ ધ્રૂજી ઊઠે એટલે કે ધરતીકંપ થતો જ રહે છે. પરંતુ મા એવી છે કે જે ક્યારેય ચલિત થતી નથી. તેના સંતાનથી વિશેષ એના માટે બીજું કશું જ નથી.

**7.3 કૃતિ :**

### જનનીની જોડ

મીઠાં મધુ ને મીઠા મેહુલા રે લોલ,
એથી મીઠી તે મોરી માત રે,
જનનીની જોડ સખી ! નહિ જડે રે લોલ.
પ્રભુના એ પ્રેમ તણી પૂતળી રે લોલ,
જગથી જુદેરી એની જાત રે. જનનીની.
અમીની ભરેલી એની આંખડી રે લોલ,
વ્હાલનાં ભરેલાં એનાં વેણ રે.જનનીની.
હાથ ગૂંથેલ એના હીરના રે લોલ,
હૈયું હેમંત કેરી હેલ રે. જનનીની.
દેવોને દૂધ એનાં દોહ્યલાં રે લોલ,
શશીએ સીંચેલ એની સોડ્ય રે. જનનીની.
જગનો આધાર એની આંગળી રે લોલ,
કાળજામાં કૈંક ભર્યા કોડ રે. જનનીની.
ચિત્તડું ચડેલ એનું ચાકડે રે લોલ,
પળના બાંધેલ એના પ્રાણ રે. જનનીની.
મૂંગી આશિષ ઉરે મલકતી રે લોલ,
પળના બાંધેલ એના પ્રાણ રે. જનનીની
ધરતીમાતાયે હશે ધ્રૂજતી રે લોલ,
અચળા અચૂક એક માય રે. જનનીની.
ગંગાનાં નીર તો વધે-ઘટે રે લોલ,
સરખો એ પ્રેમનો પ્રવાહ રે. જનનીની.
વરસે ઘડીક વ્યોમવાદળી રે લોલ,
માડીનો મેઘ બારે માસ રે. જનનીની.
ચળતી ચંદાની દીસે ચાંદની રે લોલ,
એનો નહિ આથમે ઉજાસ રે.
જનનીની જોડ સખી ! નહિ જડે રે લોલ.

**- બોટાદકર**

### 7.4. કૃતિનો સારાંશ :

માતૃપ્રેમનો મહિમા કરતું 'જનની જોડ' કાવ્ય બોટાદકરનું અજોડ કાવ્ય છે. માતાનું ઋણ તો ગમે તે કરીએ તો પણ ચૂકવી શકાય નહીં. કવિએ માતૃમહિમાની આ અજોડ કવિતા દ્વારા માતૃઋણ ચૂકવવાનો પ્રયાસ તો નથી કર્યો ને ?

કાવ્યના આરંભમાં કવિ કહે છે કે મધુ અને મેહુલા બંને બહુ જ મીઠાં છે પરંતુ એનાથી પણ મીઠું જો કોઈ હોય તો તે મારી માતા છે કે જેની જોડ આ સમગ્ર સંસારમાં બીજે ક્યાંય મળતી જ નથી.

પરમાત્મા, ઈશ્વર, પ્રભુના પ્રેમની પૂતળીરૂપ એટલે કે તેમના પ્રસાદરૂપ માતાને માનવામાં આવી છે. વિશ્વમાં તેની જાત સૌથી જુદી છે, કોઈ જ જાતના બંધનમાં તેને બાંધી શકાતી નથી. બીજી કોઈ પણ જાતમાં તેનો સમાવેશ કેવી રીતે કરી શકાય ? માતાની આંખમાં જ પ્રેમરૂપી અમી ભરેલાં છે. તેના વેણમાં, શબ્દોમાં સમસ્ત સૃષ્ટિનું વ્હાલ ઊભરાય છે. માના હાથ હીરના દોરથી ગૂથંલા છે, જ્યારે એનું હૈયું હેમંતની હેલ સમાન છે. માતાના પ્રેમનો પ્રસાદ, વાત્સલ્યનો પ્રવાહ તેના દૂધ દ્વારા જ વહે છે. આ વાત્સલ્યનું અમી તો દેવો માટે પણ દોહ્યલું છે એટલે કે સ્વર્ગના દેવો પણ આ વાત્સલ્યના અમી માટે ઝંખે છે. એની સોડ્ય જાણે કે શશીએ, ચંદ્રએ સિંચેલી છે.

માતાનો હાથ નાનકડો, નાનકડી આંગળી પણ એ આંગળી જગતના આધાર સ્વરૂપ બની રહે છે. તેના નાનકડા કાળજામાં અનેક પ્રકારના કોડ, અરમાન ભરેલાં છે. પોતાના પ્યારા બાળક માટે માતા પોતાનો જીવ આપવા પણ તૈયાર થઈ જાય છે. એના ભવિષ્ય માટે અનેક પ્રકારનાં સ્વપ્ન તેની આંખોમાં સમાયેલાં હોય છે. માનું ચિત્ત ચાકડે (કુંભારના ચાકડા પર જેમ માટીના વાસણ ચડે તેમ) ચડેલું હોય છે. બાળક પર વાત્સલ્યનો ધોધ વરસાવનાર માના પ્રાણ એક ક્ષણમાં એક પળમાં બંધાયેલા હોય છે. પોતાના પ્રાણપ્રિય એવા સંતાન માટે તેના હૃદયમાંથી ઊંડી આશિષ સદૈવ છલકતી જ હોય છે. આવા આશીર્વાદની લ્હાણ કયારેય ખૂટતી જ નથી, ઓછી થતી નથી. ગમે તેટલી લેવાય, અપાય તો પણ તે ક્યારેય ખલાસ થતી નથી.

ધરતી માતા પણ ક્યારેય ધ્રૂજી જતી હોય છે પરંતુ મા હંમેશાં અચળ જ રહે છે. ક્યારેય પોતાનું સ્થાન ચલિત કરતી નથી. તેનો પ્રેમ અવિતર વહેતો જ રહે છે. ગંગા નદી સતત વહેતી રહે છે પણ એનાં નીર ક્યારેય માતાના પ્રેમનો પ્રવાહ એક સરખો સમથળ વહેતો જ રહે છે, તેમાં કોઈ પ્રકારનો ચડાવ-ઉતાર આવતો નથી. વ્યોમમાં રહેલી વાદળી, આકાશમાં રહેલાં વાદળ ઘડીક જ થોડીવાર વરસે છે, ક્યારેક જ વરસે છે જ્યારે માડીના પ્રેમરૂપી વર્ષા વાત્સલ્યનો મેઘ બારે માસ એક સરખો વરસ્યા કરે છે.

માતાનો પ્રેમ ચંદ્રની ચળકતી ચાંદની જેવો હોય છે. જે સતત પ્રકાશ, શીતળતા પ્રસરાવે છે. એનો ઉજાસ જીવનમાં ક્યારેય આથમતો જ નથી.

માતાના પ્રેમ વિશે કવિએ સરળ ભાષામાં, પ્રવાહીતાથી જે શબ્દો કહ્યા છે તે ખરેખર હૃદસ્પર્શી છે.

**7.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન :**

ગુજરાતી ભાષાની મીઠાશ અનેરી છે. તેમાં અનેક પ્રકારની ખૂબી પણ છે. સરખામણી દ્વારા ઉચ્ચાવચતા નક્કી કરવામાં આવે ત્યારે જનનીની, માતાની સરખામણી બીજા કોઈ જ સાથે કરી શકાતી નથી. 'મા તે મા' માની સરખામણી ફક્તને ફક્ત મા સાથે જ કરવામાં આવે છે.

ગરબીના ઢાળમાં બહુ સરળતાથી અને સહજતાથી કવિ અહીં માતાના સ્નેહની, વાત્સલ્યની, પ્રેમની વાત કરે છે. માતૃપ્રેમ ફક્ત માનવીમાં જ છે એવું નથી, પશુ-પક્ષીઓમાં પણ આવો માતૃવાત્સલ્ય ભાવ જોવા મળે છે. મારી માતા મારે મન દુનિયામાં સૌથી શ્રેષ્ઠ છે ભલે મધુ અને મેહુલા અનહદ મીઠાં હોય પરંતુ સૌથી અદકેરી મીઠી એવી મારી માતા છે. જેની મીઠાશ દુનિયામાં બીજે ક્યાંય હોઈ શકે જ નહીં. બાળક માટે માતાનું અને માતા માટે બાળકનું સ્થાન અને માન અનેરું અને આગવું હોય છે.

માતૃપ્રેમનાં અનેક કાવ્યોમાં આ કાવ્યનું આગવું સ્થાન છે. માનવી પોતાના જીવનકાળ દરમ્યાન અનેક વ્યક્તિઓ સાથે સંબંધથી બંધાતો હોય છે. નાભિનો સંબંધ માતા સાથે, પછી લોહીનો સંબંધ પિતા-સહોદર સાથે બંધાતો હોય છે. પત્ની, સંતાનો સાથે પણ જીવનભર સંબંધો રહે છે. બીજા અનેક વ્યવહારિક, કૌટુંબિક, સામાજિક સંબંધો પણ હોય છે પરંતુ એ દરેક સંબંધમાં શિરમોર સમાન જો કોઈ સંબંધ હોય તો તે માતા સાથેનો છે એમ કહી શકાય. માતાના પ્રેમમાં કોઈ જાતનો સ્વાર્થ ક્યારેય પ્રવેશતો નથી. તેના પ્રેમની ઊંચાઈ અને ઊંડાઈ ગજબની છે. નવ માસ સુધી બાળકને ગર્ભમાં ઉછેરે છે. પછી જન્મ આપે છે, પરંતુ તેના પર પોતાનો હક્ક કરવાના બદલે બાળકને પિતાનું નામ આપે છે. આ દીકરો કે દીકરી કોના ? એના જવાબમાં હંમેશાં પિતાનું નામ જ અપાય. બાળક પિતાના નામથી જ સમાજમાં ઓળખાય. માતાનો કેટલો મોટો ત્યાગ ? તેથી જ તો કવિ ગાય છે :

**જનનીની જોડ સખી ! નહીં જડે રે લોલ...**

- સ્વાભાવિક જ છે ને કે આવી જનની, માતાની જોડ બીજે ક્યાંય મળે જ કેવી રીતે ?

આપણાં શાસ્ત્રોમાં વાત આવે છે કે દેવોને માટે પણ માતૃપ્રેમ અલભ્ય છે. એવા અલભ્ય માતૃપ્રેમ માટે રામ અને કૃષ્ણ એ માનવસ્વરૂપે જન્મ લીધો અને બ્રહ્મા-વિષ્ણુ-મહેશે પણ માનો પ્રેમ મેળવવા માટે બાળકનું સ્વરૂપ ધારણ કર્યું. આવો માતૃપ્રેમ આપણા સૌ માટે કુદરત તરફથી મળેલી એક અલભ્ય ભેટ છે એવું કહી શકાય.

એવું કહેવાય છે આવડા મોટા બ્રહ્માંડમાં ઈશ્વર પોતે બધી જ જગ્યાએ કેવી રીતે પહોંચી શકે ? એટલે એણે પોતાના પ્રતીક સમાન માને બનાવી જે બાળક માટે સર્વસ્વ બની રહી. માના પ્રેમને વધારે સારી રીતે તો એ જ સમજી શકે જેણે માને ગુમાવી હોય. તેના પ્રેમથી વંચિત રહ્યા હોય. આમ પણ આપણને સૌને જે વસ્તુ સરળતાથી મળી ગઈ હોય. સુલભ હોય તેની કિંમત થતી નથી તેની ગેરહાજરીમાં જ કિંમત સમજાય છે.

**'અમીની ભરેલી એની આંખડી રે લોલ,**
**જગથી જુદેરી એની જાત રે...'**

માની આંખોમાંથી વાત્સલ્યનો ધોધ વહે છે. એ પ્રેમનો અનુભવ બાળકને સતત

થતો રહે છે. એ માતા સાથે જોડાયેલો રહે છે. અમી એટલે અમૃત, આવા અમૃતનો સ્વાદ ચાખનાર શિવાજી અને તેમનાં માતા જીજાબાઈને આજે પણ લોકો યાદ કરે છે. સંતાન પર પ્રેમ વરસાવતી માતાની મૂંગી આશિષ સતત તેના પર વહ્યા કરે છે. આ લ્હાણી ક્યારેય ખલાસ થાય જ નહીં. એક માતા પોતાનાં પાંચ-છ સંતાનો પર એક સરખો જ પ્રેમ વહાવતી હોય છે. તેના હૈયામાંથી દરેક ખૂબ ખૂબ સુખી થાય એવી કામના, આશિષ પ્રગટ થતી જ રહે છે.

બાળક પર આવતી દરેક મુશ્કેલીઓ, સંકટનો સામનો મા હિંમતથી કરે, તેને બચાવવા માટે તેનાં દુઃખ-દર્દ પોતાની જાત પર લઈ લેતાં પણ ક્યારેય અચકાતી નથી. આવા માતૃપ્રેમનાં દર્શન તો આપણે ઘણીવાર કરીએ છીએ. બિલાડી કે કૂતરું પોતાનાં બચ્ચાંને બચાવવા માટે દાંતથી હળવેથી પકડીને બીજી જગ્યાએ લઈ જતાં હોય છે. પક્ષી પણ નાનાં બચ્ચાં માટે સુંદર, સ્વચ્છ માળો બનાવતાં હોય છે. બચ્ચાં ઊડતાં શીખે ત્યાં સુધી તેના માટે ભોજનનો પ્રબંધ પણ કરતાં જ હોય છે ને ?

ગંગા નદી પવિત્ર છે જે સદીઓથી એકધારી સતત વહ્યા કરે છે. ગંગામાં નીર ક્યારેક વધે, ક્યારેક ઘટે, ઋતુ બદલાય તેની અસર પડે, જ્યારે માતાના પ્રેમ પર કોઈ ઋતુ, વાતાવરણ, સમય, સંજોગોની અસર પડતી નથી. આ પ્રેમનો પ્રવાહ એકસરખો, અવિરત વહ્યા જ કરે છે, તેમાં વધારો કે ઘટાડો થતો જ નથી.

ચંદ્રની કળામાં ચડ-ઉતર થાય છે. વદ અને સુદમાં ચંદ્રની ચાંદની તેના પ્રકાશમાં વધારો, ઘટાડો થાય છે તે આપણે સૌ જાણીએ છીએ. જનની, માતાના પ્રેમનો ઉજાસ, પ્રકાશ કયારેય ઓછો-વત્તો થતો નથી. તેમાં વધારો-ઘટાડો થતો જ નથી.

માતૃપ્રેમ-માતૃસ્નેહનો મહિમા કરતી આ કવિતાનો પ્રકાશ, ઉજાસ પણ સદીઓ સુધી એવો જ તેજસ્વી રહેશે. બોટાદકરની આ કવિતા અજોડ જ રહેશે.

**7.6 વસ્તુલક્ષી કસોટી :**

(ક) તમારી પ્રગતિ ચકાસો.

1. આ કવિતામાં કોની વાત કરવામાં આવી છે ?
2. મધુ અને મેહુલા કેવા છે ?
3. માતા કોની પૂતળી સમાન છે ? તેની જાત કોનાથી જુદી છે ?
4. માની આંખમાં શું ભરેલું છે ?
5. માતાનાં વેણ શાનાથી ભરેલાં છે ?
6. માતાનું હૃદય, હૈયું કેવું છે ?
7. માતાના હાથ શાનાથી ગૂંથાયેલા છે ?
8. દેવોને માતાનું શું નથી મળી શકતું ?
9. માની સોડ્ય કોણ ચિંચેલી છે ?
10. માતાની આંગળી પર શાનો આધાર રહ્યો છે ?
11. માના કોડ શેમાં ભર્યા છે ?
12. ચાકડા પર શું ચડ્યું છે ?

13. માતાના હ્દયમાંથી સતત શું મળે છે જેની લ્હાણ લેતાં ખૂટતી નથી.

14. કોનો ઉજાસ ક્યારેય આથમતો નથી ?

(ખ) તમારી પ્રગતિ ચકાસો.

નીચેનાં વાક્યો સાચાં છે કે ખોટાં જે તે વિધાનના અંતે આપેલા ખાનામાં ખરા વિધાન સામે (√) અને ખોટા વિધાન સામે (×) ની નિશાની કરી જણાવો.

1. જનનીના હાથ સોનાના બનેલા છે. □
2. વ્યોમની વાદળી ઘડીક જ વરસે છે. □
3. જનની અચળ જ રહે છે. □
4. દુનિયામાં માતાની જોડ ઘણી મળી રહે છે. □
5. મધુ અને મેહુલા બહુ ખાટા હોય છે. □
6. ગંગાનાં નીર વધતાં-ઘટતાં રહે છે. □
7. સારા પ્રસંગે માના આશીર્વાદ મળે છે. □
8. માતા પ્રભુના પ્રેમની પૂતળી સ્વરૂપ છે. □

(ક) તમારી પ્રગતિ ચકાસો.

નીચેનાં વિધાનો ઉત્તર માટે સાચો વિકલ્પ પસંદ કરો.

1. આ કાવ્ય માતૃપ્રેમના મહિમાનું છે કારણ કે...

અ. કાવ્યમાં દામ્પત્યપ્રેમની વાત છે.

બ. કાવ્યમાં દીનદુઃખી પ્રત્યે હમદર્દી છે.

ક. કાવ્યમાં માતાના પ્રેમની વાત કરી છે.

2. માતાની આંખડી અમીથી ભરેલી છે કારણ કે...

અ. તેને સંતાન તરફ વાત્સલ્યભાવ છે.

બ. તેની આંખોમાં બીજું કંઈ સમાતું નથી.

ક. તેની આંખો પર ચશ્મા છે.

3. ધરતી માતા ધ્રૂજતી હોય છે કારણ કે...

અ. તેને ડર લાગે છે.

બ. ધરતીકંપ થાય છે.

ક. તેના પર લોકો ચાલે છે.

**7.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ :**

'જનનીની જોડ' પ્રખ્યાત ગરબી છે.

મીઠાં મધુને મીઠાં મેહુલા રે લોલ,
એથી મીઠી તે મોરી માત રે.
જનનીની જોડ સખી ! નહીં જડે રે લોલ...

અહીં રે લોલ... લય દ્વારા એક સુંદર ગેયતા કવિતામાં પ્રવેશે છે. અર્વાચીન યુગમાં બહેનોને આ કવિતાનું ગાન કરવામાં જેટલો આનંદ આવતો હતો એટલો જ આનંદ આજે પણ આવે છે. ગરબી જેવા લોકગીતોના ઢાળમાં સરલ સ્વાભાવિક શબ્દોમાં હ્દયના ભાવો અને ઊર્મિનું આલેખન બોટાદકર સુપેરે કરી શક્યા છે.

દુનિયામાં માની સાથે બીજા કોઈની સરખામણી થઈ શકે જ નહીં. માતાનો પ્રેમ અજોડ છે. આ વાત સાબિત કરવા માટે કવિએ એનક વસ્તુઓનો આધાર લીધો છે. દરેકની સાથે સરખામણી કરતાં કવિ કહે છે કે તેનાથી માતાનો સ્નેહ કેમ વધારે છે.

માની આંખ, માનું હૃદય, માના હાથ, માની આંગળી, માનું ચિત્ત કેમ વધુ સબળ છે તે કવિએ બહુ સુંદર રીતે સમજાવ્યું છે.

(ઘ) તમારી પ્રગતિ ચકાસો.

કવિએ માતાના પ્રેમની સરખામણી કોની કોની સાથે કરી છે તે વર્ણવો.

**7.8 પુનરાવલોકન :**

- તમારી પ્રગતિ ચકાસો.

1. માતાના હૃદયમાં સંતાન માટે શું હોય છે ?
2. માતાના હાથ અને હૈયા માટે કવિએ શું કહ્યું છે ?
3. ગંગા નદી સાથે કવિએ કોની સરખામણી કરી છે ?
4. ચંદ્રની ચાંદનીમાં શો ફેરફાર થયા કરે છે ?
5. પંક્તિ પૂર્ણ કરો : જગતનો આધાર એની આંગળી રે લોલ, ..........

**7.9 લેખનપ્રવૃત્તિ :**

ગુજરાતી પદ્યસાહિત્યમાં રચાયેલાં માતૃપ્રેમનાં કાવ્યો મેળવી વાંચો. તેને 'જનનીની જોડ' સાથે સરખાવો. માતા સમક્ષ આ કાવ્યપાઠ કરો.

**7.10 વિશેષ અધ્યયન :**

- **કવિ પરિચય :**

સુમધુર ગીતોના લેખન માટે જાણીતા બનેલા દામોદર ખુશાલદાસ બોટાદકરનો જન્મ ભાવનગર જિલ્લાના બોટાદમાં થયો હતો. 27મી નવેમ્બર, 1870માં તેમનો જન્મ થયો અને 7મી સપ્ટેમ્બર, 1924ના રોજ અવસાન થયું. બોટાદકરે છ ધોરણ સુધીનો પ્રાયમરી અભ્યાસ કર્યો અને 13 વર્ષની નાની ઉંમરે શિક્ષક તરીકે સેવારત થયા. જુદા જુદા અનેક પ્રકારના વ્યવસાય કર્યા પછી મુંબઈ ગયા. જ્યાં 'પુષ્ટિમાર્ગ-પ્રકાશ'નું તંત્રીપદ સંભાળ્યું. ધાર્મિક પબ્લિકેશન હોવાના કારણે સંસ્કૃત શીખ્યા. વૈષ્ણવ ગોસ્વામી મહારાજ નૃસિંહલાલજી સાથે તેમના કારભારી તરીકે ગયા. મુંબઈ થોડો સમય રહ્યા પછી 1907માં માંદગીના કારણે પાછા આવ્યા. ફરી શિક્ષક બન્યા.

પ્રથમ પ્રકાશન 'શાહ પ્રણીત લાલસિંહ', 'સાવિત્રી' નાટક અથવા સ્વયંવર વિધિથી 'સુખી દંપતીનું ચરિત્ર', 'ગોકુળગીતા', 'રાસવર્ણન', 'સુબોધ/કાવ્યસંગ્રહ' પ્રગટ થયા હતા. આજે તેમના ઉપલબ્ધ કાવ્યસંગ્રહો પાંચ છે :

(1) 1912 માં 'કલ્લોલિની'
(2) 1918 માં 'સ્રોતસ્વિની'
(3) 1921 માં 'નિર્ઝરિણી'
(4) 1923 માં 'રાસતરંગિણી'
(5) 1925 માં 'શૈવલિની'

'કલ્લોલિની', 'સ્રોતસ્વિની'માં વૃત્તબધ્ધ, સંસ્કૃતપ્રચૂર પંડિતભોગ્ય ભાષામાં કવિતાનું આલેખન કર્યું. 'રાસતરંગિણી'ના રાસ નોંધપાત્ર છે, જેના કારણે 'રાસકવિ' તરીકે પ્રસિદ્ધ થયા. તેમણે ખૂબીપૂર્વક લોકઢાળોનો વિનિયોગ કર્યો તેથી ગરવી ગુજરાતણોને તેમના રાસએ બહુ ઘેલી કરી હતી. બોટાદકરની કવિતાનાં નવાણ ફૂટ્યાં ત્યારે ગુજરાતી કવિતાનાં રસ અને કલા સંસ્કૃત તથા અંગ્રેજી કાવ્ય સાહિત્ય થકી સમૃદ્ધ થઈ ચૂક્યાં હતાં.જો કે લોકવાણીની હળવાશવાળી કાવ્યશૈલીને વધારે અર્થસાધક બનાવનાર કવિ બોટાદકર પ્રકૃત્તિ, તળપદો પ્રદેશ અને ગૃહજીવનના અનોખા નિરૂપણને લીધે 'સૌંદર્શદર્શી કવિ' તીરેક ખ્યાતિ પામ્યા છે.

બોટાદકરની કવિતામાં પ્રાચીન સંસ્કૃતિનું દર્શન થાય છે. ગૃહજીવન અને સમાજજીવનના વિવિધ પ્રસંગો અને ભાવોને આવરી લીધા છે. અન્યોક્તિ, સ્વાભાવોક્તિ જેવી રચનાયુક્તિઓથી કવિ નારી હૃદયના કોમળ ભાવોને અભિવ્યક્ત કરે છે. સંસ્કૃતિ-પ્રચૂર શૈલી, અરુઢ સંસ્કૃત શબ્દો, સમાસોને બાદ કરતાં ગૌરવાન્તિત કવિતા આપી છે. સંસ્કૃત વૃત્તો પર બોટાદકરનું પ્રભુત્ત્વ કવિતામાં જોવા મળે છે.

ગૃહજીવનના ભાવોને સુંદર રીતે અભિવ્યક્ત કરી કાવ્યરૂપ આપ્યું. ગ્રામજીવનના પરિવેશના તળપદા વિષયોના સુચારું અને મધુર પ્રાસાદિક નિરૂપણે એમના 'સૌંદર્યદર્શી કવિ'નું બિરૂદ આપ્યું. ગૃહજીવનની ભાવનાનાં કાવ્યો જ તેમનું મુખ્ય અને મહત્ત્વનું પ્રદાન મનાય છે. માતા, નણંદ, સાસુ, લગ્નોઘતા, ભગિની, નવોઢા, ગૃહિણી, સીમંતિની, પ્રૌઢા વગેરે જેવી નારીની વિવિધ અવસ્થા અને પદના અનેકવિધ સુકુમાર સંવેદનોને મધુર-પ્રશસ્વરૂપ બોટાદકરે આપ્યું છે.

બોટદકરની કલ્પનાશક્તિ બહુ સુંદર હતી. સંસ્કૃત પ્રચુર શૈલી અને કંઈક સીમિત રહેતા વિષયવર્તુળની મર્યાદા છતાં એમના ભાવ સમૃદ્ધ રાસ અને ગૃહજીવનના કોમળ નિર્વ્યા જ સંવેદનોનાં કાવ્યો ચિરંજીવ રહ્યાં છે. ભવ્યતા સાથેની સુંદરતા દર્શાવતો કવિનો ઉન્મેષ ગૃહજીવનના, કુટુંબજીવનના અને ખાસ તો સ્ત્રીહૃદયના સૂક્ષ્મદર્શનોમાં જોવા મળે છે. તેમની કવિતામાં પ્રકૃત્તિ તત્ત્વોનાં વર્ણનો પણ જોવા મળે છે. આત્માંકિતરૂપે ક્યાંય કવિના પોતાના ભાવના નિરુપણરૂપે દેખાય છે. અંગ્રેજીનો સંપર્ક ન હતો, સંસ્કૃત પ્રત્યેનો રૂઢભાવ તેમની કવિતામાં જોવા મળે છે. 1925માં તેમનો 'શૈવાલિની' કાવ્યસંગ્રહ પ્રગટ થાય છે. જે મરણોત્તર પ્રકાશન છે. તેમાં ઉત્તરાશ્રમની પ્રૌઢી દેખાય છે.

- **'ગીત' સ્વરૂપનો પરિચય :**

ગીતની ગંગોત્રી કવિતાના ઉદ્‌ભવ જેટલી જ પ્રાચીન અને અવિરત છે. ગીત મનુષ્યજાતિની સાહજિક અને મૂલ્યવાન આત્મીય સંપત્તિ છે. ત્રિવિધ તત્ત્વોના રાસાયણિક સંયોગથી જન્મતું ગીત માનવહૃદયને સાહજિકતાથી સ્પર્શે અને રસાર્દ્ર કરે તે સ્વાભાવિક છે. કાવ્યત્ત્વ, સંગીતત્ત્વ અને ગીતત્ત્વના સંયોગથી એનો સમુચિત સ્વરદેહ અને રસગર્ભ નિર્માણ પામતો આવે.

ગુજરાતી સાહિત્યમાં અર્વાચીનકાળના આરંભે કવિ નર્મદ ઉચ્ચારે છે કે, 'ગીતને રાગડા તાણવા સાથે કાંઈ સંબંધ નથી.' આમ કહીને તે ગીતની ગેયતા ઉપર પ્રહાર કરે છે. નરસિંહરાવ દિવેટિયા સંગીતને ગીતનો પ્રાણ દર્શાવતાં કહે છે, 'ગીતમાંથી સંગીતની બાદબાકી કરી નાખવામાં આવે તો ગીત, ગીત જ રહેતું નથી.' 'ગીત' શબ્દ સંસ્કૃત

'ગૈ' ધાતુ પરથી બનેલો છે. વ્યાપક અર્થમાં જે કંઈ ગવાય છે તેને 'ગીત' કહેવાય છે. પરંતુ ગવાય છે એ બધાં ગીત નથી હોતાં અને નથી ગવાતાં એવાંય ગીતો હોય છે. 'ગાણું' શબ્દ 'ગાન' શબ્દનું લોકમુખે થયેલું અપભ્રંશ રૂપ છે.

'ગીત' માટે સુન્દરમ્ કહે છે તેમ, 'કવિતા અને સંગીતના સહિયારા સીમાડા પરનો છોડ છે-ગીત.' ગીતમાં કવિ પોતાના વિચારોને ઉદ્‌બોધનરૂપે પ્રગટ કરે છે. ગીતનું ગીતત્ત્વ સાધનારાં તત્ત્વો કવિએ સિદ્ધ કર્યા હોય તો ગમે તે વિષયઃ ઊર્મિસંવેદન, વિચાર કે પ્રસંગ-ઘટના ગીતને માટે બાધક નીવડતાં નથી. કવિચિત્તની એક અંતર્ગત બાબત છે જે ગીતનો ઉપાડ, લય વર્ણ અને શબ્દસંયોજન, તેમાંની કલ્પના સૃષ્ટિ વગેરે બાબતોને રસી દે છે.

'ભગવદ્‌ગોમંડળ' પ્રમાણે 'જે કાંઈ સ્વર-તાલ, ગ્રામભેદ, રાગ અને રાગનાં અંગોવાળું છે તે ગીત કહેવાય છે.' રમેશ પારેખના શબ્દોમાં કહીએ તો, 'ગીત એટલે શબ્દ અને કલ્પન દ્વારા મુક્ત અને લયાત્મક અભિવ્યક્તિ માટે મથતું કાવ્યત્ત્વ.' પદ, પ્રભાતિયાં, ભજન, ગરબા, ગરબી, કાફી, ચાબખા આદિ ગીતના પેટાપ્રકારો તેમજ લગ્નગીતો, હાલરડાં, રમતગીતો, સીમંતગીતો, ઉત્સવગીતો જેવાં પણ લોકગીતની હરોળમાં આવે છે.

● **ગીતનાં બાહ્ય તત્ત્વો :**

**1. મુખડું :** ગીતનો ઉપાડ કે આરંભ મુખડાથી થતો હોય છે. મુખડાની પ્રથમ પંક્તિને ધ્રુવપંક્તિ અને બીજી પંક્તિને પ્રાસપૂરક પંક્તિ કહેવાય. મુખડામાં ધ્રુવપંક્તિખંડ કે ધ્રુવપદ આવે છે.

**2. અંતરો :** મુખડું બંધાયા પછી મુખડામાં સમાયેલા ભાવ એકમનો વિસ્તાર અંતરાથી થાય છે. એક ગીતમાં ઓછામાં ઓછા બે અંતરા હોય છે. આ અંતરો બે-ત્રણ કે ચાર પંક્તિનો હોઈ શકે, પરંતુ બીજા કે ત્રીજા અંતરાનું સંવિધાન પહેલા અંતરા જેવું જ હોય છે, જેમાં પહેલા અંતરામાં વિકાસ પામેલો ભાવ પરાકાષ્ઠા તરફ ગતિ કરે છે.

**3. અંત :** અંતિમ અંતરા પછી આવતી આવી પંક્તિ ચમત્કૃતિજન્ય હોય છે જેનાથી જે ભાવ પરાકાષ્ઠા સાથે મુખડાની ધ્રુવપંક્તિનો પ્રારંભ થયો હોય તેવી જ પરાકાષ્ઠા સાથે ગીતનો અંત છે.

**4.સમપ્રમાણતા :** ગીતનો આંતર અને બાહ્ય આકાર સપ્રમાણ હોવો જોઈએ.

**5. સંક્ષિપ્તતા :** ઊર્મિકાવ્ય એને જ કહેવાય જે સંક્ષિપ્ત હોય. ગીત એ ઊર્મિકાવ્યનો જ એક પ્રકાર હોવાથી તે સંક્ષિપ્ત હોય એવું મનાય છે.

● **ગીતનાં અંતરંગ તત્ત્વો :**

1. **આત્મલક્ષિતા :** ગીતની આત્મલક્ષિતાનો સંબંધ ગીતનાં કથનકેન્દ્ર સાથે છે.
2. **એકલક્ષિતા :** ગીતમાં ઊર્મિકાવ્યના જેવી એકલક્ષિતા હોય છે. એક ભાવવિચારની સીધી લક્ષ્યવેધી ગતિ હોય છે. ભાવએકમના ક્રમિક વિકાસની એકલક્ષિતા હોય છે.
3. **એક ભાવવિચાર :** ઊર્મિકાવ્યની જેમ તેમાં એક ભાવવિચાર કે મનઃસ્થિતિનું ચિત્રણ થાય છે. તેમાં એક અમિશ્ર ભાવની લયાત્મક શબ્દાભિવ્યક્તિ હોય છે.

4. **શબ્દાંતર્ગત સંગીત :** સંગીતાત્મકતા એ ગીતની મૌલિક વિશેષતા છે. આ શબ્દમાં સમાયેલા શબ્દાંતર્ગત સંગીત એ ગીતનું આગવું લક્ષણ છે.
5. **લયાત્મકતા :** લય એ ગીતનું અત્યંત મહત્ત્વનું અંતરંગ તત્ત્વ છે. લય માટે ગીત આવશ્કય નથી, પણ ગીત માટે લય અનિવાર્ય છે.
6. **રાગિયતા :** લયાત્મક ગીતો અને રાગાત્મક ગીતો વચ્ચે પ્રભેદ છે.
7. **પ્રાસયોજના :** લયના સૌંદર્યને નવાં પરિમાણો બક્ષવામાં પ્રાસાનુપ્રાસની યોજના મહત્ત્વપૂર્ણ કાર્ય કરે છે.
8. **રચનારીતિ :** ગીત અન્ય કાવ્યરૂપોથી તેની રચનારીતિને કારણે અલગ પડે છે. નિરૂપણરીતિના આ ભેદને કારણે જ ગીત અન્ય ઊર્મિકાવ્ય પ્રકારોથી જુદું પડે છે. ગીતની રચનારીતિને કારણે શબ્દ અને ભાવ, ભાવ અને સૂર અને શબ્દ - આ બધાં તત્ત્વો એકબીજામાં વિગલિત બને છે.
9. **કાવ્યભાષા :** ગીતમાં પ્રયોજાતી કાવ્યભાષા ભાવાનુરૂપ અને પાત્રાનુરૂપ હોય છે. ગીતની ખીલવણીમાં વ્યવહારની કે બોલચાલની ભાષાની લઢણો, લહેકાઓ, ભંગિમાઓ, કાકુઓ કે ભાવાભિવ્યક્તિની મુદ્રાઓ અગત્યનો ભાગ ભજવે છે.
10. **લાઘવ :** લાઘવ એ અભિવ્યક્તિનો ગુણ છે. સંક્ષિપ્તતા જેવા ગીતના બાહ્ય તત્ત્વને સાર્થક કરવામાં લાઘવતા જેવું ગીતનું અંતરંગ તત્ત્વ મહત્ત્વનો ભાગ ભજવે છે.
11. **માધુર્ય અને સૌંદર્ય :** ગીતમાં ભાવોર્મિની ગીતાત્મક, કાવ્યાત્મક અને સંગીતાત્મક અભિવ્યક્તિમાંથી માધુર્ય અને સૌંદર્ય નિષ્પન્ન થાય છે.
12. **અર્થવ્યંજકતા :** અર્થ, રૂપ, નાદ, લય અને અધ્યાસાદિથી યુક્ત ગીતનો શબ્દ શ્રવણગોચર, દૃષ્ટિગોચર અને અર્થવ્યંજક બનવા સક્ષમ છે.

- **વિશેષ વાચન :**

ભારતીય સાહિત્ય અને વિશ્વસાહિત્યમાં પણ માતૃપ્રેમના અનેક કાવ્યોનું સર્જન થયું છે. આવાં કાવ્યોનો સંગ્રહ કરી તેમાં રહેલાં કલ્પનોને સમજવાનો પ્રયત્ન કરો.

- **ટિપ્પણ :**

જનની-માતા, જુદેરી-જુદી, શશી-ચંદ્ર, અચળા-ચળે નહી તે, અમી-અમૃત, વેણ-શબ્દો, પળ-ક્ષણ, વ્યોમ-આકાશ, ઉરે-હૃદય, મલકતી-હસતી, આશિષ-આશીર્વાદ

☐ સાહિત્ય સ્વરૂપ ‘ગીત’નો પરિચય મેળવો.

---

**લેખન :** ડૉ.રેખા ભટ્ટ

ગુજરાતી વિભાગાધ્યક્ષ, એમ.ટી.બી.આર્ટ્સ કૉલેજ, સુરત

---

**એકમ 8**

# એક ઘા

**- કલાપી**

**રૂપરેખા :**

**8.1 ઉદ્દેશો**

**8.2 પ્રસ્તાવના**

**8.3 કૃતિ**

**8.4 કૃતિનો સારાંશ**

**8.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન**

**8.6 વસ્તુલક્ષી કસોટી**

**8.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ**

**8.8 પુનરાવલોકન**

**8.9 લેખનપ્રવૃત્તિ**

**8.10 વિશેષ અધ્યયન**

- **કવિ-પરિચય**
- **સ્વરૂપ-પરિચય**
- **ટિપ્પણ**

## 8.1 ઉદ્દેશો :

આ કવિતાના અભ્યાસ દ્વારા તમે -

- ગુજરાતી પદ્યસાહિત્યની એક અનવદ્ય કૃતિનો આસ્વાદ મેળવશો.
- કવિ હૃદયની સંવેદના અનુભવી શકાશે.
- ઊર્મિકવિતાનો પરિચય કરી શકાશે.
- આત્મલક્ષી કવિતાનો પરિચય કરી શકાશે
- કાવ્યમાં રહેલી પસ્તાવાની લાગણી સહિત કરુણરસનો અનુભવ કરાવશે.
- ભાષાનું નાજુક શિલ્પ વેદનાને કેવી ધાર આપી શકે છે તે કાવ્યના આસ્વાદ દ્વારા માણશો.
- કાવ્યની ભાષાકીય વિશેષતાઓ જાણશો.

## 8.2 પ્રસ્તાવના :

અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ 'કલાપી' થી જ વધુ પ્રસિદ્ધ થયા છે. 'એક ઘા' એ એમનું એક ઉત્તમ કાવ્ય છે. કલાપીનું શ્રેષ્ઠ સર્જન તેમનાં ઊર્મિકાવ્યોમાં છે. કલાપી ગુજરાતી સાહિત્યના સમૃદ્ધ ઊર્મિકવિ છે. એમનાં ઊર્મિકાવ્યોમાં અર્વાચીન ઊર્મિકાવ્યની રીતિના કેટલાંક આદર્શ દૃષ્ટાંતો જોવા મળે છે. ઊર્મિની તીવ્રતા અને સચ્ચાઈ ઊર્મિનું ખરું જનકબળ મનાય છે. તે કલાપીનાં ઘણાંખરાં ઊર્મિકાવ્યોમાં છે. એવી ઊર્મિનું પ્રાક્ટય પણ સીધું, વેગપૂર્વક, હૃદયના ઊંડા બળ અને

સતત ધક્કાથી કાવ્યમાં થવું જોઈએ. તો એ પણ તેમની ઊર્મિકવિતામાં સાદ્યંત અનુભવાય છે. 'બુદ્ધિથી દોરવાયા વિનાની નિરંકુશ ઊર્મિ નિખાલસપણે કાવ્યમાં ધોધની જેમ વહેતી રહેવી જોઈએ.' - એ લક્ષણ પણ કલાપીનાં ઊર્મિકાવ્યોમાં વ્યાપક બળરૂપે જોવાય છે.

કલાપીના ઊર્મિકાવ્યોમાં તેમનું આંતરજીવન, ભાવના-જીવન અને સંવેદપટુ ચિત્તતંત્ર પૂર્ણપણે આવિષ્કાર પામ્યું છે. તેમનાં અંગત ઊર્મિ, અનુભવ અને જીવન પ્રસંગ તેમના વ્યાપક રસભાવને લીધે સર્વસ્પર્શ રૂપે પકડે છે. કલાપી પોતે આખા ઊર્મિના જ બનેલા હતા. હૃદય ધર્મ અને હૃદયની ઊર્મિઓને જ પ્રાધાન્ય આપતા હતા.

મધ્યકાલીન કવિતાઓ મુખ્યત્વે પ્રેમ, ભક્તિ અને જ્ઞાનની કવિતાઓ હતી. તેનો પરિચય તમે મેળવ્યો. અર્વાચીન કવિતામાં જરા જુદી રીતે આવા ભાવો અભિવ્યક્ત થાય છે. તે અહીં જોવા મળે છે.

મહાન કૃતિઓ ભાવકોને વ્યક્તિગત લાગણીના અનુભવમાંથી સમષ્ટિગત અનુભવમાં લઈ જતી હોય છે, ઉત્તમ કૃતિઓ દ્વારા આવા ચમત્કારો સર્જાય છે. આપણે જોઈશું કે 'એક ઘા' કવિતા એક સક્ષમ, સુંદર અને ભાવવાહી રચના છે. એક ઘા' હૃદયસ્પર્શી કવિતા છે.

**8.3 કૃતિ :**

**એક ઘા**

તે પંખીની ઉપર પથરો ફેંકતાં ફેંકી દીધો,
છૂટ્યો તે ને અરરર ! પડી ફાળ હૈયા મહીં તો !
રે રે ! લાગ્યો દિલ પર અને શ્વાસ રૂંધાઈ જાતાં
નીચે આવ્યું તરુ ઉપરથી પાંખ ઢીલી થતાંમાં.

મેં પાળ્યું તે તરફડી મરે હસ્ત મ્હારા જ-થી આ,
પાણી છાંટ્યું દિલ ધડકતે ત્હોય ઊઠી શક્યું ના;
કયાંથી ઊઠે ? જખમ દિલનો ક્રૂર હસ્તે કરેલો !
ક્યાંથી ઊઠે ; હૃદય કુમળું છેક તેનું અહોહો !

આહા ! કિન્તુ કળ ઊતરી ને આંખ તો ઊઘડી એ,
મૃત્યુ થાશે ! જીવ ઊગરશે ? કોણ જાણી શકે એ ?
જીવ્યું, આહા ! મધુર ગમતાં ગીત ગાવા ફરીને,
આ વાડીનાં મધુર ફલને ચાખવાને ફરીને.
રે રે ! કિન્તુ ફરી કદી હવે પાસ મ્હારી ન આવે,
આવે ત્હોયે ડરી ડરી અને ઈચ્છતું ઊડવાને;
રે રે ! શ્રદ્ધા ગત થઈ પછી કોઈ કાળે ન આવે,
લાગ્યા ઘાને વીસરી શકવા કાંળ સામર્થ્ય ના છે.

**- કલાપી**

**8.4 કૃતિનો સારાંશ :**

ઊર્મિકાવ્યોના સર્જક તરીકે કલાપીની શક્તિ એમાં રહેલી છે કે તેમના વ્યથાના ભાવો તેઓ એવી ઊંડી નિષ્ઠાથી પ્રબળતાથી અને કાવ્યમયતાથી ગાય છે કે એ ભાવો ઉત્તમ રસાત્મક કાવ્યોનું સુંદર રૂપ ધારણ કરે છે. હૃદયની ઊર્મિ અને મનોરથની નિષ્ફળતાની ઊંડી વ્યથાનો ભાવ પ્રબળતાથી અને તીવ્ર સત્યનિષ્ઠાથી કલાપી કાવ્યરૂપમાં વહાવે છે. કલાપીનો ભાવ ફક્ત એક લાગણીનો આલાપ જ નથી રહ્યો. રસાત્મક ઊર્મિકાવ્યની એક સુરેખ આકૃતિ સર્જી શક્યો છે. તે કલાપીના માત્ર ઊર્મિબળે જ નહિ પણ તેમની કવિપ્રતિભાના જ બળે.

કલાપીની આ બહુ જાણીતી ઉત્તમ કૃતિ છે. તેના વિશે જુદા જુદા દૃષ્ટિકોણથી અનેક વિવેચકોએ વિવેચન કર્યું છે. કવિતાનો સ્થૂળ અર્થ જોઈએ તો આરંભમાં જ કવિ દુઃખી છે. કારણ કે એક નિર્દોષ પંખીની ઉપર પથરો-પથ્થર ફેંક્યો છે. ફેંકતા ફેંકાઈ ગયો છે. ત્યારે એ પથ્થર વાગવાનું દુઃખ પંખીને થાય તેના કરતાં વધુ ફેંકનારને થાય છે. પથ્થર હાથમાંથી છૂટ્યો છે. એની ફાળ હૈયામાં પડી છે. ત્યાં તો પંખીની પાંખ ઢીલી થઈ જતાં, ઝાડ પરથી નીચે પડે છે. તેનો શ્વાસ રૂંધાવા લાગે છે. જેણે પ્રેમથી જતન કરેલું તેના પથ્થરથી જ ઘવાયેલું પંખી તરફડતું હતું. ધડકતા દિલથી પાણી છાંટ્યું પણ તેની અસર ન થઈ કારણ કે ક્રૂર હાથે આપેલો જખમ બહુ જ ગહેરો, ઊંડો હતો અને પક્ષીનું દિલ બહુ જ કોમળ હતું.

અચાનક જ પક્ષીને જાણે કે તમ્મર વળી. તેની આંખો ઊઘડી, કવિને થયું કદાચ તેનો જીવ બચી જશે. વાડીનાં મધુર ફળો ચાખવા માટે, મધુર ગમતાં ગીતો ગાવા માટે, પરંતુ અફસોસ એ વાતનો રહી ગયો કે જે પ્રેમથી, વિશ્વાસથી તે પહેલાં કવિ પાસે આવતું હતું. એ શ્રદ્ધા-વિશ્વાસ ડગી ગયો હતો, તેથી કદાચ પંખી ફરી કયારેય કવિ પાસે નહીં આવે. શ્રદ્ધા એકવાર ઊઠી (ડગી) જાય પછી ગમે તેટલો પ્રયત્ન કરવા છતાં કયારેય પાછી આવતી નથી. એકવાર વાગેલા ઘાને પછી ભૂલી શકાતો નથી, એ વિસરી શકે એવું સામર્થ્ય બીજા કોઈ પાસે નથી.

**8.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન :**

'કલાપી' લાઠી જેવા નાનકડા સ્ટેટના રાજવી, બહુ જ ટૂંકું આયુષ્ય, એમ છતાં 'કલાપીનો કેકારવ' બહુ જ સભર અને સમૃદ્ધ કહી શકાય. બળવંતરાય ઠાકરે કલાપીની કવિતાને પોચટ, આંસુ સારતી કવિતા કહીને ટીકા કરી હતી અને તેના વિરોધમાં ચિંતનપ્રધાન કવિતાને જ દ્વિજોત્તમ માનવી એવો આદર્શ સેવ્યો હતો.

આ કવિતાનો વિસ્તારથી અભ્યાસ કરીએ તો કલાપીની આ ઊર્મિકવિતામાં તેમનું આંતરજીવન, ભાવનાજીવન અને સંવેદનપટુ ચિત્તતંત્ર પૂર્ણપણે આવિષ્કાર પામ્યું છે. તેમનાં અંગત ઊર્મિ અનુભવ અને જીવનપ્રસંગ તેમના વ્યાપક રસભાવને લીધે સર્વસ્પર્શી રૂપે પ્રગટે છે. કલાપી પોતે આખા ઊર્મિના જ બનેલા હતા. તેઓ હૃદયધર્મ અને હૃદયની ઊર્મિઓને જ પ્રાધાન્ય આપતા હતા. 'બુદ્ધિથી દોરવાયા વિનાની નિરંકુશ ઊર્મિ નિખાલસપણે કાવ્યમાં ધોધની જેમ વહેતી રહેવી જોઈએ.' - એ ઊર્મિકાવ્યનું લક્ષણ કલાપીનાં ઊર્મિકાવ્યોમાં વ્યાપક બળરૂપે જોવા મળે છે.

કલાપી તેમના કોમળ અને સંવેદનશીલ હૈયામાં જે ઊગતું અને હૃદયને સ્પર્શતું તેને કવિતા કે પત્ર દ્વારા પ્રકટ કરવા મથતા, તેનો પુરસ્કાર કરતા, મુગ્ધભાવ-અહોભાવ અને લાગણીઓના હાર વડે તેનું ગૌરવ કરતા, કલ્પનાઓથી તેને ચકાવતા અને એમ પોતાનો હૃદયરંગ કાવ્યમાં ઢોળતા. વ્યથાના ભાવો પ્રબળતાથી, ઊંડી નિષ્ઠાથી કાવ્યમયતાથી ગાતા. તેમનાં ઊર્મિકાવ્યોમાં તેમની હૃદયવાણી એટલી પ્રબળતાથી બુલંદ ધ્વનિ કરે છે, તેનો પડઘો આપણા ચિત્તમાં ચિરકાળ સુધી ગૂંજ્યા કરે છે.

કલાપીના જીવનમાં તેમની પત્ની રાજબા-રમાનો પ્રવેશ થયો અને પછી દાસી શોભના પણ પ્રવેશી. શોભના-રમા અને કલાપીના પ્રણયત્રિકોણના મનોમંથનમાંથી કવિતા પ્રગટ થઈ. ઊર્મિકાવ્યોમાં આત્મલક્ષીતા આવી. તેમના હૃદયની સ્થિતિનું ચિત્ર સ્પષ્ટ જોવા મળ્યું. પ્રણયજીવનમાં વિષમતા દાખલ થતાં તેની અસર તેમના ગદ્ય-પદ્ય બંને સાહિત્ય પર પડે છે.

'એક ઘા' કવિતાનો સ્થૂળ અર્થ તો એવો જ થાય છે કે દાણા ચણતાં કોમળ નિર્દોષ પક્ષી પર ક્રૂર માણસ પથ્થર ફેંકે છે. એ પથ્થરના ઘાથી કોમળ પક્ષીનું હૃદય વીંધાય જાય છે. આ પક્ષી કોણ ? ઘા કરનાર કોણ ? એનો વિચાર કરીએ તો કદાચ આ સંવેદન કલાપીના હૃદયનું હોય તેવું લાગે. એ કોમળ-નિર્દોષ પંખિણી શોભના હોઈ શકે ! તેના હૃદય પર કલાપીના વર્તનનો ઘા લાગ્યો હોય અને તેનું હૃદય વીંધાયું હોય, શ્વાસ રૂંધાઈ ગયો હોય. આસમાનમાં વિહરતી, કલાપીના પ્રેમ પર વિશ્વાસ રાખતી શોભના વાસ્તવિક ધરતી પર ગઈ હોય. 'સારસી' કાવ્યમાં પણ જે પ્રેમમીમાંસા કવિએ કરી છે તે તેના જીવનમાં બની રહેલા બનાવના પડઘારૂપે જ છે.

કલાપીની કવિતામાં આમ આત્મલક્ષી, અંગત તત્ત્વ પ્રવેશતું જાય છે. ઊંડી લાગણીના પ્રબળ ધક્કાથી તે બહાર આવે છે. પત્નીની સાથે આવેલી નાનકડી દાસી તેમની નજર સામે જ મોટી થઈ છે, કવિ કહે છે :

**'મેં પાળ્યું તે તરફડી મરે હસ્ત મ્હારા જ થી આ.'**

પાળેલું પ્રાણપ્રિય પક્ષી તરફડે ત્યારે જે વેદનાનો અનુભવ થાય તેવી વેદના કવિ શોભનાના વિરહમાં અનુભવે છે. પોતાનાથી તેના દિલ પર ક્રૂર હસ્તે જે પ્રહાર થયો છે. તેનું દુઃખ તેમને અકળાવે છે. દિલનો આ જખમ કોઈ રીતે રૂજાય એવું નથી એમ છતાં ક્યાંકને ક્યાંક થોડી આશા રહે છે. કળ ઊતરી અને આંખ ઉઘડી, જીવ ઉગરી ગયો, ફરી સંબંધ સુધરશે ? ફરીથી પરસ્પર એવો જ ભાવ અનુભવાશે ખરો ? ફરી એવા સુમધુર દિવસો આવશે ? જેમ પંખી મધુર ગીતો ગાવા અને વાડીનાં મધુર ફળો ખાવા જીવી ગયું છે. પંખી જીવ્યું તો છે પરંતુ કવિને અફસોસ છે, તેઓ જાણે છે કે હવે ફરી કયારેય મારી પાસે નહીં આવે, કદાચ ભૂલથી આવી જશે તો પણ ડરી ડરીને દૂર ઊડી જવાની ઈચ્છાથી જ આવશે. એમ કદાચ સંબંધ સુધરે તો પણ એક દીવાલ ચણાઈ ગઈ છે તે એવી જ રહે ક્યારેય તૂટે નહીં.

કલાપી કહે છે,

**'રે રે ! શ્રદ્ધા ગત થઈ પછી કોઈ કાળે ન આવે,**
**લાગ્યા ઘાને વીસરી શકવા કાંઈ સામર્થ્ય ના છે.'**

શ્રદ્ધા ડગી જાય, વિશ્વાસ તૂટી જાય પછી તેને સાંધો કે રેણ થઈ શકતાં નથી. દિલ પર થયેલો જખમ ક્યારેય રૂજાતો નથી. ઘણીવાર સતત જલ્યા કરે છે.

કલાપી પોતાના પ્રણયત્રિકોણના ઈતિહાસ લેખે 'હૃદયત્રિપુટી' 'નદીને સિંધુનું નિમંત્રણ'. 'ના ચાહે એ', 'એક ઘા', 'પશ્ચાતાપ' વગેરે જેવાં ટૂંકાં કાવ્યોને ગણાવે છે એ સમયે રચાયેલાં કાવ્યો કલાપીના પ્રણય જીવનપ્રસંગ કે હૃદયની કોમળ વૃત્તિને અથડાયેલી કોઈ ઘટનાના આઘાતરૂપ છે.

1996-97માં સૂરસિંહજીની કાવ્યસરિતામાં તેમના પ્રણય-અનુભવના વિવિધ સ્પંદનોના જોશના લીધે મોટું પૂર આવ્યું. 'કલાપીનો કેકારવ' સંગ્રહનો ઘણો મોટો ભાગ આવાં પ્રણયમંથનની દર્દનાં આંસુની અને પ્રણયભાવનાની જડી વરસાવે છે. આવાં કાવ્યો તેમની તત્કાલિન મનોદશાને, પ્રણયલક્ષી મનોમંથનને સ્ફૂટ કરે છે.

**8.6 વસ્તુલક્ષી કસોટી :**

(ક) તમારી પ્રગતિ ચકાસો.

1. પ્રસ્તુત કાવ્યમાં ઘા કોણ મારે છે ? કોને મારે છે ?
2. કાવ્યમાં કવિ કલાપી કોની વેદનાની વાત કરે છે ?
3. કાવ્યમાં કઈ ઘટનાને કવિએ શબ્દરૂપ આપ્યું છે ?
4. કાવ્યની આરંભની ચાર પંક્તિઓમાં કવિએ શાનું નિરૂપણ કર્યું છે ?
5. કાવ્યનાયકને વેદના શા માટે થાય છે ?
6. કાવ્યમાં નાયકની વેદના કયા શબ્દોમાં અભિવ્યક્ત થઈ છે ?
7. પંખીને ફરીથી જીવન મળ્યું કે નહીં ?
8. નવજીવન મળતાં પંખી શું કરશે ?
9. કાવ્યનાયકને કાવ્યના અંતે શાનો અફસોસ થાય છે ?
10. 'એક ઘા' શીર્ષક સમજાવો.
11. કાવ્યની છેલ્લી બે પંક્તિઓમાં જીવનના કયા અમૂલ્ય સત્યની વાત કરવામાં આવી છે ?
12. કાવ્યની છેલ્લી બે પંક્તિઓનો આરંભ 'રે રે !' થી કે થયો છે ?

(ખ) તમારી પ્રગતિ ચકાસો

નીચેનાં વાક્યો સાચાં છે કે ખોટાં તે આપેલા ખાનામાં (√) કે (×) ની નિશાની કરી જણાવો.

1. કાવ્યના પ્રારંભમાં કૂતરા પર પથ્થર ફેંકાયો છે. □
2. આ કાવ્યનો મુખ્ય રસ હાસ્ય છે. □
3. પંખી ફરી જીવિત થાય છે. □
4. કાવ્ય નાયકને નાયિકાના વિયોગનું દુઃખ થાય છે. □
5. શિકારીએ પક્ષીનો શિકાર કર્યો હતો. □
6. પંખી હવે વાડીનાં મધુર ફળો ચાખશે. □
7. ઊઠી ડગી ગયેલી શ્રદ્ધા ક્યારેય પાછી આવતી નથી. □
8. એક વાર હૃદય પર વાગેલો ઘા સહજતાથી ભૂલી શકાય છે. □

(ગ) તમારી પ્રગતિ ચકાસો

નીચેનાં વાક્યોનો સાચો ઉત્તર આપવા યોગ્ય વિકલ્પ પસંદ કરો.

1. 'એક ઘા' કરુણરસનું કાવ્ય છે. કારણ કે...
   અ. નાયક-નાયિકા વચ્ચે ઝગડો થયો છે.
   બ. પંખી પર ક્રૂરતાથી પથ્થર ફેંકાયો છે.
   ક. નાયિકાનું મૃત્યુ થયું છે.
2. 'એક ઘા' કાવ્યમાં નાયકને શેની વેદના થાય છે. કારણ કે...
   અ. પંખી પર પથ્થર ફેંકતા ફેંકી દીધો છે. તેની
   બ. પંખી મૃત્યુ પામ્યું તેની.
   ક. પંખી પીંજરામાંથી ઊડી ગયું. તેની
3. પંખી જીવી ગયું પણ હવે એ શું નહીં કરે...
   અ. આકાશમાં નહીં ઊડે
   બ. પથ્થરથી ડર્યા કરશે.
   ક. પથ્થરથી ડર્યા કરશે.
4. પંખી શા માટે જીવી ગયું ?
   અ. વાડીનાં મધુર ફળો ચાખવા માટે
   બ. પીંજરામાં રહેવા માટે
   ક. આકાશમાં ઊડવા માટે

**8.7. ભાષાકીય સામગ્રીનો અભ્યાસ :**

'એક ઘા' એ કલાપીનું ઊર્મિકાવ્ય છે. 'એક ઘા' શીર્ષક દ્વારા જ કવિનાં સંવેદનનો ઘા વાચકના હૃદય સુધી પહોંચી જાય છે.

હૃદયની ઊર્મિ અને મનોરથની નિષ્ફળતાની ઊંડી વ્યથાનો ભાવ પ્રબળતાથી અને તીવ્ર સત્યનિષ્ઠાથી આ ઊર્મિકાવ્યમાં કલાપીએ વહાવ્યો છે. કલાપીનો ભાવ કેવળ એક લાગણીનો આલાપ જ નથી રહ્યો. રસાત્મક ઊર્મિકાવ્યની એક સુરેખ આકૃતિ સર્જી શક્યો છે તે કલાપીના માત્ર ઊર્મિબળે નહિ પણ તેમની કવિપ્રતિભાના જ બળે ધ્યાન આપ્યું છે તેટલું ઊર્મિકાવ્યના આવશ્યક લક્ષણ ચિંતન ઉપર પ્રમાણમાં નથી આપ્યું. તેમના ઊર્મિકાવ્યમાં તેમની હૃદયવાણી એટલી પ્રબળતાથી બુલંદ ધ્વનિ કરે છે કે તેનો પડઘો આપણાં ચિત્તમાં ચિરકાળ સુધી ગૂંજ્યા કરે છે.

'રે રે !' શબ્દપ્રયોગ કલાપીએ જુદી જુદી કડીઓમાં કર્યો છે. તેનાથી કરુણભાવ વિશેષણ રીતે પ્રગટ થઈ શકયો છે.

**'રે રે ! કિન્તુ ફરી કદી હવે પાસ મ્હારી ન આવે.'**

કવિતાની છેલ્લી ચાર પંક્તિઓમાંથી બે પંક્તિઓની શરૂઆત 'રે રે !' થી થઈ જાય છે. જેનાથી લય જળવાય છે. આશ્ચર્યચિહ્નો અને પ્રશ્નાર્થચિહ્નોનો પ્રયોગ પણ આ કવિતામાં કરવામાં આવ્યો છે.

ચાર-ચાર પંક્તિના ચાર ચતુષ્ક આ કવિતામાં છે. પહેલા ચતુષ્કથી છેલ્લા ચતુષ્ક સુધીની કવિ એક સુંદર આકૃતિનું સર્જન કરે છે. પંખીની વાત દ્વારા કવિ પ્રતીકાત્મક

રીતે પોતાના પ્રણયપાત્ર શોભનાની વાત કરે છે. પ્રતીક દ્વારા વાત કરવી એ ગુજરાતી ભાષાની આગવી ખૂબી છે. પંખીના જીવનની કરુણતાની સાથે કવિજીવનની કરુણતા પ્રગટે છે.

**8.8 પુનરાવલોકન :**

તમારી પ્રગતિ ચકાસો.

1. 'એક ઘા' કાવ્યમાં પંખીને શું થયું ?
2. 'એક ઘા' કાવ્યના નાયકની વેદના વર્ણવો.
3. કાવ્યમાં પંખીને પથ્થર વાગતાં તેની શી હાલત થઈ ?
4. પથ્થરના ઘા વાગ્યાની કળ ઊતરતાં શું થયું ?
5. પંખી ફરી કેવી રીતે નાયક પાસે આવશે ?

**8.9 લેખનપ્રવૃત્તિ :**

તમારા ઘરની આસપાસના બગીચામાં વસતાં પંખીઓની પ્રવૃત્તિઓનું અવલોકન કરી તેને પદ્યમાં વર્ણવવાનો પ્રયત્ન કરો. જુદા જુદા કેટલા પ્રકારનાં પંખીઓ હોય છે, તેની વિશેષતાઓ શું છે તે વર્ણવો.

**8.10 વિશેષ અધ્યયન :**

- **કવિ પરિચય :**

'જ્યાં જ્યાં નજર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની; આંસુ મહીંયે આંખથી યાદી જરે છે આપની !' પ્રેમ, ભક્તિ અને શ્રદ્ધાની ખુમારીથી સભર એવા કલાપીના નામથી જાણીતા થયેલા સુપ્રસિદ્ધ કવિ સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ સૌરાષ્ટ્રના અમરેલી જિલ્લાના લાઠી નામના એક નાનકડા રજવાડાના રાજા હતા. એમનો જન્મ 1974માં ફેબ્રુઆરીની છવ્વીસમીએ થયો હતો. તેમણે નાની ઉંમરમાં પિતાનું છત્ર ગુમાવ્યું. માતા રામબાના વાત્સલ્યનો એમના ચિત્ત પર બહુ મોટો પ્રભાવ હતો. કલાપી માતૃભક્ત હતા. ઈ.સ.1900માં માત્ર છવ્વીસ વર્ષની નાની વયે તેમનું અવસાન થયું. ટૂંકું પણ ઘટનાભરપૂર એમનું જીવન હતું. રાજકોટની રાજકુમાર કૉલેજમાં તેમણે અભ્યાસ કર્યો હતો. પરંતુ વિશેષ અભ્યાસ તેમણે ખાનગી શિક્ષકોની મદદથી કર્યો હતો.

પંદર વર્ષની વયે ઈ.સ.1889માં કલાપીનાં લગ્ન કચ્છનાં રોહા સંસ્થાનનાં બાવીસ વર્ષનાં રાજબા અને કોટડા સાંગાણીની સત્તર વર્ષની આનંદીબા સાથે એક જ દિવસે થાય છે. રાજબાની સાથે દાસી તરીકે બાલિકા મોંઘી (શોભના) પ્રત્યે કલાપી આકર્ષાય છે. મોંઘીને શિક્ષણ આપી તેને સંસ્કારી બનાવે છે. શોભના પ્રત્યેનો વાત્સલ્યભાવ સમય જતાં પ્રણયભાવમાં પલટાઈ જાય છે. જો કે શોભના પ્રત્યેના ઉત્કટ પ્રણય તલસાટે કલાપીના જીવનમાં અનેક વિષમતાઓ સર્જી. તેમના સંવેદનશીલ હૃદયમાં કર્તવ્યભાવના અને પ્રણયભાવના વચ્ચે સંઘર્ષ થાય છે. કલાપીની અનુપસ્થિતિમાં શોભનાને એક ખવાસ સાથે પરણાવી દેવામાં આવી. તેથી કલાપીના હૃદયની વેદના અસહ્ય બની. અનેક મનોમંથન અને પરિતાપ સહન કર્યા બાદ કલાપીએ શોભનાનો લગ્નવિચ્છેદ કરાવી તેની

સાથે લગ્ન કર્યાં. જો કે લગ્ન બાદ બે જ વર્ષ પછી ભરયુવાનીમાં આ રાજવી કવિનું અણધાર્યું અવસાન થયું.

ગંભીર વિષય પરની નિબંધાત્મક ચર્ચા પત્રરૂપે કલાપી પહેલાં આપણી ગુજરાતી ભાષામાં બીજા કોઈએ કદાચ કરી હશે ! સ્વીડનબોર્ગના ધર્મવિચાર, સિદ્ધાંતસાર જેવું ચિંતન, માલા અને મુદ્રિકા, નારી હૃદય જેવી નવલકથાઓ, જેસલ-તોરલ, જલંધર-ગોપીચંદ, મેનાવતી ગોપીચંદ, ભર્તુહરિ-વિક્રમ જેવા સંવાદો, તેમ જ 'કાશ્મીરનો પ્રવાસ' જેવું પ્રવાસપુસ્તક તેમણે આપ્યું છે. 'કલાપીના કેકારવ'માં સંગ્રહાયેલાં કલાપીનાં અઢીસો જેટલાં લાબાં-ટૂંકાં કાવ્યો, હમીરજી ગોહિલનું ચાર સર્ગવાળું અધૂરું મહાકાવ્ય તેમ જ અનેક પત્રો, ડાયરી અને આત્મકથાનાં પાનાં કલાપી પોતાની પાછળ મૂકતા ગયા છે.

કલાપીએ અસાધારણ લોકપ્રિય કવિ તરીકે જે સિદ્ધિ પ્રાપ્ત કરી તે ગુજરાતી સાહિત્યમાં વિરલ કહી શકાય એવી છે. પ્રકૃત્તિ, પ્રણય અને પ્રભુભક્તિ કલાપીની કવિતાના મુખ્ય વિષયો છે. ગઝલ તેમની સમગ્ર સર્જનપ્રવૃત્તિની યાત્રાનું ચરમ શિખર છે.

- **સ્વરૂપ પરિચય :**

કલાપી મુખ્યત્વે આત્મલક્ષી કવિ છે. 'કલાપીના કેકારવ'માં કવિની ઊર્મિનો વૈભવ અને એના ચિંતનની વિપુલ રસલહાણ મળે છે. 'એક ઘા' ઊર્મિકાવ્ય છે. કલાપીનું શ્રેષ્ઠ સર્જન તેમનાં ઊર્મિકાવ્યો છે.

તીવ્રતા અને સચ્ચાઈ ઊર્મિનું ખરું જનકબળ માનવામાં આવે છે. ઊર્મિકાવ્યને અંગ્રેજીમાં Lyric કહે છે. ગાનને ઊર્મિકાવ્યની મૂળ ગંગોત્રી ગણી શકાય. ગાનમાંથી કાળક્રમે પ્રયોગ કરતાં કરતાં ઊર્મિકાવ્ય નીપજ્યું હશે ! સંગીતના ભારણમાંથી મુક્ત થવાથી ઊર્મિકાવ્યનું રૂપ સિદ્ધ થયું. સંક્ષિપ્ત, લયબદ્ધ અને કાવ્યત્વપૂર્ણ હોય છે. નિરંકુશ ઊર્મિ નિખાલસ પણે કાવ્યમાં ધોધની જેમ વહેતી રહેવી જોઈએ. આ લાગણી સરળ, સીધી અને અંગત હોય છે. એક જ ભાવ સ્થિતિને કારણે સધાતી એકાગ્રતા એના સ્વરૂપને સુગ્રથિત બનાવી રસાત્મકતા પ્રદાન કરે છે.

ઊર્મિકાવ્ય કોઈ પણ વિચાર-ચિંતન, ઊર્મિ-સંવેદન કે કલ્પના-પ્રેરણાનું પરિણામ છે. ઊર્મિકાવ્યમાં કવિની પ્રતિભા કાવ્યની સાથે એકરૂપ બને છે. ઊર્મિકાવ્યમાં બિનઅંગત કે નિર્થક વાત પ્રવેશી શકતી નથી. તેથી તે નિર્ભેળ, સીધું અને સરળ બને છે. આત્મલક્ષિતા, વિચાર-ચિંતન, ઊર્મિભાવ અને કલ્પના-પ્રેરણા ઊર્મિકાવ્યનાં મુખ્ય તત્ત્વો છે. ઊર્મિકાવ્યમાં આ તત્ત્વો વધતા ઓછા અંશે હોય છે, પણ તેમાંથી કોઈ પણ એક તત્ત્વનું પ્રાધાન્ય હોય છે. બ.ક.ઠાકરના મતે કવિતા માત્ર ઊર્મિપ્રધાન હોય તે જરૂરી નથી. હા, ઊર્મિવત હોવી જોઈએ.

ઊર્મિકાવ્ય માટે ઊર્મિની તીવ્રતા, ઉત્કટતા અતિ આવશ્યક છે. ઊર્મિની ઉત્કટતા લાંબો સમય ટકી શકતી નથી. તેથી ઊર્મિકાવ્ય સહજ રીતે જ ટૂંકુ હોય છે. ઊર્મિકાવ્યની એકતાનો આધાર જેમ એક ચિત્તતા પર છે, તેમ અમૂક અંશે ઊર્મિની ઉત્કટતા પર પણ છે. ઉત્તમ કાવ્યોમાં ઊર્મિકાવ્યનાં બધાં તત્ત્વો એકરૂપ બની એક કલામય યુદ્ગલ રચાયો હોય એવું અનુભવાય છે.

કલાપી અંગત ઊર્મિને સર્વાનુભવી ઊર્મિનું વ્યાપક રૂપ, તાટસ્થ્ય અને અસર અર્પી શક્યાં છે. તે તેમની આત્મલક્ષી કલાનો એક મોટો વિજય છે. ઊર્મિકાવ્યનો પ્રકાર નરસિંહરાવ દિવેટિયા આદિ તેમના સમયના અન્ય કવિઓ કરતાં વધુ સફળતાથી કલાપી સાધી શક્યા છે. તેનું કારણ કલાપી પોતે જ ઊર્મિશીલ હતા.

● **વિશેષ વાચન :**

કલાપીના જીવન-કવનનો પરિચય પ્રાપ્ત કરવો જોઈએ. કલાપીના સ્ટેટ લાઠીનો પરિચય મેળવવા તેમના પત્રો વાંચવા જોઈએ. કલાપીનાં ઊર્મિકાવ્યો અને ગઝલનો પરિચય મેળવવા માટે 'કલાપીનો કેકારવ', 'કલાપીનો કાવ્યકલાપ'નું અધ્યયન કરવું જ જોઈએ.

● **ટિપ્પણ :**

તરુ - ઝાડ,વૃક્ષ, મ્હાર - મારા, હસ્ત - હાથ, ક્રૂર - ઘાતકી, કિન્તુ - પરંતુ, જખમ - ઘા, કુમળું - કોમળ, ત્હોય - તોપણ

---

**લેખન :** ડૉ.રેખા ભટ્ટ

ગુજરાતી વિભાગાધ્યક્ષ, એમ.ટી.બી.આટ્‌ર્સ કૉલેજ, સુરત

---

**સંપાદન :**
પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય — સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ ઍન્ડ સોશિયલ સાયન્સીઝ,
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

ડૉ.યોગેન્દ્ર પારેખ — પ્રોફેસર અને ગુજરાતી વિભાગાધ્યક્ષ
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

ડૉ.હેતલ ગાંધી — આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**વિષય સમિતિ :**
ડૉ.યોગેન્દ્ર પારેખ — પ્રોફેસર અને ગુજરાતી વિભાગાધ્યક્ષ
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

ડૉ.હેતલ ગાંધી — આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

પ્રો.ડૉ.ઉષા ઉપાધ્યાય — વિભાગાધ્યક્ષ, ગુજરાતી વિભાગ
ગૂજરાત વિદ્યાપીઠ,અમદાવાદ

**પરામર્શન (વિષય) :**
ડૉ.યોગેન્દ્ર પારેખ — પ્રોફેસર અને ગુજરાતી વિભાગાધ્યક્ષ
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**લેખન :**
ડૉ.યોગેન્દ્ર પારેખ — પ્રોફેસર અને ગુજરાતી વિભાગાધ્યક્ષ
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

ડૉ.હેતલ ગાંધી — આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

ડૉ.રેખા ભટ્ટ — ગુજરાતી વિભાગાધ્યક્ષ
એમ.ટી.બી.આર્ટ્સ કૉલેજ, સુરત

ડૉ.ધ્વનિલ પારેખ — મદદનીશ અધ્યાપક, ગુજરાત ગુજરાતી વિભાગ
મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા.

**પ્રકાશન વર્ષ :** ૨૦૨૦

**પ્રકાશક :** કાર્યકારી કુલસચિવ,ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ.

**સર્વાધિકાર સુરક્ષિત**

આ પાઠ્યપુસ્તક ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ સામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ધંધાદારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

# 2

## પદ્ય


| | |
|---|---|
| **એકમ : 1** | |
| પૂજારી | 01-10 |
| **એકમ : 2** | |
| મને એ સમજાતું નથી | 11-20 |
| **એકમ : 3** | |
| ભોમિયા વિના | 21-24 |
| **એકમ : 4** | |
| બનાવટી ફૂલોને | 25-34 |
| **એકમ : 5** | |
| નિરુદ્દેશે | 35-45 |
| **એકમ : 6** | |
| હરિનો હંસલો | 46-49 |
| **એકમ : 7** | |
| વળાવી બા આવી | 50-54 |
| **એકમ : 8** | |
| કવિતા ન કરવા વિશે કવિતા | 55-65 |
| **એકમ : 9** | |
| પુણ્યસ્મરણ | 66-69 |

## પાઠ્યક્રમ પરિચય

પ્રથમ વર્ષ બી.એ.ના ગુજરાતી વિષયના વિદ્યાર્થીઓ માટે ગુજરાતી પદ્યનો અભ્યાસ કરવાનો છે.

ગુજરાતી કવિતાનો મધ્યકાલીન, અર્વાચીનથી લઈ આધુનિક કવિતા સુધીનો સુદીર્ઘ વૈભવ વિસ્તાર છે. 'વૈષ્ણવજન'થી લઈ અર્વાચીન, આધુનિક સમયની રચનાઓ પૈકી નોંધપાત્ર, પ્રશિષ્ટ કહી શકાય એવી થોડી રચનાઓની પસંદગી કરવાનું કાર્ય ઘણું મુશ્કેલ છે. આ કવિતાઓ સમગ્ર રીતે ગુજરાતી પ્રતિનિધિ રચનાઓ છે તેઓ પસંદગીકર્તાઓનો દાવો નથી. પણ અમારો પ્રયાસ છે કે શક્ય હોય ત્યાં સુધી છેલ્લા પાંચસો વર્ષની ગુણ સમૃદ્ધિનો વાજબી પરિચય મળી રહે. અત્રે સમાવિષ્ટ રચનાઓનો વિષયવસ્તુ, રચનારીતિ, પ્રકાર વૈવિધ્ય દરેક વિદ્યાર્થીની કવિતાપ્રીતિ વધારવામાં થોડેઘણે અંશેપણ નિમિત્ત બનશે તો આપણો આ પ્રયાસ સાર્થક નીવડશે.

અધ્યયન-અધ્યાપન અને સામગ્રી ચયનની સમગ્ર પ્રક્રિયા શૈક્ષણિક બનાવવાની સાથે સાથે જીવનમૂલ્ય પોષક, કલામૂલ્ય સંવર્ધન થાય તેવો આશય કોઈપણ અભ્યાસી જોઈ શકશે. દૂરવર્તી શિક્ષણના માધ્યમથી કવિતાનું શિક્ષણ કરવું-કરાવવું એ ઘણું મુશ્કેલ કહો કે પડકારજનક છે. કાવ્યના લય, છંદ, અલંકાર, આદિનો પરિચય અને કાવ્યશિક્ષણનો આસ્વાદ્ય ઉપક્રમ રચવાના અતિમુશ્કેલ કાર્યને સરળ બનાવવાના વિનમ્ર પ્રયાસનું આ પ્રથમ ચરણ છે.

આપણે સૌ જાણીએ છીએ કે 'કવિતા કાનની કલા છે.' - 'વૈષ્ણવજન' જેવી સુપ્રસિદ્ધ રચના ઉપરાંત અન્ય પ્રશિષ્ટ રચનાઓ યુ-ટ્યૂબ જેવા માધ્યમોમાં કલાકારો દ્વારા સ્વરાંકન પામી છે. આ કાવ્યોનું સમૂહ માધ્યમોમાં ઉપલબ્ધ સ્વરાંકન, પઠનશ્રવણ પણ આપને સહાયક નીવડશે. અત્રે સમાવિષ્ટ રચનાઓના સર્જકોનો પરિચય કરાવતી શ્રેણી દશ્ય-શ્રાવ્ય માધ્યમમાં 'ગુજરાત સાહિત્ય અકાદમી'ની વેબસાઈટ પર પણ ઉપલબ્ધ છે.

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ચૈતન્ય સ્ટુડિયોમાં આ રચનાઓના શૈક્ષણિક વ્યાખ્યાનોની શ્રેણી પણ નિર્માણ થાય છે, થઈ રહી છે; જે યુનિવર્સિટીની વેબસાઈટ તથા 'વંદે ગુજરાત' ચેનલ જેવા માધ્યમો દ્વારા આપ માણી શકશો.

આપણી સહિયારી વિદ્યાયાત્રા, કાવ્યશિક્ષણના સાર્થક મુકામે પહોંચે એવી આશા અસ્થાને નથી. આપનો અભ્યાસ માત્ર પરીક્ષાલક્ષી ન રહે અને સર્વાંગી વિકાસમાં સહાયક બને તેવી શુભેચ્છાઓ.

એકમ 1

# પૂજારી

- કૃષ્ણલાલ શ્રીધરાણી

રૂપરેખા

1.1 ઉદ્દેશો
1.2 પ્રસ્તાવના
1.3 કૃતિ
1.4 કૃતિનો સારાંશ
1.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન
1.6 વસ્તુલક્ષી કસોટી
1.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ
1.8 પુનરાવલોકન
1.9 લેખનપ્રવૃત્તિ
1.10 વિશેષ અધ્યયન
- ટિપ્પણ
- સંદર્ભસૂચિ

## 1.1 ઉદ્દેશો

આ કવિતાના અભ્યાસ દ્વારા તમે -

- ગાંધીયુગીન કાવ્યધારાનો પરિચય મેળવશો.
- કવિની સર્જક ચેતનાને માણશો.
- કૃષ્ણલાલ શ્રીધરાણીની સરળ-સહજ અને સમસ્યાપ્રધાન કથાગીતની શૈલીનો પરિચય મેળવશો.
- 'પૂજારી' કાવ્યમાં વ્યક્ત કાવ્યબાનીની રસસિદ્ધિનો અનુભવ કરશો.
- કાવ્યનો આસ્વાદ માણશો.
- કાવ્યના હાર્દને પામવા તરફની ગતિને જાણશો.

## 1.2 પ્રસ્તાવના

ગાંધીયુગ અને અનુગાંધીયુગના જીવન-જગતને સંવેદનશીલ પ્રજ્ઞાથી પોતાની ચેતનામાં ઝીલતા કવિ કૃષ્ણલાલ શ્રીધરાણીએ આત્મલક્ષી, આધ્યાત્મિક, કળા, કુદરત, ગાંધીજી પરત્વેના ભાવ-સંવેદનો વ્યક્ત કરતી કવિતા, પ્રકૃતિ, પ્રણય, સામાજિક અને આઝાદીકાળ વગેરે વિષયલક્ષી કવિતાના માધ્યમથી સંવેદના અને સ્પંદનોને પોતીકી અભિવ્યક્તિ આપી છે. શ્રીધરાણીની કવિતા સુન્દરમ્-ઉમાશંકરના સમયગાળાની સત્વશીલ અને પ્રયોગસભર કવિતા છે. અદમ્ય રાષ્ટ્રપ્રેમ અને સ્વતંત્રતાની ઝંખનાના સ્થાયીભાવ અને રાષ્ટ્રપિતા ગાંધીજી પ્રત્યેના તીવ્ર આદરભાવને કારણે સ્વાતંત્ર્યપ્રીતિનાં કાવ્યો તેમણે આપ્યાં છે. 'દાહ ભરી આંખો માતાની તેનું તું આંસુ ટપક્યું!' એ પંક્તિમાં ગાંધીજીનો ઉત્તમ પરિચય કવિ કરાવે છે. શ્રી ઉમાશંકર જોશી એ કવિ શ્રીધરાણી વિશે કહ્યું છે કે, '30ના ગાળાના અપૂર્વ ચેતન-સ્પંદનની સાથે ગુજરાતમાં અનેક કવિકંઠ ખીલ્યા, તેમાં

સાચી કવિતાનો રણકો જેઓના અવાજમાં વરતાતો હતો તેઓમાંના એક હતા શ્રીધરાણી.' શ્રીધરાણી ગાંધીયુગના કવિ હોવા છતાં ગાંધીયુગથી ઉપર ઊઠી શક્યા છે. શ્રીધરાણીએ ગીતો-સૉનેટ મોટી સંખ્યામાં આપ્યાં છે. 'પૂજારી', 'દેવ' અને 'મંદિર' કાવ્યની સાથે 'કોડિયા'ની 1934ની પ્રથમ આવૃત્તિમાં 'કર્મ ત્રિશૂળ' શીર્ષક હેઠળ છપાયાં હતાં. ડૉ. જયન્ત પાઠકના 'આધુનિક કવિતાપ્રવાહ'માં આ વિશે તેઓ નોંધે છે કે, '(આ) કાવ્યોના આયોજનમાં ટાગોરના એ પ્રકારનાં કાવ્યોની છાયા જોવા જોઈએ તો દેખાય, પણ કવિની લયની ને અભિવ્યક્તિની સબળતા એ કૃતિઓને મૌલિકતાની મુદ્રા આપે છે.' જ્યારે 'કૃષ્ણલાલ શ્રીધરાણી' પરિચયગ્રંથમાં ચિનુ મોદી આ રચનાને અનુકરણવાળી રચનાઓ ગણે છે. ખરેખર તો, 'પૂજારી' કથાગીતમાં કવિ માણસમાં રહેલા દંભને ખુલ્લો કરે છે. અહીં આ કથાગીતની વિસ્તૃત સમજ મેળવીશું.

## 1.3 કૃતિ

### પૂજારી

**ઘંટના નાદે કાન ફૂટે મારા,**
**ધૂપથી શ્વાસ રૂંધાય;**
**ફૂલમાળા દૂર રાખ પૂજારી,**
**અંગ મારું અભડાય :**
**ન નૈવેદ્ય તારું આ !**
**પૂજારી, પાછો જા !**
**મંદિરના આ ભવ્ય મહાલો**
**બંધન થાય મને;**
**ઓ રે, પૂજારી ! તોડ દીવાલો,**
**પાષાણ કેમ ગમે ?**
**ન પ્રેમનું ચિહ્ન આ !**
**પૂજારી, પાછો જા !**
**એરણ સાથ અફાળે હથોડા**
**ઘંટ તણો ઘડનાર;**
**દિન કે રાત ન નીંદર લેતોઃ**
**(ને)નૈવેધ તું ધરનાર ?**
**ખરી તો એની પૂજા !**
**પૂજારી, પાછો જા !**
**દ્વાર આ સાંકડા કોણ પ્રવેશે ?**
**બ્હાર ખડી જનતા,**
**સ્વાર્થ તણું આ મંદિર બાંધ્યું,**
**પ્રેમ નહિ પથરા :**
**ઓ તું જો ને જરા !**
**પૂજારી, પાછો જા !**
**માળી કરે ફૂલ-મ્હેકતી વાડી,**
**ફૂલને તું અડ કાં ?**

**ફૂલ ધરે તું : સહવાં એને**
**ટાઢ અને તડકા !**
**એ તે પાપ કે પૂજા ?**
**પૂજારી, પાછો જા !**
**ઓ રે, પૂજારી ! આ મંદિર કાજે**
**મજૂર વ્હે પથરા;**
**લોહીનું પાણી તો થાય એનું**
**ને નામ ખાટે નવરા !**
**અરે, તું ના શરમા ?**
**પૂજારી, પાછો જા !**
**ખેડૂતને અંગ માટી ભરાતી**
**અર્ઘ્ય ભર્યો નખમાં;**
**ધૂપ ધર્યો પરસેવો ઉતારી**
**ઘંટ બજે ઘણમાં :**
**પૂજારી, સાચો આ**
**પૂજારી, પાછો જા !**

**- કૃષ્ણલાલ શ્રીધરાણી**

### 1.4 કૃતિનો સારાંશ

કૃષ્ણલાલ શ્રીધરાણીના કથાગીત કાવ્ય 'પૂજારી'માં બાહ્ય મૂર્તિપૂજનના વિધિવિધાનનો બોલકી રીતે વિરોધ કરાયો છે. આ ગીતમાં મૂર્તિમાંથી આવતા અવાજને જાણે કે ધ્વનિમુદ્રિત કર્યો હોય એમ ઈશ્વર જાણે પૂજારીને શિખામણ આપતા હોય તેમ શરૂઆત થાય છે.

'ઘંટના નાદે કાન ફૂટે મારા,
ધૂપથી શ્વાસ રૂંધાય;
ફૂલમાળા દૂર રાખ પૂજારી,
અંગ મારું અભડાય :
ન નૈવેદ્ય તારું આ !
પૂજારી, પાછો જા !'

શરૂઆતમાં જ ભગવાન પૂજારીને ઘંટનાદ ન કરવા, ફૂલમાળા દૂર રાખવા તથા નૈવદ્ય ન ચડાવવા અને પાછો જવા કહે છે. આ સાથે ઈશ્વરને મંદિરના ભવ્ય મહેલો બંધનરૂપ લાગે છે. તે આ ઈમારત પ્રેમનું ચિહ્ન નથી તેથી આ પથ્થરો તોડી, 'પૂજારી, પાછો જા !' એમ સૂચન કરે છે.

આ ગીતમાં માણસમાં રહેલો દંભ ખુલ્લો કરી આગળની પંક્તિમાં કવિ કહે છે કે,

'એરણ સાથ અફાળે હથોડા
ઘંટ તણો ઘડનાર;
દિન કે રાત ન નીદર લેતોઃ
(ને)નૈવેધ તું ધરનાર ?

ખરી તો એની પૂજા !
પૂજારી, પાછો જા !'

કવિ કહે છે કે જે દિવસ-રાત ઊંઘ લીધા વગર એરણ સાથે હથોડા અફાળી ઘંટને ઘડે છે અને એની એ ઘડેલી વસ્તુઓ નિવેદ્ય તું કરે છે; પરંતુ, તે ઘડનારની પૂજા સાચી છે તેથી, પૂજારી તું પાછો જા. આ સાથે ભગવાન રોષ વ્યક્ત કરતા પૂજારીને કહે છે કે આ ભવ્ય મહાલના દ્વાર સાંકડા છે અને સ્વાર્થપણે બનેલા છે. તેથી બહાર ઊભેલી જનતા અંદર પ્રવેશી શકતી નથી. અહીં પ્રેમ નથી માત્ર પથ્થરો છે એમ કહી પૂજારીને પાછા જવાનું કહે છે. આગળ કવિતામાં મહેનતનો મહિમા દર્શાવતા કવિ કહે છે કે,

'માળી કરે ફૂલ-મ્હેકતી વાડી,
ફૂલને તું અડ કાં ?
ફૂલ ધરે તું : સહવાં એને
ટાઢ અને તડકા !
એ તે પાપ કે પૂજા ?
પૂજારી, પાછો જા !'

જે માળીએ ફૂલવાડી કરી છે, જેણે ટાઢ અને તડકા સહ્યાં છે તે માળીએ માવજતથી ઊગાડેલું ફૂલ તું મને ચઢાવે છે, આ પાપ કહેવાય કે પૂજા. એવો પ્રશ્ન પૂછી પૂજારીને પાછા જવા કહે છે. ઘંટનો ઘડનાર, માળી પછી હવે લોહીનું પાણી એક કરીને પથ્થરો તરાશીને આ મંદિર બનાવનાર મજૂરો પ્રત્યેની લાગણી વ્યક્ત કરતા ઈશ્વર, પૂજારીને શરમ કરવા કહે છે. જેણે મજૂરોની મહેનતથી બનાવેલ મંદિરને પોતાના નામે કરી તેમને અભાવગ્રસી કર્યા એવા મજૂરો પ્રત્યેની સંવેદના અહીં વ્યક્ત થાય છે. છેલ્લે, પાયામાં રહેલા અને આપણને દરેક સુવિધા અને જીવન જરૂરિયાતની સામગ્રી પૂરી પાડનાર ભૂમિપુત્રો પ્રત્યેની સંવેદના વ્યક્ત કરતા કહે છે,

'ખેડૂતને અંગ માટી ભરાતી
અર્ધ્ય ભર્યો નખમાં;
ધૂપ ધર્યો પરસેવો ઉતારી
ઘંટ બજે ઘણમાં :
પૂજારી, સાચો આ
પૂજારી, પાછો જા !.'

અહીં ખેડૂતને કવિ જગતનો તાત ગણે છે, એટલે જ તેમના અંગે અંગે માટી ભરાઈ છે અને નખમાં અર્ધ્ય ભર્યો છે. જેઓ તડકો વેઠી, પરસેવો પાડી અન્ન પૂરું પાડે છે. તેવા શ્રમિકો ઈશ્વરના સાચા પૂજારી છે, તેવું ભગવાન મંદિરમાં બની બેઠેલા પૂજારીને કહી તેને પાછો જવા સૂચના આપે છે.

અહીં ફૂલવાડી કરતો માળી, મૂર્તિ ઘડતો મૂર્તિકાર, ઘંટનો ઘડનાર, મંદિર તરાશતો મજૂર કે અનાજ પકવતો ખેડૂત ઈશ્વરના ખરા પૂજારી છે. તેઓ ઈશ્વરની સૃષ્ટિની સાથે, પરસેવો પાડી, પોતે બનાવેલી સામગ્રી ઈશ્વરરૂપી લોકોને ખુલ્લે હાથે વહેંચે છે, ધરતા જાય છે. પરંતુ અહમ્ગ્રસિત-દંભી લોકો તે સામગ્રીનો ઉપયોગ પોતાના સ્વાર્થ માટે કરતા જણાય છે. આ સત્ય જાણતા મંદિરમાં મૂર્તિ સ્વરૂપે બેઠેલા ભગવાન આખા કાવ્યમાં તે પૂજારીને જાકારો આપે છે.

## 1.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

કૃષ્ણલાલ શ્રીધરાણીનું 'પૂજારી' કાવ્ય મંદિરની મૂર્તિ, તેની પૂજા કરતા પૂજારીને પાછા જવાનો આદેશ કરે – એવી નાટ્યાત્મક ગતિથી શરૂ થાય છે. અહીં મંદિરની મૂર્તિના ઉદ્‌ગાર ઈશ્વરની નહીં પણ કવિની ભાવનાશીલતા તથા ભાવજગતનાં પ્રત્યાઘાત પાડે છે.

આ કથાગીત કાવ્યના પ્રથમ ખંડમાં કવિ માણસના અહ્મરૂપી ઘંટના નાદ સમજી તથા સ્વાર્થની સુગંધરૂપી ફૂલમાળાને ઈશ્વરથી દૂર રાખવા ચેતવે છે. આ અહ્મ અને સ્વાર્થવૃત્તિથી ઈશ્વરને અભડાઈ જવાનો ડર છે. તેથી આ વિધિ-વિધાનનો દંભ કર્યા વગર પૂજારીને પાછો જવા કહે છે.

કવિ અહીં મંદિરની જે ભવ્યતા છે, જે જાહોજલાલી છે તે બંધનરૂપ છે તેમ દર્શાવે છે. કવિના મતે મંદિર એ એવી ઈમારતનું પ્રતીક છે જેમાં પ્રેમરૂપી દીવાલો નથી; પરંતુ, પાષાણ જેવા જડ અને ભાવના-વિહીન જગતનું પ્રતિબિંબ પાડે છે, તેથી આ ભવ્યતા પણ કવિને બંધનવાળી લાગે છે.

ત્યારબાદ આગળના ખંડમાં મંદિરના ઘંટને ઘડનારના પ્રતીક દ્વારા જે પરિશ્રમ અને જીવનની ગતિમાં અથડાતા-પીસાતા શોષિત વર્ગની વેદનાને વાચા આપે છે. જે દિવસ-રાત ઊંઘ લીધા વિના મહેનત કરી, પરિશ્રમ કરીને તૈયાર કરે છે તે પૂજાનો સાચો અધિકારી છે.

સ્વાર્થી લોકોએ બનાવેલા આ મંદિરમાં જડ પથ્થર સમા રીતિ-રીવાજો પણ જાત-પાતના બંધનોથી સાંકડા થઈ ગયા છે, તેમાં મંદિર બહાર મોટી સંખ્યામાં ઊભેલી જનતાને પ્રવેશ કરવાનો હક્ક નથી. તેથી કવિ પ્રેમ અને ભાવના વગરના આ મંદિરને પથરા જ ગણી દે છે અને પૂજારીને જાકારો આપે છે.

પછીના ખંડમાં માળીરૂપી સમાજમાં સેવાના કાર્યો કરનાર અને તડકા-છાંયડી વેઠીને સુંદર ફૂલો જેવો સમાજ રચનાર પાસેથી સુગંધ લઈ તથા એ પુષ્પોને તોડી મોભાદાર સમાજ ઈશ્વરના ચરણોમાં ધરે તો તેને કવિ અહીં પાપ ગણાવે છે.

એ જ રીતે કવિ મંદિર સમાન દેવભૂમિને કંડારવામાં પોતાનો સમય અને શ્રમનો ભોગ આપનાર શ્રમજીવીઓનું શોષણ કરતા સમાજ સામે બંડ પોકારે છે. તેમની આ નીતિ-રીતિ પર શરમ અનુભવવા કહે છે.

છેલ્લે કવિ ભૂમિપુત્રો વ્હારે જાય છે અને તેમની મહેનત અને લાગણીમાં સીચનથી જે ઉત્પન્ન થાય છે તેનાથી આખા સંસાર પોષણ મળે છે. આવા શ્રમજીવીઓ અને ભૂમિપુત્રોને જ કવિ, ઈશ્વર સ્વરૂપે સાચા પૂજારી ગણે છે અને દંભી, કપટી, વગદાર અને શોષણ કરનારા વર્ગ સામે વિદ્રોહનો સૂર ઊંચો કરી 'પૂજારી, પાછો જા !' એમ કહી ધુત્કારે છે.

આમ, શોષણ કરનાર અને શોષિતવર્ગ વચ્ચેના ખરા-ખોટાંના ખ્યાલો અને પાપ-પુણ્યના વલણોને સ્પષ્ટ કરે છે. આ ગીત શ્રીધરાણીની લય પ્રૌઢીનો તો અનુભવ કરાવે જ છે સાથે લયની અભિવ્યક્તિની સબળતા પણ પૂરવાર કરે છે. ગાંધીજીના કર્મયોગનો મહિમા અહીં તારસ્વરે સંભળાય છે.

## 1.6 વસ્તુલક્ષી કસોટી

**(ક) પ્રસ્તુત કૃતિના આધારે નીચેના વિધાન ખરાં છે કે ખોટાં તે જણાવો.**

1. ઘંટ નાદથી મૂર્તિના કાન ફૂટે છે.
2. પૂજારીની ફૂલ મહેકતી વાડી છે.
3. દરરોજ ખેડૂત મંદિરમાં નૈવેદ્ય ચડાવે છે.
4. કવિના મતે મંદિરનો પૂજારી સાચો પૂજારી નથી.
5. મંદિરની મૂર્તિ ભવ્ય મહેલો માંગે છે.

**(ખ) નીચેની ખાલી જગ્યા પૂરો.**

1. કૃષ્ણલાલ શ્રીધરાણીનો જન્મ ________ સાલમાં થયો.
2. 'પૂજારી' કાવ્ય _______ કાવ્યસંગ્રહમાંથી લેવામાં આવ્યું છે.
3. મંદિરને કંડારનાર મજૂર ________નું પાણી કરે છે.
4. દ્વાર સાંકડા હોવાથી _______ પ્રવેશી શકતી નથી.
5. _________ના અંગમાં માટી ભરાય છે.

**ઉત્તર :**

| | | | | | |
|---|---|---|---|---|---|
| (ક) | 1. ખરું | 2. ખોટું | 3. ખોટું | 4. ખરું | 5. ખોટું |
| (ખ) | 1.1911 | 2. કોડિયાં | 3. લોહી | 4. જનતા | 5.ખેડૂત |

## 1.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

- ગીતના આરંભને 'મુખડું' કે 'ઉપાડ'થી થતો હોય છે. બે કે ત્રણ પંક્તિનું 'મુખડું' હોય અને મુખડું પૂરું થાય પછી ગીતનો 'અંતરો' શરૂ થાય. એક ગીતમાં ઓછાંમાં ઓછાં બે અને વધુમાં વધુ જરૂરિયાત મુજબના અંતરા લખી શકાય. સામાન્ય રીતે 'મુખડું/ઉપાડ' ગીતનો ઢાળ-રાગ-લય નક્કી કરતો હોય છે. અંતરાને અંતે ગવાતી પંક્તિ 'ટેક' કે 'ધ્રુવપંક્તિ/ધ્રુવપદ' તરીકે આવે. સારા ગીતમાં ટેક હંમેશા ચોટદાર અને આકર્ષક હોય જે સાંભળનારને તરત યાદ રહી જાય અને ઝીલી શકાય.

  જેમકે, 'પૂજારી' કાવ્યમાં '**પૂજારી, પાછો જા !**' ધ્રુવપંક્તિ/ધ્રુવપદ છે.
- ગુજરાતી ગીતોમાં ટેકને છેડે 'લોલ', 'જી', 'જી રે', 'હાં રે', 'રે', 'હાં-હાં', હાં-રે!', 'સૈ', 'બેન', 'ભાઈ', 'ભઈ', 'સાહ્યબા', 'સાજન' જેવાં લટકણિયાં શબ્દો ગવાતા હોય છે. આવા લટકણિયાં પંક્તિનો મેળ બેસાડવા, સંગીતમયતા લાવવા અને લય-સૂરનું સૌંદર્ય ઉમેરવા લગાડાતા હોય છે. જેમકે, 'પૂજારી' કાવ્યમાં '**ઓ રે,** પૂજારી !'નો ઉપયોગ થયો છે.
- ગીતમાં કાવ્યની લીટીનું માપ-ઢાળ-તાલ કવિએ મૂકેલી માત્રા પર આધારિત છે. બીજું કોઇ પણ ગીત કે કાવ્ય હોય તેમાં 'પ્રાસ'નું તત્ત્વ આંખે ઊડીને વળગે તેવું હોય છે.

  'પૂજારી' કાવ્યમાં પ્રાસના ઉદાહરણ જોઈએ તો,

  - ઘંટના નાદે કાન ફૂટે મારા, ધૂપથી શ્વાસ **રૂંધાય**;<br>ફૂલમાળા દૂર રાખ પૂજારી, અંગ મારું **અભડાય** :
  - મંદિરના આ ભવ્ય **મહાલો**, બંધન થાય મને;<br>ઓ રે, પૂજારી ! તોડ **દીવાલો**, પાષાણ કેમ ગમે ?

- **અલંકારની સમજ :**

સામાન્ય રીતે કવિતાની સુંદરતામાં વધારો કરતું તત્ત્વ છે અલંકાર. જે વાચકોને સૌથી વધુ પ્રભાવિત કરતું પાસું છે. અલંકાર રમણીયતા જન્માવનાર છે, માત્ર ચમત્કાર ઉત્પન્ન કરનાર તત્ત્વ કે વાણીની સજાવટ નથી; પરંતુ, ભાવની અભિવ્યક્તિના વિશેષ દ્વારરૂપ છે. ટૂંકમાં, વિચારોના અને ભાવોના વિકાસ બતાવનાર તથા વસ્તુઓનાં રૂપ, ગુણ અને ક્રિયાનો વિશેષ તીવ્ર અનુભવ કરાવવામાં ક્યારેક ક્યારેક સહાયક બનનાર ઉપાદાન તે અલંકાર છે.

અલંકારના ઘણા પ્રકારમાંથી મુખ્ય ત્રણ પ્રકાર વધુ પ્રચલિત છે. પહેલું શબ્દાલંકાર, બીજું અર્થાલંકાર અને ઉભયાલંકાર. અહી શબ્દાલંકાર વિશે જોઈએ તો,

**વર્ણાનુપ્રાસ અથવા વર્ણસગાઈ અલંકારઃ** જ્યારે કોઈ પંકિતમાં કે વાક્યમાં એકનો એક વર્ણ વારંવાર આવે ત્યારે વર્ણાનુપ્રાસ અથવા વર્ણસગાઈ અલંકાર બને છે.

ઉદાહરણઃ

- કામિની કોકિલા કેલિ કૂંજન કરે.
- સાગરે **ભા**સતી **ભ**વ્ય **ભા**રતી.

**શબ્દાનુપ્રાસ અથવા યમક અલંકારઃ** જ્યારે પંક્તિ કે વાક્યમાં એક સરખા ઉચ્ચારવાળા શબ્દો આવેલા હોય ત્યારે શબ્દાનુપ્રાસ કે યમક અલંકાર બને છે.

ઉદાહરણ :

- ગ્રંથ ગરબડ **કરી**, વાત ન **કરી** ખરી.
- ચાલિયો **વાટ**માં જ્ઞાનના **ઘાટ**માં, મિત્ર મોહનતણું નામ લેતો.

**અંત્યાનુપ્રાસ અલંકારઃ** જ્યારે બે પંક્તિઓને અંતે સમાન ઉચ્ચારવાળા શબ્દો આવે ત્યારે અંત્યાનુપ્રાસ અલંકાર થાય છે.

ઉદાહરણઃ

- એરણ સાથે અફાળે હથોડા ઘંટ તણો **ઘડનાર**;<br>દિન કે રાત ન નીદર લેતો : (ને) નૈવેદ્ય તું **ધરનાર**?
- ખેડૂતને અંગ માટી ભરાતી અર્ધ્ય ભર્યો **નખમાં**;<br>ધૂપ ધર્યો પરસેવો ઉતારીઘંટ બજે **ઘણમાં** :

## 1.8 પુનરાવલોકન

**(ક) નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1. 'પૂજારી' કાવ્યમાં મૂર્તિનું અંગ કેવી રીતે અભડાય છે?
2. 'પૂજારી' કાવ્યમાં મૂર્તિને ક્યાં પ્રેમનું ચિહ્ન દેખાતું નથી?
3. 'પૂજારી' કાવ્યમાં કવિના મતે નૈવેદ્ય કોણે ચઢાવવું જોઈએ?
4. 'પૂજારી' કાવ્યમાં કવિના મતે સાચો પૂજારી કોણ હોઈ શકે?
5. 'પૂજારી' કાવ્યમાં કવિ કઈ સમસ્યાની વાત કરે છે?

**(ખ) નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો.**

1. 'પૂજારી' કાવ્યનો આસ્વાદ કરાવો.
2. 'પૂજારી' કાવ્યમાં કવિનો ભાવ તમારા શબ્દોમાં ચર્ચો.

3. 'પૂજારી' કાવ્યમાં વ્યક્ત થતો કેન્દ્રવર્તી વિચાર જણાવો.
4. 'પૂજારી, પાછો જા!' – એમ કવિ શા માટે કહે છે?
5. 'પૂજારી' કાવ્યના આરંભ અને અંત વિશે લખો.
6. 'પૂજારી' કાવ્યનું શીર્ષક તપાસો.

**1.9 લેખનપ્રવૃત્તિ**

- સામાજિક સમસ્યાઓ વિશેના કથાકાવ્યોનો પરિચય મેળવો.
- શ્રીધરાણીની કાવ્યસૃષ્ટિનો અભ્યાસ કરો.
- શ્રીધરાણીની 'દેવ', 'મંદિર' અને 'પાપી' કાવ્યોનો 'પૂજારી' કાવ્ય સાથેનો સામ્ય-વૈષમ્ય તપાસો.
- શ્રીધરાણીની કાવ્યશૈલીનો પરિચય મેળવો.
- સુન્દરમ્ અને ઉમાશંકર જોશીના સામાજિક કાવ્યોનો અભ્યાસ કરો.

**1.10 વિશેષ અધ્યયન**

**(ક) કવિ-પરિચય**

કવિ, નાટ્યકાર કૃષ્ણલાલ જેઠાલાલ શ્રીધરાણીનો જન્મ ભાવનગર પાસેના ઉમરાળા ગામમાં 1911માં થયો હતો. તેમણે ભાવનગરની દક્ષિણામૂર્તિ, ગૂજરાત વિદ્યાપીઠ અને વિશ્વભારતી- શાંતિનિકેતનમાં પણ અભ્યાસ કર્યો હતો. 1930ની ઐતિહાસિક દાંડીકૂચના સૈનિક તરીકે તેમની પસંદગી થઈ અને એક સૈનિક તરીકે તેમણે ધરપકડ વહોરી જેલવાસ પણ વેઠ્યો હતો. તેઓ કલકત્તા નજીક આવેલા રવીન્દ્રનાથ ટાગોરના શાંતિનિકેતનમાં અભ્યાસ માટે દાખલ થઈ 1933માં સ્નાતક થઈ આવ્યા હતા. બીજે જ વર્ષે અમેરિકાગમન કર્યું અને 1935માં તેમણે સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્રમાં એમ.એ. તથા પત્રકારત્વમાં 'માસ્ટર ઑફ સાયન્સ'ની પદવી પ્રાપ્ત કરી પત્રકારનો વ્યવસાય સ્વીકાર્યો. 1964માં ભારત આવ્યા પછી એમની પ્રમુખ પ્રવૃત્તિ પત્રકારત્વ રહી. 1964માં રાજકોટ ખાતે મળેલી ગુજરાતી સાહિત્ય પરિષદના ઇતિહાસ અને અર્થશાસ્ત્ર વિભાગના પ્રમુખ અને 1958નો રણજિતરામ સુવર્ણચંદ્રક મરણોત્તર એનાયત થયો હતો. તેઓ જાણીતા પત્રકાર તો હતા; પરંતુ, કવિતા, નાટક, વાર્તા તેમજ અનુવાદકાર્ય કરી મહત્ત્વનું પ્રદાન આપ્યું છે. આ ઉપરાંત તેમણે અંગ્રેજીમાં સાહિત્યલેખન કર્યું હતું.

તેજસ્વી પ્રતિભા ધરાવતા શ્રીધરાણીનો 1934માં પ્રથમ કાવ્યસંગ્રહ 'કોડિયાં' (1939, સં.આ.1957)પ્રગટ થયો હતો. તેમણે કલાપીની જેમ નાની ઉંમરથી લોકહૃદયને સ્પર્શે તેવી સચોટ અને પ્રાસાદિક કાવ્યરચનાઓ કરી હતી. તેમનો બીજો કાવ્યસંગ્રહ 'પુનરપિ' (1961)મરણોત્તર પ્રકાશિત કાવ્યસંગ્રહ છે. સુદીર્ઘ પરદેશવાસના કારણે તેમની કવિતા સ્પષ્ટપણે બે ભાગમાં વહેંચાઈ જાય છે. 'કોડિયાં'ની કવિતાની મુખ્ય અનુભૂતિઓ ત્રણ છે : (1) ગાંધીજીવન દૃષ્ટિથી જન્મેલું સંવેદન (2) સ્વાતંત્ર્ય ઝંખના (3) પ્રેમ. તેમની રચના ભાવના, વાસ્તવ અને રચના સૌષ્ઠવને લીધે તેમની પૂર્વકાલીન કવિતા સંતપર્ક બની છે. જયારે ઉત્તરકાલીન કવિતામાં કવિ સમક્ષ સૌથી મોટી સમસ્યા અભિવ્યક્તિની ઊભી થાય છે. તેમની કવિતા તરફ ઇન્દ્રિયગ્રાહ્યતા, બુલંદ ભાવનામયતા અને જીવનના વાસ્તવને રજૂ કરવાની સ્વાભાવિક પકડ આકર્ષિત કરનારા પરિબળો છે. 'આઠમું

દિલ્હી', 'બુદ્ધનું પુનરાગમન' તથા 'પુનરપિ'ની રચનાઓ તથા કેટલાંક સુંદર બાળકાવ્યો પણ આપ્યાં છે.

શ્રીધરાણીએ નાનાંમોટાં મળી સોળ નાટકો લખ્યાં છે. 'વડલો', 'પીળાં પલાશ', 'પિયાગોરી', 'મોરનાં ઈંડાં', 'પદ્મિની' તેમના ગ્રંથસ્થ નાટકો છે. 'પીળાં પલાશ'માં સંગૃહિત બાળનાટકોમાં રંગદર્શિતા, કલ્પકતા, ઊર્મિતત્ત્વ અને ધ્વનિમયતા દૃષ્ટિગોચર થાય છે. રવીન્દ્રનાથના સૂક્ષ્મ રહસ્યલક્ષી નાટકોની છાયા શ્રીધરાણીમાં મળે છે. 'બાળારાજા' તેમનું ઉત્તમ બાળનાટક છે. 'પદ્મિની' ઈતિહાસના વસ્તુને માનસશાસ્ત્રીય દૃષ્ટિએ મૂલવતું પક્વ સર્જન છે. 'પિયાગોરી' અને 'ડૂસકું'માં થયેલો નાટ્યતત્ત્વ અને કાવ્યતત્ત્વનો સુમેળ એમને રમણીયતા પ્રદાન કરે છે. ત્રિઅંકી નાટક 'મોરનાં ઈંડાં' સામાજિક નાટક છે.

જેલવાસ દરમ્યાન શ્રીધરાણીએ 'ઇન્સાન મિટા દૂંગા' નામની ટૂંકી નવલકથા તેની સાથે આઠ વાર્તાઓ 'ઈન્સાન મિટા દૂંગા ને બીજી વાતો'માં પ્રગટ થઈ છે. એમણી 'આપણી પરદેશ નીતિ' વિશે એક અભ્યાસગ્રંથ લખ્યો છે. આ ઉપરાંત 'વોર વિધાઉટ વાયોલન્સ', માય ઇન્ડિયા, માય અમેરિકા', 'ધ બિગ ફોર ઑવ ઇન્ડીયા', 'વોર્નિંગ ટુ ધ વેસ્ટ', 'ધ મહાત્મા એન્ડ ધ વર્લ્ડ', 'જનરલ નોલેજ એન્સાઈક્લોપીડિયા', 'સ્ટોરી ઓવ ધી ઇન્ડિયન ટેલિગ્રાફ', 'ધ જર્નાલિસ્ટ ઈન ઇન્ડિયા' 'સાયકલ ળોમ કાશ્મીર' જેવા અનેક અંગ્રેજી ગ્રંથો પણ આપ્યા છે.

(બ) **સ્વરૂપ-પરિચય**

'ભાવ, લાગણી કે વિચારના સંગીતમય અને કાવ્યમય ઉદ્ગારને ગીત કહેવાય છે. જેને આપણે સાદી રીતે 'ગવાય તે ગીત' કહીએ છીએ; પરંતુ, કેટલાંક ગીત એવાં પણ હોય જે ગવાય નહીં; પણ, વંચાય કે ઊંચા સ્વરે બોલાય. શાસ્ત્રીય રીતે ગીતના બે વિભાગ પાડી શકાય એક લોકગીત અને બીજું શિષ્ટ ગીત.

અહીં આપણે કથાગીત વિશે થોડી માહિતી મેળવીએ તો, કથાગીત મન, દેહ અને આત્માને સ્પર્શે તેવી તેની સ્વર-શબ્દ અને લય-લીલા લોકમાનસને હૈયે ને હોઠે ચડે તેવી પંક્તિ-ટેકનો ઉપાડ તથા લોકહૃદયને પરંપરાના અનેક યુગોથી સૈકાઓથી સાહિત્યને સાંકળે છે. આ કથાગીતોમાં લાઘવ અને સ્વાભાવિક સ્વર-નાદ પ્રક્રિયા ગેયતા સરળતાને છતી કરતી હોય છે. વૈશ્વિક જગતના હાવભાવ, ફેરફારો અને મનની ગડમથલો આશા-નિરાશા, મિલનની ઝંખના વગેરેનાં વર્ણનો કથાગીતના વિષય બની રહે છે. કથાગીતમાં ધ્વનિ-વ્યંજતાલક્ષીતા, પાત્રના ભાવસંવેદનો અને વિષયવસ્તુ ભાવાર્થને કથાસંદર્ભે વર્ણિત કરતું સંસાર સમાજનું ચિત્રણ તેનાં વિલક્ષણ તત્ત્વો છે. ચિત્રાત્મક કલ્પનાત્મક અને સંવાદાત્મક વર્ણનકળા એનું કાવ્યતત્ત્વ બને છે.તેમાં સુશ્લિષ્ટ સઘન કથાવેગ હોય છે, જ્યારે નાટ્યાત્મકતાનો ગુણ કથાગીતનું પ્રધાન લક્ષણ છે. કથાગીતમાં પ્રસંગની ચમત્કૃતિ જ મન, હૃદયને એક રાગાત્મક પ્રક્રિયામાં જકડી રાખે છે.

આમ, સમગ્ર રીતે કથાગીતમાં કથાતત્ત્વ પ્રસંગ કે ઘટનાનું નિરૂપણ હોય, જે ઘટનામાં ગીતપ્રધાન ગેય સ્વરલયમાં ઢાળી સંકલના કરી હોય છે. કથાગીતમાં કથાનું ઊર્મિ-સંવેદન ગીતપ્રધાન લયમાં હોય છે. જીવનનું સારભૂત રહસ્ય-ચિંતન-દર્શન કથાગીતના પ્રત્યેક લયાત્મક શબ્દમાં પારદર્શકરૂપે નિખરે છે.

### (ગ) વિશેષ વાચન

- આ કવિ અને તેની કવિતાના વિસ્તૃત અભ્યાસ માટે તેમના કાવ્યસંગ્રહ 'કોડિયાં' અને 'પુનરપિ'નો અભ્યાસ કરો.
- જયન્ત પાઠકના 'આધુનિક કવિતાપ્રવાહ' ગ્રંથનો અભ્યાસ કરો.
- રવીન્દ્રનાથ ટાગોરની સર્જકતા અને ગાંધીજી સામાજિક નિસ્બતનો તાગ મેળવવા આ બન્ને યુગપુરુષની કાળ અસરને તપાસો.
- ગાંધી-અનુગાંધી યુગની કવિતાના સ્થિત્યંતરનો સવિશેષ અભ્યાસ કરો.

### - ટિપ્પણ

- નૈવેદ્ય - પ્રસાદ; દેવને ધરાવેલી ખાવાની વસ્તુ
- મહાલો - મહાલય; મહેલ; પવિત્ર ધામ; મંદિર
- પાષાણ - પથ્થર
- એરણ - અમૂક આકારનું લોખંડનું ગચિયું, જેના ઉપર લુહાર વગેરે ઘડવાનું ઘડે છે.
- નીંદર - નિંદ્રા, ઊંઘ; નીંદ
- ટાઢ - ઠંડી
- અર્ઘ્ય - મૂલ્યવાન; પૂજ્ય; સન્માનિત
- નવરા - નકામો
- ધૂપ - સુગંધી દ્રવ્ય; તડકો

### - સંદર્ભસૂચિ


- કૃષ્ણલાલ શ્રીધરાણી — કોડિયાં, 1934 સં.આ. 1957, 1972, 2004\
- ઉમાશંકર જોશી — 'કોડિયાં' કવિ શ્રીધરાણી – શ્રીધરાણીની કવિતા (પ્રસ્તાવના),1957<br>નિરીક્ષા : વિવેચન, 1960<br>શૈલી અને સ્વરૂપ, 1960
- જયન્ત પાઠક — આધુનિક કવિતાપ્રવાહ, 1965
- ડૉ. ચિનુ મોદી — ગ્રંથકાર શ્રેણી : કૃષ્ણલાલ શ્રીધરાણી (સંપા. રમણલાલ જોશી), 1979
- ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ — રાજેન્દ્ર-નિરંજન યુગની કવિતા : શોધનિબંધ, 1982
- ડૉ. તૃષિત પારેખ — શ્રીધરાણીનાં કાવ્યો અને નાટકો - શોધનિબંધ, 1985
- ડૉ. રમેશ એમ. ત્રિવેદી — અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, 1994
- રમણ સોની — ભારતીય સાહિત્યના નિર્માતા : કૃષ્ણલાલ શ્રીધરાણી, 1998
- હરીશ વટાવવાળા — સર્જક-પ્રતિભા શ્રેણી : કૃષ્ણલાલ શ્રીધરાણી, 2011


---


**લેખન :** ડૉ.હેતલ ગાંધી (આસિસ્ટન્ટ પ્રોફેસર-ગુજરાતી વિભાગ)

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ


---

એકમ 2

# મને એ સમજાતું નથી

- કરસનદાસ માણેક

રૂપરેખા :


2.1 ઉદ્દેશો
2.2 પ્રસ્તાવના
2.3 કૃતિ
2.4 કૃતિનો સારાંશ
2.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન
2.6 વસ્તુલક્ષી કસોટી
2.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ
2.8 પુનરાવલોકન
2.9 લેખનપ્રવૃત્તિ
2.10 વિશેષ અધ્યયન
- કવિ-પરિચય
- સ્વરૂપ-પરિચય
- વિશેષ વાચન
- ટિપ્પણ


## 2.1 ઉદ્દેશો :

આ કવિતાના અભ્યાસ દ્વારા તમે -

- કુદરતનું રહસ્ય સમજી શકશો.
- ગુજરાતી પદ્યસાહિત્યની એક અનવદ્ય કૃતિનો આસ્વાદ કરશો.
- ગઝલના સાહિત્ય સ્વરૂપનો ખ્યાલ મેળવશો.
- સમાજમાં રહેલી અસમાનતા વિશે વિચાર કરતા થશો.
- શ્રીમંત અને ગરીબોના જીવન વિશે જાણશો.
- કવિની બીજી કવિતાઓનો અભ્યાસ કરશો.

## 2.2 પ્રસ્તાવના :

મધ્યકાલીન કવિઓની મુખ્યત્વે પ્રેમ, ભક્તિ અને જ્ઞાનની કવિતાનો પરિચય તમે મેળવ્યો છે. આવા ભાવો અર્વાચીન કવિઓ કેવી રીતે કાવ્યમાં અભિવ્યક્ત કરે છે, તે આ કવિતામાં જોઈ શકાય છે. ગઝલનું સ્વરૂપ આપણે ત્યાં અરબી-ફારસીમાંથી આવ્યું છે. આ સ્વરૂપમાં ઢળાયેલી કવિતાનો મિજાજ આગવો હોય છે.

આ કવિના ઘડતરનો સમય રાષ્ટ્રીય પુનરુત્થાનનો સમય હતો. દેશની ગુલામી, અજ્ઞાનતા, ગરીબી અને વિષમતાને ફેડવા માટે પ્રજામાં જાગૃતિ લાવવાની જરૂર હતી. આ કવિતામાં એક સઘન ચિંતનસભર વિચાર રજૂ થયો છે. સમાજની વિષમતા, શ્રીમંત-

ગરીબો વચ્ચેની અસમાનતા તરફ કવિને રોષ છે. ગુસ્સો છે. કુદરતની લીલા કવિને સમજાતી નથી. તે સમજવાનો પ્રયાસ કવિ કવિતાના માધ્યમ દ્વારા કરે છે. સમાજમાં નવસર્જન લાવવાની તેમની ઈચ્છા છે. સર્જક સમાજમાં પરિવર્તન લાવવા સક્ષમ છે. તેમની કલમમાં એવી તાકાત છે. જે આ કવિતાના બળકટ શબ્દોમાં આપણે જોઈ શકીએ છીએ.

**2.3 કૃતિ :**

### મને એ સમજાતું નથી

મને એ જ સમજાતું નથી કે આવું શાને થાય છે :
ફૂલડાં ડૂબી જતાં ને પથ્થરો તરી જાય છે !
ટળવળે તરસ્યાં, ત્યાં જે વાદળી વેરણ બને,
તે જ રણમાં ધૂમ મુસળધાર વરસી જાય છે !
ઘર-હીણાં ઘૂમે હજારો ઠોકરાતાં ઠેર ઠેરઃ
ને ગગનચુમ્બી મહાલો જનસૂનાં રહી જાય છે !
દેવડીએ દંડ પામે ચોર મુઠ્ઠી જારના,
લાખ ખાંડી લૂંટનારા મહેફિલે મંડાય છે !
કામધેનુને મળે ના એક સૂકું તણખલું,
ને લીલાંછમ ખેતરો સૌ આખલા ચરી જાય છે !
છે ગરીબોના કૂબામાં તેલ ટીપુંય દોહ્યલું :
ને શ્રીમંતોની કબર પર ઘીના દીવા થાય છે !

**- કરસનદાસ માણેક**

**2.4 કૃતિનો સારાંશ :**

ગાંધીયુગના કવિઓની કવિતાઓમાં રાષ્ટ્રભક્તિની સાથે સાથે દીનદુઃખી તરફની સંવેદના પણ અભિવ્યક્ત થતી હતી.

કવિ કરસનદાસ માણેક કહે છે કે આ સમાજના નિયમોમાં અસંગતિ જોવા મળે છે. તેના નિયમો જુદા જ છે. સાવ હળવાં હોવા છતાં ફૂલડાં પાણીમાં ડૂબી જાય છે અને વજનદાર પથ્થરો ડૂબવાના બદલે તરી જાય છે. એનું રહસ્ય મને સમજાતું જ નથી. કવિ પ્રશ્ન પૂછે છે કે આવું કેમ થાય છે ?

કવિને મેઘરાજાની ગણતરી સમજાતી નથી. જ્યાં લોકો પાણી માટે ટળવળતા હોય. તરસ્યા હોય ત્યાં વાદળી વેરણ બની જાય છે. એટલે કે ત્યાં વરસતી નથી, અને રણમાં કે જ્યાં વરસાદ હોય જ નહીં, લોકોને આશા જ ન હોય ત્યાં વાદળી વરસી જાય છે.

મુંબઈ, કલકત્તા જેવાં મોટાં શહેરો માટે એવું કહેવાય છે કે ત્યાં ઓટલો ન મળે, રહેવાનું ન મળે. પરંતુ રોટલો મળે એટલે કે રોટી મળી જાય. આવા ઘરવિહોણા હજારો લોકો ચારે બાજુ ઘૂમતા હોય છે. ઠેર ઠેર ઠોકરો ખાતા હોય છે. તેના વિરોધાભાસમાં આવાં મોટાં શહેરોમાં અનેક ગગનચૂંબી ઈમારતો હોય છે. જેમાં રહેવાવાળા માનવીઓ ઓછા હોય છે, ઈમારતો બિલકુલ જનસૂની રહી જતી હોય છે એટલે કે એમાં કોઈ માણસો રહેતા જ હોતા નથી.

ન્યાયની પ્રક્રિયા પણ હવે પહેલાં જેટલી વિશ્વસનીય રહી નથી. તેના પર કટાક્ષ કરતાં કવિ કહે છે કે મુઠ્ઠીભરના ચોરને, એટલે કે સામાન્ય વસ્તુની ચોરી કરનાર ચોરને સજા થાય છે, ન્યાયની દેવડીએ તે દંડાય છે. જ્યારે લાખો રૂપિયા લૂંટનાર, ઘાલમેલ, ગોટાળા, લાંચરૂશવત કરનારને કોઈ પ્રકારની સજા થતી નથી. તેઓ નીડરતાથી સમાજમાં ફરતા હોય છે. મહેફિલો કરે છે.

કામધેનુ ગાયને ભોજન કરવા માટે એક સૂકું ઘાસનું તણખલું પણ મળતું નથી. મળવું મુશ્કેલ હોય છે. જ્યારે તેના વિરોધાભાસમાં આખલાને ચરવા માટે સહેલાઈથી લીલાંછમ ખેતરો મળી જ રહે છે.

છેલ્લે કવિ આ બધી જ વાતની શિરમોર સમી વાત કરતાં કહે છે કે સમાજમાં આવો વિરોધાભાસ ચરમસીમા પર પહોંચ્યો છે. ગરીબોને તેમના શરીર ટકાવવા માટે બે સમયનું ભોજન પણ મળતું નથી. તેમના કૂબામાં એક તેલનું ટીપું પણ દોહ્યલું હોય છે, એટલે કે એટલું તેલ પણ મળતું નથી. જ્યારે શ્રીમંતો મૃત્યુ પામે છે ત્યારે તેમની કબરો પર ઘીના દીવા પ્રગટાવવામાં આવે છે. આવો વિરોધાભાસ આપણા સમાજમાં પ્રવર્તતો જણાય છે.

**2.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન :**

'મને એ જ સમજાતું નથી કે આવું શાને થાય છે.' કવિ હૃદય સંવેદનશીલ, કોમળ હોય છે, સાથે સાથે કવિ વિચારક પણ હોય છે. તેથી સ્વાભાવિક રીતે જ સમાજના લોકોની સ્થિતિ જોઈ વિચાર કરતા હોય છે અને તેમની વેદના ધારદાર શબ્દો દ્વારા વ્યક્ત કરીને બીજા લોકોને પણ વિચાર કરવા મજબૂર કરે છે. આપણે બધા જ જાણીએ છીએ કે ફૂલ વજનમાં હળવાં હોય છે. તેને પાણીમાં નાખીએ તો એ કયારેય ડૂબે જ નહીં; તરતાં જ રહે પરંતુ સમાજમાં એવી વિષમતા ઊભી થઈ છે કે જે ડૂબે જ નહીં તે ડૂબી જાય છે અને જે ડૂબી જશે જ એવું આપણને લાગતું હોય તે તરી જાય છે, એને કશું જ થતું નથી. ત્યારે કુદરતી ન્યાય તરફનો આપણો વિશ્વાસ ડગી જાય છે. કુદરતી ન્યાય તો બધા જ માટે એક સરખો હોવાનો પણ અહીં કવિને તેમાં પણ વિરોધાભાસ થતો જોવા મળે છે, જેમ માતા માટે તેના દરેક સંતાન એક સમાજ જ હોય તેમ કુદરત, વાદળી દરેકને એકસમાજ પાણી આપે પરંતુ તે અમૂક લોકોને પાણી માટે ટળવળતાં મૂકી દઈને રણમાં ધૂમ મુસળધાર વરસી જાય છે.

ગાંધીયુગમાં જેવી સમાજ વ્યવસ્થા હતી એવી જ સમાજવ્યવસ્થા આજે પણ જોવા મળે છે કે ઘરવિહોણા અનેક લોકો માટે આકાશ જ છત બની રહેતું હોય છે. એની સામે અનેક ગગનચુંબી ઈમારતોમાં કોઈ રહેતું જ ન હોય. કવિને આવી પરિસ્થિતિથી દુઃખ થાય છે અને સાથે-સાથે આક્રોશ પણ જોવા મળે છે.

**'જેવી કરે છે કરણી, તેવી તુરત ભરે છે,**
**બદલો ભલાબૂરાનો, અહીંનો અહીં મળે છે.'**

આપણે આ સમજથી જ કદાચ ખોટા, ખરાબ કૃત્ય કરતાં અટકી જતા હોઈએ છીએ. અહીં કવિને સતત એવો જ અનુભવ થાય છે કે 'ન્યાય નીતિ સૌ નાનાને મોટાંને સૌ માફ.' નાનકડી ચોરી કરનાર પકડાઈ જાય અને મોટી સજા ભોગવે જ્યારે લાખો ખાંડીની લૂંટ કરનારને કોઈ પ્રકારની સજા કરવામાં આવતી જ નથી.

કામધેનું તો દેવોની ગાય છે તો પણ તેના માટે સૂકું તણખલું પણ અપ્રાપ્ય બની રહે છે. જ્યારે આખલા એટલે કે પડાવી લેનાર માટે બધું સહજ સાધ્ય બની રહે છે.

ગરીબો અને તવંગરો વચ્ચે આર્થિક અસમાનતા એ બહુ વિકટ પ્રશ્ન બની રહે છે. ગરીબોનાં બાળકોને જમવામાં તેલ પણ સ્વપ્નરૂપ હોય છે, જ્યારે શ્રીમંતો તો મૃત્યુ પામ્યા પછી પણ ઘીના દીવાનું સન્માન મેળવી જતા હોય છે.

કવિને આ પરિસ્થિતિ સ્વીકાર્ય નથી, તેના તરફ ઊંડો રોષ છે, જે તેમની કલમ બહુ સારી રીતે અભિવ્યક્ત કરે છે. ગાંધીયુગના સર્જકોના સર્જનમાં, કવિતા, નવલકથા, ટૂંકીવાર્તા, નાટકોમાં આર્થિક, સામાજિક અસમાનતાના કારણે સમાજમાં ઊભા થતા વિવિધ પ્રશ્નો વિષય તરીકે આવે છે. ઉમાશંકર જોશી, સુંદરમ્‌ની કવિતામાં આવી વિષમતા, અસંગતિ જોવા મળે છે, કવિના હૃદયની વેદના તેમનો આક્રોશ શબ્દો દ્વારા ભાવકોના હૃદય સુધી પહોંચી જાય છે.

**'દેવડીએ દંડ પામે ચોર મુઠ્ઠી જારના,**
**લાખ ખાંડી લૂંટનારા મહેફિલે મંડાય છે.'**

'છીંડે ચડ્યો તે ચોર' - એ ન્યાયે જેની ચોરી પકડાય તેને દંડ દેવાય છે. મુઠ્ઠી જારની ચોરી કરનારનો ન્યાયની દેવડીએ ન્યાય થાય છે. ત્યારે તેને દંડ થાય છે. સજા થાય છે. જ્યારે લૂંટફાટ કરનારા, લાખ ખાંડી લૂંટી લેનારા ક્યારેય પકડાઈ જતા નથી. તેની ચોરી પકડાતી નથી. તેમની મહેફિલ સતત ચાલતી જ હોય છે. સમાજમાં તેમની શાન, આબરૂ, માન કોઈ છીનવી શકતું નથી. કોઈ તેને આંગળી ચીંધતું નથી. આ તે કેવી અસમાનતા !

મોટાં મોટાં મહાનગરો ગગનચુંબી ઈમારતોથી ઓળખાય છે. આવી ઈમારતો નગરો માટે શોભારૂપ બની રહે છે. જ્યારે હજારો લાખો લોકો આમતેમ ઘૂમતા, ઠોકર ખાતા ઠેર ઠેર જોવા મળે છે. જેમના માથા પર છત નથી અને કદાચ આજીવન તેમની આ સ્થિતિ જ રહેવાની છે. આવી અસમાનતા કેમ છે ? તેવો પ્રશ્ન કવિના ચિત્તમાં ઊભો થાય છે અને પરિણામ સ્વરૂપ કવિતાની રચના થાય છે.

કવિને જ્યાં જ્યાં અસમાનતા જોવા મળે છે, ત્યાં ત્યાં પ્રશ્નો થાય છે. જે પ્રશ્નોના કદાચ કોઈ જ જવાબ આપણી કોઈ પાસે નથી. દરેક યુગમાં કદાચ આવા જ પ્રશ્નો ઊભા થવાના. જેનું કોઈ નિરાકણ મળતું નથી; જવાબો મળતા નથી.

આવી જ વેદના વ્યક્ત કરતા કવિ સુંદરમ્ 'ઘણ ઉઠાવ' કાવ્યમાં હાથમાં રહેલા ઘણને આજ્ઞા આપે છે. કવિને આ ઘણથી ઘણું ભાંગી નાખવું છે, ઘણાનો વિનાશ કરવો છે. ગરીબી, અજ્ઞાનતા, વિષમતા, ગુલામી વગેરે જેવાં દૂષણોનાં મૂળિયાં ઘણાં ઊંડાં પ્રસરેલાં છે. કવિ આવાં દૂષણોનો નાશ કરવા માગે છે. કવિ એટલા બધા આવેશમાં આવેલા છે કે તે સમયે ગમે તેવી પરિસ્થિતિ સર્જાય તેની તેમને પરવા નથી.

ચારે બાજુ જડતા, વિષમતા, અંધાધૂંધી વ્યાપેલી હોય ત્યારે એ પરિવેશમાં કવિચિત્ત ગૂંગળામણ અનુભવે છે. સમાજમાં વ્યાપેલી બદીઓ જ્યારે કાળો કરે વર્તાવે ત્યારે આ બદીમાંથી મુક્ત થવા માટે એ બદીને જ પાયામાંથી ખલાસ કરી દેવી એ જ ઉપાય છે. તેનો સજ્જડ પ્રતિકાર થાય તે બહુ આવશ્યક છે. સમાજને જો વ્યવસ્થિત, ઉત્તમ બનાવવો હોય તો પહેલાં તેના સડા ઉપર જ પ્રહાર કરવો જોઈએ. તો જ તેમાંથી ઉત્તમ ઉગી નીકળશે.

**2.6 વસ્તુલક્ષી કસોટી :**

(ક) તમારી પ્રગતિ ચકાસો.

1. કવિને શું સમજાતું નથી ?
2. ફૂલડાં શા માટે ડૂબી જાય છે ?
3. પથ્થરો ડૂબવાના બદલે કેમ તરે છે ?
4. મુશળધાર, ધોધમાર વરસાદ ક્યાં પડે છે ? શા માટે ?
5. દેવડીએ કોને દંડ અપાય છે ? શા માટે ?
6. કોણ મહેફિલો સજાવે છે ?
7. કામધેનુને શું મળતું નથી ?
8. આખલાઓ શું ચરી જાય છે ?
9. ગરીબોની આર્થિક સ્થિતિ કેવી છે ?
10. ગરીબોની સ્થિતિનું વર્ણન કયા શબ્દોમાં થયું છે ?
11. શ્રીમંત લોકો મૃત્યુ પામે પછી શું થાય છે ?
12. ગગનચુંબી મહેલોમાં કોણ રહે છે ?
13. મહાનગરોમાં ગરીબ લોકોની કેવી હાલત થાય છે ?

(ખ) તમારી પ્રગતિ ચકાસો.

નીચેનાં વાક્યો સાચાં છે કે ખોટાં જે તે વિધાનના અંતે આપેલા ખાનામાં ખરા વિધાન સામે (√) અને ખોટા વિધાન સામે (×) ની નિશાની કરી જણાવો.

1. કવિ કહે છે કે પુષ્પો પાણીમાં ડૂબી જાય છે. □
2. મહાનગરોમાં ગરીબ લોકોને રહેવા માટે ઘર મળતાં નથી. □
3. શ્રીમંત લોકોની કબર પર કોઈ દીવા પણ કરતું નથી. □
4. ગરીબ લોકોના કૂબામાં તેલનું ટીપું પણ હોતું નથી. □
5. પથ્થરો પાણીમાં કેમ તરે છે તેનું આશ્ચર્ય છે. □
6. રણમાં મૂશળધાર વરસાદ પડે છે. □
7. લાખો રૂપિયા લૂંટનારને સજા થાય છે. □
8. આખલાને સૂકું તણખલું પણ મળતું નથી. □

(ક) તમારી પ્રગતિ ચકાસો.

નીચેનાં વિધાનોના સાચા ઉત્તર માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.

1. કવિને એ જ સમજાતું નથી કે...

અ. પથ્થરો પાણીમાં ડૂબે છે.

બ. ફૂલડાં શા માટે ડૂબી જાય છે ?

ક. માનવીઓને તરતાં આવડે છે.

2. ન્યાયાલયમાં સામાજિક અસમાનતાના કારણે...

અ. બહેનોને સજા થાય છે.

બ. વકીલો કામ કરતા નથી.

ક. મુઠ્ઠી જાર જેવી ચોરી કરનારને દંડ થાય છે.

3. ગરીબો અને શ્રીમંતો વચ્ચે આર્થિક અસમાનતાના કારણે...
   અ. ગરીબોના કૂબામાં તેલનું ટીપું પણ મળતું નથી.
   બ. વાદળી વેરણ બને છે.
   ક. શ્રીમંતો ગરીબ હોય છે.

### 2.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ :

કરસનદાસ માણેકની આ ગઝલ જાણીતી છે. ગઝલમાં સામાન્ય રીતે પ્રાસ (રદીફ, કાફિયા)નું મહત્ત્વ હોય છે. સમગ્ર ગઝલમાં સાદ્યંત એક જ અર્થ કે ભાવ છે. અર્થ અને ભાવના સંદર્ભમાં એકતાનો અનુભવ થાય છે. આ ગઝલમાં છ શેર છે. સમગ્ર રચનામાં ભાવ અને અર્થની સગ્રથિત, સુશ્લિષ્ટ એકતા છે. સ્વર અને વર્ણની સમતુલાની જેમ અર્થ તથા ભાવની સમતુલા પણ છે.

'મને એ જ સમજાતું નથી કે આવું શાને થાય છે.' - થી આરંભાયેલી આ ગઝલના પ્રત્યેક શેરમાં કવિએ સમાજની વિરોધાભાસી પરિસ્થિતિનું આલેખન કર્યું છે. તરી જાય છે !, વરસી જાય છે !, રહી જાય છે !, ચરી જાય છે ! જેવા પ્રાસ કવિએ મેળવ્યા છે. બે શેરમાં 'મહેફિલે મંડાય છે ! અને ઘીના દીવા થાય છે !' અંતે મૂકાયું છે.

કામધેનુ અને આખલાની વાત કરતાં કવિ સમાજના બે અંતિમોની વાત સહજતાથી કરી જાય છે. 'લીલાંછમ ખેતરો' ચરી જાય છે, દ્વારા ધારદાર કટાક્ષ કરે છે. મહાનગરના જીવનની વાત ઘરવિહોણા લોકોની વેદના કવિને સ્પર્શી ગઈ છે.

છેલ્લા શેરમાં કવિ કહે છે,

**'છે ગરીબોના કૂબામાં તેલ ટીપુંય દોહ્યલું;**
**ને શ્રીમંતોની કબર પર ઘીના દીવા થાય છે !'**

ગઝલ સાહિત્ય માટે અને ગુજરાતી કવિતા માટે આ શેર બહુ જ યાદગાર બની રહ્યો છે. બહુ જ વેધક કટાક્ષ દ્વારા વિરોધાભાસી પરિસ્થિતિનું આલેખન થયું છે. આવી સામાજિક પરિસ્થિતિમાં પરિવર્તન લાવવું જરૂરી છે પણ તે શક્ય છે ખરું ?

### 2.8 પુનરાવલોકન :

(ઘ) તમારી પ્રગતિ ચકાસો.
   1. કવિએ આ કાવ્યમાં શાનું આલેખન કર્યું છે ?
   2. કવિ હૃદયમાં શાની વેદના છે ?
   3. સમાજમાં ગરીબ લોકોને કેવો અન્યાય થાય છે ?
   4. કુદરત પણ ભેદભાવ રાખે છે તેવો અર્થ કઈ પંક્તિઓમાં પ્રગટ થયો છે ?
   5. ગઝલનો છેલ્લો શેર કયો છે ?

### 2.9 લેખનપ્રવૃત્તિ :

ગાંધીયુગમાં રચાયેલાં સામાજિક અસમાનતા વિષયનાં કાવ્યોનો પરિચય મેળવો. આવી કવિતા દ્વારા સામાજિક સમતા આવી શકે ખરી ? તમે તેમાં કેવી રીતે સહાયરૂપ થઈ શકો તેનો વિચાર કરો. આવું સાહિત્ય રચવા પ્રયત્ન કરો.

**2.10 વિશેષ અધ્યયન :**

- **કવિ પરિચય :**

કરસનદાસ નરસિંહ માણેકનું ઉપનામ 'વૈશંપાયન' છે. આ ઉપરાંત 'પદમ' અને 'વ્યાસ' પણ તેમનાં ઉપનામ છે. તેમનો જન્મ અઠ્યાવીસમી નવેમ્બર, 1901માં થયેલો. વીસમી સદીના આરંભમાં જ જન્મેલા આ કવિનું મૃત્યુ 1978માં વડોદરામાં થયું હતું. કવિ, વાર્તાકાર અને નિબંધકાર તરીકે જાણીતા થયેલા કરસનદાસ માણેક જામનગર જિલ્લાના હડિયાણા ગામના વતની હતા. તેમનો જન્મ હાલમાં પાકિસ્તાનમાં છે તે કરાંચીમાં થયેલો. તેમનું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ પણ ત્યાં જ સંપન્ન થયું હતું.

તેમના જીવનનો સમય ભારત માટે બહુ કટોકટીનો હતો. આખો દેશ ગુલામીની જંજીરોમાં જકડાયેલો હતો. અસહકારની ચળવળના સમયમાં કરાંચીથી ઈન્ટરનો અભ્યાસ છોડી 19૨1માં ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાયા. પરીક્ષા આપ્યા વિના 1923માં ફરી કરાંચી ગયા. ત્યાંની ડી.જે કૉલેજમાં દાખલ થઈ 1927માં સંસ્કૃત-અંગ્રેજી વિષયો સાથે બી.એ. થયા. 1939 સુધી ત્યાંની બે હાઈસ્કૂલમાં આચાર્ય તરીકે કાર્યરત રહ્યા. એ સમયગાળામાં એક વર્ષ 'ડેલી મિરર' નામનું અંગ્રેજી દૈનિકપત્ર ચલાવ્યું. 1930 અને 1932માં જેલવાસ ભોગવ્યો. 1939થી 'જન્મભૂમિ'ના તંત્રી વિભાગમાં સેવા આપવાની શરૂ કરી. મુબંઈમાં વસવાટ કર્યો. 1948 થી જન્મભૂમિ ટ્રસ્ટના 'નૂતન ગુજરાત'ના તંત્રી થયા. 1950માં એ બંધ પડતાં 1951 થી 'સારથિ' સાપ્તાહિક અને પછી 'નચિકેતા' માસિક શરૂ કર્યું.

કરસનદાસ માણેક આમ તો કવિ પણ વાર્તા, નિબંધ, ચરિત્ર જેવાં સાહિત્ય સ્વરૂપોમાં પણ એમણે ખેડાણ કર્યું છે. સૉનેટ, અંજનગીત, ગેયકાવ્ય, મરાઠી સાજી, ખંડકાવ્ય જેવા કાવ્યપ્રકારોને વાહન બનાવીને તેમણે તદ્અનુસાર ભાવ, વાણી અને છંદના પ્રયોજનમાં સફળતા મેળવી છે. તેમના સાહિત્ય સર્જનમાં 'પ્રેમધનુષ્ય', 'અહો રાયજી સુણિયે', 'મધ્યાહ્ન', 'રામ તારો દીવડો', 'શતાબ્દીનાં સ્મિતો અને અશ્રુઓ' વગેરે કાવ્ય સંગ્રહો, 'માલિની', 'રામઝરૂખે બૈઠ કે', 'તરણા ઓઠે' વગેરે વાર્તા સંગ્રહો, 'પ્રકાશનાં પગલાં', 'દિવ્ય વાર્તાઓ', 'અમર અજવાળાં', 'રઘુકુળ રીતિ' વગેરે ધર્મ-પુરાણ-બોધકથાઓ, 'કળીઓ અને કુસુમો', 'ગીતાવિચાર', 'હરિનાં દ્વાર' વગેરે ધર્મ-આધ્યાત્મક અને પર્યેષણાત્મક નિબંધો ઉપરાંત 1857 થી 1942 દરમિયાન ભારતના આઝાદી જંગનો ચિતાર આપતો ગ્રંથ 'આઝાદીની યજ્ઞજવાળા' નોંધપાત્ર છે.

આ ઉપરાંત 'મહાભારતકથા' ભાગ-1, ૨, 3, 'સાહિત્ય અને પ્રગતિ', 'અધ્યાત્મદર્શન' અને 'ભર્તુહરિનિર્વેદ' જેવા ગ્રંથોનું લેખનકાર્ય કરશનદાસ માણકે કર્યું છે.

'વૈશંપાયનની વાણી'નાં કાવ્યો 'જન્મભૂમિ'માં પ્રગટ થતાં હતાં ત્યારથી જ તેમની ધારદાર, વ્યંગપૂર્ણ અભિવ્યક્તિના કારણે ખૂબ જ લોકપ્રિય બની ગયાં હતાં. 'વૈશંપાયનની વાણી' ભાગ-1-૨ માં સામ્પ્રત રાજનીતિ, રૂઢિદાસ્ય, સામાજિક અસમાનતા અને બુર્ઝવા જીવનશૈલી પર ચાબખા વીંઝાયા છે.

● **'ગઝલ'નો સ્વરૂપલક્ષી પરિચય :**

ગઝલ આપણે ત્યાં પરદેશમાંથી આવેલો કાવ્ય પ્રકાર છે. અરબી-ફારસીમાંથી આપણે ત્યાં આ સ્વરૂપ આવ્યું છે. મૂળ અરબી ભાષામાં 'ગઝલ' શબ્દનો અર્થ 'માશૂક (પ્રિયા) સાથે પ્રેમની વાતો કરવી'. એવો થાય છે. ગઝલનો ઉદ્ભવ અને વિકાસ પ્રેમના વિષય સાથે સંકળાયેલો છે. પછી એમાં સૂફીવાદી વલણ ભળે છે. ગઝલ વિષયની બાબતમાં બે પ્રવાહે વહે છે.

ગઝલનું એક સ્વરૂપ મુક્તક શૈલીનું છે. તેમાં અમૂક સંખ્યામાં શેર આવે છે. પ્રત્યેક શેર સ્વતંત્ર મુક્તક સદૃશ હોય છે. આવા સ્વતંત્ર શેરોની માળા તે ગઝલ. આવા સ્વતંત્ર શેરને સૂત્રમાં બાંધતું તત્ત્વ તેના પ્રાસ હોય છે, જેને રદીફ-કાફિયા કહેવાય છે. શેરની સંખ્યા સામાન્ય રીતે પાંચથી પંદરની વચ્ચે હોય છે.

બીજા પ્રકારની ગઝલને મુસલસલ કહે છે. તેમાં સ્વતંત્ર શેર નથી હોતો. સૉનેટની જેમ તેમાં સળંગ ભાવવિકાસ થતો હોય છે. તે સળંગ અખંડ કૃતિ હોય છે.

ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા પ્રકાશિત 'સાર્થ ગૂજરાતી જોડણી કોશ'માં ગઝલનો અર્થ આપતાં લખાયું છે, (1) ગઝલ એટલે ફારસી રાગ
(2) એ રાગનું કાવ્ય.

જો કે અહીં 'ગઝલ'નો અર્થ અભિવ્યક્ત થતો નથી. કારણ કે, ગઝલ એ કોઈ રાગનું નામ નથી અને રેખતા શબ્દ સદી પહેલા ઉર્દૂ ભાષા માટે વાપરવામાં આવ્યો હતો.

**ઉર્દૂ સાહિત્યમાં ગઝલ-(અરેબિક) (સ્ત્રીલિંગ)નો અર્થ :**

- પ્રેમની લાગણી દર્શાવવી.
- સ્ત્રીની સુંદરતાના વખાણ કરવાં.
- સ્ત્રીઓ સાથે વાતચીત કે વિવાદ કરવો.
- પ્રેમયુક્ત ભાષામાં કે કાવ્યરૂપ બોલવું.

ગઝલ એટલે પ્રેમિકા સાથે વાર્તાલાપ, ઉર્દૂ-ફારસી કવિતાનો એક વિશેષ પ્રકાર જેમાં સામાન્ય રીતે 5 થી 11 શેર હોય છે. તમામ શેર એક જ રદિફ કાફિયામાં હોય છે. દરેક શેરમાં વિષય અલગ હોય છે. પહેલા શેરને 'મત્લા' કહે છે. છેલ્લા શેરને 'મક્તા' કહે છે. જેમાં શાયર પોતાનું ઉપનામ વણી લે છે.

**- શેર :**

'શેર' એ ગઝલનો મુખ્ય એકમ છે. 'શેર' શબ્દની ઉત્પત્તિ અરબી ભાષાનાં 'શઉર' શબ્દ પરથી થઈ. જેનો શાબ્દિક અર્થ થાય છે જાણવું, પરિચિત થવું. શેર બે પંક્તિનો બનેલો હોય છે. એ બન્ને પંક્તિઓ અર્થની દૃષ્ટિએ પૂરક હોય છે. શેર લખવાની રીતમાં એક પંક્તિમાં દાવો અને બીજી પંક્તિમાં દલીલ હોય છે. ગઝલમાં દરેક શેર અર્થની દૃષ્ટિએ એકબીજાથી સ્વતંત્ર હોય છે.

**ગઝલનું બાહ્યસ્વરૂપ :**

ગઝલના બાહ્યસ્વરૂપની જ્યારે જ્યારે કોઈ ચર્ચા કરવામાં આવે છે ત્યારે શેર, મિસરા, મત્લા, મક્તા, રદીફ, કાફિયા વગેરે શબ્દો આપણને સાંભળવા મળે છે.

**મિસરા :**

શેરની બે પંક્તિને 'મિસરા' કહેવામાં આવે છે. અરબી ભાષામાં 'મિસરા' શબ્દનો અર્થ બારણાનાં બે કમાડમાંનું એક કમાડ થાય છે. શેરની પ્રથમ પંક્તિને 'ઉલા મિસરા' અને દ્વિતિય પંક્તિને 'સાની મિસરા' કહેવામાં આવે છે.

**રદીફ :**

અરબી ભાષામાં 'રદ' શબ્દ પરથી 'રદીફ' શબ્દની ઉત્પત્તિ થઈ છે. એનો અર્થ થાય છે. 'ફરીથી આવવું', 'પાછા આવવું.' ગઝલના મત્લાના શેર ઉપરાંત દરેક બીજા મિસરામાં એક કે એકથી વધુ શબ્દ વારંવાર પ્રયોજવામાં આવેલો હોય છે, તેને 'રદીફ' કહેવામાં આવે છે.

**કાફિયા :**

'કાફિયા' શબ્દની ઉત્પત્તિ અરબી શબ્દ 'કફુ' પરથી થઈ છે, જેનો અર્થ છે પાછળ આવવા માટે તૈયાર. 'કાફિયા' એક અસવારની જેમ રદીફ નામના સાથીને પોતાની પાછળ બેસાડી, ગઝલમાં દરેક શેરની પાછળ આવવા તૈયાર હોય છે. 'કાફિયા' તરીકે આવતો શબ્દ બદલાતો રહે છે. ગઝલની રચનામાં કાફિયા વિશિષ્ટ સ્થાન ધરાવે છે.

**મત્લા :**

'મત્લા' શબ્દની ઉત્પત્તિ અરબી ભાષાનાં 'તુલુ' શબ્દ પરથી થઈ છે. 'મત્લા' શબ્દ ગઝલનો ઉદય થઈ રહ્યો છે, અથવા શરૂઆત થઈ રહી છે એમ સૂચવે છે. ગઝલના પહેલા શેરને મત્લા કહેવામાં આવે છે. જેમાં બંને મિસરામાં કાફિયા રદીફની યોજનાને જાળવવામાં આવેલ હોય છે. એક ગઝલમાં ઓછામાં ઓછો એક મત્લા હોય એ જરૂરી છે. જો કે ગુજરાતી ભાષામાં કેટલાક મત્લા વગરની ગઝલો જોવા મળી છે. પરંતુ શાસ્ત્રીય દૃષ્ટિએ એ સ્વીકારી ન શકાય. ગઝલના રદીફ-કાફિયા મત્લાના શેરથી સ્થાપિત થાય છે. વળી, મત્લાથી ગઝલની શરૂઆત થાય છે. તેથી એ શેર સારો, ચોટદાર, પ્રભાવશાળી હોવો જોઈએ.

**મક્તા અને તખલ્લુસ :**

જે શેર પર ગઝલ પૂરી થાય એ શેરને 'મક્તા' કહે છે. કેટલાક વિદ્વાનો માને છે કે ગઝલના અંતિમ શેરમાં શાયરનું ઉપનામ વણી લેવાયું હોય તો જ એ શેરને મક્તા કહેવાય. ગુજરાતીમાં ઘણા આધુનિક શાયરો ઉપનામ રાખતા નથી.

**• વિશેષ વાચન :**

કરસનદાસ માણેકના સમકાલીન કવિઓનાં કાવ્યો પસંદ કરી તેને આ કાવ્ય સાથે સરખાવવાથી એ સમયની વાસ્તવિક સ્થિતિ જાણી શકાય. કવિની દેશ, સમાજ તરફની ભાવના પણ સમજી શકાય.

**• ટિપ્પણ :**

તરસ્યાં-પ્યાસાં, મુસળધાર-બહુ વધારે, વેરણ-દુશ્મન, ત્યહાં-ત્યાં, ગગનચુંબી-આકાશને સ્પર્શે તેવી

ઘરવિહોણાં-ઘર વિનાનાં, જનસૂના-માનવીઓ વિનાના, તણખલું-ઘાસનું નાની ડાળખી, દોહ્યલું-અપ્રાપ્ય

• • •

**લેખન :** ડૉ.રેખા ભટ્ટ

ગુજરાતી વિભાગાધ્યક્ષ, એમ.ટી.બી.આર્ટ્સ કૉલેજ, સુરત

એકમ 3

# ભોમિયા વિના

- ઉમાશંકર જોશી

3.1 એકમના હેતુઓ

3.2 પ્રસ્તાવના

3.3 કૃતિ

3.4 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

3.5 પુનરાવલોકન (સ્વાધ્યાય 1, 2, 3)

3.6 લેખનપ્રવૃત્તિ

3.7 વિશેષ અધ્યયન

- કર્તા પરિચય
- સંદર્ભ વાચન
- ટિપ્પણ

## 3.1 એકમનો હેતુઓ

(1) ગુજરાતી સાહિત્યની જાણીતી કવિતાનો અભ્યાસ.

(2) કાવ્યકળાની દૃષ્ટિએ કાવ્યની તપાસ.

(3) પ્રકૃત્તિ તત્ત્વોને એક કવિની દૃષ્ટિએ જોવાથી થતો લાભ.

(4) અર્વાચીન કાવ્યરચનાની ભાષાસામગ્રીનો ખ્યાલ આવશે.

## 3.2 પ્રસ્તાવના :

'ભોમિયા વિના' ગુજરાતી સાહિત્યની અત્યંત જાણીતી ગીતરચના છે. ભોમિયા વિના કવિ ભમવા નીકળી પડે ત્યારે સૃષ્ટિને કઈ રીતે પામે છે. એનું સાદગીસભર વર્ણન આ કાવ્યમાં થયું છે. કવિ જે રીતે પ્રકૃત્તિ તત્ત્વોને જુએ છે, માણે છે, આસ્વાદ કરે છે. એમાં કવિદૃષ્ટિ ઉપરાંત પ્રકૃત્તિ તત્ત્વો પણ જુદી રીતે ઊઘડીને પ્રત્યથી થાય છે. પ્રાસરચના, લયબદ્ધતા, ગેયતાને કારણે પણ આ ગીત મમળાવવું, ગણગણવું ગમે એવું છે. ભોમિયાના ભાર વિના ભમવાની કેવી મજા છે, એ તો આ ગીત માણીએ ત્યારે જ ખબર પડે.

## 3.3 કૃતિ

### ભોમિયા વિના

ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા,<br>
જંગલની કુંજ કુંજ જોવી હતી;<br>
જોવી'તી કોતરો ને જોવી'તી કંદરા,<br>
રોતાં ઝરણાંની આંખ લ્હોવી હતી.

સૂના સરવરિયાની સોનેરી પાળે<br>
હંસોની હાર મારે ગણવી હતી;<br>
ડાળે ઝૂલંત કોક કોકિલાને માળે<br>
અંતરની વેદના વણવી હતી.<br>
એકલા આકાશ તળે ઊભીને એકલો

પડઘા ઉરબોલના ઝીલવા ગયો;
વેરાયા બોલ મારા, ફેલાયા આભમાં,
એકલો અટૂલો ઝાંખો પડ્યો.

આખો અવતાર મારે ભમવા ડુંગરિયા.
જંગલની કુંજ કુંજ જોવી ફરી;
ભોમિયા ભૂલે એવી ભમવી રે કંદરા,
અંતરની આંખડી લ્હોવી જરી.
ભોમિયા વિના

**- ઉમાશંકર જોશી**

### 3.4 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન :

ઉમાશંકર જોશી રચિત આ ગીત 'ભોમિયા વિના 16 પંક્તિમાં રચાયું છે. આઠ પંક્તિના બે ખંડ અથવા તો ચાર પંક્તિના ચાર ખંડ - બંને રીતે વિભાજન કરીને માણી શકાય એમ છે. ગીતનો પ્રારંભ એક પ્રકારની શરતથી થાય છે, ભમવું છે પણ ભોમિયા વિના. શા માટે આમ ? પ્રકૃત્તિને જોવી હોય, માણવી હોય તો પોતાની દૃષ્ટિ જોઈએ, નહીં કે ભોમિયાની દૃષ્ટિ ભોમિયો બનાવે એટલું જ અને એવું જ જગત શા માટે જોવું ? ભોમિયાના નકારની સાથેસાથે પોતાની દૃષ્ટિના ઉઘાડની વાત પણ છે. બીજું 'ભમવું' છે 'ફરવું' નથી. ફરવામાં એક પ્રકારની શિસ્ત ભળી જાય છે. જ્યારે ભમવામાં અલ્લડપણું, બેફિકરાઈ છે. આ બેફિકરાઈને નકારતી રાખવા માટે પણ પ્રારંભે જ ભોમિયાનો નકાર છે. ભોમિયાના નકારની સાથે પોતાની દૃષ્ટિના સ્વીકારનું મહત્ત્વ પણ રહ્યું છે. ડુંગરા, જંગલની કુંજકુંજ બધું જ પોતાની રીતે ભમવાની કવિની અભિલાષા રહી છે.

ગીતની ત્રીજી પંક્તિમાં નવી વાત કશી નથી. કોતરો અને કંદરા પણ જોવી હતી. પણ કવિકર્મ ધરાવતી પંક્તિ ચોથી છે. ઝરણાંનું રુદન સંભળાઈ તો એની આંખેથી આંસુ લૂછવાની વાતમાં નવીનતા છે. કવિ અહીં જે કંઈ પણ વ્યક્ત કરે છે. એ ભવિષ્યના સંદર્ભમાં છે. પોતે જો ભોમિયા વિના એકલા ભમવા નીકળી પડે તો પ્રકૃત્તિ તત્ત્વો સંદર્ભે શું શું કરશે, એનું અહીં ધ્યાન છે, રજૂઆત છે.

કવિનું ભ્રમણ આગળ વધે છે. સરોવરની પાળ પર બેઠેલા હંસોની હાર ગણવાની ઈચ્છા છે. કવિને જેમ ઝરણાનું રુદન સંભળાય છે. એમ એ કોકિલાનો કંઠ પણ સાંભળી શકે છે. એ કોકિલાના માળામાં પોતાના હૃદયની વેદના વણવાની વાત કરે છે. કોકિલાનો કંઠ સાંભળ્યા પછી જે શાના વળે છે, એ જ અંતરની વેદનાને ઓછી કરી શકે છે. આમ પણ પ્રકૃત્તિથી જેટલા નજીક રહીએ મનને શાંતિ જરૂર મળે છે.

ગીતનો બીજો ખંડ અથવા તો નવમી પંક્તિ જરા ધ્યાનથી સાંભળવા જેવી છે. આ વિશાળ આકાશ તમે કવિ એકલા ઊભા છે. અહીં વિશાળ આકાશ તમે ઊભા રહીને જે ક્રિયા કરવાની છે એ અગત્યની છે. વિશાળ આકાશ તમેની એકલતા કયાં પ્રાપ્ત થાય ? એવી એકલતાનો લાભ ઉઠાવીને કવિ પોતાના ઉર-હૃદયની વાત સાંભળવાની કોશિશ કરે છે. પણ ત્યાં તો ચમત્કાર થતો હોય એમ હૃદયની વાત આમ સુધી ફેલાઈ ગઈ. મનની વાતો પ્રગટ થઈ ગઈ અને કવિ જાણે ઝંખવાણા પડતા હોય એમ ફરી એકલતાનો અનુભવ કરે છે. પ્રકૃત્તિની નજીક જવાને કારણે મનમાં સંઘરાયેલી લાગણીઓ ફૂટી નીકળે છે, મનનો ભાર કદાચ એ રીતે હળવો પણ થાય છે.

આકાશ સાથે તાદાત્મ્ય રચાયા પછી ભમવાની લાગણી ફરી તીવ્ર બને છે. કાવ્યનો આરંભ એક સંભાવનાથી થાય છે કે પ્રકૃત્તિનાં આ તત્ત્વોને કવિએ માણવા છે. પણ આકાશ તળે ઊભા રહ્યા પછી એ લાગણી પ્રબળ બને છે. ને કવિ કહે છે, ''આખો અવતાર મારે ભમવા ડુંગરિયા, જંગલની કુંજ કુંજ જોવી ફરી.'' કોઈ વખત ભમવા માટે નીકળી પડવાની શક્યતાથી શરૂ થયેલું કાવ્ય આખા અવતાર સુધી વિસ્તરે છે. અહીં પણ એક શરત આવે છે. આવા અવતાર કઈ રીતે ભમવું છે ? ભોમિયા પણ ભૂલા પડે એવી રીતે જંગલોને કંદરાઓમાં ભમવાની વાત છે. આગળ

ઝરણાંની આંખ લૂછવાની વાત હતી. એ વાતનો પણ અંતિમ પંક્તિમાં વિસ્તાર થાય છે. બાહ્ય જગતથી આંતર જગત સુધીનો વિસ્તાર થાય છે. અંતરમાં પડેલી વેદના અને એને કારણે બીજા થયેલી આંખો લૂછવી છે. પ્રકૃત્તિ નજીક રહેવાથી અંતરની પીડાનો પરિચય પણ થાય છે.

પ્રકૃત્તિ તત્ત્વોને પોતાની શરતે માણવાની વાત છે અને એ ખુમારી ઉમાશંકર જોશી જેવા કવિની જ હોઈ શકે. પ્રથમ ખંડની અંતિમ પંક્તિ 'અંતરની વેદના વણવી હતી' અને કાવ્યની અંતિમ પંક્તિ 'અંતરની આંખડી લ્હાવી જરી' - બંને પંક્તિમાં અંતર-હૃદયની વાત છે. અંતરની વેદના પ્રગટ થયા પછી આંસુ લૂછવાની વાત આવે છે. આ કયા આંસુ છે ? હર્ષનાં આંસુ છે ? 'લ્હાવી' ક્રિયાપદની સાથે સાથે 'જરી' વિશેષણ પણ આવે છે, એ પણ ધ્યાન રાખીએ ને વિચાર કરીએ.[1] બાહ્ય જગત-પ્રકૃત્તિના પરિચય દ્વારા પોતાની ઓળખ સુધી પહોંચવાની વાત પણ સંકેતાત્મક રીતે કવિ કરે છે.

**સંદર્ભ**

(1) પટેલ, મણિલાલ હ. 'પીડા વિના પ્રાપ્તિ નથી.' પરબ, જાન્યુ.-ફેબ્રુ-2011, પા. 57

પુનરાવલોકન (સ્વાધ્યાય-ભાષાકીય સામગ્રીનો અભ્યાસ)

આ કાવ્યના વિષયવસ્તુથી પરિચિત થયા પછી એની ભાષા સંદર્ભે વિચાર કરીએ. ગીત કાવ્યપ્રકાર હોવાને કારણે એની ભાષા પ્રાસમાધુર્ય જાળવે છે. જેમકે, 'ડુંગરા' અને 'કંદરા'

### 3.5 પુરાવલોકન

**સ્વાધ્યાય-1 :**

ઉમાશંકર જોશી રચિત 'ભોમિયા વિના' ગીતમાંથી પ્રાસમુક્ત શબ્દોની યાદી તૈયાર કરો.

આ કાવ્યનો પ્રકાર ગીત છે. ગીતમાં કવિ પોતાની ઊર્મિ પ્રગટ કરતો હોય છે. એ માટે એ ગીતના બંધારણને ધ્યાનમાં રાખીને શબ્દની પસંદગી કરતો હોય છે. શબ્દો દ્વારા ગીતનું સૌન્દર્ય પ્રગટાવવા માટે એ વિશિષ્ટ રીતે શબ્દોને ગોઠવતો હોય છે. આ ગીતમાં વિશેષણોને ઉપયોગ પણ વિશિષ્ટ રીતે થતો હોય છે 'સૂના સરવરિયાની સોનેરી પાળે' પંક્તિમાં 'સૂના' એ વિશેષણ તરીકે આવે છે.

**સ્વાધ્યાય-2 :**

ઉમાશંકર જોશી રચિત 'ભોમિયા વિના' ગીતમાંથી વિશેષણોની યાદી તૈયાર કરો.

આ કાવ્યની અંતિમ પંક્તિમાં એક શબ્દ આવે છે, 'આંખડી.' 'આંખ'નું અહીં 'આંખડી' થયું છે. 'ડી' એ અંગવિસ્તારક પ્રત્યય છે, એનાથી અર્થમાં કોઈ ફેર પડતો નથી. આવો બીજો શબ્દ છે. 'વાંસલડી.'

**સ્વાધ્યાય :**

'આંખડી', 'આંખલડી' જેવા શબ્દોને ધ્યાનમાં રાખીને તમે એવા બીજા કયા શબ્દો બનાવી શકો છો ? આવા શબ્દોની યાદી તૈયાર કરો.

**વસ્તુલક્ષી કસોટી :**

(1) કવિ ઉમાશંકર જોશીનાં અન્ય પ્રકૃત્તિ ગીતોનો અભ્યાસ કરી એમાંથી કોઈ પણ બે ગીતનો આસ્વાદ તમારા શબ્દોમાં તૈયાર કરો.
(2) 'રખડવાનો આનંદ' આ વિષય પર જાતે નિબંધ તૈયાર કરો.
(3) રાજેન્દ્ર શાહ રચિત 'નિરુદ્દેશ' કાવ્ય સાથે આ કાવ્યની તુલના કરો.
(રાજેન્દ્ર શાહની કૃતિ 'નિરુદ્દેશે' અહીં મૂકવી.')

### 3.6 લેખનપ્રવૃત્તિ :

ઉમાશંકર જોશીનું ગદ્ય ક્ષેત્રે પણ મહત્ત્વનું પ્રદાન રહ્યું છે. એમણે કરેલા કાવ્યઆસ્વાદો, વિવેચનને લગત કૃતિઓનો અભ્યાસ કરો.

### 3.7 વિશેષ અભ્યાસ :

**કર્તા પરિચય :**

ઉમાશંકર જેઠાલાલ જોશીનો જન્મ 21 જુલાઈ, 1911ના દિવસે અગાઉના ઈડર રાજ્યના અને ભીલોડા નજીકના બામણા ગામે થયો હતો. 'વાસુકિ' એમનું ઉપનામ હતું. કવિના ઉપરાંત એકાંકી, વાર્તા, નિબંધ, વિવેચન, અનુવાદ, નવલકથા-સાહિત્યનાં મોટાં ભાગનાં સ્વરૂપમાં એમનું મહત્ત્વનું પ્રદાન જોવા મળે છે. 'સંસ્કૃતિ' સામયિકના સંપાદક તરીકે પણ એમણે મહત્ત્વનું કાર્ય કર્યું હતું. ગુજરાત યુનિવર્સિટી અને વિશ્વભારતી, શાંતિનિકેતનના કુલપતિ તરીકે પણ તેમણે કાર્ય કર્યું હતું. ગાંધીજીની સ્વતંત્રતાની લડતમાં ભાગ લઈને જેલવાસ પણ ભોગવ્યો હતો. 'વિશ્વશાંતિ', 'ગંગોત્રી', 'નિશીથ', 'મહાપ્રસ્થાન', 'પ્રાચીના', 'સપ્તપદી' વગેરે એમના મહત્ત્વના કાવ્યસંગ્રહો છે. 'સાપના ભારા' એકાંકી સંગ્રહ, 'શ્રાવણી મેળા' વાર્તાસંગ્રહ ઉપરાંત દસેક જેટલા વિવેચન ગ્રંથો - એમનું માતબર પ્રદાન રહ્યું છે. સાહિત્ય ક્ષેત્રે એમણે કરેલા પ્રદાનને ધ્યાનમાં રાખીને એમને 'નિશીથ' કાવ્યસંગ્રહ માટે જ્ઞાનપીઠ પારિતોષિક પ્રાપ્ત થયું હતું. ઉપરાંત રણજિતરામ સુવર્ણચંદ્રક, નર્મદ ચંદ્રક, મહીડા પારિતોષિક વગેરે સન્માનો પ્રાપ્ત થયાં હતાં. રાજ્યસભાના સભ્ય તરીકે અને સાહિત્ય અકાદમી, નવી દિલ્હીના અધ્યક્ષ તરીકે પણ એમણે સેવાઓ આપી હતી. આમ, તેઓ બહુમુખી પ્રતિભા ધરાવનાર સર્જક હતા.

**વિશેષ વાચન :**

ઉમાશંકર જોશી રચિત 'ગંગોત્રી' કાવ્યનાં અન્ય ગીતોનો અભ્યાસ કરો. એમાંથી પ્રકૃત્તિ ગીતો સિવાય અન્ય વિષયના બે ગીતોનો આસ્વાદ તમારા શબ્દોમાં તૈયાર કરો.

**સંદર્ભ વાચન :**


(1) ગુજરાતી સાહિત્યકોશ, ખંડ-2, અર્વાચીન કાળ

(2) અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસ રેખા, ગાંધીયુગ, ધીરુભાઈ ઠાકર

(3) ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ, ગ્રંથ-5, (ગાંધી યુગીન - અનુ ગાંધી યુગીન કવિઓ), ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ.

(4) કવિ-વિશ્વ, સુરેશ દલાલ.

(5) ઉમાશંકરનો વાગ્વૈભવ, ખંડ 1 થી 3, ચંદ્રકાન્ત શેઠ.


**● ટિપ્પણ :**

ઉમાશંકર જોશીનું આ ગીત અત્યંત જાણીતું છે. યુ ટ્યુબ ઉપર જુદા જુદા ગાયકોના કંઠે તમે એને સાંભળીને આસ્વાદ માણી શકો. આ ગીતની સાથે નિરંજન ભગત રચિત 'હું તો બસ ફરવા આવ્યો છું' ગીત પણ સરખાવી જુઓ.

(1) આ સંદર્ભે મણિલાલ હ. પટેલનો અભિપ્રાય પણ નોંધવા જેવો છે : ''21-22 વર્ષની વયે ઉમાશંકરે 'ભોમિયા વિના' ગીત રચ્યું. સૌંદર્યપ્રીતિ તો બરાબર, પણ માનવજીવનને ઘેરી વળતી પીડાઓનું જ્ઞાન પણ કવિતામાં સહજ કવિત્વથી, રસાઈને પ્રગટે છે એ વાત અચરજકર છે. એ પીડિતોનાં નિર્દોષ દુ:ખડાં લેવાની વાત કવિ કરે છે. 'રોતાં ઝરણાં'તે આ દુ:ખિયારાં લોકો ! કવિ એમની આંખ લ્હાવા ચાહે છે... ને વળી પોતાના ભોમ-ભીતરમાંય 'ગાતાં ઝરણાં' છે એમ 'રોતાં ઝરણાં'ય છે...! રોતાંને ગાતાં કરવાની વાત ગમી જાય એવી છે. પીડાને કવિ કોયલના માળે ગૂંથીને રજૂ કરવા માગે છે. અંતરની વેદના જો કોયલના ટહુકા રૂપે ગુંજતી-ગાતી-વૃત્તિ થાય તો એમાંથીય માધુર્ય જ પ્રગટવાનું છે. પીડાને ગીત દ્વારા મધુરતામાં પલટાવવાની વાત કહેવા કવિએ 'કોયલના માળા'નો (કોયલ તો માળો બાંધતી નથી) પ્રતીકાત્મક ઉલ્લેખ કર્યો છે.''[1]


**લેખન :** ડૉ.ધ્વનિલ પારેખ, મદદનીશ અધ્યાપક (ગુજરાતી વિભાગ)

મહાદેવભાઈ દેસાઈ ગ્રામસેવા સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા.

એકમ 4

# બનાવટી ફૂલોને

-પ્રહ્‌લાદ પારેખ

રૂપરેખા

4.1 ઉદ્દેશો
4.2 પ્રસ્તાવના
4.3 કૃતિ (કવિતા)
4.4 કૃતિનો સારાંશ
4.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન
4.6 વસ્તુલક્ષી કસોટી
4.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ
4.8 પુનરાવલોકન
4.9 લેખનપ્રવૃત્તિ
4.10 વિશેષ અધ્યયન
- ટિપ્પણ

## 4.1 ઉદ્દેશો

આ કવિતાના અભ્યાસ દ્વારા તમે -

- અનુગાંધીયુગીન સૌંદર્યલક્ષી કાવ્યધારાનો પરિચય મેળવશો.
- કવિની સર્જક ચેતનાને માણશો.
- પ્રહ્‌લાદ પારેખની સરળ-સહજ અને સૌંદર્યલક્ષી પ્રસ્તુતિની શૈલીનો પરિચય મેળવશો.
- ‘બનાવટી ફૂલોને’ કાવ્યમાં વ્યક્ત વિચાર-સંવેદનને જાણશો.
- કાવ્યનો આસ્વાદ માણશો.
- પ્રસ્તુત કાવ્યના હાર્દને પામવા તરફની ગતિને જાણશો.

## 4.2 પ્રસ્તાવના

ઈ.સ. ૧૯૪૦ના દાયકામાં પોતાનો ‘બારી બહાર’ સંગ્રહ પ્રગટ કરી પ્રહ્‌લાદ પારેખ ગુજરાતી કાવ્ય સાહિત્યને શુદ્ધ કવિતાની દિશા તરફ લઈ જતા પ્રભાવક કાવ્યધારાનું ખેડાણ કરે છે. કવિએ રાષ્ટ્રીય આંદોલનમાં સક્રિયપણે ભાગ લીધો હોવા છતાં સમસામયિક પરિબળોનાં પ્રભાવથી તેમની વૈયક્તિક સર્જકચેતના અળગી રહી શકે છે અને એ દૃષ્ટિએ આ કવિએ પોતાની સ્વાયત્ત સર્જકતાનું જતન કર્યું છે, એમ કહી શકાય.

‘બારી બહાર’નાં કાવ્યોમાં કવિએ સમકાલીન કાવ્યપ્રણાલીઓનો અને રૂઢ પરંપરાઓનો ખપ પૂરતો લાભ લઈ પોતાની અનોખી કાવ્યમુદ્રા ઉપસાવી છે. ગાંધીયુગના સમયગાળામાં ઘણા કવિઓની કવિતા સૌંદર્યલક્ષી હોવા છતાં આ સમય પ્રતિબદ્ધતાઓનાં પાશથી ઘેરાયેલી કવિતાનો રહ્યો છે. જ્યાં કવિતાની શુદ્ધ સૌન્દર્યમુદ્રાની જ ઉપાસના કરતી સર્જક ચેતના યુગપ્રભાવના આક્રમણ સામે કવચિત

ક્ષીણ બની ત્યાં પ્રહ્‌લાદ પારેખની કવિતા એક અર્થમાં યુગબળથી નિરપેક્ષ અને નિજી કવિમુદ્રા દાખવતી બની રહે છે.

કવિ પ્રહ્‌લાદ પારેખ આંખ, કાન, નાકની કવિતા આપનારા કવિ છે. 'બનાવટી ફૂલોને'એ અનુગાંધીયુગમાં નવા વિષયનું કાવ્ય મળે છે. અહીં કવિહ્રદયે અનુભવેલી તીવ્ર સંવેદનાની પ્રતીતિ ભાવકને થયા વગર રહે નહીં. રૂપ, ગંધ, સૂર અને સ્વાદના ચાહક કવિની સૌંદર્યાનુભૂતિ ઈન્દ્રિયોના સીમાડા વટાવી દઈ અનુભૂતિની અભિવ્યંજના સુધી વિસ્તરતી દેખાય છે. માનવી હોવા છતાં પરકાયા પ્રવેશ કરી મૂક સૃષ્ટિને પણ જીવંતતાની અનુભૂતિ સુધી લઈ જાય છે.કવિ ઉમાશંકર જોશીએ પ્રહ્‌લાદ પારેખની કવિતાને 'નીતરાં પાણી'ની સ્વચ્છ-પારદર્શક કવિતા કહેલી.

### 4.3 કૃતિ (કવિતા)

## બનાવટી ફૂલોને

**તમારે રંગો છે,**
**અને આકારો છે,**
**કલાકારે દીધો તમ સમીપ આનંદકણ છે,**
**અને બાગોમાંનાં કુસુમ થકી લાંબું જીવન છે.**

**ઘરોની શોભામાં,**
**કદી અંબોડામાં,**
**રહો છો ત્યાં જોઈ ઘડીકભર હૈયું હરખાતું;**
**પ્રશંસા કેરાં એ કદીક વળી વેણો ઊચરતું.**

**પરંતુ જાણ્યું છે,**
**કદી વા માણ્યું છે,**
**શશીનું, ભાનુનું, ક્ષિતિજ પરથી ભવ્ય ઊગવું ?**
**વસંતે વાયુનું રસિક અડવું વા અનુભવ્યું ?**

**ન જાણો નિંદું છું,**
**પરંતુ પૂછું છું :**
**તમારાં હૈયાંના ગહન મહીંયે આવું વસતું :**
**'દિનાન્તે આજે તો સકલ નિજ આપી ઝરી જવું.' ?**

**-પ્રહ્‌લાદ પારેખ**

### 4.4 કૃતિનો સારાંશ

'બનાવટી ફૂલોને' કવિતામાં કવિએ પુષ્પોની મહત્તા કરી તેની સમર્પણશીલતા તથા તેની સફળતા શામાં છે? તેની અહીં સુંદર વાત કરી છે. બનાવટી ફૂલો તેના બાહ્ય સૌંદર્યથી જ નથી મહેકતું પણ તેના જીવન સાથે વણાયેલો સમર્પણભાવને પણ કવિએ અહીં આલેખ્યો છે.

બનાવટી ફૂલોને રંગ હોય, આકાર હોય સાથે રૂપ પણ હોય છે. એટલું જ નહીં; પરંતુ, કવિની કલાકારીગરીની આવડતથી મળેલ આનંદ અને બગીચાના ફૂલો(કુદરતી ફૂલો) કરતા વધુ દીર્ઘજીવન પણ હોય છે. આ ફૂલો ક્યારેક ઘરોની તો ક્યારેક નવોઢા કન્યા તેમજ સ્ત્રીઓના અંબોડાની શોભામાં અભિવૃદ્ધિ કરતા જોવા મળે છે; પણ, ગમે તેટલા સુંદર હોવા છતાં આ ફૂલોમાં ચેતનાનો તો અભાવ જ હોય છે.

કવિ બનાવટી ફૂલોને પૂછે છે કે આટલું સૌન્દર્ય હોવા છતાં કોઈ દિવસ સૂર્યોદય કે ચંદ્રોદયનો આનંદ માણ્યો છે ખરો! કે પછી વસંત ઋતુના આગમનના મોહક વાયુનો સ્પર્શ કર્યો છે ખરો! આ સૌન્દર્ય તત્વને ન માણતા આ પુષ્પો જડ છે, ચેતનાવિહીન છે.

કવિ છેલ્લી ચાર પંક્તિમાં બનાવટી ફૂલોને ઠાવકાઈથી પૂછે છે. બનાવટી ફૂલોની નિંદા કરતા હોવા છતાં કહે છે કે, 'ન જાણો નિંદુ છું'; પરંતુ મને પૂછવાની મનમાં જીજ્ઞાસા જાગે છે એટલા માટે પૂછું છું? કે તમે કુદરતી ફૂલોની જેમ બીજા માટે સુવાસ ફેલાવી દિવસના અંતે સમર્પિત થવાની ભાવના તમારા અંતરના ઊંડાણમાં છે ખરી! બનાવટી ફૂલોને અહી કવિએ દંભી તથા કપટી માણસોના પ્રતીક તરીકે લેવા આ આખું કાવ્ય વ્યંગાર્થનો સુંદર નમૂનો બની રહે છે.

## 4.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

સાદી સરળ પદાવલીમાં કે ભાષામાંવ્યક્ત થયેલું આ સરસ કાવ્ય છે.આ કાવ્ય સૂચિત ગૂઢાર્થને કારણે રમણીય તેમજ આકર્ષક બન્યું છે. જીવનની સફળતા કે કૃતાર્થ શામાં રહેલી છે ? તેની વાત કવિ આ કવિતામાં સુંદર રીતે પ્રગટ કરી છે. માનવજીવનની સાર્થકતા માનવીયતાના બાહ્ય સૌંદર્ય કે લાંબા આયુષ્યમાં નથી; પણ, જીવનના સાચા સ્પંદનો માણવામાં અને પરોપકારાર્થે – આત્મસમર્પણની ભાવનામાં રહેલી છે.
બનાવટી ફૂલો રંગ છે સુંદર આકાર છે. કલાકારે આવડતથી અન્યને આનંદ આપવામાટે તેનું નિર્માણ કર્યું છે. તે ફૂલોએ ઘરની ફૂલદાની અને દીવાલોને તો સુશોભિત કરી જ છે સાથે સાથે નારીના અંબોડામાં સ્થાન પણ પામ્યાં છે. તેમને જોઈ અમારું હ્દય ઘડીક પ્રસન્ન પણ થઈ ઊઠે છે. આ બધી પ્રશંસા કર્યા પછી કવિ સૂચક પ્રશ્ન પૂછે છે કે, બગીચામાં ઊગેલાં ફૂલોની જેમ સૂર્ય અને ચંદ્રના ઉદયથી થતાં સ્પંદનો તે કદી અનુભવ્યા છે ?, કે વસંતના વાયુ સ્પર્શે આનંદ-મસ્તીનો તે કદી અનુભવ કર્યો છે ? – જાણીએ છીએ કે આ બધા પ્રશ્નાનો જવાબ નકારમાં હોય. તમને ખ્યાલ છે કે આ નિર્જીવ ફૂલોને ઈન્દ્રિય સંવેદનો ક્યાંથી હોય ! આ અનુભવ અને હકીકત જાણતા કવિ અંતે શિખરિણી છંદ પ્રયોજી પોતાના મનમાં જ પ્રશ્ન પૂછે છે કે,

**તમારાં હૈયાંના ગહન મહીંયે આવું વસતું :**
**'દિનાન્તે આજે તો સકલ નિજ આપી ઝરી જવું.' ?**

આ બનાવટી ફૂલોને દિનભર સુગંધ આપી ઝરી જવાનું મન નહિ થતું હોય ક્યારેક? અહીં, બનાવટી ફૂલોમાં ઈચ્છાનો સંભવ આરોપી કવિએ સૌંદર્યની ભ્રામકતાનો ભેદ ખોલી આપ્યો છે. બગીચાનાં ફૂલો ભલે અલ્પજીવી હોય છે; પરંતુ, સંવેદનાથી

સભર અને પરોપકારર્થે આત્મસમર્પણ કરવામાં જીવનનું લક્ષ્ય અનુભવતા હોય છે તથા તેમાં જ જીવનની સાર્થકતા પણ અનુભવતા હોય છે, ત્યાંથી ઉત્પન્ન આનંદ ઉલ્લાસની અનુભૂતિ જ આ પ્રસ્તુત કાવ્યનો હાર્દ અથવા પ્રાણ છે.

## 4.6 વસ્તુલક્ષી કસોટી

**(ક) પ્રસ્તુત કૃતિના આધારે નીચેનાં વિધાન ખરાં છે કે ખોટાં તે જણાવો.**

1. બનાવટી ફૂલોનું આયુષ્ય ઓછું હોય છે.
2. બનાવટી ફૂલોનું સૌંદર્ય હોતું નથી.
3. બનાવટી ફૂલો ઘરની શોભામાં વૃદ્ધિ કરતાં હોય છે.
4. 'બનાવટી ફૂલોને' – 'બારી બહાર' કાવ્યસંગ્રહમાંથી લેવામાં આવ્યું છે.
5. 'બનાવટી ફૂલોને' વસંતના વાયુની અનુભૂતિ કરે છે.

**(ખ) નીચેની ખાલી જગ્યા પૂરો.**

1. બગીચાનાં ફૂલોનું આયુષ્ય ....... છે. (લઘુ / દીર્ઘ)
2. કવિ બનાવટી ફૂલોની ........ કરે છે. (નિંદા / પ્રશંસા)
3. બગીચાનાં ફૂલો ........ અંતે ઝરી જાય છે. (માસ / દિન)
4. ....... પર લાગવેલ ફૂલોને જોઈ મન હરખાય છે. (ફોટોગ્રાફ / અંબોડા)
5. 'વિદાય' કાવ્યના કવિ ....... છે. (પ્રહ્લાદ પારેખ / બાલમુકુન્દ દવે)

**ઉત્તર :**

| | | | | | |
|---|---|---|---|---|---|
| (ક) | 1. ખોટું | 2. ખોટું | 3. ખરું | 4.ખરું | 5. ખોટું |
| (ખ) | 1. લઘુ | 2. નિંદા | 3. દિન | 4. અંબોડા | 5.પ્રહ્લાદ પારેખ |

## 4.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

જ્યારે સાહિત્યકાર પોતાના ભાવોને છંદોબદ્ધ એટલે કે યતિ, માત્રા, ગણ વગેરેના બંધનમાં બાંધે છે અને તેને પ્રગટ કરે છે. ત્યારે આપણે તેને 'પદ્ય' કહીએ. પદ્યને હૃદયની રાગાત્મક વૃત્તિઓ તરફ વિશેષ લગાવ હોય છે. 'લય'એ સંગીતની સાથે જોડાયેલું છે અને છંદમાં લય ખૂબ જરૂરી છે. આથી છંદોબદ્ધ કવિતામાં લય અને સંગીતનો સંગમ છે. તેથી કવિતા અને છંદનો ગાઢ સંબંધ જોઈ શકાય છે. આમ, છંદ એ કાવ્યનું મુખ્ય ઘટક છે. છંદના મુખ્ય ત્રણ પ્રકાર છે : 1) અક્ષરમેળ 2) માત્રામેળ 3) ગેય. અહીં આ એકમમાં આપણે અક્ષરમેળ છંદ વિશે સમજીશું.

અક્ષરની (વર્ણોની) સંખ્યા અને વર્ણોની સંયોજનથી ગણ બને છે ત્યાં અક્ષરમેળ છંદ છે. તેમાં અક્ષરોની સંખ્યા અને અક્ષરો લઘુ છે કે ગુરુ તેને ધ્યાનમાં રાખવામાં આવે છે.

લઘુ અક્ષર : હ્રસ્વ સ્વર અને હ્રસ્વ સ્વરયુક્ત વ્યંજનો લઘુ અક્ષરો કહેવાય. જેમ કે, અ, ઇ, ઉ, ઋ (ક, કિ, કુ) લઘુ અક્ષર માટે 'U'નિશાની છે.

ગુરુ અક્ષર : દીર્ઘ સ્વરો અને દીર્ઘ સ્વરયુક્ત વ્યંજનો ગુરુ અક્ષર કહેવાય છે. જેમ કે, આઈ, ઊ, એ, ઐ, ઓ, ઔ (કા, કી, કૂ, કે, કૈ, કો, કૌ) તથા જોડાક્ષરની આગળનો અક્ષર લઘુ હોય કે ગુરુ જોડાક્ષરનો ભાર આવે તો એ અક્ષર ગુરુ ગણાય. દા. ત. પુષ્પ આ ઉપરાંત લઘુ અક્ષર પર તીવ્ર અનુસ્વાર હોય તો તે ગુરુ અક્ષર ગણાય અને અક્ષરમેળમાં છેલ્લો અક્ષર હંમેશા ગુરુ હોય છે.

## ગણરચના

સૂત્ર : ય મા તા રા જ ભા ન સ લ ગા

દરેક છંદમાં અમૂક ગણ આવેલા હોય છે. ગણ એ લઘુ-ગુરુ એમ ત્રણ અક્ષરોનો સમૂહ છે. ગણોની સંખ્યા આઠ છે. ઉપરોક્ત સૂત્ર મહત્વનું છે.

**ગણ**

| | | | |
|---|---|---|---|
| ય | - | યમાતા | U_ _ |
| મ | - | માતારા | _ _ _ |
| ત | - | તારાજ | _ _U |
| ર | - | રાજભા | _U_ |
| જ | - | જભાન | U_U |
| ભ | - | ભાનસ | _UU |
| ન | - | નસલ | UUU |
| સ | - | સલગા | UU_ |

યતિ : છંદ વાંચતી વખતે ચોક્કસ વર્ણ સંખ્યા અથવા માત્રાની વચ્ચે થોડીવાર થોભવું પડે છે, તે ક્રિયાને ‘યતિ’ કહેવાય.

આપણે અહીં થોડા અક્ષરમેળ છંદ વિશે જાણીશું.

**1. શિખરિણી છંદ**

વર્ણસંખ્યા :17

બંધારણ : યમનસભલગા

યતિ :6 અને 17માં અક્ષરે

ઉદાહરણ : 1) તમારાં હૈયાંના ગહન મહીંએ આવું વસતું :
‘દિનાન્તે આજે તો સકલ નિજ આપી ઝરી જવું’ ?
- પ્રહ્લાદ પારેખ

2) અસત્યો માંહીથી પ્રભુ! પરમ તેજે તું લઈ જા.
ઊંડો અંધારેથી પ્રભુ! પરમ તે જે તું લઈ જા.
--ન્હાનાલાલ

**2. મંદાક્રાન્તા છંદ**

વર્ણસંખ્યા : 17

બંધારણ : મભનતતગાગા

યતિ : 4, 10 અને 17માં અક્ષરો

ઉદાહરણ : 1) આવે ત્યારે દઈ નવ શકું અંતરે જે ભર્યું તે,
જાય ત્યારે સહી નવ શકું અંતરે જે રહ્યું તે.
- પ્રહ્લાદ પારેખ

2) ગોરું ચૂસે અખૂટ રસથી અંગૂઠો પદ્મ જેવો,
આવી જોઈ દાયિત ઉચરો લોચને કોણ જેવો.
-બ. ક. ઠાકોર

**3. પૃથ્વી છંદ**

વર્ણસંખ્યા :17

બંધારણ : જસજસયલગા

યતિ :17મા અક્ષરે, 8માં અક્ષરે કોમળ યતિ

ઉદાહરણ : 1) કદી નહિ કહું, મને જ સ્મરણે સદા રાખજે,
અને નયન પંથનું અવર વિશ્વ તું ત્યાગજે,
પરંતુ ગગનાંગણે, અવનિમાં અને સિંધુમાં
મળે અધિક જે તને મુજ થકી, ઉરે થાપજે.

- પ્રહ્‌લાદ પારેખ

2) ઘણુંક ઘણું ભાંગવું ઘણ ઉઠાવ મારી ભુજા !
ઘણુંક ઘણું તોડવું, તું ફટકાર ઘા, ઓ ભુજા !

- સુંદરમ્

**4. હરિણી છંદ**

વર્ણસંખ્યા :17

બંધારણ : નસમરસલગા

યતિ : 6, 10 અને 17મા અક્ષરો

ઉદાહરણ : 1) અવ અહીં ઝૂલે ખાલી શીકું વિના દધિ

- રાજેન્દ્ર શાહ

2) જગ સકલની ત્રાંબાકૂંડી ભરી તસુયે તસુ
શશિવર સ્વયં ના’વા જાણે રહ્યો નભથી સરે.

- બાલમુકુન્દ દવે

**5. વસંતતિલકા છંદ**

વર્ણસંખ્યા : 14

બંધારણ : તભજજગાગા

યતિ : આઠમે અક્ષરે

ઉદાહરણ : 1)અશ્રુ હતું હૃદયમાં, નયણે ન આવ્યું,
શબ્દ હતા મન મહીં ફરક્યા ન હોઠે.

- ઉમાશંકર જોશી

2) શબ્દ વિના ભટકતો રહું અર્થ જેવો
શબ્દ વિના લટકતો રહું અર્થમાંથી
અર્થો વિના લટકતો રહું શબ્દમાંથી

- રમેશ પારેખ

**6. શાર્દૂલવિક્રીડિત છંદ**

વર્ણસંખ્યા : 19

બંધારણ : મસજસતતગા

યતિ :12 અને 19માં અક્ષરે

ઉદાહરણ : 1) એ મૂક્યું વન, એ મૂક્યાં જન,
ઘણે વર્ષે મળ્યાં જે ક્ષણ

મૂક્યાં ડુંગર ને નદી, વતનનાં એ કોતરો ખેતર

- જયંત પાઠક

2) ખેડે સૂરજ ભોમ, સોમ કરતો આનંદની વાવણી,
આખી સીમ ભરી ભરી ઘુઘવતો શો મોલ મારો વધે.

- મકરંદ દવે

**7. સ્રગ્ધરા છંદ**

વર્ણસંખ્યા : 21

બંધારણ : મરભનયયય

યતિ : 7, 14 અને 21માં અક્ષરે

ઉદાહરણ : 1)રે આ સાફલ્ય ટાણું યુગ યુગ પલટે તો ય પાછું ન આવે

-સુન્દરમ્

2) શોભા ખંડેરની થૈ, કઠણ વજર શી ભોયમાં મૂળ રોપી,
જન્મ્યો તો જીવી જાણું પલ પલ કપરી જોગવી જિન્દગાની.

- બાલમુકુન્દ દવે

**8. અનુષ્ટુપ છંદ**

બંધારણ : આઠ આઠ અક્ષરનાં ચાર ચરણ

પહેલા અને ત્રીજા ચરણમાં 5-6-7 અક્ષરે અનુક્રમે (U_ _)

બીજા અને ચોથા ચરણમાં 5-6-7 અક્ષરે અનુક્રમે (U_U)

ઉદાહરણ : 1) કાળ તો છંદનો છંદ કવિઓનો છે એ કવિ,
અક્ષરો ભૂંસતો આવે આલેખે નિજની છવિ

- મણિલાલ હ. પટેલ

2) સિન્ધુશય્યા પરે સૂતી, સ્વપ્ને નીદરમાં સરી,
આછેરા અંચલો ધારી, નગરદ્વીપ સુંદર.

- નિરંજન ભગત

- ઉપરોક્ત છંદની સમજ મેળવ્યા બાદ નીચેનો પંક્તિઓના છંદ ઓળખાવો.
    1. રે પંખીડાં સુખથી ચણજો, ગીત વા કાંઈ ગાંજો.
    2. વળાવી બા આવી નિજ સકલ સંતાન ક્રમશઃ.
    3. પ્રિયે તુજ લટે ધરું ધવલ સ્વચ્છ આ મોગરો.
    4. કલા છે ભોજ્ય મીઠી ને ભોક્તા વિણ કલા નહીં;
    કલાવાન કલા સાથે ભોક્તા વિણ મળે નહીં.
    5. ભૂરું છે નભ સ્વચ્છ સ્વચ્છ, દીસતી એક નથી વાદળી.
    6. વિશ્વંભરી અખિલ વિશ્વતણી જનેતા.
    7. નગરજનને સંબંધી એ વ્યથા વીસરી શક્યાં.
    8. ધીમે ધીમે છટાથી કુસુમરજ લઈ ડોલતો વાયુ વાય.
    9. એકલા ઊગવું સોહવું, એકલા આથમી જવું
    સ્નેહથી છલકાતા આ, સંસારે એમ શેં થવું.
    10. હતું તેનું હૈયું કમલ સરખું કોમલ અને
    હતો તેમાં દૈવી પ્રણયરસ મીઠો ટપકતો.

ઉત્તર :

| | | | |
|---|---|---|---|
| ૧. મંદાક્રાન્તા | ૨. શિખરિણી | ૩. પૃથ્વી | ૪. અનુષ્ટુપ |
| ૫. શાર્દૂલવિક્રીડિત | ૬. વસંતતિલકા | ૭. હરિણી | ૮. સ્ત્રગ્ધરા |
| ૯. અનુષ્ટુપ | ૧૦.શિખરિણી | | |

## 4.8 પુનરાવલોકન

**(ક) નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1.'બનાવટી ફૂલો'ની કવિ કઈ રીતે નિંદા કરે છે ?
2. 'બનાવટી ફૂલોને'માં બનાવટી ફૂલોની ભૂમિકા શું છે ?
3. બનાવટી ફૂલો અને બગીચાનાં ફૂલોમાં મુખ્ય ભેદ કયો ?
4. બનાવટી ફૂલો શેની અનુભૂતિ કરતાં નથી ?
5. પ્રહ્‌લાદ પારેખની પાંચ કવિતાનાં નામ આપો.

**(ખ) નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો.**

1. 'બનાવટી ફૂલોને' કાવ્યનો આસ્વાદ તમારા શબ્દોમાં કરો.
2. 'બનાવટી ફૂલોને' કાવ્યમાં કવિનું વાસ્તવદર્શન સમજાવો.
3. 'બનાવટી ફૂલોને' – કવિતા સંદર્ભે પ્રહ્‌લાદ પારેખની કવિત્વશક્તિ સ્પષ્ટ કરો.
4. 'બનાવટી ફૂલોને' – કાવ્ય સંદર્ભે દર્શાવતો માનવસંદર્ભ આલેખો.
5. 'બનાવટી ફૂલોને' કવિતાનો હાર્દ સ્પષ્ટ કરો.
6. 'બનાવટી ફૂલોને' કાવ્યમાં જોવા મળતો સમર્પણનો ભાવ ઉદાહરણ સહિત જણાવો.

## 4.9 લેખનપ્રવૃત્તિ

- 'બારીબહાર' કાવ્યસંગ્રહના કાવ્યોનો અભ્યાસ કરો.
- રાજેન્દ્ર શાહ અને જયંત પાઠકની પ્રકૃતિલક્ષી કવિતાની યાદી બનાવો.
- ઊર્મિકાવ્યના સ્વરૂપનો અભ્યાસ કરો.
- પ્રહ્‌લાદ પારેખની સર્જનાત્મકતા વિશેની નોંધ તૈયાર કરો.

## 4.10 વિશેષ અધ્યયન

**(ક) કવિ-પરિચય**

ઈ.સ. 1912માં જન્મેલા પ્રહ્‌લાદ પારેખ આપણા ગુજરાતી સાહિત્યના સૌંદર્યલક્ષી ધારાના મુખ્ય કવિ છે. રવીન્દ્રનાથ ટાગોરના સાંનિધ્યમાં શાંતિનિકેતનમાં તેમણે અભ્યાસ કર્યો હતો તેની પ્રેરણા તેમના કાવ્યસર્જનને મળી છે. તેમના ગીત કાવ્યો ધ્યાનકર્ષક રહ્યાં છે. પ્રકૃત્તિપ્રેમ અને માનવપ્રેમ તેમની કવિતાના મુખ્ય વિષયો રહ્યા છે. તેમની કવિ તરીકેની સિદ્ધિમાં ઈન્દ્રિયગ્રાહ્યતા, સ્પર્શક્ષમતા, સઘનપણાંની અભિવ્યક્તિ વિશેષ રહ્યાં છે. તેમની બધી મળીને 83 જેટલી રચના મળે છે. 'બારી બહાર' તેમનો ગાંધીયુગની સાહિત્યધારાથી જુદો પડતો કાવ્યસંગ્રહ છે. 'સરવાણી' તેમનો બીજો કાવ્યસંગ્રહ છે. ઉશ્નશે 'બારી બહાર'ની કવિતાને 'નૂતન કવિતાની નાન્દી' કહી છે.

કવિતાની શુદ્ધ સૌંદર્યમુદ્રાની જ ઉપાસના કરતી સર્જક ચેતના યુગપ્રભાવના આક્રમણ સામે કવચિત ક્ષીણ બની ત્યાં પ્રહ્લાદ પારેખની કવિતા એક અર્થમાં યુગબળથી નિરપેક્ષી અને નિજી કવિમુદ્રા દાખવતી બની રહી છે.

ગુજરાતી કવિતાનો ગાંધીયુગીન ઉઘાડ જે કંઈ નવીનતાઓનો સંદર્ભ લઈને આવ્યો તેમાંથી આજ પર્યંત વિકસી શકેલી કાવ્યની સૌંદર્યમુદ્રાના મૂળ પ્રહ્લાદ પારેખની કવિતામાં પડેલાં છે. કશીયે પ્રતિબદ્ધતા વિનાની, મૌલિક અને નિતન્ત નિરપેક્ષ એવી કાવ્યાભિવ્યક્તિ સાધવાનું શ્રેય કવિને ફાળે જાય છે.

તેમની કવિતામાં મુખ્યત્વે પ્રકૃત્તિ, પ્રણય, માનવજીવન અને આ સઘળામાં જ વ્યાપ્ત એવા સૂક્ષ્મ અને વિરાટ અનંતને કેન્દ્રમાં રાખીને રચાઈ છે. વિશ્વમાં આસપાસ અને ચોપાસમાં વરતાતી અસંબદ્ધતાને પૂરેપૂરી પ્રમાણમાં છતાં આ સઘળાંને અતિક્રમીને પ્રહ્લાદ પારેખ પ્રસન્નતાના ઉપાસક, ચાહક કવિ બની રહ્યા. ભાવોની પારદર્શી છતાં નક્કર, નિસ્પંદિત છતાં સંપૂર્ણ આવિષ્કાર ‘બારી બહાર’ સંગ્રહની મોટાભાગની રચનાઓમાં જોઈ શકાય છે. કવિની સર્જકતાનું ધોરણ કળાના માનદંડની અપેક્ષાએ પણ પાર પડે તેવું છે. સાથે કેવળ સૌંદર્યલક્ષિતાનો જ સ્વીકાર કયારેક એકવિધતાનો અનુભવ આપનાર બને તો પણ સરવાળે કવિનું દર્શન પુનરાવર્તિત થઈ વધુ દ્રઢ બનતું અનુભવાય છે.

**(બ) સ્વરૂપ-પરિચય**

ઊર્મિકાવ્યએ અર્વાચીન સાહિત્યમાં ખૂબ મહત્વ પામેલું કાવ્યસ્વરૂપ છે. પશ્ચિમમાં જેને ‘Lyric’ તરીકે ઓળખવામાં આવે છે. આ ઊર્મિકાવ્યનું સ્વરૂપ અન્ય કાવ્યસ્વરૂપોની તુલના કંઈક વિશેષ તરલ જણાય છે. મહાકાવ્ય, આખ્યાનકાવ્ય કે ખંડકાવ્યની જેમ કેવળ આકૃતિ પરથી તેનું સ્વરૂપ ભાગ્યે જ પારખી શકાય છે. આ સંક્ષિપ્ત હોવા છતાં તેમાં નિશ્ચિત પંક્તિસંખ્યા હોતી નથી. છતાં આ ઊર્મિકાવ્યના સ્વરૂપની વિશેષ લાક્ષણિકતાઓ જોવા મળે છે. ઊર્મિકાવ્યમાં ભાવની સઘનતા, ઊર્મિનો ઉછાળો તેને બીજા કાવ્યસ્વરૂપથી અલગ તારવે છે.

આત્મલક્ષિતા, વિચાર-ચિંતન, ઊર્મિ-ભાવ અને કલ્પના-પ્રેરણા ઊર્મિકાવ્યનાં મુખ્ય તત્ત્વો છે, તેમાંથી કોઈનું પણ પ્રાધાન્ય હોય તે આધારે ઊર્મિકાવ્ય વિચાર પ્રધાન, ઊર્મિપ્રધાન કે કલ્પનાપ્રધાન બને છે.

ઊર્મિકાવ્યની અસરકારકતા એની સંક્ષિપ્તતામાં રહેલી છે. આમ પણ ઊર્મિ ઉત્કટતાની અપેક્ષા એવા એક ઉછાળ કે ઊભરાની છે જે બહુ લાંબો ન ચાલે એ સ્વાભાવિક છે. ઊર્મિકાવ્યમાં એક ભાવ, એક જ લાગણી, એક વિચાર અને એકત્વની છાપ ઊભી કરતું હોવું જોઈએ.

**(ગ) વિશેષ વાચન**

પ્રહ્લાદ પારેખની કેટલીક ચૂંટેલી કવિતા સંચય વિસ્તૃત પ્રસ્તાવના સાથે ચંદ્રકાન્ત શેઠે કર્યો છે. આ ‘ચૂંટેલી કવિતા પ્રહ્લાદ પારેખ’નો અભ્યાસ તમારે કરવો જોઈએ. આ ઉપરાંત કૃષ્ણલાલ શ્રીધરાણી, હરિશ્ચંદ્ર ભટ્ટ, બાલમુકુન્દ દવે જેવાં કવિઓની કવિતા અને સર્જકતાનો અભ્યાસ પણ તમે કરી શકો છો. ‘ગુજરાતી ગ્રંથકાર શ્રેણી’ અંતર્ગત

પુસ્તક ૨૭માં પ્રસાદ બ્રહ્મભટ્ટે તૈયાર કરેલી પુસ્તિકા 'પ્રહ્લાદ પારેખ'નો પણ જિજ્ઞાસુએ અભ્યાસ કરવો જોઈએ.

**- ટિપ્પણ**

- હૈયું - હૃદય, દિલ, અંતઃકરણ
- કદીક - જવલ્લે, ક્યારેક, કોઈકવાર
- ઊચરવું - ઉચ્ચારવું, બોલવું
- શશી - ચંદ્ર
- ભાનુ - સૂર્ય
- ક્ષિતિજ - આંખને પૃથ્વી આકાશ સાથે મળતી જણાય છે એ કલ્પિત રેખા
- નિંદા - વગોવણી
- સકલ - સર્વ, તમામ
- નિજ - પોતાનું
- વેણ(વૅણ) - વચન, કથન, વાક્ય, કોલ

---

**લેખન :** ડૉ.હેતલ ગાંધી (આસિસ્ટન્ટ પ્રોફેસર-ગુજરાતી વિભાગ)

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ

---

એકમ 5

# નિરુદ્દેશે

- રાજેન્દ્ર શાહ

રૂપરેખા


**5.1** ઉદ્દેશો

**5.2** પ્રસ્તાવના

**5.3** કૃતિ (કવિતા)

**5.4** કૃતિનો સારાંશ

**5.5** કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

**5.6** વસ્તુલક્ષી કસોટી

**5.7** ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

**5.8** પુનરાવલોકન

**5.9** લેખનપ્રવૃત્તિ

**5.10** વિશેષ અધ્યયન

- ટિપ્પણ
- વિભાવની સમજ
- સંદર્ભસૂચિ


## 5.1 ઉદ્દેશો

આ કવિતાના અભ્યાસ દ્વારા તમે –

- ગુજરાતી સાહિત્યના અનુગાંધીયુગના કવિતા પ્રવાહથી પરિચિત થશો.
- સૌંદર્યલક્ષી કાવ્યધારાનો ખ્યાલ મેળવશો.
- રાજેન્દ્ર શાહની કાવ્યરીતિને માણશો.
- સર્જન ઉદ્દેશ્યનો તાગ મેળવશો.
- પ્રસ્તુત કાવ્યનો આસ્વાદ માણશો.
- અર્થસભર ચિંતનાત્મક કાવ્યનો પરિચય મેળવશો.

## 5.2 પ્રસ્તાવના

ગુજરાતી કવિતના મૂર્ધન્ય કવિશ્રી રાજેન્દ્ર શાહ પોતાનો પ્રથમ કાવ્યસંગ્રહ 1951માં ‘ધ્વનિ’નામે પ્રગટ કરે છે. ત્યારથી લઈ તેમના મૃત્યુ સુધી તેમની અવિરતપણે ચાલતી કાવ્યધારાનો લાભ ગુજરાતી સાહિત્યને લગભગ 28 જેટલા કાવ્યસંગ્રહો રૂપે મળ્યો છે. ગીતો, છંદબદ્ધ કાવ્યો, સૉનેટ, અછાંદસ કાવ્યો, સંવાદકાવ્યો ઇત્યાદિ મળીને કુલ 108 કાવ્યો તેમના પ્રથમ કાવ્યસંગ્રહ ‘ધ્વનિ’માં સંગૃહિત થયા છે. તેમની કવિતા પ્રકૃતિ પ્રેમ, પ્રણયભાવ, ચિંતન ઇત્યાદિ વિષયોના સંયોજનના સુંદર સુમેળ રૂપ કહી શકાય એમ છે. સૌન્દર્યાભિમુખ કવિતાનું ઉત્તુંગ શિખર આપણને રાજેન્દ્ર શાહની

કવિતામાં વ્યક્ત થયેલું અનુભવાય છે. સ્વાતંત્ર્યકાળ દરમ્યાન કવિતા લેખનની શરૂઆત તેમણે કરી હોવા છતાં તેમની કવિતામાં ગાંધી-ઠાકોરના પ્રભાવના સ્થાને રવીન્દ્ર પ્રભાવ પ્રબળ સ્વરૂપે જોવા મળે છે. પ્રકૃતિ અને પ્રણયની સાથે કવિતામાં જીવ, જગત અને જિંદગી વિશેનું ચિંતન એક અથવા બીજી રીતે તેમની કવિતાનો વિષય બનતું રહ્યું છે. કવિની કવિતામાં આવતું આ ચિંતન એવું તો એકરૂપ થઈને કવિતામાં ધોળાઈ ગયું હોય કે એમના પ્રભુ-પ્રેમભાવ, રહસ્યવાદ અને સાંપ્રત પરિસ્થિતિના મેળથી કવિતા દીપી ઊઠે.

નિરુદ્દેશે કાવ્યમાં રજૂ થયેલા ભાવ અને વિચારની પુનરાવૃત્તિ આપણને 'દ્વા સુપર્ણા' સુધીનાં કાવ્યસંગ્રહોમાં થતી જોવા મળે છે. એકનો એક વિચાર અભિવ્યક્ત કરવાની રીત અલગઅલગ હોવાને કારણે આપણને કવિની આ પુનરાવૃત્તિ ક્યાંય પણ ખટકતી નથી. વિષય અને લયની એકવિધતા છતાં ગીતોમાં આવતું નાવીન્ય આપણું ધ્યાન ખેંચે છે. રાજેન્દ્ર શાહના કાવ્યોમાં આવતી કલ્પના સ્પર્શક્ષમ, મૂર્ત અને ઇન્દ્રિયસ્પર્શી હોઈ આપણને વધુ પોતીકી લાગે છે.

'નિરુદ્દેશે' કાવ્ય એક સાચા સર્જકની કાવ્યયાત્રાનો પરિચય પૂરો પાડે છે. સર્જકનો ઉદ્દેશ્ય મુગ્ધભ્રમણ અને આનંદની પરમ અનુભૂતિથી ઉપર હોઈ ન શકે અને એમાં પણ રાજેન્દ્ર શાહની આ કવિતા તેમના આખા સર્જનવ્યાપારનો ચિત્તાર આપતી હોય તેમ સૌંદર્યાનુભૂતિથી આધ્યાત્મિક અનુભૂતિ (**एकोडह्म बहस्याम**)ની બ્રહ્મોર્મિ સુધીના વ્યાપ તથા ઉચ્ચ શિખરને દર્શાવે છે. પ્રણય, પ્રકૃતિ અને આધ્યાત્મચિંતન ત્રણેય પાસાંને સમાવી ઊધ્વગામી કવિ તરીકેની ભૂમિકા સ્પષ્ટ કરે છે.

રાજેન્દ્ર શાહના ધ્વનિ કાવ્યસંગ્રહમાંથી લીધેલ આ કવિતા આત્મવિલોપન અને આત્મસાક્ષાત્કારના અર્થ સાથે સાંસારિક અસ્તિત્વનો અનેરો સંગમ કરે છે.

## 5.3 કૃતિ (કવિતા)

### નિરુદ્દેશે

**નિરુદ્દેશે**
**સંસારે મુજ મુગ્ધ ભ્રમણ**
**પાંશુ-મલિન વેશે....**
**ક્યારેક મને આલિંગે છે**
**કુસુમ કેરી ગંધ,**
**ક્યારેક મને સાદ કરે છે**
**કોકિલ મધુર – કંઠ,**
**નેણ તો ઘેલાં થાય નિહાળી**
**નિખિલના સહુ રંગ,**
**મન મારું લઈ જાય ત્યાં જાવું**
**પ્રેમને સન્નિવેશે....**
**પંથ નહિ કોઈ લીધ, ભરું ડગ**

ત્યાં જ રચું મુજ કેડી,
તેજ છાયા તણે લોક, પ્રસન્ન –
- વીણા પર પૂરવી છેડી,
એક આનંદના સાગરને જલ
જાય સરી મુજ બેડી,
હું જ રહું વિલસી સહુ સંગ ને
હું જ રહું અવશેષે

- રાજેન્દ્ર શાહ

## 5.4 કૃતિનો સારાંશ

કવિ જ્યારે કવિતા રચતો હોય ત્યારે સૌથી પહેલો પૂછાતો પ્રશ્ન હોય કે, કવિ કલાકારની પ્રવૃત્તિનો ઉદ્દેશ શું હોય શકે? આ રચના શા માટે ? એનો એક જ શબ્દમાં આ કવિ પોતાની કાવ્યમય શૈલીમાં 'નિરુદ્દેશે' એમ કહી જવાબ આપી દે છે. કવિની આ પ્રવૃત્તિ નિરુદ્દેશે જ છે અને આખા સંસાર જગતમાં નિરુદ્દેશે જ ભ્રમણ પણ કરે છે તેની સાથે સાથે કવિબીજી-ત્રીજી પંક્તિમાં,

**પાંશુ-મલિન વેશે....**
**ક્યારેક મને આલિંગે છે**

'નિરુદ્દેશે' કેમ તેનો વિસ્તારથી જવાબ આપવો શરૂ કરે છે. તેમાં આ સંસારમાં એટલે કે ધરતીના બનીને મુગ્ધતાથી આ આખા સંસારનું ભ્રમણ કરે છે. કવિ બાહ્ય જગતને પ્રકૃતિનાં પ્રતીકો વડે કવિતા વ્યક્ત કરી જુદા જુદા ભાવો પ્રગટાવે છે અને એટલા માટે જ તો કવિ પછીની પંક્તિમાં,

**કુસુમ કેરી ગંધ,**
**ક્યારેક મને સાદ કરે છે**
**કોકિલ મધુર – કંઠ,**
**નેણ તો ઘેલાં થાય નિહાળી**
**નિખિલના સહુ રંગ,**

પ્રકૃતિનો પ્રભાવ પોતાના જીવનમાં અને પોતાની કાવ્ય રચનામાં કેવો ઝીલાયો છે તે આ પંક્તિઓ દ્વારા પ્રગટ થાય છે. આ સંસારના આંતર-બાહ્ય જગત સાથેનો ઈન્દ્રિયો દ્વારા સધાતો સંબંધ કવિને કેવા કેવા સ્વરૂપે આકર્ષે છે તે જોઈએ તો, ક્યારેક પુષ્પોની સુગંધ, ક્યારેક કોયલનો અવાજ, તો ક્યારેક સંસારના સઘળા રંગ આકર્ષણનું કેન્દ્ર બને છે. આમ, પંથ જ્યાં જ્યાં લઈ જાય ત્યાં, ત્યાંની આસપાસની સૃષ્ટિનાં તત્ત્વો સાથે પ્રેમ ભર્યો સંવાદ રચાતો રહે છેઅને એટલા માટે જ કવિ કહે છે કે,

**મન મારું લઈ જાય ત્યાં જાવું**
**પ્રેમને સન્નિવેશે....**

કવિ અહીં પ્રેમના આ સન્નિવેશમાં ઓતપ્રોત-ઓળઘોળ થઈ જાય છે.

કવિ તો કોઈ પંથ લીધા વિના પૃથ્વી ઉપરબસ ડગલા માંડ્યે જાય છે અનેપોતાનો રસ્તો કે કેડી આપોઆપ રચાતી જાય છે. અહીં કવિને કોઈ વાડ કે વળગાડ નથી કે ચોક્કસ વાદ કે વિવાદમાં પણ પડતા નથી. માત્ર મુક્ત ભ્રમણ અને ત્રણેય લોકમાં તેજ-છાયા તળે કરેલાં આ મુગ્ધતા ભર્યા ભ્રમણથી તથા પ્રસન્ન વીણાથી ઉદ્દભવેલા બ્રહ્માનંદ સહોદર આનંદ અને સૌંદર્યના રસપાનની અનુભૂતિ કવિ કરે છે. આ અનુભવમાંથી મળતો આનંદ અને નિરુદ્દેશે રચાયેલી કવિતા બંને એકબીજાના પર્યાય ભાસે છે. આ આનંદના સમુદ્રમાં બેડી(હોડી) સરકતી જાય છે. છેલ્લે પંક્તિઓમાં કવિ કહે છે કે,

**હું જ રહું વિલસી સહુ સંગ ને**

**હું જ રહું અવશેષે**

એમાં કવિ પોતાની જાતને જગતમાં ઓગાળી દઈ પોતાના ચૈતન્યનો વિસ્તાર કરે છે અને બધી જગ્યાએ 'હું'ના વિલોપન દ્વારા સંધાન સાંધે છે. આ પંક્તિ સંદર્ભે નિરંજન ભગત કહે છે કે,

'પ્રેમ દ્વારા, 'હું'ના વિલોપન દ્વારા બહિર્જગત સાથે કવિ એના આંતરજગતનો સંયોગ સાધે છે. પરિણામે કાવ્ય જન્મે છે અને એ કાવ્ય દ્વારા જ પાછો એ 'હું'ને પામે છે. ક્ષણે ક્ષણે મૃત્યુ અને અવિરત પુનર્જન્મની પ્રક્રિયા એટલે કાવ્ય. પ્રત્યેક કાવ્યના ગર્ભમાંથી નવજન્મ પામીને કવિ પ્રગટ થાય છે. કાવ્ય એટલે આત્મવિલોપન અને આત્મસાક્ષાત્કાર' ('ધ્વનિ' બીજી આ. પૃ. 173-174)

આમ, ક્ષણે ક્ષણે મૃત્યુ અને અવિરત પુનર્જન્મની પ્રક્રિયા - એમ કાવ્યની રચના-પુનઃરચનાના ધ્યેયને આનંદની અનુભૂતિ સાથે વ્યક્ત કરે છે.

## 4.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

કવિએ સરળ ભાષામાં પોતાની કાવ્યયાત્રાને માનવ જગત સહેલાઈથી સમજી શકે એવી સાહજિક રીતે નિરુદ્દેશે આલેખી છે. પ્રથમ પંક્તિમાં જ ફક્ત 'નિરુદ્દેશે' એવું કહીને આખી કવિતાના સૌંદર્યની કલાપ્રવૃત્તિનું હાર્દ આપી દીધું છે. કવિ આખી સૃષ્ટિમાં કોઈપણ પ્રકારનાઉદ્દેશ વિના મુગ્ધતાભર્યું ભ્રમણ કરે છે. આ સૃષ્ટિનું પ્રકૃતિ સૌંદર્ય અને માનવીમાં રહેલો પ્રેમ ભયમુક્ત રીતે આકર્ષે છે. અહીં પ્રેમ દ્વારા કવિ એકત્વ સિદ્ધ કરે છે. નિરુદ્દેશે ભ્રમણ કરતા કરતા જે કેડી કે રસ્તા પર જવાય ત્યાં જઈને મળતા નિજીઆનંદ દ્વારા મુક્તિનો અનુભવ કરે છે. આ આનંદના અંતે કવિ આંતરજગત અને બાહ્યજગત વચ્ચે એકરૂપતા, એકાકાર, તાદાત્મ્ય, એકત્વને 'હું' દ્વારા સાધી આધ્યાત્મિક અનુભૂતિની પરાકાષ્ઠા નિરૂપે છે. કવિએ આ સંસારના સત્યને ખૂબ જ સરળ શબ્દોમાં પણ કાવ્યાત્મક લયમાં ઢાળી આકર્ષક બનાવી છે અને છેલ્લે તો આવી દરેક કલાપ્રવૃત્તિનું ધ્યેય માત્ર આનંદ જ હોય તે કવિતામાં ગૃહિત છે.

રાજેન્દ્ર શાહનાં કાવ્યોમાં છંદ અને લય મહત્વના તત્ત્વો છે. એમના ગીતોના લયની ઈબારત આકર્ષક છે. જે વિશે ધીરુ પરીખ કહે છે કે, 'એમનાં ગીતોમાં જે લયપ્રયોગો થયા છે તે ગુજરાતી ગીતકવિતાનું અવિસ્મરણીય જમાપાસું છે. લયવર્તનોનાં સરવાળા

- બાદબાકી – ગુણાકાર દ્વારા એમણે ગીતને નવું રૂપ આપ્યું છે. 'નિરુદ્દેશે' જ જુઓ ને! કેવો એક જ શબ્દથી એનો ઉપાડ કર્યો છે. !'

આખા સંસારમાં મુગ્ધતા એટલે કે નિષ્પાપ મનથી 'પાશું-મલિન વેશે'- (આદિમાતાની પ્રકૃતિ સાથે) ભ્રમણ કરે છે. અહીં આ નિષ્પાપ ભ્રમણ પછી કવિને કુસુમની સુગંધ, કોયલાનો મધુર કંઠ કયારેક કયારેક મોહ પમાડી જાય છે. આ સઘળું મોહક જગત અને તેના અનેક રંગો જોઈ કવિની આંખો ઘેલી થઈ જાય છે. આ સંદર્ભે કવિ પ્રકૃતિના વિવિધ રૂપોને ઉદાહરણ તરીકે લઈ આનંદની અનુભૂતિનું લક્ષ્ય સેવે છે. આ કુદરતના સ્વરૂપોને માણતાં માણતાં કવિ સાત્વિક પ્રેમ તત્વના સાનિધ્યને શોધવાનો પ્રયાસ કરી મનના દોરવાયા દોરાતા જાય છે.

આ પ્રેમના સાનિધ્યને મેળવવાની ઝંખનામાં કવિ ડગ માંડતા જાય છે પણ કોઈ નિશ્ચિત પંથનો સહારો ન લઈ, પોતાની જ નાની અમથી કેડી રચવાની ખેવના અહીં નીચેની પંક્તિમાં વ્યકત કરે છે.

**પંથ નહિ કોઈ લીધ, ભરું ડગ**
**ત્યાં જ રચું મુજ કેડી,**

ત્યારબાદની પંક્તિમાં કવિ ઇન્દ્રિયસંવેદ્ય સાથે જોડાયેલાં આંતરિક આનંદનો મહિમા કરતા જણાય છે.

**તેજ છાયા તણે લોક, પ્રસન્ન –**
**- વીણા પર પૂરવી છેડી,**
**એક આનંદના સાગરને જલ**
**જાય સરી મુજ બેડી,**

તેજ અને છાયાના વિરોધભાષમાં કવિ જિંદગીના ચઢાવ-ઉતાર કે તડકા-છાયાના પલટામાં પણ પ્રસન્ન રહેતા ચિત્તને આલેખે છે, સાથે એ પ્રસન્નતાને પ્રદર્શિત કરવા વીણાના સૂર છેડે છે. સંસારની દરેક પરિસ્થિતિને સ્વીકારી આનંદમાં રહેતા સંસારસાગરની લહેરો પર કવિ પોતાની હોડી એટલે કે નાવડી ખૂબ જ સહજતા અને સરળતાથી સરકતી જતી હોય તેમ અનુભવે છે.

છેલ્લે, આ બાહ્યજગતને અનુભવ્યા પછી આંતરજગત સાથેના 'હું'ના એકત્વની વાત કરતા કવિ કહે છે કે,

**હું જ રહું વિલસી સહુ સંગ ને**
**હું જ રહું અવશેષે**

સમગ્રમાં મારું અસ્તિત્વ છે અને સાથે અવશેષોની વચ્ચે પણ મારું 'હું' તત્વ અસ્તિત્વ ધરાવે જ છે. બંને અંતિમોની વચ્ચે ઝોલા ખાતો 'હું' સંસારના કેન્દ્રમાં સ્થાન પામેલો છે. કવિ આ કવિતામાં નિરુદ્દેશે ચાલતા સંસારચક્રની ઊંડાણપૂર્વકની અભિવ્યક્તિ ખૂબ જ સહજતાથી કરી આપે છે.

## 5.6 વસ્તુલક્ષી કસોટી

**(ક) પ્રસ્તુત કૃતિના આધારે નીચેનાં વિધાન ખરાં છે કે ખોટાં તે જણાવો.**

1. કવિને સારસ બેલડી સાદ કરે છે.
2. કવિનો ઉદ્દેશ નિરુદ્દેશે સંસાર ભ્રમણ કરવાનો છે.
3. કવિને સાગર બંધનમાં જકડતો જણાય છે.
4. કાવ્યની મુખ્ય ક્ષણ આનંદ અનુભૂતિ છે.
5. કવિ પ્રેમ તત્ત્વને સાથે લઈ ભ્રમણ કરતા જણાય છે.

**(ખ) નીચેની ખાલી જગ્યા પૂરો.**

1. 'નિરુદ્દેશે' કાવ્ય રાજેન્દ્ર શાહના ........ કાવ્યસંગ્રહમાંથી લેવામાં આવ્યું છે.
2. રાજેન્દ્ર શાહનો પ્રથમ કાવ્યસંગ્રહ ...... સાલમાં પ્રગટ થયો.
3. 'નિરુદ્દેશે' કાવ્યમાં કવિને ....... ની સુગંધ આલિંગે છે.
4. રાજેન્દ્ર શાહનો જન્મ ....... સાલમાં થયો.
5. કવિ રાજેન્દ્ર શાહનું વતન ....... છે.
6. રાજેન્દ્ર શાહને તેમની કાવ્યસર્જન પ્રવૃત્તિ માટે સર્વોચ્ચ પુરસ્કાર....... પ્રાપ્ત થયો.

**ઉત્તર :**

(ક) 1. ખોટું 2.ખરું 3. ખોટું 4.ખરું 5.ખરું

(ખ) 1. ધ્વનિ 2.1951 3. કુસુમ 4. 1913 5. કપડવંજ 6. ભારતીય જ્ઞાનપીઠ

## 5.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

- આપણે ઘણીવાર એક જ ભાવને જેમ અલગ અલગ રીતે પ્રગટ કરી શકીએ છીએ, એ જ રીતે સમાન અર્થવાળા શબ્દોને આપણે સમાનાર્થી શબ્દો તરીકે ઓળખીએ છીએ. એકબીજાના પર્યાય તરીકે ઉપયોગ કરતા હોવાથી તેને પર્યાયવાચી શબ્દો પણ કહી શકીએ છીએ. જો કે ઘણીવાર અર્થની દૃષ્ટિએ એમાં થોડો ઘણો તફાવત તો રહેવાનો જ. અહીં આપણે ઉદાહરણ તરીકે આ શબ્દોને તપાસીએ. કોઈ કામ 'અઘરું' કે 'કઠણ' કહેવાય; જેમાં, 'કઠણ' એ વસ્તુ માટે વપરાતો શબ્દ છે જ્યારે 'અઘરો' શબ્દ ગણિતના દાખલા માટે કે જીવન જીવવા માટે વપરાતો શબ્દ છે પણ ભાવ બંનેમાં એક જ દર્શાવાય છે.

  નીચેની કાવ્યકૃતિમાં પ્રગટ થતા સમાનાર્થી શબ્દો જોઈએ :

  - કુસુમ : ફૂલ, પુષ્પ, સુમન, પ્રસૂન
  - નેણ : નયન, આંખ, લોચન, નેત્ર, ચક્ષુ
  - કેડી : સાંકડો રસ્તો, પગરસ્તો, પગથી, પગદંડી
  - પંથ : માર્ગ, રસ્તો, રાહ, પથ
  - સાગર : દરિયો, સમુદ્ર, રત્નાકર, જળનિધિ, ઉદધિ, જલધિ
  - જલ : પાણી, જળ, નીર,વારિ, સલિલ, ઉદક

- ‘નિરુદ્દેશે’ કાવ્યમાં કવિ ‘પંથ’ની સાથે પ્રાસ મેળવવા માટે કવિ ‘લીધો’ના બદલે ‘લીધ’ શબ્દનું પ્રયોજન કરે છે.

## 5.8 પુનરાવલોકન

**(ક) નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1. ‘નિરુદ્દેશે’ કાવ્યનો ઉદ્દેશ જણાવો.
2. ‘નિરુદ્દેશે’ કાવ્યમાં કવિને કઈ કઈ વસ્તુઓ આકર્ષે છે ?
3. ‘નિરુદ્દેશે’ કાવ્યમાં કવિ શેની અનુભૂતિ કરે છે ?
4. ‘નિરુદ્દેશે’ કાવ્યની ભાષા ચર્ચો.
5. ‘હું જ રહું વિલસી સહુ સંગ ને
   હું જ રહું અવશેષે’ — પંક્તિ સમજાવો.

**(ખ) નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો.**

1. ‘નિરુદ્દેશે’ કાવ્યનો આસ્વાદ કરાવો.
2. ‘નિરુદ્દેશે’ કાવ્યનો હાર્દ તમારા શબ્દોમાં સ્પષ્ટ કરો.
3. ‘નિરુદ્દેશે’ કાવ્યનું સૌંદર્યલક્ષી કવિતા સંદર્ભે મૂલ્યાંકન કરો.
4. ‘નિરુદ્દેશે’ કાવ્યમાં પ્રગટ થતું આધ્યાત્મચિંતન.
5. ‘નિરુદ્દેશે’ કાવ્યનું શીર્ષક ચર્ચો.

## 5.9 લેખનપ્રવૃત્તિ

- રાજેન્દ્ર શાહની પ્રકૃતિલક્ષી કવિતાઓનો અભ્યાસલેખ તૈયાર કરો.
- રાજેન્દ્ર શાહની કાવ્યસંગ્રહોની યાદી તૈયાર કરી કાવ્યનાં વિવિધ સ્વરૂપોનો અભ્યાસ કરો.
- રાજેન્દ્ર શાહ પ્રણયલક્ષી અને આધ્યાત્મલક્ષી કવિતાને અલગ તારવો.
- જ્ઞાનપીઠ પુરસ્કૃત ગુજરાતી સર્જકોનો પરિચય મેળવો.

## 5.10 વિશેષ અધ્યયન

### (ક) કવિ-પરિચય

રાજેન્દ્ર કેશવલાલ શાહનો જન્મ તેમના વતન કપડવંજમાં 28-1913ના રોજ થયો હતો. પિતા કેશવલાલ અનેમાતાનું નામ લલિતાબહેન. પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ કપડવંજમાં. 1930માં અસહકારની લડતમાં ઝંપલાવી મૅટ્રિકની પરીક્ષા ન આપી. 1932માં મૅટ્રિક થઈ મુંબઈની વિલ્સન કૉલેજમાં દાખલ થયા. 1934માં વડોદરા કૉલેજમાં દાખલ થઈ 1937માં ફિલોસોફી વિષય સાથે બી. એ. થયા અને એ જ વર્ષે અમદાવાદની ગુજરાત કૉલેજમાં અનુસ્નાતક ડિગ્રી માટેના અભ્યાસ શરૂ કરતા એમણે જ્યોતિસંઘમાં નોકરીનો સ્વીકાર કરી ભણતરની સાથે વ્યવસાય જીવનનો પણ આરંભ કર્યો. પછી જ્યોતિસંઘની નોકરી છોડી સ્વતંત્ર વ્યવસાય કરવો આરંભ કરે છે. બાહ્ય

જગતને પોતાની સ્વતંત્ર પ્રકૃતિનો પરિચય કરાવે છે. ત્યારબાદ 1945થી મુંબઈમાં વસવાટ કરી જંગલમાં લાકડાં કાપવાનો કોન્ટ્રાકટ ધરાવતી કંપનીમાં પાંચ છ વર્ષ સુધી સેવા બજાવી જેની અસર પણ તેમની સર્જનપ્રક્રિયા પર આપણે અનુભવી શકીએ છીએ.1931માં મંજુલાબહેન સાથે લગ્ન. પ્રસન્ન દામ્પત્ય એમની કાવ્યપ્રવૃત્તિનું પ્રેરક બળ બની રહ્યું.1993માં તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ થયા.

તેમના સાહિત્ય-સર્જન વિશે નોંધ જોઈએ તો, 'ધ્વનિ' (1951), 'આંદોલન' (1951), 'શ્રુતિ' (1957), 'શાંત કોલાહલ' (1962), 'ચિત્રણા' (1967), 'વિષાદનો સાદ' (1968), 'ક્ષણ જે ચિરંતન' (1968), 'મધ્યમા' (1977), 'ઉદગીતી' (1978), 'ઈક્ષણા' (1979), 'પત્રલેખા' (1981), 'પ્રસંગસપ્તક' (1982), 'કિંજલ્કિની' (1983), 'વિભાવન' (1983), 'દ્વાસુપર્ણા' (1983), 'પંચપર્વા' (1987), 'ચંદન'ભીની અનામિકા' (1987), 'નીલાગ્જના' (1989), 'આરણ્યક' (1992), 'વિરહમાધુરી' (1998), 'સ્મૃતિ-સંવેદના' (1998), 'હા...હું સાક્ષી છું' (2003), ઉપરાંત બાળ કાવ્યસંગ્રહો 'મોરપીછ' (1960), 'આંબે આવ્યા મોર'(1985), 'રૂમઝુમ' (1989), 'અમોને મળી પવનની પાંખ' (1989), રમત અમારી' (2002), 'ખુલ્લામાં જઈ રમીએ' (2003)એમ તેમના કુલ 28 કાવ્યસંગ્રહો પ્રગટ થયા છે. 'ધ્વનિ' થી 'ક્ષણ જે ચિરંતન' સુધીના કાવ્યસંગ્રહોમાંથી ચૂંટેલા કાવ્યોનો સંચય 'નિરુદેશે' નામે કવિલોક પ્રકાશન તરફથી પ્રગટ થયો છે. તેમના 'દ્વાસુપર્ણા' સુધીના પંદર કવિતાસંગ્રહો 'સંકલિત કવિતા' રૂપે (1983)માં એકસાથે પ્રગટ થયા છે.

1947નો 'કુમારચંદ્રક' તથા ૧૯૫૬નો 'રણજિતરામ સુવર્ણચંદ્રક' રાજેન્દ્રને એનાયત થયા. એમના કાવ્યસંગ્રહ 'શાંત કોલાહલ'ને સાહિત્ય અકાદમી, દિલ્હીનો પુરસ્કાર પ્રાપ્ત થયો. 1951માં કવિનો પ્રથમ યશસ્વી કાવ્યસંગ્રહ 'ધ્વનિ' પ્રગટ થયો. એ પછી એમની પાસેથી સંખ્યાબંધ કાવ્યસંગ્રહો પ્રાપ્ત થયા છે. એમનો કાવ્યરાશિ વિપુલ છે તેમ સત્ત્વશાળી પણ છે. ઈયત્તા અને ગુણવત્તાની દૃષ્ટિએ આ કવિ અનુગાંધીયુગના પ્રમુખ કવિ છે. એમની કાવ્યસાધના જીવનપર્યંત અવિરત ચાલતી રહી. એમણે અંગ્રેજી અને બંગાળીમાંથી કેટલાંક ઉત્તમ કાવ્યોના અનુવાદો પણ કર્યા છે, જેમાં મહાકવિ દાન્તેની 'ડિવાઈન કૉમેડી'નો સંપૂર્ણ પદ્યાનુવાદ નોંધપાત્ર છે. તેમની સમગ્ર કાવ્યસર્જનની પ્રવૃત્તિને ધ્યાનમાં રાખીને વર્ષ 2002નું 'ભારતીય જ્ઞાનપીઠ'નું સર્વોચ્ચ પારિતોષિક તેમને પ્રાપ્ત થયું. તેમનું અવસાન ઈ.સ. 2010માં થયું.

(બ) **સ્વરૂપ-પરિચય**

કાવ્યના વિવિધ સ્વરૂપનું સૌથી આકર્ષક તત્વ હોય તો તે છે તેની ગેયતા. આજ ગેયતાના કારણે સદીઓથી ગીતના સ્વરૂપે માનવ મન પર કબજો જમાવ્યો છે. તમે જાણો જ છો કે પ્રાચીનકાળથી જ માનવમુખમાં ગીત રમતું આવ્યું છે. માનવીના મનનો હર્ષ, વેદના, શૌર્ય જેવા નવ રસ આદિભાવો હંમેશા ગીતમાં વ્યક્ત થતા રહ્યાં છે. આ ઊર્મિઓને લયબદ્ધ રીતે અભિવ્યક્ત કરવાનું માધ્યમ ગીતનું સ્વરૂપ બન્યું છે. સુન્દરમ કહે છે તેમ, 'કવિતા અને સંગીતના સહિયારા સીમાડા પરનો છોડ છે ! સંગીત અને કવિતા ઉભયના કલાતત્વોને પોતાનામાં વિશિષ્ટતાથી સમાવી લઈ ગીત પોતાનું સ્વરૂપ

સાધે છે.' આ રીતે સિદ્ધ થતા સ્વરૂપમાં એકીસાથે ત્રિવિધ તત્વોનો સમન્વય થાય છે. આ ત્રણ તત્વો : કવિતા, ગીત અને સંગીત. આ ત્રણેય તત્વોને સંયોજીને રચાતું ગીત માનવ માત્રના હૃદયને સ્પર્શીને તેને રસાદ્ર કરવાનો ગુણ ધરાવે છે. ત્રિવિધ તત્ત્વોના રાસાયણિક સંયોગથી જન્મનું ગીત માનવહૃદયને સ્પર્શે છે અને રસાદ્ર કરે છે.

ગીત રચનાને કાવ્ય રચનના માપદંડ માપવામાં ઘણી મુશ્કેલી છે. તેમ કરવામાં આપણને ઘણી અધૂરપ દેખાય આવે. ઉત્તમ ગીત રચના પણ કાવ્યતત્ત્વની ચમત્કૃતિ ન હોય તો તે છીછરી અને રમતિયાળ બની જાય. ઊચું કાવ્યતત્ત્વ, સંગીતની સચોટ જુગલબંધી અને ગીતતત્ત્વના ત્રિવેણી સંગમરૂપ રચનાઓ વીરલ હોય છે, દુર્લભ હોય છે.ગીત રચનામાં કાવ્ય, સંગીત અને ગેયતા પૈકી કોઈ એક તત્ત્વની નબળાઈ રચનાને દોષ બની રહે; પણ, તેમાંના એકની નબળાઈ સમગ્ર ગીત રચનાને નિર્બળ બનાવે છે. સર્વોત્તમ ગીત રચનાની જરૂરિયાત આ ત્રણેય તત્ત્વોની સુયોગ્ય સહોપસ્થિતિમાં હોય છે.

આ સિવાય પણ ગીતમાં બીજા ઘટકો હોય છે, જેમાં લય અને તાલનો સમાવેશ કરવામાં આવે છે. આપણા મધ્યકાલીન પદ-ભજન, રાસ, ગરબી, તેમજ લોકગીત આદિમાં તેનો ચિતાર મળી રહે છે. એટલે કે, રાગીયતા પણ ગીતના એક અનિવાર્ય તત્વ તરીકે જોવું પડે. રાગતત્વ ગીતના સર્વે અંગોને સ્પર્શે ત્યારે જ તે એક ઉત્તમ કલાકૃતિનું રૂપ ધારણ કરે છે. ઉક્તિ લાઘવ તથા અર્થ લાઘવ ગીત રચના માટે એટલું જ જરૂરી તત્વ છે. તાલ અને માત્રામાં નિરૂપણ પામેલ કાવ્યપંક્તિઓ દ્વારા શબ્દનું રાગબદ્ધ કે લયબદ્ધ ગઠબંધન થાય છે. ગીતરચનાના દરેક ચરણના અંતે વિરામ આવશ્યક છે. ગીત માત્ર પઠન કરવા માટેની રચના નથી તેને ગાવા અને સાંભળવામાં પણ સંપૂર્ણ નિસબત જોઈએ. તેથી જ તો જયારે ગીતમાં પ્રવાહિત મળે લયના તાંતણે જોડાઈ ત્યારે મધુરતાનો અનુભવ થાય છે.

ગીત સર્જક પ્રત્યેક પંક્તિમાં ગતિ સાધતો હોય છે, તેવી જ રીતે એક પંક્તિના અનુસંધાને પછીની પંક્તિ આવતી જતી હોય છે. એટલે કે દરેક પંક્તિ એક-બીજી સાથે આંતરિક સંબંધથી જોડાયેલી હોય છે. પ્રાસ યોજના પણ ગીત રચનાને ઉપકારક એવું આંતર બાહ્ય અંગોને સ્પર્શતું ઘટક તત્વ છે. પ્રાસ રચનાથી સર્જકની ભાવ જગત સાથે ગીતનો ગાઢ સંબંધ રચાય છે, છતાં ગીત એ સૌંદર્યાનુભૂતિ કરાવતી એક સળંગ રચના બને છે અને ભાવ-ઊર્મિની પરાકાષ્ઠાએ પહોંચતી હોય છે.

ગીતની ગંગોત્રી કવિતાના ઉદ્ભવ જેટલી જ પ્રાચીન અને અવિરત છે. ગીત મનુષ્ય જાતિની સાહજિક અને મૂલ્યવાન આત્મીય સંપત્તિ છે. કાવ્યત્વ, સંગીત્વ અને ગીતત્વના સંયોગથી એનો સમુચિક સ્વરદેહ અને રસગર્ભ નિર્માણ પામે છે. રવીન્દ્રનાથનાં ગીતોમાં ત્રણેય તત્ત્વોની કલાત્મક સહઉપસ્થિતિ દૃષ્ટિગોચર થાય છે. ગુજરાતી સાહિત્યમાં રાજેન્દ્ર શાહ, નિરંજન ભગત અને જયંત પાઠકનાં ગીતોમાં આવી કલાત્મકતા છે. રાજેન્દ્ર શાહના આ ગીતમાં સહજ-સ્વાભાવિક આધ્યાત્મનો રંગ ચઢેલો જોઈ શકાય છે.

## (ગ) વિશેષ વાચન

'ધ્વનિ' (1951)રાજેન્દ્ર શાહનો પ્રથમ કાવ્ય સંગ્રહ છે. પ્રસ્તુત ગીત એ સંગ્રહમાંથી લેવામાં આવ્યું છે. એ જ વર્ષે કવિનો ગીતસંગ્રહ 'આંદોલન' બહાર પડેલ. 'આંદોલન'

પછી કવિ બીજોગીતસંગ્રહ 'ઉદ્‌ગીતિ' 1962માં બહાર પાડે છે. તેમનો એક બીજો યશોદાયી સંગ્રહ'શાંત કોલાહલ'1978માં પ્રગટ થયેલો. 'ચિત્રણા', 'વિષાદને સાદ', 'ક્ષણ જે ચિરંતન', 'મધ્યમા', 'ઈક્ષણા', 'પત્રલેખા', 'પ્રસંગસપ્તક' વગેરે અનેક કાવ્યસંગ્રહો તેમણે પ્રગટ કર્યા છે. તેમનાં બધાં કાવ્યોનો સંચય 'સંકલિત કવિતા' (1983) પણ પ્રગટ થયો છે. તેમની વીણેલી કવિતાઓનાં સંકલનો પણ પ્રગટ થયાં છે. એ બધાંનો અભ્યાસ કરવો જોઈએ. 'રાજેન્દ્ર શાહ' વિશે ધીરુ પરીખે એક પુસ્તિકા લખી છે, જેમાં તેમની કવિતાનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. પ્રસાદ બ્રહ્મભટ્ટનો મહાનિબંધ 'રાજેન્દ્ર-નિરંજન યુગની કવિતા' (1982) પણ પ્રગટ થયો છે. એના અભ્યાસથી રાજેન્દ્ર શાહની કવિતાને માણવામાં, આસ્વાદમાં, મૂલવવામાં મદદ મળી શકે.

**- ટિપ્પણ**

- નિરુદ્દેશ : ઉદ્દેશ વિનાનું, નિષ્પ્રયોજન
- મુગ્ધ : મોહ પામેલું, નિષ્પાપ, અણસમજણવાળું, નિષ્કલંક
- વેશ : રૂપ, સ્વાંગ, પરિવેશ, વેશભૂષા
- કોકિલ : કોયલનો નર
- નિહાળવું : ધારી ધારીને જોવું, એકી ટસે જોવું
- નિખિલ : બધું, સઘળું, તમામ
- સન્નિવેશ : સાનિધ્યમાં, નિશ્રામાં
- વિલસી રહેવું : ઝળકવું, ક્રીડા કરવી, આનંદ કરવો, માણવું
- અવશેષ : બચેલો ભાગ,ખંડેર, બાકી રહેલો ભાગ
- ગેયતા : કાવ્ય રચનાને લય-મેળ સાથે ગાઈને રજૂ કરી શકાય તેવું તત્ત્વ કે શૈલી
- પાંશુ : કોઈ પણ જાતની સભ્ય રીતભાત વગર, આદિમતાના વેશ સાથે
- બેડી : હોડી

**- વિભાવની સમજ**

- **ગાંધી-ઠાકોર પ્રભાવ :**

ઈ.સ.1915પછીની ગુજરાતી કવિતામાં, અન્ય સાહિત્ય સ્વરૂપોની જેમ ગાંધીજીનો પ્રબળ પ્રભાવ પડ્યો છે. સામાજિક નિસબત, દલિત-પીડિત અને શોષિતો પ્રત્યેની સંવેદનાની સરળ અભિવ્યક્તિ મહાત્મા ગાંધીના પ્રભાવનું પરિણામ છે. એ રીતે બ.ક. ઠાકોર એટલે કવિ બળવંતરાય ક. ઠાકોરનું સોનેટ સ્વરૂપ પ્રદાનની સાથે તેઓ આપણા સાહિત્યના પ્રમુખ કાવ્યગુરુ ગણાય છે. તેમણે વિચારપ્રધાન કવિતાનો આગ્રહ કર્યો. અહીં આપણે એમ સમજવાનું છે કે રાજેન્દ્ર શાહ એવા નવોન્મેષથી સભર કવિ હતા કે જેઓ ગાંધીજી અને ઠાકોર જેવા યુગપ્રભાવક પરિબળો પ્રત્યે આદર ધરાવતા હતા પણ કાવ્યરચના નિમિત્તે પોતાની આગવી પ્રતિભા તેમણે પ્રગટ કરી.

- **સંદર્ભસૂચિ**


- ધ્વનિ - રાજેન્દ્ર શાહ
- રાજેન્દ્ર શાહનાં કાવ્યો - સંપા. ધીરુ પરીખ
- ગુજરાતી ઊર્મિકાવ્યો - સંપા. જયન્ત પાઠક
  રમણલાલ પાઠક
- રાજેન્દ્ર શાહના ગીતો - સંપા. ઉષા ઉપાધ્યાય



**લેખન :** ડૉ.હેતલ ગાંધી (આસિસ્ટન્ટ પ્રોફેસર-ગુજરાતી વિભાગ)
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ

એકમ 6

# હરિનો હંસલો

- બાલમુકુંદ દવે

રૂપરેખા

6.1 ઉદ્દેશો
6.2 પ્રસ્તાવના
6.3 કૃતિ
6.4 કૃતિનો સારાંશ
6.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન
6.6 વસ્તુલક્ષી કસોટી
6.7 વિશેષ અધ્યયન

**6.1 ઉદ્દેશો :**

આ કવિતા દ્વારા તમે ગાંધીજી વિશેના અંજલિ કાવ્યનો પરિચય મેળવશો. બાલમુકુન્દ દવેની કવિતાનો પરિચય થશે. કવિ બાલમુકુન્દ દવેએ ગાંધીજીના મૃત્યુ બાદ લખેલ આ અંજલિ કાવ્ય છે. અંજલિ કવિતાના ભાવજગતનો પરિચય થશે. ગાંધીજી વિશે યોજાયેલ પદાવલી અને ભાવપ્રતીકોનો વિનિયોગ કવિની સર્જકતાનો પરિચય કરાવે છે.

**6.2 પ્રસ્તાવના :**

30 મી જાન્યુઆરી-1948ના રોજ ગાંધીજીની હત્યા થઈ. ત્રણ ગોળીઓ તેમની છાતીમાં ધરબાઈ ગઈ અને હે રામ ! બોલી બાપુ ઢળી પડ્યા. સમગ્ર વિશ્વ માટે આઘાતજનક ઘટના હતી. માત્ર ગુજરાતી કવિઓ જ નહિ, ઘણી ભાષાના કવિઓએ ગાંધીજી વિશે અંજલિ કાવ્યો લખ્યાં. વિશ્વશાંતિના વકીલ એવા મહાત્મા ગાંધીજીની હત્યાના આઘાતથી વ્યથિત સર્જકોની અભિવ્યક્તિ રૂપે ઘણી કવિતાઓ આપણને મળે છે. ગાંધી વિષયક અંજલિ કાવ્યોમાં 'હરિનો હંસલો' ખૂબ જુદું પડે છે. આ કાવ્ય ખૂબ જાણીતું છે. ગાંધીજી વિષયક અન્ય કાવ્યો વાંચવાની પ્રેરણા મળે તેવી આ કવિતા છે.

**6.3 કૃતિ**

**હરિનો હંસલો**

કોણે રે દૂભ્યો ને કોણે વીંધિયો ?
કલંકીએ કોણે કીધા ઘા ?

કોણ રે અપરાધી માનવજાતનો
જેને સૂઝી અવળી મત આ ?
રુધિરે રંગાયો હરિનો હંસલો.

પાંખ રે ઢાળીને હંસો પોઢિયો,
ધોળો ધોળો ધરણીને અંક;
કરુણા-આંજી રે એની આંખડી,
રામની રટણા છે એને કંઠ,

રુધિરે રંગાયો હરિનો હંસલો !
હિમાળે સરવર શીળાં લે'રતાં
ત્યાંનો રે રહેવાસી આ તો હંસ.
આવી રે ચડેલો જગને ખાબડે,
  જાળવી જાણ્યો ના આપણ રંક !
રુધિરે રંગાયો હરિનો હંસલો.

સાંકડાં ખોદો રે અંતરખાબડાં,
રચો રે સરવર રૂડાં સાફ
અમરોનો અતિથિ આવે હંસલો!?
આપણી વચાળે પૂરે વાસ
રુધિરે રંગાયો હરિનો હંસલો

**- બાલમુકુન્દ દવે**

**6.4 કૃતિનો સારાંશ :**

હરિનો હંસલો - કાવ્યનું શીર્ષક છે. કોણે રે દૂભ્યો - પ્રશ્નથી કાવ્યની શરૂઆત છે. ગાંધીજીની હત્યા બાદ કવિને તીવ્ર આઘાત લાગે છે. તેની અભિવ્યક્તિ આ કવિતામાં છે. માનવજાતિના મૂલ્યવાન પ્રતિનિધિ એવા મહાત્મા ગાંધીના હત્યારાને અહીં કવિએ માનવજાતના અપરાધી તરીકે ઓળખાવ્યો છે. અવળી મતિ સૂઝે કે બુદ્ધિ ફરી જાય ત્યારે આવું અવિચારી કૃત્ય થઈ જાય છે. જેની આંખોમાં માનવજાતિ માટે સતત કરૂણા હતી, જેના કંઠ પર રામનું નામ સદાય રમતું હતું, તેવા મહાપુરુષનું આપણે જતન કરી શક્યા નહીં.

હિમાલયનું આકર્ષણ દરેક સાધકને હોય છે. હિમાલયના શીતળ સરોવરનો રહેવાસી એવો પવિત્ર સાધક, જીવનપ્રવાસી આ જગતમાં સહુથી જુદો હતો. જગતમાં આવી ચડ્યો હતો. જગત તેને સાચવી શક્યું નહીં. આપણાં હૃદય સાંકડાં છે. અંતરની સંકુચિતતા દૂર કરવાની છે. સંકડાશ દૂર કરીશું તો મોકળાશ પામીશું.

ખાબોચિયાં જેવા આપણા અંતરને ખોદવાનું છે અને તેમાં મીઠી સરવાણી ફૂટે તેવાં સરોવર રચવાનાં છે. અમરલોકનો વાસી એવો આ વિરલ આત્મા આપણી વચ્ચેથી વિદાય લઈ ગયો. તેનું દર્દ આ કવિતામાં છે. કવિ, ગાંધીજીનું નામ લીધા વગર 'હરિનો હંસલો' એવું પ્રતીક યોજીને ઉત્તમ અંજલિ આપે છે.

**6.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન :**

કોણે રે દૂભ્યો ને કોણે વીંધિયો ? જેવા પ્રશ્નવાક્ય - પંક્તિથી કાવ્યનો પ્રારંભ થાય છે. આ કવિ ગાંધીયુગના કવિ છે અને કાવ્યનું વિષયવસ્તુ - શબ્દો - ભાષા આદિ દ્વારા સહજ રીતે જાણી શકાય છે કે આ કવિતા ગાંધીજીની હત્યા પછી, તેમની હત્યાને નિમિત્તે લખાયેલી કવિતા છે.

ગાંધીહત્યાનું કલંક વહોરવાનું કોણે નક્કી કર્યું ? એવો કોણ કલંકી કે જેણે જરા સરખો વિચાર ન કર્યો અને ગાંધીજીની હત્યા કરી નાખી. જેને પણ આ 'અવળી મત' એટલે કે કુવિચાર આવ્યો તે માનવજાતનો અપરાધી છે.

પાંખ રે ઢાળીને હંસો પોઢિયો,
  ધોળો ધોળો ધરણીને અંક;

જીવન પાંખ કાયમ માટે ઢળી ગઈ છે. હરિનો હંસલો એટલે કે પ્રભુનો પ્રતિનિધિ; ધોળો હંસલો એટલે જેનો આત્મા નિષ્કલંક છે તેવો શ્વેત આત્મા; ધરતીના ખોળે પડ્યો.

પ્રભુના પ્રતિનિધિઓ દેશ-કાળને અતિક્રમિ જાય છે. તેઓ શાશ્વત હોય છે. દરેક યુગને માટે મહાત્માનું જીવન એક વિસામો છે. આશ્વાસન છે. જેમની આંખમાં સદાય કરુણા છે. હૈયે સદાય રામ-નામનું રટણ છે તેવા શ્વેતહંસને વીંધનારે રૂધિરે રંગ્યો. લોહીના ખાબોચિયામાં મહાત્માના નશ્વર દેહની સ્થિતિને કવિએ અહીં 'રુધિરે રંગાયો' હરિનો હંસલો-માં આબાદ વ્યક્ત કરી છે.

આ વિશ્વમાં મહાપુરુષો યુગે-યુગે જન્મે છે અને યુગને દોરવણી આપે છે. જગતમાં આવીને વસેલા આ મહાપુરુષો પોતાના જીવનકાર્ય થકી માવજાતિને ઉપકારક એવી માર્ગદર્શક ભૂમિકા રચે છે. જગત તેમના તપને, આંતરતેજને ઓળખી શકતું નથી. આપણે સામાન્ય માણસો આવી વિરલ વિભૂતિને સાચવી શકતા નથી.

કવિ કહે છે :

**આવી રે ચડેલો જગને ખાબડે,**
**જાળવી જાણ્યો ના આપણ રંક**
**રુધિરે રંગાયો હરિનો હંસલો.**

જગતના આંગણે આવીને વસેલા આવા પુણ્ય-શ્લોક આત્માને આપણે ઓળખી શકતા નથી.

આપણા આંતરજગતની સંકડામણ દૂર કરીને જ આપણે તેમને પામી શકીશું. 'અંતરખાબડાં'ને ખોદીને રૂડાં સરોવર રચવાની કવિની ભાવના આપણી જીવન દૃષ્ટિને વિશાળ બનાવવાની છે.

પ્રભુના પ્રતિનિધિ જેવા મહાન આત્માઓના જીવનકાર્ય અમરતાને વરેલા હોય છે. અમરત્વ તેમના વિચારોનું છે, એટલે ગાંધીને શાશ્વતગાંધી કહીએ છીએ તેમાં અતિશયોક્તિ નથી. હિમાલય જેવા ધામના કાયમી નિવાસી સાધક જેવું જેનું અંતરમન હોય તેવા આ મહાપુરુષે આપણી વચ્ચે વસવાટ કર્યો. આવા અમરપંથના યાત્રીને આપણે રૂંધી નાંખ્યો.

આમ, કવિ અહીં 'હરિનો હંસલો' એમ પ્રતીક તરીકે યોજીને ગાંધીજીને અંજલિ આપે છે.

ગાંધીજી વિશે ભારતની ઘણી પ્રાદેશિક ભાષાઓમાં અંજલિ-કાવ્યો લખાયાં છે. ગુજરાતીમાં લખાયેલ આ નોંધપાત્ર અંજલિકાવ્ય છે.

### 6.6 વસ્તુલક્ષી કસોટી :

**(અ) એક વાક્યમાં જવાબ આપો.**

(1) 'હરિનો હંસલો' - કાવ્યમાં - 'હંસલો' શબ્દ કોના માટે વપરાયેલ છે.
(2) હરિના હંસલાને હણનારને કવિ કયા શબ્દમાં ઓળખાવે છે ?
(3) 'હરિનો હંસલો' કોનું નામ રટણ કરે છે ?
(4) પ્રભુના પ્રતિનિધિ જેવા મહામાનવને જાળવી ન શકનાર આપણે લોકો કેવા છીએ ?

**(બ) વિસ્તૃત જવાબ આપો.**

(1) 'હરિનો હંસલો' કાવ્યનું અંજલિકાવ્ય તરીકે મૂલ્યાંકન કરો.

### 6.7 વિશેષ અધ્યયન

**- કવિ પરિચય**

કવિશ્રી બાલમુકુન્દ દવેનો જન્મ તા.૦૭-૦૩-૧૯૧૬ના રોજ વડોદરા નજીક આવેલા મસ્તપુરા ગામમાં થયો હતો. માતાનું નામ નર્મદાબહેન અને પિતાનું નામ ગિરજાશંકર. પ્રાથમિક શિક્ષણ ગામની સરકારી ગુજરાતી નિશાળમાં અને મેટ્રિક સુધીનો અભ્યાસ વડોદરાની સયાજી હાઈસ્કૂલમાં મેળવ્યો. સંસ્કારનગરી વડોદરાની વિવિધ કલાપ્રવૃત્તિ દ્વારા તેમની સર્જકચેતનાને પોષણ મળ્યું. અભ્યાસકાળ નિમિત્તે સાત-આઠ વર્ષના વડોદરા વસવાટ વખતે જ તેમણે કાવ્યલેખનનો પ્રારંભ કરી દીધો હતો.

૧૯૪૦માં નોકરી માટે અમદાવાદ આવેલા કવિશ્રીનાં પ્રથમ પત્નીનું અવસાન થયા બાદ તેમણે ચંદનબહેન સાથે બીજાં લગ્ન કર્યાં. ભિક્ષુ અખંડાનંદના 'સસ્તું સાહિત્યમાં' જોડાયા. વેણીભાઈ પુરોહિતનો પરિચય થયો. 'નવજીવન'માં જોડાયા અને ગાંધીસાહિત્યના સંપર્કમાં આવ્યા. અમદાવાદમાં 'કુમાર'ની બુધકવિસભાની મુલાકાતો પણ તેમને ફળી. કવિ તરીકે તેમનું ઘડતર થયું.

કુટુંબના ધર્મસંસ્કારના કારણે પ્રભાતિયાં, કથા-વાર્તાથી બાળપણમાં જ સમૃદ્ધ થયેલા કવિના જીવનમાં મહાત્મા ગાંધીની આત્મકથા, મહાભારત તથા રામકૃષ્ણ પરમહંસના જીવનચરિત્રનો ઊંડો પ્રભાવ રહ્યો છે.

બાલમુકુન્દ દવે પાસેથી બે કાવ્યસંગ્રહો : (૧) પરિક્રમા (૧૯૫૫) અને (૨) કુન્તલ (૧૯૯૨) મળ્યા છે. આ ઉપરાંત તેમણે 'સોનચંપો', 'અલ્લક દલ્લક' અને 'ઝરમરિયાં' જેવા બાળકાવ્યસંગ્રહો પણ આપ્યા છે. તેમણે કાવ્યના આસ્વાદો પણ કરાવ્યા છે. જે 'પ્યાસ અને પરબ'માં સમાવિષ્ટ છે.

---

**લેખન :** ડૉ.યોગેન્દ્ર પારેખ (પ્રોફેસર-ગુજરાતી વિભાગાધ્યક્ષ)
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ

**એકમ 7**

# વળાવી બા આવી

- ઉશનસ્

7.1 એકમનો હેતુઓ

7.2 પ્રસ્તાવના

7.3 કૃતિ (વળાવી બા આવી-ઉશનસ્)

7.4 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

7.5 પુનરાવલોકન (સ્વાધ્યાય 1, 2, 3)

7.6 લેખન પ્રવૃત્તિ

7.7 વિશેષ અધ્યયન

- કર્તા પરિચય
- વિશેષ વાચન
- સંદર્ભે વાચન
- ટિપ્પણ

## 7.1 એકમના હેતુઓ

(1) ગુજરાતી સાહિત્યની જાણીતી કવિતાનો અભ્યાસ.

(2) કાવ્યકળાની દૃષ્ટિએ કાવ્યની તપાસ.

(3) સ્નેહીજનોના વિરહથી વ્યથિત કાવ્યનાયિકાની મનઃસ્થિતિનો અભ્યાસ.

(4) અર્વાચીન આ કાવ્યરચનાની ભાષાસામગ્રીનો ખ્યાલ આવશે.

## 7.2 પ્રસ્તાવના :

'વળાવી બા આવી' ગુજરાતી સાહિત્યની એક નોંધપાત્ર સૉનેટ રચના છે. દિવાળીની રજાઓ પછી ઘર ખાલી થઈ જાય છે. રજાઓને કારણે હર્યુંભર્યું લાગતું ઘર નીરવ શાંતિમાં ફેરવાઈ જાય છે. આ વિરહની અનુભૂતિ કરનાર કાવ્યનાયિકા-બાની સ્થિતિનું અદ્‌ભુત વર્ણન કરતું કાવ્ય એની ભાષાસામગ્રીને કારણે પણ નોખું તરી આવતું સૉનેટ છે. આમ, પણ સૉનેટ કાવ્યપ્રકાર અને કવિ ઉશનસ્ બંને અભિન્ન છે. આ અત્યંત જાણીતું સૉનેટ ઉશનસ્‌ની કવિ પ્રતિભાનો પણ પરિચય કરાવે છે.

## 7.3 કૃતિ

### વળાવી બા આવી - ઉશનસ્

રજાઓ દિવાળી તણી થઈ પૂરી. ને ઘર મહીં
દહાડાઓ કેરી સ્ખલિત થઈ શાંતિ પ્રથમની.
વસેલાં ધંધાર્થે દૂરસુદૂર સંતાન નિજના
જવાનાં કાલે તો, જનકજનની ને ઘર તણાં
સદાનાં ગંગામાસ્વરૂપ ઘરડાં ફોઈ, સહુએ.
લખાયેલો કર્મે વિરહ મિલને તે રજનીએ
નિહાળ્યો સૌ વચ્ચે નિયત કરી બેઠો નિજ જગા,
ઉવેખી એને સૌ જરઠ વળી વાતે સૂઈ ગયાં.

સવારે ભાભીનું ભર્યું ઘર લઈ ભાઈ ઊપડ્યા.
ગઈ અર્ધી વસ્તી, ઘર થઈ ગયું શાંત સઘળું,
બપોરે બે ભાઈ અવર ઊપડ્યા લેઈ નિજની
નવોઢા ભાર્યાઓ પ્રિયવચનમંદસ્મિતવતી

વળાવી બા આવી નિજ સકલ સંતાન ક્રમશઃ
ગૃહવ્યાપી જોયો વિરહ, પડી બેસી પગથિયે.

**7.4 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન :**

ઉશનસ્ રચિત 'વળાવી બા આવી' સૉનેટ ત્રણ ખંડમાં વિભાજિત છે. ચૌદ પંક્તિનું આ કાવ્ય 8+4+2 પંક્તિખંડોમાં વહેંચાયેલું છે. આમ તો સૉનેટ 8+6 પંક્તિ ખંડોમાં હોય, પણ અહીં વિષય અને ભાવનિરૂપણની રીતે કવિએ અંતિમ બે પંક્તિનો અલગ ખંડ રચ્યો છે. એને કારણે ભાવની સઘનતા રચાઈ છે.

આ કાવ્યમાં નિરૂપિત પ્રસંગ અત્યંત જાણીતો છે. ભારતીય કુટુંબવ્યવસ્થામાં આ પ્રસંગ પ્રત્યેક દિવાળીના તહેવાર નિમિત્તે જોવા મળે છે. અહીં દિવાળીના તહેવારની વાત નથી. દિવાળી પૂરી થઈ છે અને એ સાથે રજાઓ પણ પૂરી થઈ છે. કાવ્યનો ઉપાડ જ ત્યાંથી થાય છે. રજાઓ પૂરી થવાને કારણે દૂરદૂર વસેલા સ્નેહીજનો આવતીકાલે પોતાના સ્થાને પાછા ફરશે. ઘરડાં ફોઈ, સંતાનો સૌ વિદાય લેશે. આ અંતિમ રાત્રિ છે ને આવતીકાલે સવારે તો ઘર ખાલી ખાલી થઈ જશે. આટલાં દિવસો સુધી બાળકોમાં કિલ્લોલથી ઘર ગૂંજતું હતું, સંતાનો-સ્નેહીઓની વાતોથી ગર હર્યુંભર્યું હતું અને હવે આવતી કાલે ? માત્ર શાંતિ છપાયેલી રહેશે. પ્રથમ ખંડની અંતિમ બે પંક્તિઓમાં કવિકર્મ દેખાય છે. વિરહ ચૂપકી સાથે પ્રવેશ ચૂક્યો છે અને ઘરમાં એણે નિજની જગ્યા પણ કરી લીધી છે. પણ એ પ્રવેશી ચૂકેલા વિરહની કોઈને ચિંતા નથી. અંતિમ રજની છે એટલે શક્ય છે, સૌ વાતોમાં મશગૂલ પણ હોય. પણ કેટલી વાતો ? વિરહને, વાતોને પછી અવગણીને સૌ સૂઈ ગયા છે. એ બધાની વચ્ચે પેલો વિરહ પણ સૂતો છે, પોતાની જગ્યા કરીને. પ્રથમ ખંડ એ રીતે વીતેલા સમયનો, દિવાળીની રજાઓના આનંદની સાથે ભવિષ્યની ક્ષણને સૂચક રીતે મૂકી આપે છે. અંતિમ રાત્રિ પછીની વિરહસભર સવાર કેવી ઊગે છે એનો વિચાર એકમાત્ર કાવ્યનાયિકા બાના પક્ષે છે. સંતાનો, સ્વજનો તો રજાઓ પૂરી થઈ એટલે વિદાય લેશે, એ સ્વાભાવિક છે પણ એ વિદાયનો વિચાર કેવળ બાના પક્ષે છે. આવું દર દિવાળીની રજાઓમાં થતું હશે, પણ આ વખતે બાની મનઃસ્થિતિ જુદી છે. એ મનઃસ્થિતિનું આ કાવ્ય છે.

બીજા ખંડનો પ્રારંભ જ વિદાયની ક્રિયાથી થાય છે : 'સવારે ભાભીનું ભર્યું ઘર લઈ ભાઈ ઊપડ્યા ? - ભાઈએ પોતાના કુટુંબ સાથે વિદાય લીધી. 'ભર્યું ઘર' શબ્દસંનિધિ નોંધપાત્ર છે. એ દ્વારા ભાઈનાં સંતાનોનો પણ નિર્દેશ છે. એ પછીની જે અડધી પંક્તિ છે.' ગઈ અર્ધી વસ્તી' એ વધારે વ્યથાસભર છે. અડધી વસ્તી ખાલી થઈ ગઈ એને કારણે ઘર શાંત થઈ ગયું. કિલ્લોલનું ઘર આ જવાની ઘટનાથી શાંત થઈ ગયું. સવારે અડધી વસ્તી ખાલી થઈ ગઈ, એની પીડામાંથી હજી કળ વળે ત્યાં બપોર આવી પહોંચી, વધુ એક વિરહ લઈને. પોતાની પત્નીઓને લઈને બે ભાઈઓએ પણ વિદાય લીધી. વિદાય લેનાર તો હસતાં હસતાં જાય છે પણ વિદાય આપનાર ? એના ચહેરા પર સ્મિત નથી. ક્યાંથી હોય ? ઘર શાંત થઈ ગયું હોય ત્યારે ઘાના ચહેરા પર સ્મિત ક્યાંથી હોય ? આંખના કોઈ ખૂણે ભેજ સાચવીને કાવ્યનાયિકાએ તો માત્ર વિદાય આપવાની છે. એ કોઈને અટકાવી શકે એમ પણ નથી. કારણ જનાર તો દૂરદૂર વસેલા છે. એણે તો જવું જ પડે. રજાઓ પણ પૂરી થઈ છે, એટલે પણ જવું જ પડે. 'જવું પડે' અને 'વિદાય આપવી પડે' - આ બંને સ્થિતિમાંથી કોઈને અટકાવી શકાય એમ નથી. આ ઘરની અને એટલે બાની પણ આ જ નિયતિ રહી છે.

સૉનેટની અંતિમ બે પંક્તિ ભાવપલટાની સાથે સાથે એક ચમત્કૃતિ-ચોટ સિદ્ધ કરનારી હોવી જોઈએ. આ સૉનેટની અંતિમ બે પંક્તિઓમાં એ અનુભવ એકદમ સઘન રીતે જોવા મળે છે. સવારથી બધાંને બા ક્રમશઃ વિદાય આપી રહી છે. જેમ જેમ સહુ વિદાય થાય છે તેમ તેમ બાની

અંદરનો ખાલીપો વિસ્તરતો જાય છે. ક્યારેક નીરવ શાંતિ પણ ભયંકર લાગે છે, અકળાવનારી લાગે છે. એમાં પણ દિવાળીના તહેવાર પછીની શાંતિ ભેંકારનો અનુભવ કરાવે છે. બા પોતાની અંદર આ ભેંકારનો અનુભવ સવારથી કરી રહી છે. જેમ જેમ સ્વજનો વિદાય થતાં જાય છે તેમ તેમ ભેંકારતા બાની અંદર અને ઘરની અંદર પણ વધતી જાય છે. પોતાની અંદર આવી ભેંકારનો અનુભવ બા અંતિમ વિદાય પછી ઘરમાં નજર નાખે છે અને ભાંગી પડે છે. પોતાની અંદરના વિરહનો બાપ એ ઘરમાં જુએ છે. કિલ્લોલનું હર્યુંભર્યું ઘર હવે કેવળ શાંતિનો, વિરહનો અનુભવ કરી રહ્યું છે. એવા ઘરમાં પ્રવેશવાની બાની હિંમત થતી નથી, એ પગથિયે જ બેસી પડે છે. બાનું પગથિયે બેસી પડવું, એના વિરહની અને એ વિરહને કારણે ઊભી પીડાની ચરમસીમા જેવું છે. બા ઘરમાં પ્રવેશીને કરે પણ શું ? - એવો પ્રશ્ન પણ સહજ છે. સહુ કોઈએ તો વિદાય લીધી છે ત્યારે ઘરમાં કોના માટે પ્રવેશ કરવો ? એવા વિચારે પગથિયે બેસી પડેલી કાલ્પનાયિકા-બાનું પાત્ર કરુણ બની રહે છે. ગુજરાતી કાવ્યસાહિત્યનું આ એક અવિસ્મરણીય પાત્ર છે.[1]

**સંદર્ભ :**

(1) પુરોહિત, લાભશંકર, ફલશ્રુતિ, માર્ચ-1999, પા-310

પુનરાવલોકન (સ્વાધ્યાય-ભાષાકીય સામગ્રીનો અભ્યાસ)

આ કાવ્યના વિષયવસ્તુથી પરિચિત થયા પછી એની ભાષા સંદર્ભે વિચાર કરીએ. કવિકર્મની દૃષ્ટિએ અહીં જે શબ્દસંનિધિઓ થઈ છે, જેને ‘સમાસ’ તરીકે ઓળખવામાં આવે છે, એ નોંધપાત્ર છે. જેમકે, ‘જનકજનની’ આ સમાસમાં ‘જનક’ અને ‘જનની’ બે શબ્દો છે. આ બે શબ્દોથી એક સમાસ બને છે.

## 7.5 પુનરાવલોકન

**સ્વાધ્યાય-1 :**

ઉશનસ્ રચિત કાવ્ય ‘વળાવી બા આવી’માં નિરૂપિત સામાસિક શબ્દોની અર્થસહિત યાદી તૈયાર કરો.

આ કાવ્યનો પ્રકાર સૉનેટ છે. ગુજરાતી સાહિત્યમાં સૉનેટ મુખ્યત્વે 8+6 પંક્તિ ખંડ અથવા તો 4+4+4+2 પંક્તિ ખંડમાં વિભાજિત જોવા મળે છે. પંક્તિખંડની સાથે સાથે પ્રાસરચના પણ નિશ્ચિત હોય છે. આ કાવ્યમાં પ્રથમ આઠ પંક્તિમાં પ્રાસની ચુસ્તી જોવા મળે છે જેમ કે-

‘સદાના ગંગામાસ્વરૂપ ઘરડાં ફોઈ, સહુએ.

લખાયેલો કર્મે વિરહ મિલને તે રજનીએ.’

સૉનેટ છંદોબદ્ધ કાવ્ય પ્રકાર છે. શિખરિણી છંદમાં આ સૉનેટની રચના થઈ છે.

**સ્વાધ્યાય-2 :**

શિખરિણી છંદની બંધારણીય વિગતો તૈયાર કરો. આ છંદમાં લખાયેલાં અન્ય કવિઓનાં નોંધપાત્ર સૉનેટનો અભ્યાસ કરો.

આ કાવ્યમાં પણ કેટલાંક વિશેષણોનો ઉપયોગ થયો છે. બે ભાઈઓની પત્નીઓ માટે ‘પ્રિયવચનમંદસ્મિત વતી’ શબ્દપ્રયોગ થયો છે. આ પ્રકારના વિશેષણો કાવ્યાભાષાની રીતે પણ અપૂર્વ છે.

**સ્વાધ્યાય-3 :**

આ કાવ્યમાં પ્રયોજાયેલાં અન્ય વિશેષણોની યાદી તૈયાર કરો.

**વસ્તુલક્ષી કસોટી :**

(1) કવિ ઉશનસ્ રચિત શિખરિણી છંદમાં લખાયેલાં અન્ય સૉનેટનો અભ્યાસ કરો.
(2) ઘર પોતે એક પાત્ર તરીકે હોય, ઘરનું વર્ણન જેમાં થયું હોય એવાં અન્ય કાવ્યોની શોધ કરો અને એનો આસ્વાદ કરો.
(3) સૉનેટ કવિ તરીકે જાણીતા કવિ ઉશનસ્‌નાં ગીતોનો પણ અભ્યાસ કરો.

**7.6 લેખનપ્રવૃત્તિ :**

કવિ તરીકે જાણીતા ઉશનસ્‌નું ગદ્ય ક્ષેત્રે પણ વિશિષ્ટ પ્રદાન રહ્યું છે. એમણે કરેલાં કાવ્ય આસ્વાદો, વિવેચનને લગની કૃતિઓનો અભ્યાસ કરો.

**7.7 વિશેષ અધ્યયન :**

**- કર્તા પરિચય :**

ગુજરાતી સાહિત્યમાં 'ઉશનસ્‌' તરીકે જાણીતા કવિનું મૂળ નામ-નટવરલાલ કુબેરભાઈ પંડ્યા. 28 સપ્ટેમ્બર, 1920ના દિવસે વતન સાવલીમાં એમનો જન્મ. 'પ્રસૂન', 'તૃણનો ગ્રહ', 'અશ્વત્થ', 'વ્યાકુળ વૈષ્ણવ' 'મારા નક્ષત્રો', 'છેલ્લો વળાંક' વગેરે એમના નોંધપાત્ર કાવ્યસંગ્રહો છે. 'અશ્વત્થ' માટે એમને સાહિત્ય અકાદમી, દિલ્હીનો પુરસ્કાર પ્રાપ્ત થયો હતો. ઉપરાંત 1972માં રણજિતરામ સુવર્ણચંદ્રક અને 2002માં આદ્યકવિ નરસિંહ મહેતા પુરસ્કાર પ્રાપ્ત થયા હતા. ઉશનસ્‌ને પ્રિય કાવ્યપ્રકાર સૉનેટ છે અને શિખરિણી એમને ગમતો છંદ છે. ઉશનસ્‌ની સૉનેટ ઉપરાંતની અન્ય કવિતા વિશે ધીરુભાઈ ઠાકર નોંધે છે :

'ઉશનસ્‌'ની કવિતાનું પ્રધાન લક્ષણ કલ્પનાનો વૈભવ છે. વાસ્તવમાંથી અગોચર ભાવપ્રદેશ સુધી પહોંચતાં તેમની દૃષ્ટિમાં અનેક અવનવાં કલ્પનો ઊઘડીને ભાષામાં ગોઠવાતાં જાય છે. તેમ કરતાં ઘણીવાર ભાવ અને ભાષાનો ગજગ્રાહ ચાલે છે. કવનવિષયમાં ચિન્તનનો દોરો સતત પરોવાયેલો રહે છે. એટલે એકંદરે કવિતાનું પોત ફિસ્સું પડતું નથી.''[1] કવિતા ઉપરાંત વિવેચન, એકાંકી, નવલકથા વગેરે ક્ષેત્રે પણ એમનું પ્રદાન રહ્યું છે. 'સદ્દુમાતાનો ખાંચો' સ્મૃતિકથા તરીકે વખણાયેલી કૃતિ છે. 'ડોશીની વહુ' એકાંકીસંગ્રહ અને 'વડલાં નવલકથા પણ જાણીતી કૃતિઓ છે.

(1) અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા, ધીરુભાઈ ઠાકર, પા. 10

**- વિશેષ વાચન :**

કવિ 'ઉશનસ્‌' રચિત 'અશ્વત્થ' કાવ્યસંગ્રહનાં અન્ય સૉનેટનો અભ્યાસ કરો. એમાંથી તમને ગમતાં બે સૉનેટનો આસ્વાદ તમારા શબ્દોમાં તૈયાર કરો.

**- સંદર્ભ વાચન :**

(1) ગુજરાતી સાહિત્યકોશ ખંડ:2, અર્વાચીન કાળ
(2) અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસ રેખા, આધુનિક અને અનુઆધુનિક પ્રવાહો, ધીરુભાઈ ઠાકર
(3) ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ, ગ્રંથ-5 (ગાંધી યુગીન-અનુગાંધી યુગીન, કવિઓ), ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ.
(4) કવિ-વિશ્વ સુરેશ દલાલ
(5) ઉશનસ્‌ અધ્યયન ગ્રંથ.

**● ટિપ્પણ :**

'વિદાયને કેન્દ્રમાં રાખીને પ્રહ્‌લાદ પારેખનું સૉનેટ 'વિદાય' અને બાલમુકુંદ દવેનું સૉનેટ જૂનું ઘર ખાલી કરતાં'નો જુદાં સંદર્ભે અભ્યાસ કરો અને આ સૉનેટ સાથે એની તુલના કરી જુઓ.

**જૂનું ઘર ખાલી કરતાં**

ફંફોસ્યું સૌ ફરીફરી અને હાથ લાગ્યુંય ખાસ્સું:
જૂનું ઝાડુ, ટૂથ બ્રશ, વળી લક્સ સાબુની ગોટી,
બોખી શીશી, ટિનનું ડબલું, બાલદી કૂખકાણી,
તૂટ્યાં ચશ્માં, ક્લિપ, બટન ને ટાંકણી સોય-દોરો !
લીધું દ્વારે નિત લટકતું નામનું પાટિયું, જે
મૂકી ઊંધું, સુપરત કરી, લારી કીધી વિદાય.

ઊભાં છેલ્લી નજર ભરીને જોઈ લેવા જ ભૂમિ,
જ્યાં વિતાવ્યો પ્રથમ દસકો મુગ્ધ દાંપત્ય કેરો;
જ્યાં દેવોના પરમ વરશો પુત્ર પામ્યાં પનોતો
ને જ્યાંથી રે કઠણ હૃદયે અગ્નિને અંક સોંપ્યો !
કોલેથી જે નીકળી સહસા ઊઠતો બોલી જાણેઃ
'બા-બાપુ ! ના કશુંય ભૂલિયાં, એક ભૂલ્યાં મને કે ?'
ખૂંચી તીણી સજલ્ દંગમાં કાચ કેરી કણિકા !
ઉપાડેલાં, ડગ ઉપર શા લોહ કેરા મણીકા !

સૉનેટકાર તરીકે ઉશનસ્‌ની લાક્ષણિકતા લાભશંકર પુરોહિત આ રીતે વ્યક્ત કરે છે : ''પ્રકૃત્તિ પ્રણય, ગૃહજીવન, કુટુંબપ્રેમ, સ્થળસૌંદર્ય, વતનપ્રેમ, વ્યક્તિવિશેષ, જીવનચિંતન એમ અનેકાનેક પ્રદેશોમાં એમની સૉનેટ દૃષ્ટિ વિચરે છે. એમની કૃતિઓનો લગભગ અર્ધો ભાગ, અઢીસો સૉનેટ તો જુદા જુદા ગુચ્છરૂપે મળે છે. એમનાં પ્રકૃત્તિ વિષયક સૉનેટમાં શિશુસહજ વિસ્મય ને રોમાંચ સાથે ભાવનિરૂપણની ઇન્દ્રિયગ્રાહ્યતા ધ્યાન ખેંચે છે. કુટુંબવિષયક કૃતિઓમાં નિર્વ્યાજ સ્નેહ, અને નિખાલસ આત્મપ્રત્યય સાથે ભાવચિંતનનો સહજ ઉદ્રેક ભળે છે. રચનાબંધની વિવિધ રીતિઓ ઉપરાંત પોતાની આગવી રીતે પણ પંક્તિખંડકોની તરેહો એમણે ગોઠવી છે. જો કે ઉશનસ્‌ને ક્યારેક સીધું કથન, ગદ્યાળુ પંક્તિઓ, સમાસબાહુલ્ય ને નિરૂપણની એકવિધતાની મર્યાદાઓ નડે છે ખરી, પણ પ્રકૃત્તિના આદિમ રાગને વ્યક્ત કરતી કેટલીક કૃતિઓ અને કુટુંબભાવ વિશેનાં થોડાં સૉનેટ 'પૂ. બાપા જતાં', 'વળાવી બા....' વગેરેની ગણના આપણી સૉનેટ સમૃદ્ધિમાં ન વીસરી શકાય તેવી ઘટના બને છે.

**લેખન :** ડૉ.ધ્વનિલ પારેખ, મદદનીશ અધ્યાપક (ગુજરાતી વિભાગ)
મહાદેવભાઈ દેસાઈ ગ્રામસેવા સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા.

# એકમ 8

# કવિતા ન કરવા વિશે કવિતા

- જયંત પાઠક

રૂપરેખા


8.1 ઉદ્દેશો

8.2 પ્રસ્તાવના

8.3 કૃતિ (કવિતા)

8.4 કૃતિનો સારાંશ

8.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

8.6 વસ્તુલક્ષી કસોટી

8.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

8.8 પુનરાવલોકન

8.9 લેખનપ્રવૃત્તિ

8.10 વિશેષ અધ્યયન

- ટિપ્પણ

- સંદર્ભસૂચિ


## 8.1 ઉદ્દેશો

આ કવિતાના અભ્યાસ દ્વારા તમે -

- અનુગાંધીયુગીન કાવ્યધારાનો પરિચય મેળવશો.
- કવિની સર્જક ચેતનાને માણશો.
- જયન્ત પાઠકની સરળ છતાં ગંભીર અને પ્રવાહી શૈલીનો પરિચય મેળવશો.
- ‘કવિતા ન કરવા વિશે કવિતા’ કાવ્યમાં વ્યક્ત સંવેદનથી પરિચિત થશો.
- કાવ્યનો આસ્વાદ માણશો.
- કાવ્યના હાર્દને પામવા તરફની ગતિને જાણશો.

## 8.2 પ્રસ્તાવના

ગાંધીયુગમાં જન્મેલા જયન્ત પાઠકે અનુગાંધીયુગ, આધુનિક અને આધુનિકોત્તર યુગમાં સાહિત્યસર્જન કરી ગદ્ય અને પદ્ય બન્ને ક્ષેત્રે ઉલ્લેખનીય પ્રદાન કરી મોટા ગજાના સાહિત્યકાર તરીકે પોતાનું સ્થાન સુનિશ્ચિત કર્યું છે.

અહીં તમારે જે કવિતાનો અભ્યાસ કરવાનો છે, તેમાં સર્જનાત્મકતાનો મહિમા તથા સર્જન કરતો સર્જક, તેના મનના ભાવ-અનુભાવ-ઉદ્દીપન ભાવ સાથે જગતની પ્રત્યેક સ્થાયી-અસ્થાયી વસ્તુ કે સત્યને જોવાની વિશિષ્ટ દૃષ્ટિ વિશે ખૂબ કલાત્મક રીતે પણ સરળ શબ્દો અને શૈલીમાં સર્જકભાવનાને અભિવ્યક્તિ મળી છે. ‘કવિતા ન કરવા વિશે’ની કવિતા હોય, ત્યારે નકારવાચક શીર્ષક હોવા છતાં કોઈપણ ઊભરતા સર્જકના મનમાં સર્જકતાનો પાઠ બરાબર રીતે મસ્તિષ્કમાં ઉતરે એવી તર્કબદ્ધ રીતે આખી રજૂઆત કરી છે, જે લેખકની હકારાત્મક સર્જનશક્તિનો પરિચય આપે છે.

આ એકમમાં ‘કવિતા ન કરવા વિશે’ની કવિતામાં તમે કવિના મનમાં કવિતા લખવા વિશે જાણે પ્રશ્નો ઉદ્‌ભવતા હોય અને વાચકને પૂછી રહ્યો હોય તે રીતે પણજગતમાં કવિના સ્થાન વિશે વિશેષ તો કાવ્યકલાનું મહત્ત્વ સિદ્ધ કરે છે.

## 8.3 કૃતિ (કવિતા)

### કવિતા ન કરવા વિશે કવિતા

કવિતા કરવાનું બંધ કરીએ તો શું થાય
સરોવરો સુકાઈ જાય ?
નદીઓ વહેતી થંભી જાય ?
ડુંગરા ડોલી ઊઠે ?
ઘાસ ઊગતું બંધ થઈ જાય ?
પૃથ્વી પાતળમાં ચંપાઈ જાય ?
ના, ના, એવું એવું તો ના થાય –
પણ...... પછી
જલપરીઓ છાનીમાની
ઝીણાં પવનવસ્ત્રો ઉતારી
જલક્રીડા કરવા ના આવે,
ડુંગરા વાદળની પંખો પહેરીને
ઊડી ના શકે;

ઘાસને આંસુનાં ફૂલ ના ફૂટે;
પૃથ્વી ગોળ ગોળ ફરે
પણ ઠેરની ઠેર રહે
અવકાશમાં;
આકાશ ભણી ઊંચે ના જાય.

કવિતા કરવાનું બંધ કરીએ તો
આમ તો કશું ના થાય
—એટલે કે કશું થાય ન નહીં !

- જયંત પાઠક

## 8.4 કૃતિનો સારાંશ

'કવિતા ન કરવા વિશે કવિતા'ની કવિતામાં કવિ શરૂઆત જ પ્રશ્નથી કરે છે અને ભાવકને તરત જ સાંકળી પૂછે છે 'કવિતા કરવાનું બંધ કરીએ તો શું થાય?' જાતે જ પ્રશ્ન ઊભો કરી કહે છે કે,

'સરોવર સુકાઈ જાય ?
નદીઓ વહેતી થંભી જાય.?
ડુંગરા ડોલી ઊઠે ?
ઘાસ ઊગતું બંધ થઈ જાય ?
પૃથ્વી પાતાળમાં ચંપાઈ જાય ?'

આ પંક્તિમાં પ્રકૃતિનાં વિવિધ તત્ત્વોને દર્શાવીને તે જે પોતાનું નિયમિત કાર્ય કરતા હોય તેનું વર્ણન કરી ભાવકને આ નિત્યક્રમમાં કોઈ ફેરફાર થાય કે નહીં તેવો પ્રશ્નાર્થ કરે.સરોવર સુકાઈ ન જાય કે નદીઓ વહેતી થંભી નથી જતી, ડુંગરો ડોલતા પણ નથી કે ઘાસ ઉગવાનું બંધ કરતું નથી કે પૃથ્વીનું પાતાળ ચંપાઈ જતું પણ નથી; એટલે કે પોતે જ ઉત્તર આપે કે આ નિત્યક્રમ ફેરવાઈ કે અટકે એવું તો કંઈ ન થાય. તરત જ પછીની પંક્તિમાં કહે,

'પણ...... પછી'

એક શંકાનો ભાવસૂચવી ભાવક સક્ષમ નવી જ સૃષ્ટિ રચે.

'જલપરીઓ છાનીમાની
ઝીણાં પવનવસ્ત્રો ઉતારી
જલક્રીડા કરવા ના આવે;
ડુંગરા વાદળની પાંખો પહેરીને
ઊડી ના શકે;
ઘાસને આસુંનાં ફૂલ ના ફૂટે;
પૃથ્વી ગોળ ગોળ ફરે
પણ ઠેરની ઠેર રહે
અવકાશમાં;
આકાશ ભણી ઊંચે ના જાય.'

અહી કવિતામાં કવિની કલ્પનાની સૃષ્ટિમાં પ્રવેશવાની ભાવકને તક મળે અને પ્રકૃતિના તત્ત્વોનો સુમેળ થઈ નવી સૌંદર્ય દષ્ટિ સાથે કલ્પનનું સાયુજ્ય સધાય. જલપરીઓ જે કાલ્પનિક સૌંદર્યનું સૂચક છે તે છાનીમાની પવનરૂપી ઝીણાં વસ્ત્રો ઉતારી જલક્રીડા કરતી અનુભવાય, જે આંતરિક જગતનું પ્રાકૃતિક સૌંદર્ય છે. ડુંગરાઓને વાદળોની પાંખોથી કવિ ઊડતા કલ્પી શકે. ઘાસ પર પથરાયેલા ઝાંકળ બિંદુઓ કવિને આસુંના ફૂલ-પુષ્પની જે મનમાં છાપ છોડી જાય તે કાલ્પનિક; પરંતુ, અદ્ભુત સૌંદર્યની દ્યોતક બને છે.પૃથ્વી નિયમ મુજબ ગોળ ગોળ તો ફરે; પરંતુ, અવકાશમાં સ્થિર જણાય તે કવિની કવિતા વગર આકાશ તરફ ઊંચે ઊંડી ન શકે. તેની સદ્રષ્ટાંત રજૂઆત કવિતાના માધ્યમ દ્વારા અહી કરવામાં આવી છે.

છેલ્લે, આમ જો કવિ કવિતા કરવાનું બંધ કરે તો..... શું થાય ?
તો કવિ કે છે કે,

'આમ તો કશું ના થાય
—એટલે કે કશું થાય જ નહીં !'

આમ, પ્રકૃતિનાં તત્ત્વોમાં — નિયમમાં — નિત્યક્રમમાં કોઈ જ ફેરફાર ન જ પડે; પણ, ખરેખર 'કશું થાય જ નહીં !'ની છેલ્લી પંક્તિ દ્વારા સૃષ્ટિમાં કવિતાનું મહત્ત્વ પ્રસ્થાપિત કરે છે. કવિતા સૃષ્ટિનો ધબકાર છે તેવી અનુભૂતિ ભાવક પામી શકે છે. કવિતા કે કોઈપણ કલાપ્રવૃત્તિ સમગ્ર સૃષ્ટિને લય આપે છે તેથી તેની અનિવાર્યતા છે. કવિતા ન થાય તો કશું જ ન થાય તેવો મર્મ આસ્વાદ્ય બને છે.

## 8.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

'કવિતા ન કરવા વિશે કવિતા' સંદર્ભે કવિ ખરેખર તો કવિતા ક્યારે બને અને કવિતામાં પ્રકૃતિના તત્ત્વો કેવો રંગમંચ સર્જી શકે તેની તાલીમ આપતા અનુભવાય છે. કવિતા ફક્ત આંખે દેખ્યા તત્ત્વોનું નિરૂપણ છે કે શું? તે દુવિધાનું સમાધાન કરતા કવિ સદૃષ્ટાંત સમજાવે છે કે કવિતા કવિના ચિત્તમાં પડેલી છબીઓ કવિ હૃદયની કલ્પનાની સૃષ્ટિ અને સંવેદનાનાં ભાવજગત સાથે સ્થાયી પ્રકૃતિના તત્ત્વોનો સુમેળ સાધી નવી જ રમણીય સૃષ્ટિનું નિર્માણ માત્ર છે. પ્રસ્તુત કવિતાના પ્રથમ ચરણમાં કવિ પ્રકૃતિના નિત્યક્રમમાં શું ફેરફાર થઈ શકે? તેનું વર્ણન કરતા લખે છે કે કવિ કવિતા ન કરે તો સરોવરનું પાણી જરાય સૂકાતું નથી કે નદીની પ્રવાહીતતા ઓછી પણ થતી નથી. ડુંગરો જે સ્થિર છે તે ડોલવાના નથી કે ધરતીમાંથી ઘાસ ઊગવાની પ્રક્રિયામાં કોઈ વિક્ષેપ પડતો નથી તેવી જ રીતે પૃથ્વીના તળમાં રહેલા જવાળામુખીથી પૃથ્વી દાઝી જતી પણ નથી. આવાં કોઈ જ પ્રાકૃતિક તત્ત્વોમાં કવિતા ન કરવાથી જરાય ફેરફાર થતો નથી. એમ સાબિત કરી કવિ હવે કવિતા ન થાય તો ભાવક શું ગુમાવે ? તેનું નિરૂપણ કરે છે.

આ જ કવિતાના બીજામાં ચરણમાં કવિ પ્રકૃતિનાં તત્ત્વોને સાધન માત્ર ગણી કવિત્વની મહત્તાને વ્યકત કરે છે. હવે તમને ખ્યાલ છે જ કે, 'જલપરી' કલ્પનાની સૃષ્ટિનું પાત્ર છે. તેણે પવનરૂપી વસ્ત્રો ધારણ કર્યા છે; તે વાયુતત્ત્વને ઉતારી જળતત્ત્વ સાથે ક્રીડા કરવા લાગે તે કલ્પના માત્રથી ભાવકના હૃદયમાં રોમાંચ અનુભવાય છે. જે ફક્ત પવને ફૂંકતા કે જળને પ્રવાહીત થતા જોવાથી શક્ય જ નથી. પ્રકૃતિનાં તત્ત્વોની સાથે ભાવ-સંવેદના જે જ્ઞાનેન્દ્રિયોથી માનવી પામી શકે તેનું નિરૂપણ હંમેશા રોમાંચકારી રહ્યું છે; કારણ કે, આ તર્કની સૃષ્ટિ નથી; પણ, ભાવનાની સૃષ્ટિ છે — સૃષ્ટિનું નિર્માણ કવિ હૃદય જ કવિતામાં કરી શકે. જેમાં પૃથ્વી પર સ્થિર રહેલા ડુંગરા વાદળોની પાંખોરૂપી વેગને પહેરી ઊડી શકે, જેમાં ઘાસને ઝાકળ ભીનાં અશ્રુ પુષ્પો ઊગી શકે કે પૃથ્વી આકાશ તરફ ઊંચે ઊઠી શકે જેવી કલ્પનાનો વ્યાપ કવિને કવિતામાં લય અને સૌંદર્યની સૃષ્ટિ તરફ લઈ જાય છે.

કવિતાને જગતનાં પ્રાકૃતિક તત્ત્વો કરતા કંઈ વિશેષ જોવાની કવિની દૃષ્ટિ, તેનું સંવેદન અને અનુભવોનું નિરૂપણ કરવાના દૃષ્ટિકોણનો લાભ મળી શકે છે. જે લાભ જગતના સ્થાયી એટલે કે નિર્જીવ તત્ત્વોને મળતો નથી. કવિ કવિતામાં નિર્જીવ તત્ત્વોની ચક્રાવાત ગતિમાં પ્રાણ ફૂંકવાનું કામ કરતા હોય છે. કવિ પ્રાકૃતિક તત્ત્વોમાં જીવંતતાનું નિરૂપણ

કરતા હોય છે. આમ, કવિની કવિતા આપણે સૌ જે પ્રકૃતિને કદાચ રોજેરોજ જોઈએ છીએ એ પ્રકૃતિને પણ પોતાની કલ્પનાના માધ્યમથી કવિતામાં મૂકીને પ્રાણવંતી બનાવે છે તથા જીવંતતા બક્ષે છે. આ જ સૌંદર્ય પ્રકૃતિને જીવંત અને કવિતાને વિશેષ બનાવે છે.

## 8.6 વસ્તુલક્ષી કસોટી

**(ક) પ્રસ્તુત કૃતિના આધારે નીચેનાં વિધાન ખરાં છે કે ખોટાં તે જણાવો.**

1. કવિતા કરવાનું બંધ થાય તો ડુંગરા ડોલી ઊઠે.
2. કવિતામાં ઘાસને આસુંના અંકુર ફૂટી શકે.
3. કવિતા કરવાનું બંધ થાય તો કશું થાય.
4. કવિતા કરવાનું બંધ થાય તો પણ નદીઓ વહેતી જાય.
5. કવિતામાં પૃથ્વી આકાશભણી ઊંચે જાય છે.

**(ખ) નીચેની ખાલી જગ્યા પૂરો.**

1. 'કવિતા ન કરવા વિશે કવિતા' જયન્ત પાઠકના ________ કાવ્યસંગ્રહમાંથી લેવામાં આવી છે.
2. કવિતા ન કરવાથી પ્રકૃતિના ચક્રમાં ________ પડતો નથી.
3. જયન્ત પાઠકનું મૂળ વતન ________ છે.
4. 'મૃગયા' કાવ્યસંગ્રહ ________ સાલમાં પ્રગટ થયો.
5. જયન્ત પાઠકના સમગ્ર કાવ્યસંચય ______________ નામે પ્રગટ થયો છે.

**ઉત્તર :**

| | | | | | |
|---|---|---|---|---|---|
| (ક) | 1.ખોટું | 2.ખરું | 3. ખોટું | 4. ખરું | 5.ખરું |
| (ખ) | 1.મૃગયા | 2.વિક્ષેપ | 3.પંચમહાલ | 4.1983 | 5. ક્ષણોમાં જીવું છું |

## 8.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

એક કે વધારે પદ મળીને અર્થ સ્પષ્ટ કરે તેવા સમૂહને આપણે વાક્ય કહીએ છીએ. વાક્યની રચના કરતી વખતે આપણે વાક્યમાંના પદોને ચોક્કસ ક્રમમાં ગોઠવીએ છીએ. અહી આપણે જુદા જુદા પ્રકારોની વાક્યરચનાની ખાસિયતો જોઈએ તો :

- **વિધાનવાક્ય**

જે વાક્ય કોઈ હકીકતનું નિવેદન કરે તેને 'નિવેદનવાક્ય' કે 'વિધિવાક્ય' કહે છે. ઉદાહરણ તરીકે,

1. કવિતા કરવાનું બંધ થઈ જાય.
2. ઘાસને આંસુના ફૂલ ફૂટે છે.
3. ડુંગરા ડોલી ઊઠે છે.
4. પૃથ્વી પાતાળમાં ચંપાઈ જાય છે.
5. સરોવર સુકાઈ ગયાં છે.

- **પ્રશ્નવાક્ય**

જે વાક્યમાં હકીકત વિશે પ્રશ્ન કરવામાં આવ્યો હોય તેને 'પ્રશ્નવાક્ય' કહે છે. જેમકે,

1. શું કવિતા કરવાનું બંધ થઈ જાય ?
2. ઘાસને આંસુનાં ફૂલ ફૂટે છે ?
3. (શું) ડુંગરા ડોલી ઊઠે છે ?
4. શું પૃથ્વી પાતળમાં ચંપાઈ જાય છે ?
5. (શું) સરોવર સુકાઈ ગયા છે ?

- **ઉદ્‌ગારવાક્ય**

જે વાક્યમાં કોઈ હકીકત વિશે આનંદ કે આશ્ચર્ય કે એવો કોઈ ભાવ પ્રગટ થતો હોય તેને ઉદ્‌ગાર વાક્ય કહેવાય.

જોઈએ તો,

1. કવિતા કરવાનું બંધ થઈ જાય તો !
2. ઘાસને આંસુનાં ફૂલ ફૂટે છે !
3. ડુંગરા ડોલી ઊઠે છે !
4. પૃથ્વી પાતાળમાં ચંપાઈ જાય છે !
5. સરોવર સુકાઈ ગયાં છે !

ઉપરના ત્રણેય પ્રકારની પદરચના લગભગ સરખી છે. આ ત્રણેયમાં જુદાં જુદાં વિરામચિહ્નનો ઉપયોગ થયો છે. વિધાનવાક્યના અંતે પૂર્ણવિરામ (.) આવે, તો પ્રશ્નવાક્યના અંતે પ્રશ્નવિરામ (?) અને ઉદ્‌ગારવાક્યના અંતે ઉદ્‌ગારચિહ્ન (!) આવે. આ ઉપરાંત આ વાક્યો બોલવામાં આવે ત્યારે બધાં વાક્યોના આરોહ-અવરોહ જુદાં પડે છે.

જેમકે,

પૃથ્વી ગોળ ગોળ ફરે છે. (વિધાનવાક્ય)
(શું) પૃથ્વી ગોળ ગોળ ફરે છે ? (પ્રશ્નવાક્ય)
પૃથ્વી ગોળ ગોળ ફરે છે ! (ઉદ્‌ગારવાક્ય)

પ્રથમ વિધાનવાક્યમાં વિધાન છે, જ્યારે બીજા વાક્યમાં (શું) પ્રમાણવાચક પદો દ્વારા હકીકત જાણવા પ્રશ્ન કરવામાં આવે છે અને છેલ્લા વાક્યમાં પૃથ્વીના ગોળ ગોળ ફરવા પર આશ્ચર્યનો ભાવ વ્યક્ત કરવામાં આવ્યો છે.

- **વિધિવાક્ય અને નિષેધવાક્ય**

હકારવાળું વાક્ય તે વિધિવાક્ય અને નકારવાળું વાક્ય તે નિષેધવાક્ય કહેવાય, ઉદાહરણ જોઈએ તો,

ડુંગરા વાદળની પાંખો પહેરી ઊડી શકે. (વિધિવાક્ય)
ડુંગરા વાદળની પાંખો પહેરી ઊડી ન શકે. (નિષેધવાક્ય)

વિધિવાક્યનું નિષેધવાક્ય માત્ર છેડે 'નહી' કે 'નહિ' કે વચ્ચે 'ન' કે 'ના' ઉમેરવાથી જ થતું નથી; પરંતુ આ સિવાય પણ ઘણી રીતો છે. આશ્ચર્યમાં ઘણીવાર 'મા' પણ વપરાય છે.

જેમકે,

1. કવિતા કરવાનું બંધ કરીએ તો કશું ના થાય.
2. કવિતા કરવાનું બંધ કરીએ તો કશું થાય જ નહીં !
3. પૃથ્વી પાતળમાં ચંપાઈ જતી નથી.
4. હું કામ કરવા નહોતો માંગતો.
5. સરોવર સુકાયું નથી ?

ઉપરનાં વાક્યો જોતા સમજાશે કે વિધિવાક્યને નિષેધવાક્યમાં કે નિષેધવાકયને વિધિવાક્યમાં ફેરવતી વખતે ભાવ બદલાય નહી એ રીતે બદલવામાં આવે છે. ઘણીવાર વાક્યમાંના અમૂક શબ્દને બદલે વિરોધ અર્થવાળો શબ્દ મૂકવામાં આવે છે.

જેમકે,

- જયન્ત અશાંત રહ્યો.
- જયન્ત શાંત થયો નહિ.

**8.8 પુનરાવલોકન**

**(ક) નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1. 'કવિતા ન કરવા વિશે કવિતા'માં કયાં કયાં પ્રકૃતિનાં તત્ત્વો વ્યક્ત થયાં છે?
2. કવિ'કવિતા'ન કરે તો શું થાય?
3. 'કવિતા એટલે શું ?'- જયન્ત પાઠકના મતને દર્શાવો.
4. જગતનાં પ્રાકૃતિક તત્ત્વો કવિતા રચનામાં શું ફાળો આપે છે, તે જણાવો.
5. પ્રસ્તુત કવિતામાં વ્યકત થતી કવિની કલ્પના વિશે લખો.

**(ખ) નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો.**

1. કવિ દ્વારા કાવ્યસર્જન પ્રવૃત્તિ બંધ થાય તો શું થાય ?
2. જયન્ત પાઠકની કવિ તરીકેની વિશેષતાઓ જણાવો.
3. સૌંદર્યલક્ષી કવિતા કેમ બની શકે ? તમારા શબ્દોમાં અભિવ્યકત કરો.
4. 'કવિતા ન કરવા વિશે કવિતા' કૃતિનો આસ્વાદ કરાવો.

**8.9 લેખનપ્રવૃત્તિ**

- જયન્ત પાઠકના સમગ્ર કાવ્યસંચય 'ક્ષણોમાં જીવું છું'નો ગહન અભ્યાસ કરો.
- પ્રકૃતિલક્ષી કાવ્યધારાનો અભ્યાસ કરો.
- 'કવિતા' વિશેની લખાયેલી અન્ય કવિતાની યાદી તૈયાર કરો.
- કૃષ્ણલાલ શ્રીધરાણી, ઉમાશંકર જોશી, રાજેન્દ્ર શાહ જેવા કવિઓની પ્રકૃતિલક્ષી કવિતાનો પરિચય મેળવો.
- સૌંદર્યલક્ષી કવિઓની કાવ્યબાનીનો અભ્યાસ કરો.

**8.10 વિશેષ અધ્યયન**

**(ક) કવિ-પરિચય**

જયંત પાઠકનો જન્મ પંચમહાલ જિલ્લામાં આવેલા વતન ગોઠ (રાજગઢ)માં ઈ.સ. 1920માં થયો હતો. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ કાલોલ હાઈસ્કૂલમાંથી લઈ ઈ.સ. 1938માં મેટ્રિક થયા. સુરતની એમ.ટી.બી. કૉલેજમાંથી મુખ્ય વિષય ગુજરાતી અને ગૌણ વિષય સંસ્કૃત સાથે 1943માં બી.એ. અને એ જ વિષયો સાથે ઈ.સ. 1945માં વડોદરા કૉલેજમાંથી એમ.એ.ની પદવી પ્રાપ્ત કરી. ઈ.સ.1960માં '1920 પછીની ગુજરાતી કવિતાની સાંસ્કૃતિક ભૂમિકા : તેનાં પરિબળો અને સિદ્ધિ' એ વિશે મહાનિબંધ લખી પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી. આ મહાનિબંધ 'આધુનિક કવિતાપ્રવાહ' નામે ગ્રંથરૂપે પ્રગટ થયો છે. 1953થી નિવૃત્તિપર્યંત સુરતની એમ.ટી.બી.

આર્ટ્સ કૉલેજમાં પ્રાધ્યાપક રહ્યા. 1957માં કુમારચંદ્રક, 1976માં નર્મદ સુવર્ણચંદ્રક તથા 1976માં રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયા. 1979માં 'અનુનય' કાવ્યસંગ્રહ નિમિત્તે સાહિત્ય અકાદમી, દિલ્હીનું પારિતોષિક તેમજ 2003માં તેમને આદિકવિ નરસિંહ મહેલા સન્માન પુરસ્કાર સુધી એમની કવિતાનું સન્માન થતું રહ્યું છે. તેઓ 1990-'91નાં વર્ષો દરમ્યાન ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ રહ્યા હતા.

કિશોરવયે તેમણે કાવ્યસર્જનનો પ્રારંભ કર્યો ત્યારે ગાંધીયુગની કવિતાનો સૂરજ મધ્યાહ્ને તપતો હતો અને ત્યારબાદની રાજેન્દ્ર-નિરંજનની કવિતાની બોલબાલા હતી. ઉશનસ્ અને જયન્ત પાઠકની કવિતા આ પ્રકારે ગાંધીયુગ અને આધુનિક લયની સહજ લીલા બન્નેની અસર ઝીલે છે. નાનપણમાં અનુભવેલા વતનના ડુંગરા, નદીઓ, વૃક્ષ તથા પ્રકૃતિના રમ્ય-રુદ્ર સ્વરૂપોનું કવિ સંવેદન ઝીલે છે. તે જ તેમની કવિતાનો મહત્ત્વનો અંશ બની રહ્યું છે. પ્રકૃતિદર્શન ઉપરાંત કાલિદાસ, શેક્સપિયર, રવીન્દ્રનાથનું સાહિત્ય તેમજ ઉમાશંકર-સુન્દરમ્-વિષ્ણુભાઈ ત્રિવેદીના માર્ગદર્શનથી ભીતરમાં પડેલા કવિસંસ્કાર જાગી ઊઠ્યા. તેના ફળસ્વરૂપે રા.વિ.પાઠકના 'પ્રસ્થાન'માં 1938માં તેમનું પ્રથમ કાવ્ય પ્રગટ થયું. આ પછી તો 'મર્મર' (1954), 'સંકેત' (1960), 'વિસ્મય' (1963), 'સર્ગ' (1969), 'અંતરિક્ષ' (1975), 'અનુનય' (1978), 'મૃગયા' (1983), શૂળી ઉપર સેજ' (1988), 'બે અક્ષર આનંદના' (1992)અને દ્રુતવિલંબિત' (2002)માં એમના કાવ્યસંગ્રહો પ્રગટ થયા. ઈયત્તા અને ગુણવત્તા બન્ને દૃષ્ટિએ એમની કવિતા ઉશનસ્‌ની કવિતાની હરીફાઈ કરી શકે તેમ છે. તેમના 'સંકેત', 'અંતરિક્ષ' અને 'અનુનય' સંગ્રહમાં કવિનું પ્રયોગશીલ વલણ જોવા મળે છે. છંદોબદ્ધ કાવ્યોમાં ધારી સફળતા મેળવીને કવિએ પ્રયોગની દિશામાં ઝંપલાવ્યું છે અને છેલ્લા પાંચ સંગ્રહોમાં કવિ તરીકેનો પોતાનો વિકાસ સિદ્ધ કરી બતાવ્યો. વિષયની દૃષ્ટિએ પ્રેમ અને પ્રકૃતિ એમના મુખ્ય કવન વિષયો છે. આ ઉપરાંત આધ્યાત્મિક અભિગમની, વ્યક્તિવિશેષને ઉદ્દેશી રચાયેલ કવિતા વિષયક ચિંતન તેમની રચનાઓમાં ઠીક ઠીક પ્રમાણમાં સાંપડે છે.

જયંત પાઠકે વતનનાં સંસ્મરણોને 'વનાંચલ' (1967)અને 'તરુરાગ અને નદીસૂક્ત' (1987)રચનાઓ દ્વારા આલેખ્યાં છે. કવિત્વમય આસ્વાદ્ય બળકટ ગદ્ય 'વનાંચલ'ને ઊર્મિકાવ્યક્ષમ શૈશવકથા બનાવે છે. 'આધુનિક કવિતા પ્રવાહ'માં ગાંધીયુગની કવિતાની સર્વાંગી સમીક્ષા કરવાનો પ્રયાસ જણાય છે. 'આલોક' (1966)અને 'ભાવયિત્રી' (1979)એમના વિવેચન લેખોના સંગ્રહો છે. આ સંગ્રહોમાં કેટલાક સર્જકો અને તેમની કૃતિઓની સમીક્ષા તથા થોડી સૈદ્ધાંતિક વિચારના પ્રસ્તુત કરી છે. એમણે આપેલા વસનજી ઠક્કુર વ્યાખ્યાનમાળાનાં વ્યાખ્યાનો ગ્રંથ સ્વરૂપે 'વસંતધર્મીનું વિદ્યામધુ' (1985)માં પ્રગટ થયાં છે. 'કિમપિદ્રવ્યમ્' (1987)વિવેચન-સંગ્રહ છે. 'ટૂંકીવાર્તા : સ્વરૂપ અને સાહિત્ય' (1967)અને 'ઝવેરચંદ મેઘાણી : જીવન અને સાહિત્ય' (1968)બન્ને અન્ય સાથે લખેલાં પુસ્તકો છે, જયારે 'રામનારાયણ વિ. પાઠક : સર્જક અને વિવેચક' (1970)સર્જકલક્ષી સ્વાધ્યાયગ્રંથો છે. કેટલાંક ગુજરાતી અને કેટલાંક અન્ય ભાષાનાં કાવ્યોના આસ્વાદનું પુસ્તક 'કાવ્યલોક' (1973)તેમણે આપ્યું છે. 'કાવ્યસંચય ભાગ-3' (અન્ય સાથે, 1981), 'ગુજરાતી ઊર્મિકાવ્યો' (1983)વગેરે સંપાદનગ્રંથો છે. રમણ પાઠક સાથે એમણે 'ચેખોવની શ્રેષ્ઠ નવલિકાઓ' (1957)નો

અનુવાદ આપ્યો છે. આ ઉપરાંત સ્વત્રંત્ર રીતે 'ધીરે વહે છે દોન' (1961)તથા 'ક્રાંતિની કથા' (1978)વગેરે અનુવાદો પણ આપ્યા છે. આ ઉપરાંત 'અર્થાત' (1997)અને 'ટૂંકી વાર્તા અને બીજા લેખો' (2000)પણ તેમના વિવેચનગ્રંથો સાથે કુલ ત્રીસ જેટલા ગ્રંથો તેમણે આપ્યા છે.

વતનપ્રેમ પછી પ્રકૃતિ પ્રત્યેનો લગાવ જયન્ત પાઠકની કવિતામાં સબળ રીતે કાવ્ય વિષય બનીને આવ્યો છે. તેમની કવિતાઓનો મોટોભાગ પહાડો અને નદીઓ, ઋતુઓ અને સમય, પ્રકાશ અને અંધકાર, વૃક્ષો અને ઘાસ, તડકો અને ચાંદની, પંખીઓ અને આદિવાસીઓ વિષયવસ્તુ તરીકે આવે છે. તેમની કવિતામાં સમય વિશેનાં કાવ્યો, મૃત્યુની અનુભૂતિ પ્રગટ કરતાં કાવ્યો, સ્થળવિષયક કાવ્યો, કવિતાવિષયક કાવ્યો એમ ઘણું વૈવિધ્ય જોવા મળે છે. તેમની કવિતા સાદી, સરળ બાનીમાં વહેતી, ઉચિત છંદ અને લયની સંગાથે, સબળ કલ્પના અને વાતચીતના લહેકાઓને ઝીલતી સત્વશાળી અને સમૃદ્ધિસભર છે.

**(બ) સ્વરૂપ-પરિચય**

કાવ્ય માટે અંગ્રેજી શબ્દ 'Poetry' છે. ભારતીય સંસ્કૃત કાવ્યમીમાંસામાં જણાવ્યા અનુસાર ભામહ પોતાના કાવ્ય વિષયક વિચારોમાં કહે છે : શબ્દ અને અર્થનું સાથે હોવું તે કાવ્ય. જયારે જગન્નાથના મત પ્રમાણે, રમણીય અર્થનો પ્રતિપાદક શબ્દ તે કાવ્ય. આમ, ભારતીય કાવ્યમીમાંસા શબ્દ અને અર્થના સાથે હોવા અને સૌન્દર્યની અનિવાર્યતા કાવ્યમાં પ્રતિપાદિત કરે છે.

આ જ સંદર્ભે પાશ્ચાત્ય મીમાંસામાં કાવ્ય વિશે ટી. એસ. એલિયટ કવિતામાં બિનઅંગતતાનો સિદ્ધાંત 'Impresonal theroy of Poerty'ને રજૂ કરે છે, તે કહે છે કે, 'The feeling or emotion or vision resulting from the poem is something different from the feeling or emotion or vision in the mind of poet.' (કાવ્યમાંથી આવિષ્કાર પામતી અનુભૂતિ લાગણી કે દૃષ્ટિ એ કવિની અંગત અનુભૂતિ. લાગણી કે દૃષ્ટિ કરતાં કંઈક જુદી વસ્તુ છે.)અહીં એલિયટ કાવ્યને માનવ અનુભવની કલ્પનાત્મક અને લય સાથેની વાણીની અભિવ્યક્તિ કહે છે. આમ, એલિયટ કાવ્યમાં 'કલ્પના' અને 'લય' ઉપર ભાર મૂકે છે.

આ વિશે ઇટાલીનો મહાન તત્વજ્ઞાની બેનેડેટ ક્રોંચ અભિવ્યક્તિવાદ પર ભાર મૂકે છે. ક્રોંચના મતે કલા કે 'કાવ્ય જીવનમાંથી કંઈક ગ્રહણ કરી વ્યક્ત કરે છે અને અભિવ્યક્તિ કલા છે સાથે કાવ્યસૌન્દર્ય આનંદ અખિલ હોય છે.'

આમ, તમે ઉપરોક્ત મતોમાં જોઈ શકો છો કે, માનવજગતના વિવિધ ભાવો કાવ્યમાં આર્વિભાવ પામી વહેતાં થાય છે. માનવમનની ચેતનાના અથાગ ઊંડાણનો તાગ લેવાને કવિતા પ્રયત્નશીલ રહી છે. તો આપણે કાવ્યનાં વિવિધ અંગો કે રીતિઓના માધ્યમથી ચોતરફથી કાવ્યને તપાસવાનો પ્રયત્ન કરવો જોઈએ. જેમકે,

કવિતામાં શબ્દાર્થ, કવિતાને યોગ્ય લય, છંદ, પ્રાસની સમર્થતા આદિથી કાવ્યનું સૌન્દર્ય પ્રસરાવતું સ્વરૂપ ઘડાય છે. કાવ્ય એ શબ્દની કલા છે, અને અર્થસભર શબ્દકાવ્યમાં ચમત્કાર સર્જી શકે છે. વ્યવહારની ભાષા અને કવિની ભાષામાં ઘણો તફાવત છે. કવિને પોતાની સૂક્ષ્મ અનુભૂતિ વ્યક્ત કરવા જે શબ્દશક્તિનો ખપ પડે તે વ્યવહારમાં ઉપયોગી ન પણ નીવડે. અર્થશક્તિ શબ્દના મહત્વને વધારે છે.

આ જ રીતે કાવ્યદેહની રચનામાં લય પણ ખપ લાગે છે. સાહજિક ઉચ્ચારણ તે પ્રાસ અને ઉચ્ચારની વ્યવસ્થા તે લય. પ્રાસ અને લયનું કાર્ય કાવ્યની શ્રવણરંજકતા વધારવાનું છે.

આ ઉપરાંત કાવ્યમાં, કવિના મનોગતની અભિવ્યક્તિને બળ આપતું પ્રતીક પણ કાવ્યનું એક અંગ છે. શબ્દ અર્થપ્રદાન ક્ષમતા કવિના આ વિચારોને વાચ્યાર્થથી સમૃદ્ધ પ્રતીક સુધી લઈ જાય છે. કેટલાંક પ્રતીક સાથે માનવહૃદયના ભાવ જોડાયેલાં હોય છે. પ્રતીકમાં કવિ કલ્પના, પ્રેરણા અને કલાસભાનતા પ્રવૃત્ત થતા હોય છે અને આમ પણ સભાન સર્જક વિશિષ્ટ ભાષાકર્મ અને સૂઝથી પ્રતીક યોજતો હોય છે.

કલ્પન પણ કવિની અભિવ્યક્તિનું વિશિષ્ટ અંગ છે. કવિતા એ કવિ અનુભૂતિની લયાત્મક અભિવ્યક્તિ છે. કવિ સંવેદનાનો અર્ક કાવ્યમાં રજૂઆત પામે ત્યારે વાણી વિશેષની આવશ્યકતા છે. કાવ્યવાણી કલ્પનાત્મક હોય છે, કવિને જે કહેવું હોય તે શબ્દચિત્રના માધ્યમ દ્વારા કહે છે અને આ શબ્દચિત્રો એટલે કલ્પન. જેને અંગ્રેજીમાં Image કહેવાય છે.

કલાત્મક પ્રાસ યોજના કાવ્યમાં અર્થગૌરવ ધારણ કરીને તીવ્ર ચોટ સાધે છે. કેટલીકવાર કોઈ એક ખાસ શબ્દને કવિ કેન્દ્રવર્તી પ્રાસ તરીકે પણ સ્વીકારી આખી કૃતિની રચના તેના આધારે કરે છે. આ શબ્દોમાંથી પ્રગટ થતાં વિવિધ વિચાર આંદોલનો અને વિવિધ સંદર્ભો રજૂ કરવામાં આવે છે. આ સંદર્ભો જેટલા પ્રમાણમાં ચમત્કારિક રીતે રજૂ થાય તે કૃતિની સફળતા લેખાય.

આમ, કવિના વ્યક્તિગત ભાવોની અભિવ્યક્તિ તે કાવ્ય નથી પણ એ ભાવોથી મુક્ત અભિવ્યક્તિ તે સાચી કલા છે. કવિતાનો અંતિમ ઉદ્દેશ તો કલ્પનાતીત આનંદ આપવાનો જ હોય છે.

**(ગ) વિશેષ વાચન**

- 'વગડાનો શ્વાસ' એ સુરેશ દલાલ સંપાદિત જયન્ત પાઠકની કાવ્યસર્જનની પ્રથમ પચીસીનાં કાવ્યોમાંથી કરેલું સંકલન છે, જેનું તમે વાચન કરી કવિનાં કાવ્યો વિશે વધુ સમજ મેળવી શકો છો.
- 1990માં કવિ ઉશનસ્ દ્વારા જયન્ત પાઠકની કવિતાનું સંપાદન આદર્શ કાવ્યસંચય શ્રેણીમાં 'જયન્ત પાઠકનાં કાવ્યો' શીર્ષક હેઠળ થયેલું છે, જેનો અભ્યાસ કરી શકો.
- 'ક્ષણોમાં જીવું છું' શીર્ષક હેઠળ 1995 સુધીના જયન્ત પાઠકની સમગ્ર કવિતાઓનું સંકલન પુસ્તક સ્વરૂપે થયું છે, જે જયન્ત પાઠકની કાવ્યશૈલીનો અભ્યાસ કરવામાં મદદરૂપ થઈ શકે છે.

**- ટિપ્પણ**

- સરોવર - મોટું તળાવ
- નદી - પર્વત કે સરોવરમાંથી વહેતો મોટો કુદરતી જળપ્રવાહ; સરિતા
- ડુંગર - નાનો પર્વત; મોટો ઢગ
- પૃથ્વી - પૃથ્વી ગ્રહ; પૃથિવી; પંચમહાભૂતોમાંનું એક; જમીન; ધરતી

- વાદળ - આકાશમાં એકઠો થયેલો વરાળનો ગોટા જેવો સમૂહ, જે વરસાદ રૂપે નીચે પડે છે.
- અવકાશ - અનંત આકાશ; ખાલી જગા; પોલાણ
- આકાશ - પંચમહાભૂતોમાંનું એક તત્ત્વ; ગગન; આસમાન; આભ
- કવિતા - કાવ્ય; પદબંધ; કાવ્યનો ગુણ
- ફૂલ - પુષ્પ; કુસુમ

**- સંદર્ભસૂચિ**


- અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, રમેશ ત્રિવેદી
- ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ(ગાંધી અને અનુગાંધી યુગ), પ્રસાદ બ્રહ્મભટ્ટ
- 'ક્ષણોમાં જીવું છું', જયન્ત પાઠક
- ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ અને કાવ્યનાં તત્ત્વો, ડૉ. રમેશ ત્રિવેદી, નટુભાઈ ઠક્કર, પ્રતિભાબહેન શાહ
- સત્તર સાહિત્યસ્વરૂપો, પ્રસાદ બ્રહ્મભટ્ટ
- સરળ ગુજરાતી વ્યાકરણ, ડૉ. ભરતકુમાર ઠાકર


---


**લેખન :** ડૉ.હેતલ ગાંધી (આસિસ્ટન્ટ પ્રોફેસર-ગુજરાતી વિભાગ)

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ


---

એકમ 9

# પુણ્યસ્મરણ

- દલપત પઢિયાર

રૂપરેખા

9.1 ઉદ્દેશો

9.2 પ્રસ્તાવના

9.3 કૃત્તિ

9.4 કૃતિનો સારાંશ

9.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

9.6 ભાષાભિવ્યક્તિ

9.7 વસ્તુલક્ષી કસોટી

9.8 વિશેષ અધ્યયન

## 9.1 ઉદ્દેશો :

આ કવિતાના અભ્યાસથી

- દલપત પઢિયારની કવિતાથી પરિચિત થશો.
- ગીતરચનાના લયને માણવાની તક મળશે.
- તળપદા સંદર્ભો સાથે ગ્રામજીવનની સુવાસથી પરિચિત થશો.
- સંબંધોનું ભાવવિશ્વ અનુભવાશે.
- સર્જક-કવિ દલપત પઢિયારના જીવન-કવનની વિગતોથી માહિતગાર થશો.

## 9.2 પ્રસ્તાવના :

અર્વાચીન કવિતા ક્ષેત્રે વિવિધ કાવ્યપ્રકારોમાં ગીતમાં ઘણી સમૃદ્ધિ અનુભવાઈ છે.

સંતકવિતા - અધ્યાત્મ પરંપરા સાથે કવિશ્રી દલપત પઢિયારનો હૃદયનો નાતો છે. કબીરપંથની પરંપરામાં ગાદીપતિ એવા કવિ સરળ અને સાલસ વ્યક્તિત્ત્વ ધરાવે છે. લોકગીતનો લય, ભજનનો ઉલ્લાસ, ભક્તિનો રંગ, વિતરાગી હૃદયભાવ તેમની રચનાઓનું આંતરસત્વ છે. ગ્રામજીવનના સંદર્ભો અને સંવેદનોની મબલખ સામગ્રી તેમના ગીતની ગુણસમૃદ્ધિમાં વધારો કરે છે.

## 9.3 કૃતિ : પુણ્યસ્મરણ :

અમને કોની રે સગાયું આજ સાંભરે.
ઊંડે તળિયાં તૂટે ને સમદર ઊમટે,
કોની રે સગાયું આજ સાંભરે !
કોઈ પાળ્યું રે બંધાવો ઘાટે ઘોડા દોડાવો,
આઘે લે'ર્યું ને આંબી કોણ ઊઘડે...
કોની રે સગાયું આજ સાંભરે !
આજે ખોંખારા ઊગે રે સૂની શેરીએ,
ચલમ તણખા ઊડે રે જૂની ધૂણીએ,
અમને દાદા દેખાય પેલી ડેલીએ...
કોની રે સગાયું આજ સાંભરે !
માડી, વાતું રે વાવે આ ઉજ્જડ ઓટલે,
ખરતાં હાલરડાં ઝૂલે રે અધ્ધર ટોડલે,
ઊંચે મોભને મારગ કોણ ઊતરે...

કોની રે સગાયું આજ સાંભરે !
કોઈ કૂવા રે ગોડાવો કાંઠે બાગો રોપાવો,
આછા ઓરડિયા લીંપાવો ઝીણી ખજલિયું પડાવો,
આજે પરસાળ્યું ઢાળી સૌને પોંખીએ...
અમને સાચી રે સગાયું પાછી સાંભરે.

**- દલપત પઢિયાર**

### 9.4 કૃતિનો સારાંશ :

'પુણ્ય સ્મરણ' શીર્ષકની આ કવિતામાં 'અમને કોની રે સગાયું આજ સાંભરે ?' એ ધ્રુવ પંક્તિ કહો કે મૂળ પ્રશ્ન છે. સ્મરણોની ભરતી છે. પસાર થઈ ગયેલાં વર્ષોની તીવ્ર સ્મૃતિની ભરતી આવી છે. સ્મરણોના પૂરની કવિતા છે. પસાર થયેલાં એ વર્ષોમાં, સૂનકાર ભરેલી શેરીમાં ઊગેલા ખોંખારા, ચલમ-તણખાનું ઊડવું, દાદાનું સ્મરણ કવિ ચિત્તમાં ઊભરાય છે. માતાની સ્મૃતિનું ચિત્ર ઘરના ઓટલા સાથે સંકળાયેલું છે. ઉજ્જડ ઓટલે માતા પાસેથી સાંભળેલી વાતો, હાલરડાં અને ઘરનાં મોભારેથી કોઈનું અવતરણ થઈ રહ્યું હોય એવી અનુભૂતિનો લય-હિલ્લોળ કાવ્યના સંવેદન પ્રચૂર માધુર્યમાં વધારો કરે છે. સ્વજનોની સ્મૃતિથી છલોછલ આ કવિતા છે. આ કવિતાનું સૌંદર્ય ગ્રામજીવનના તળપદાં અસબાબ સાથે સંબંધોનો વૈભવ જે રીતે વ્યક્ત થાય છે તેમાં છે. તેથી આ સૌંદર્ય, આ અભિવ્યક્તિ યાદગાર બને છે. આધુનિક સમયમાં ગામડાં તૂટી રહ્યાં છે અને સંબંધો છિન્નભિન્ન થઈ રહ્યા છે ત્યારે આવી કવિતા ભાવકની ચેતનાને સંબંધ-સ્મૃતિના કાવ્યાત્મક દ્રાવણમાં ઝબોળે છે, ભીંજવે છે.

### 9.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન :

'અમને કોની રે સગાયું આજે સાંભરે ? - આ ગીતની પ્રથમ પંક્તિ છે. કાવ્ય નાયકને, કહો કે કવિને પોતાને સગાયું સાંભરે છે. 'કોની સગાયું' એવી પ્રશ્નસૂચક પંક્તિનો જવાબ કવિતાની દરેક પંક્તિમાં મળે છે. ગુજરાતી કવિતા સમૃદ્ધિની યાદગાર પંક્તિઓમાંની આ પંક્તિ છે. 'પુણ્ય સ્મરણ' શીર્ષકને સાર્થક કરે એવા પુણ્યશ્લોક સ્વજનોનો ઉલ્લેખ કવિતાની ભાવસમૃદ્ધિમાં વધારો કરે છે.

'ઊંડે તળિયાં તૂટે ને સમદર ઊમટે...' દ્વારા કવિ સ્મૃતિની પ્રબળતાના પ્રદેશમાં ખેંચી જાય છે. સ્મૃતિકોષમાં ધરબાયેલી મબલખ સમૃદ્ધિનો પ્રબળ વેગ ભરતી વેળાના ઊછળતાં મોજાંની જેમ બધું તોડીને ધસમસી આવે છે. આ સ્મૃતિઓને, સાંભરણોને ઢબૂરી શકાય કે બાંધી શકાય તેવું નથી. પુણ્યાત્માઓ સાથે સંબંધનો આનંદવૈભવ તો કવિજીવનની મૂડી છે. કુળની અધ્યાત્મ પરંપરા અને ઉત્કૃષ્ટ જીવન ચેતનાથી પોષાયેલું કવિચિત્ત સ્મૃતિના વેગમાં તણાય છે. સ્મૃતિનો સમુદ્ર ઉમટ્યો હોય ત્યારે પાળ બાંધવાનું શક્ય નથી. 'કોઈ પાળ્યું રે બંધાવો, ઘાટે ઘોડા દોડાવો' એમ કહેવું સહેલું છે' પણ એમ પાળ્યું બંધાવી આ વેગને રોકી શકાય તેમ નથી. જીવનના ઘાટ પર ઘોડા દોડાવીને પણ આ વેગને નાથી શકાય તેમ નથી. સ્મરણના ઘાટ પર સ્વજનોનો ભેટો પ્રારંભના વેગ પછી સજીવી હળવાશ સાથે વ્યક્ત થાય છે.

'આજે ખોંખારા ઊગે રે સૂતી શેરીએ' - આજે સૂનકાર જણાતી શેરીમાં ઊગી નીકળેલો ખોંખારો કોનો છો ?! ચલમમાંથી તણખા ઊડતાં ભળાય છે. અને સૂનકાર જણાતી શેરીમાં આવેલા ઘરની ડેલીએ દાદા દેખાય છે. દાદાનું દર્શન કવિના ચિત્તમાં શાતા જન્માવે છે. ડેલીએ દાદાનો સાક્ષાત્કાર કરાવતી આ શબ્દચેતના ભાવકને ભાવવિભોર કરે છે. કવિની અનુભૂતિનું અનુસંધાન દાદા સાથે છે. અર્થાત્ પેઢીઓ સાથે છે, પરંપરા સાથે છે.

માત્ર ઘરની જ ડેલી નથી. સ્મરણની ડેલી છે. સ્થૂળ રીતે જોઈએ તો ડેલીની બહાર ઓટલો હોય. એ ઉજ્જડ ઓટલાની ભીતર તો માએ વાવેલી વાતોનો ભંડાર પડ્યો છે. માની સ્મૃતિનો લય ઓટલા સુધી જ સીમિત નથી રહેતો.

'માડી વાતું રે વાવે આ ઉજ્જડ ઓટલે.'

ઓટલો આજની ક્ષણે, વર્તમાનમાં ભલે ઉજ્જડ થઈ ગયો છે, પણ એ ઓટલામાં માડીની વાતોનો ભંડાર છે. આજે, એકવીસમી સદીના ગુજરાતી ભાવક માટે તો 'માડી' અને 'ઓટલો' જ સ્મૃતિશેષ થતા શબ્દો છે ત્યારે આ શબ્દોનું ભાવવાહી દર્શન હૃદયને માંજવાનું કામ કરે છે. સ્મૃતિની સાંઢણી પર સવાર થઈ ચૂકેલું કવિ હૃદય ખરી ચૂકેલા માડીના હાલરડાંને અધ્ધર આવેલા ટોડલે હજી પણ માણી શકે છે, પ્રમાણી શકે છે, પ્રત્યક્ષ અનુભવી શકે છે. ઊંચે આવેલા મોભને મારગથી કોઈ ઊતરી રહ્યું છે. એ કોઈ એટલે સ્વજન, પ્રિયજન, મુરબ્બી, કે પૂર્વજ કોઈ પણ હોઈ શકે છે જેની છબી કવિનાં હૃદયની ભીતર છે.

સ્મૃતિઓ મબલખ છે. પારાવારનો આ પ્રદેશ છે. સૌની સાથે, તમામ સંદર્ભોને, તમામ સ્વજનોને ફરી ફરી જીવવા છે. આ પુણ્યસ્મરણ સ્વજનોના સાક્ષાત્કારની ધબકતી ક્ષણોને લઈને આવ્યું છે. એ ધબકારને ઝીલવા, પામવા માટે પુનઃ એ સમગ્ર ભૂતકાળને જીવંત કરવાની હોંશ જાગી છે. આજે જે સગાઈઓ સાંભરી છે એને મન ભરીને માણવાની છે. એ કઈ રીતે શક્ય બને? શું કરવું ? અને કવિ રીતસર સાદ પાડીને કહેતા હોય એમ લલકારે છે :

કોઈ કૂવા રે ગોડાવો, કાંઠે બાગો રોપાવો, આછા ઓરડિયા લીંપાવો, ઝીણી ખજલિયું પડાવો; આજે પરસાળ્યું ઢાળી સૌને પોંખીએ...

અમને સાચી રે સગાયું આજ સાંભરે..

કોની રે સગાયું ? ના પ્રશ્નવાક્યમાં હિલોળા લેતી કવિની સ્મૃતિ 'સાચી રે સગાયું આજ સાંભરે' સુધી પહોંચે છે ત્યાં સુધીમાં અસ્તિત્ત્વના અણુએ અણુમાં સ્વજનોની વ્યાપ્તિનું દર્શન કરાવે છે. ગામનો કૂવો, બાગ, ઓરડીનું લીંપણ, ઝીણી ખજલિયુંની ભાત, આદિમાં ઊજવણી કરતા કવિ પરસાળમાં સૌને પોંખવા ઇચ્છે છે.

સમયની રેતમાં સ્વજનોનાં પગલાંની છાપ ભૂંસાઈ જાય અને સઘળું સ્મૃતિશેષ રહી જાય એવા દોડભાગના આ જમાનામાં ગ્રામજીવનની સરળતા, સાચાં સગપણની સમૃદ્ધિ; બધું જ કવિ ચેતનાના મોભારેથી અવતરે છે. આ ભાવનાનું અવતરણ ઝરણાંની જેમ શમે છે. ગીતના પ્રારંભે સમુદ્ર ઊમટી પડ્યાની અનુભૂતિનું, કાવ્યના અંતે ઝરણાં જેવું નિરાંતવું શમી જવું આસ્વાદ્ય બને છે. કવિનું આ કાવ્ય સંબંધવિશ્વનું ભાવનિર્ઝર છે. ભૂંસાતાં ગ્રામચિત્રોનું આ કાવ્ય છે. પરંપરાગત જીવનશૈલી અને નિર્ભેળ સંબંધોનો કલાત્મક દસ્તાવેજ છે.

આજના સમયમાં ખડકી, ડેલી, ખાટ, પાટ, ઓટલા, લીંપણ, મોભારા નામશેષ થતા જાય છે ત્યારે આ કવિતા આપણા પૂર્વજોનો ભેટો કરાવે છે. દાદા અને માડી જેવા સંબંધો વાત્સલ્યના અખૂટ ઝરા જેવા છે. મોભારેથી થતું અવતરણ કવિ ચેતનામાં કદાચ પિતાનું પણ હોઈ શકે. ભેદની ભીંત્યું ભાંગી નાખે એવું ભાવજગત છે. જેમનું પુણ્યસ્મરણ થાય છે એ પાત્રોને બે કે ત્રણની સંખ્યામાં ગણવાના નથી. કવિએ ફોડ પાડીને સૌનો ઉલ્લેખ કરવો આવશ્યક નથી. અહીં સૌ છે અને સૌને પોંખવાની વાત છે.

કવિ-વિવેચક ચંદ્રકાંત શેઠ યોગ્ય રીતે જ નોંધે છે કે, ''આ કાવ્યમાંનો 'અમે' - ભાવ, વ્યષ્ટિથી સમષ્ટિ સુધીના ભજનરંગી અને સત્સંગી ચેતો વિસ્તારનો દ્યોતક હોવાનું લાગે છે. આ કાવ્યની ગેયતામાં ભજનરસની ઝલક તેમજ હલક બંનેની એક સાથે મસ્તી માણવા મળે છે. જેમની સગાઈના સ્મરણથી કવિ ન્યાલ થયા છે, એ સગાઈનો સ્પર્શ આ કાવ્યગાને આપણામાં પણ સંચારિત થાય તો આપણને પણ ન્યાલ થવાનો રૂડો અવસર જરૂર સાંપડે.

**9.6 ભાષાભિવ્યક્તિ :**

(i) ઊડે... તૂટે... ઊમટે... ઘાટે... ઊગે... શેરીએ...
ઊડે... ધૂણીએ... ડેલીએ... ઓટલે... ટોડલે...
ઊતરે... જેવા એકારાન્ત શબ્દો.

(ii) સગાયુ... પાળ્યું... લેર્યું... વાતું... પરસાળ્યું...
ખઝલિયું... જેવા ઉકારાન્ત શબ્દો.

(iii) બંધાવો, દોડાવો, ગોડાવો... બાગો રોપાવો...
લીંપાવો... પડાવો જેવા ઓકારાન્ત શબ્દો.

ઉપરોક્ત શબ્દોના સાર્થક વિનિયોગ, પ્રયોગથી કવિતાને લય પ્રાપ્ત થાય છે.

આ ગીતના શબ્દોમાં પ્રાદેશિક બોલીની મીઠાશ તેના સૌંદર્યમાં વધારો કરે છે.

(iv) ચિત્રાત્મકતા : ખોંખારા ઊગે, વાતું વાવે,
ખરતાં હાલરડાં ઝૂલે, મોભને મારગ કોણ ઊતરે...
જેવા પ્રયોગોની ચિત્રાત્મકતાના કારણે કાવ્ય
જીવંત થઈ મ્હોરી ઊઠે છે.

ભાષાભિવ્યક્તિની ઉપર જણાવી તે લાક્ષણિકતાઓ પામ્યા પછી, સમજયા પછી, ગીતને તેના લય હિલ્લોળમાં ગાવાનો પ્રયત્ન કરવાથી કવિતા કંઠસ્થ થઈ જાય તેવી સંભાવનાને સાકાર કરવી જોઈએ. કોઈ પણ ભાવકને તેની સ્મૃતિઓનો ભેટો કરાવવાની ક્ષમતા આ કવિતામાં છે.

## 9.7 વસ્તુલક્ષી કસોટી

તમારી પ્રગતિ ચકાસો.

(૧) 'પુણ્યસ્મરણ' કાવ્યમાં દાદાની સ્મૃતિનું આલેખન કઈ રીતે થયું છે ?

(૨) 'પુણ્ય સ્મરણ' કાવ્યમાં સ્વજનોની સ્મૃતિની અભિવ્યક્તિ' - વિષય પર વિસ્તારથી લખો.

(૩) નીચેની કાવ્યપંક્તિ સમજાવો.
માડી વાતું રે વાવે આ ઉજ્જડ ઓટલે,
ખરતાં હાલરડાં ઝૂલે રે અધ્ધર ટોડલે,
ઊંચે મોભને મારગે કોણ ઊતરે...

(૪) 'પુણ્યસ્મરણ'માં આવળા તળપદા શબ્દની યાદી બનાવો.

## 9.8 વિશેષ અધ્યયન

**- સર્જક પરિચય : દલપતસિંહ પઢિયાર (જન્મ : ૧૧-૧૦-૧૯૫૦)**

કવિ શ્રી દલપતસિંહ નારણસિંહ પઢિયાર - 'દલપત પઢિયારનું વતન આણંદ જિલ્લાનું કહાનવાડી ગામ. વતનમાં ચાર ધોરણ સુધી ભણ્યા પછી બુનિયાદી કેળવણી આપતી વલ્લભ વિદ્યાલય, બોચાસણ મુકામે અગિયાર ધોરણ સુધી ભણ્યા. સ્નાતક, અનુસ્નાતક કક્ષાનું શિક્ષણ ગૂજરાત વિદ્યાપીઠમાંથી મેળવ્યું. વિદ્યાપીઠમાં જ મોહનભાઈ શં. પટેલના માર્ગદર્શનમાં 'ગાંધીયુગનું ગદ્ય' વિષય પર પીએચ.ડી. કર્યું. પ્રારંભે અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં ખંડ સમય અધ્યાપક તરીકે સેવા આપ્યા બાદ ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત ગ્રામસેવા કેન્દ્ર-રાંધેજામાં અધ્યાપક તરીકે જોડાયા. ૧૯૮૪થી ભાવનગરમાં વહીવટી સેવામાં નાયબ માહિતી નિયામક તથા ગાંધીનગર અધિક માહિતી નિયામક પદે સેવાઓ આપ્યા બાદ ૨૦૦૮માં સેવાનિવૃત્ત થયા.

કવિ શ્રી દલપત પઢિયાર રવિ ભાણ સંપ્રદાયની કૌટુંબિક ગાદીના સાતમી પેઢીના વારસદાર તરીકે સંતવાણીની પરંપરાને પૂર્ણ નિષ્ઠાથી નિભાવી રહ્યા છે. તેમની પાસથી ૧૯૮૨માં 'ભોંય બદલો' કાવ્ય સંગ્રહ મળે છે. ૨૦૧૦માં 'સામે કાંઠે તેડાં' સંગ્રહ પ્રગટ થાય છે. 'જલતી દીવડી', 'ટેંટોડો', 'અમને કોની રે સગાયું', 'ઝીલણ ઝીલવાને' જેવાં તેમનાં ગીતો ગુજરાતી ગીત કવિતાની સમૃદ્ધિમાં વધારો કરે છે.

**- સંદર્ભ :**

(૧) શબ્દ સૂરને મેળે - રાજેશ વ્યાસ 'મિસ્કીન' - ગુજરાત સમાચાર તા. ૧૬-૧૧-૨૦૧૧

(૨) માણ્યું એની મજા : કવિ દલપત પઢિયારનું પ્રેમસગાઈ પદ - ચંદ્રકાન્ત શેઠ - ઓળખ, નવેમ્બર-૨૦૧૮

---

**લેખન :** ડૉ.યોગેન્દ્ર પારેખ (પ્રોફેસર-ગુજરાતી વિભાગાધ્યક્ષ)

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ

---